

# કર્મનું કમ્પ્યુટર








ભાગ : ૨ – ૩




પૂ.પં.શ્રી મેઘદર્શન વિજય મ.સા.






# કર્મનું કમ્પ્યુટર

## ભાગ-૨

: લેખક :


પૂ. પં. શ્રી ચંદ્રશેખર વિ. મ. સાહેબના શિષ્ય

**પૂ. પંન્યાસ શ્રી મેઘદર્શન વિજય મ.સા.**



: પ્રકાશક :

**અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ**

૨૭૭૭, નિશાપોળ, ઝવેરીવાડ, રીલીફ રોડ,

અમદાવાદ - ૩૮૦૦૦૧.

ફોન નં. : ૫૩૫ ૫૮ ૨૩, ૫૩૫ ૬૦ ૩૩

# ક્યાં શું વાંચશો ?


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | આઠ કર્મો | ૧ |
| ૨. | જ્ઞાનાવરણીય કર્મ | ૪ |
| ૩. | શ્રુતજ્ઞાનાવરણીય કર્મ | ૯ |
| ૪. | અવધિજ્ઞાનાવરણીય કર્મ | ૧૫ |
| ૫. | મનઃ પર્યવજ્ઞાનાવરણીય કર્મ | ૧૯ |
| ૬. | દર્શનાવરણીય કર્મ | ૨૪ |
| ૭. | વેદનીય કર્મ | ૩૧ |
| ૮. | મોહનીય કર્મ | ૩૫ |
| ૯. | દર્શન મોહનીય કર્મ | ૪૨ |
| ૧૦. | ચારિત્ર મોહનીય કર્મ | ૫૧ |
| ૧૧. | નોકષાય મોહનીય કર્મ | ૬૫ |
| ૧૨. | વેદ મોહનીય કર્મ | ૭૫ |
| ૧૩. | આયુષ્ય કર્મ | ૭૯ |
| ૧૪. | આયુષ્યકર્મના ઉપક્રમો | ૮૪ |
| ૧૫. | સૌથી મહત્ત્વનો પ્રશ્ન | ૯૧ |


પ્રીન્ટીંગ : શાહ આર્ટ પ્રિન્ટર્સ, મુંબઈ-૪૦૦ ૦૬૪. ફોન : ૦૨૨-૨૮૭૫૫૯૧૨

# (૧) આઠ કર્મો

લગ્ન કરીને પરદેશમાં સેટ થયેલું એક નવપરિણીત યુગલ એકાદ વર્ષ બાદ ભારત આવ્યું. થોડાક દિવસો હરવા-ફરવામાં પસાર થયા ત્યાં યુવાનનો ૩૦મો જન્મદિન આવ્યો. જન્મદિનની ઉજવણી નિમિત્તે એક પાર્ટીનું આયોજન થયું હતું. અનેક મિત્રો - સ્વજનોને નિમંત્રણ પણ પાઠવાઇ ગયું હતું.

ખુશનુમા વાતાવરણ અને સંગીતના સૂરો વચ્ચે મહેફિલ જામી હતી. ૨૮ વર્ષની નવયુવાન પત્નીના હૃદયમાં પોતાના પતિના ૩૦મા જન્મદિનની ખુશાલી માતી નહોતી. પોતાના પતિને અત્યંત પ્રિય કોફી તેમના મુખે માંડીને પોતાની ખુશાલી પ્રગટ કરવાની તેની ઇચ્છા હતી.

સમય થતાં, હાથમાં કોફીના ગ્લાસ લઇ, હર્ષવિભોર બનેલી તે પત્ની પોતાના હાથે પોતાના પતિના હોઠે જ્યાં ગ્લાસ અડકાડયો ત્યાં જ એકાએક પતિનું પ્રાણપખેરું ઊડી ગયું !

આનંદ અને ઉલ્લાસભરપૂર વાતાવરણ ક્ષણવારમાં રૂદન અને આક્રંદથી ભરાઇ ગયું. કરુણસ્વરો અનેકોની આંખોને ભીંજવા લાગ્યા. પેલી પત્ની તો છાતીફાટ રૂદન કરવા લાગી. તેને લાગેલા આઘાતને શાંત કરવાની તાકાત તે સમયે કોઇની નહોતી.

કોફીમાં ઝેર નહોતું. આ તો તે જ સમયે તે યુવાનને એકાએક હાર્ટએટેક આવ્યાં અને તરત તે ઢળી પડયો.

અહીં સવાલ એ ઉદ્ભવે છે કે યુવાનને તેના જ ૩૦મા જન્મદિને કોણે મોતને ઘાટ ઉતાર્યો ? તેની પત્નીને ૨૮ વર્ષની કાચીકુમળી વયમાં કોણે વિધવા બનાવી ? શા માટે વૈધવ્યના દુઃખો આ સ્ત્રી ઉપર અકાળે તૂટી પડયાં ? પાર્ટીની મહેફિલને એકાએક શોકસભામાં ફેરવી કોણે ?

શું આ બધું ભગવાને કર્યું ? ભગવાન એટલા બધા ક્રૂર અને નિષ્ઠૂર છે કે અઠ્ઠાવીસ વર્ષની ભરયુવાન સ્ત્રીને તે વિધવા બનાવે ?

ના.... પરમાત્મા તો કરુણાના મહાસાગર છે. તેઓ આવું ક્રૂર - નિષ્ઠુર કાર્ય કદી ન કરે. તેઓ તો બધાને જિવાડે. કોઇનેય ન મારે. તેઓ તો બધાને સુખી કરવા ઇચ્છે.. કદી ય કોઇને દુઃખી તેઓ શા માટે કરે ?

હકીકતમાં તે યુવાનનું મોત ભગવાને નહિ તેના કર્મોએ કર્યું છે. તેનું આયુષ્યકર્મ પૂર્ણ થયું એટલે તેણે પરલોક તરફ પ્રયાણ કરવું પડયું. તે સ્ત્રીના દુર્ભાગ્યકર્મનો ઉદય થયો કે જેના કારણે તેનું સૌભાગ્ય ઝુંટવાઇ ગયું. તેને વિધવા બનવું પડયું.

ભગવાન આ દુનિયાને બતાડે છે ખરા; પણ બનાવતા તો નથી જ. આ વિશ્વ જે

સ્વરૂપે છે, તે સ્વરૂપને કેવળજ્ઞાન વડે જોઇને પરમાત્મા આપણને બતાડે છે.

મેં કે તમે કરેલાં સારાં કે ખરાબ કર્મો અનુસાર મારે કે તમારે સુખદુઃખનો અનુભવ કરવો પડે છે.

હા ! પરમાત્માની ભક્તિ કરવાથી, આપણા હૃદયમાં ઊછળતા કૃતજ્ઞતા-બહુમાન વગેરેના ભાવોથી પાપકર્મો નાશ પામે છે, પુણ્યકર્મ બંધાય છે. પરિણામે દુઃખો દૂર થાય છે. સુખની પ્રાપ્તિ થાય છે.

કો'કને સુખી તો કો'કને દુઃખી, કો'કને રાગી તો કો'કને દ્વેષી, કો'કને ક્રોધી તો કો'કને કામી, કો'કને પંડિત તો કો'કને જડ, કો'કને દેખતો તો કો'કને આંધળો બનાવવાનું કામ કર્મો કરે છે.

કર્મો ભલે જડ છે. છતાંય તેઓ ચેતન એવા આત્મા ઉપર અસર બતાવી શકે છે.

રમણ ખૂબ ડાહ્યો છોકરો હતો. સુંદર મજાના તેના સંસ્કારો હતા. પણ એકવાર તેને ખરાબ મિત્રનો કુસંગ થઇ ગયો. જીવન તેનું ખોટા રસ્તે ચડી ગયું. મિત્રોના આગ્રહથી તેણે એકવાર દારૂ પણ પીધો.

તેની ઉપર તરત જ દારૂની અસર થઇ. શરીર લથડિયાં ખાવા લાગ્યું. હાવ-ભાવ પલટાઇ ગયા. મુખમાંથી લવારા નીકળવા લાગ્યા. વિવેક બધો વિસરાઇ ગયો. ભાન ભૂલેલો રમણ ન કરવા જેવાં કાર્યો કરવા લાગ્યો.

અરે ભાઇ ! મહાસંસ્કારી આ રમણની આવી હાલત આજે કેમ થઇ ગઇ ? કુસંગે તો આખું જીવન બરબાદ કર્યું પણ આજે જે લથડિયા મારતી હાલત જણાય છે તે તો દારૂની અસર છે ને ?

તો શું દારૂ માણસ ઉપર આટલી બધી ખરાબ અસર કરી શકે ? દારૂ તો જડપદાર્થ છે. જયારે માણસ તો ચેતન છે. આત્મા છે. જડપદાર્થની ચેતન પદાર્થ ઉપર અસર થાય ?

પણ દારૂની અસર દેખાય તો છે જ. તેને માન્યા વિના કોઇથીય ચાલે તેમ નથી. અરે ! ચશ્મા પણ જડ જ છે ને ? છતાં તે માણસ ઉપર ક્યાં અસર નથી કરતાં ? ચશ્મા કાઢી દો તો ન દેખાય. ચશ્મા પહેરો તો દેખાવાનું ચાલુ થાય. આ છે ચશ્માની અસર !

હરડે લઇએ તો તરત રેચ છૂટે છે. દવા લેતાંની સાથે માથાનો દુઃખાનો દૂર થાય છે. આમ દુનિયામાં એવા ઢગલાબંધ જડ પદાર્થો છે, કે જેની અસર ચેતન એવા આત્મા ઉપર થાય જ છે. તે જ રીતે કર્મો પણ જડ હોવા છતાં આત્મા ઉપર અસર બતાડ્યા વિના રહેતાં નથી.

જે આત્મા રાગ કે દ્વેષથી જેવા પ્રકારનાં વિચારો, ઉચ્ચારો અને આચારો સેવે, તે રીતનાં તે કર્મો બાંધે. સારા વિચાર, ઉચ્ચાર અને વર્તનથી સારાં કર્મો બંધાય, જે જીવનમાં

સુખ વગેરે આપે. ખરાબ વર્તનાદિથી ખરાબ કર્મો બંધાય, જે જીવનમાં દુઃખો વગેરે લાવ્યા વિના ન રહે.

આપણા આત્મા ઉપર જે કર્મો લાગે છે, તે જયારે ઉદયમાં આવે ત્યારે જુદી જુદી અનેક જાતની અસરો બતાડે છે. તે જુદી જુદી અસરોના આધારે તે કર્મો આઠ પ્રકારના ગણાય છે.

(૧) જ્ઞાનાવરણીય કર્મ (૨) દર્શનાવરણીય કર્મ (૩) વેદનીય કર્મ (૪) મોહનીય કર્મ (૫) આયુષ્ય કર્મ (૬) નામ કર્મ (૭) ગોત્ર કર્મ અને (૮) અંતરાય કર્મ.

આપણો આત્મા અનંત ગુણોનો સ્વામી છે. પણ તે ગુણોને ઢાંકીને અવગુણો પેદા કરવાનું કાર્ય આ કર્મો કરે છે. સૂર્ય સ્વયં પ્રકાશિત છે. તેમાંથી નીકળતાં કિરણો પૃથ્વીનેય પ્રકાશિત કરવાનું કાર્ય કરે છે. પણ જો સૂર્યની આગળ વાદળ આવી જાય તો પ્રકાશના બદલે અંધકાર ફેલાય છે. બસ, તે જ રીતે આત્મા પોતાના અનંતા ગુણોથી સ્વયં પ્રકાશિત છે - ગુણી છે. પરંતુ આ કર્મ રૂપી વાદળ જયારે આત્માને ઢાંકી દે છે, ત્યારે અવગુણો રૂપી અંધકાર પેદા થાય છે.

આત્માના અનંત ગુણોમાં આઠ વિશિષ્ટ ગુણો છે :

(૧) અનંત જ્ઞાન (૨) અનંત દર્શન (૩) અવ્યાબાધ સુખ (૪) વીતરાગતા (૫) અક્ષયસ્થિતિ (૬) અરૂપીપણું (૭) અગુરુલઘુ અને (૮) અનંત વીર્ય.

આ આઠે ગુણોને ઢાંકવાનું કાર્ય આ આઠ કર્મો કરે છે.

| નંબર | ગુણ | ઢાંકનાર કર્મ | કર્મની અસર |
|---|---|---|---|
| ૧ | અનંત જ્ઞાન | જ્ઞાનાવરણીય કર્મ | અજ્ઞાન, મૂર્ખ, જડ |
| ૨ | અનંત દર્શન | દર્શનાવરણીય કર્મ | મૂંગા, બહેરા, બોબડા, નિદ્રા |
| ૩ | અનંત ચારિત્ર | વેદનીય કર્મ | સુખ - દુઃખ |
| ૪ | અવ્યાબાધ સુખ | મોહનીય કર્મ | કામી, ક્રોધી, અહંકારી, મિથ્યાત્વી |
| ૫ | અક્ષયસ્થિતિ | આયુષ્ય કર્મ | દેવ - મનુષ્ય - નારક - તિર્યંચ |
| ૬ | અરૂપીપણું | નામ કર્મ | પુરુષ, સ્ત્રી, કાળા - ધોળા વગેરે |
| ૭ | અગુરુલઘુ | ગોત્ર કર્મ | ઉચ્ચ કુળ - નીચ કુળ |
| ૮ | અનંત વીર્ય | અંતરાય કર્મ | કંજૂસ, દીન, અશક્ત |

આઠે કર્મોને સહેલાઈથી યાદ રાખવાં આ ટુચકો ધારી રાખવો. **જ્ઞાન** ચંદશેઠ **દર્શન** કરવા ગયા. રસ્તામાં **વેદના** ઊપડી સામે આવતા **મોહન**ભાઈ વૈદ્યને કહે, 'ઓ વૈદ્યરાજ ! જલ્દી દવા કરો, નહિ તો મારું **આયુષ્ય** પૂરું થશે. મોહનભાઈ કહે, 'ભગવાનનું **નામ** લો, **ગોત્ર** દેવતાને યાદ કરો તો તમારા બધા **અંતરાય** દૂર થઈ જશે.

# (૨) જ્ઞાનાવરણીય કર્મ

**આપણા આત્માનો સૌથી વિશિષ્ટ ગુણ જો કોઇ હોય તો તે છે અનંત જ્ઞાન.** જ્ઞાન એટલે જાણવું. આપણો આત્મા વિશ્વના અનંતાનંત - તમામ - પદાર્થોને જાણવાની શક્તિ ધરાવે છે. જો વર્તમાનકાળમાં આપણો આત્મા પોતાની પાછળ રહેલી ચીજને પણ જાણી શકતો ન હોય તો તેમાં તેને ઉદયમાં આવેલું આ જ્ઞાનવરણીય કર્મ કારણ છે.

જ્યારે આ જ્ઞાનાવરણીય કર્મનો ઉદય હોય છે, ત્યારે તે આત્માની જાણવાની શક્તિને ઢાંકવાનું કાર્ય કરે છે. અનંતજ્ઞાનનો સ્વામી આત્મા અજ્ઞાની બને છે. મૂરખના જામ તરીકે પ્રસિદ્ધિ પામે છે. લોકો તેની મશ્કરી કરે છે. ઠેર ઠેર નિંદા અને ટીકાનું તે પાત્ર બને છે.

આ જ્ઞાનવરણીય કર્મ પાંચ પ્રકારનું છે :

(૧) જે મતિજ્ઞાનને ઢાંકે તે મતિજ્ઞાનાવરણીય કર્મ.

(૨) જે શ્રુતજ્ઞાનને ઢાંકે તે શ્રુતજ્ઞાનાવરણીય કર્મ.

(૩) જે અવધિજ્ઞાનને રોકે તે અવધિજ્ઞાનવરણીય કર્મ.

(૪) જે મન:પર્યવજ્ઞાનને અટકાવે તે મન:પર્યવજ્ઞાનાવરણીય કર્મ. અને

(૫) જે કેવળજ્ઞાનને પ્રગટ થવા ન દે તે કેવળજ્ઞાનાવરણીય કર્મ.

જ્ઞાન પાંચ હોવાથી, તેમને ઢાંકનાર જ્ઞાનાવરણીય કર્મ પણ ઉપર જણાવેલ પાંચ પ્રકારનું છે. જેમ આપણી દુનિયામાં રહેલા કોઇ દેખતા માણસને જો બે આંખે પાટો બાંધી દેવામાં આવે તો તે માણસમાં બધું જ જોવાની શક્તિ હોવા છતાં ય તે જોઇ શકતો નથી, સામે રહેલાં પદાર્થને પણ જાણી શકતો નથી. તેમ આપણા આત્મામાં બધું જ જાણવાની અચિન્ત્ય શક્તિ (જ્ઞાન) હોવા છતાં ય આ જ્ઞાનાવરણીય કર્મ રૂપી પાટો બંધાઇ જવાથી આપણો આત્મા બધું જ જાણી શકતો નથી. માટે આ જ્ઞાનાવરણીય કર્મને શાસ્ત્રકારો આંખે બાંધેલા પાટાની ઉપમા આપે છે.

આ જ્ઞાનાવરણીય કર્મ આપણા આત્માના જે પાંચ જ્ઞાનોને ઢાંકવાનું કાર્ય કરે છે, તે પાંચ જ્ઞાનોનું સ્વરૂપ નીચે પ્રમાણે છે :

**(૧) મતિજ્ઞાન :** મતિ=બુદ્ધિ, સંજ્ઞા, ચિન્તા. પાંચ ઈન્દ્રિયો અને મન દ્વારા આ જ્ઞાન થાય છે. મેં કાંઇક જોયું, સાંભળ્યું, સૂંઘ્યું, સ્વાદ અનુભવ્યો, સ્પર્શ કર્યો એવું જે જ્ઞાન થાય છે, તે મતિજ્ઞાન છે.

આ મતિજ્ઞાનના શ્રુતનિશ્રિત અને અશ્રુતનિશ્રિત એમ બે પેટા ભેદ છે. શ્રુતજ્ઞાનના

આધારે જે મતિજ્ઞાન થાય તે શ્રુતનિશ્રિત મતિજ્ઞાન કહેવાય પણ શ્રુતજ્ઞાનનો આધાર લીધા વિના જે મતિજ્ઞાન થાય તે અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન કહેવાય.

એક ગામમાં એક સ્ત્રી ગર્ભવતી હતી. સમય પસાર થતો હતો આઠ મહિના ય હજુ પૂરા નહોતા થયા. અચાનક એક દિવસ તે સ્ત્રીને દુઃખાવો ઉપડ્યો. તેને ખ્યાલ આવ્યો કે અકાળે તેના બાળકે માત્ર પગ બહાર કાઢ્યો છે, તેની પીડા તે અનુભવી રહી છે. સાસુમાને વાત કરતાં તેઓ પણ વિચારમાં પડી ગયા.

મેટરનિટી હોમમાં તરત તેને દાખલ કરી. ડોકટર પણ હાજર થઇ ગયા. પેશન્ટને તપાસીને તેઓ પોતે ભણેલાં શાસ્ત્રો યાદ કરવા લાગ્યા.

આવી રીતે અકાળે જો બાળક પગ બહાર કાઢે તો તે કયો રોગ ગણાય? કઇ દવા આપીએ તો બાળક મરે નહિ, પણ પગ પાછો અંદર ખેંચી લે અને માતાને કોઇ પીડા થાય નહિ. પોતે ભણેલા પુસ્તકોના આધારે તેમણે ઉપાય શોધી કાઢ્યો. અને તે ઉપાય અજમાવતા માતાને સારું થઇ ગયું.

આવો જ પ્રસંગ ફરી એક વાર એક નાના ગામડામાં બન્યો. ઘરની ગર્ભવતી પુત્રવધુને પીડા પેદા થઇ. તેના પેટના બાળકે અકાળે પગ બહાર કાઢ્યો હતો. વહુએ પોતાની સાસુમાને પોતાની તકલીફ જણાવી..

સાસુમા તરત જ એક દિવાસળી સળગાવીને બાળકના બહાર નીકળેલા પગની પાસે લઇ ગયા. ગરમી લાગતાં જ તે બાળકે પોતાનો પગ ઝડપથી અંદર ખેંચી લીધો. માતાને રાહત થઇ ગઇ.

પહેલા પ્રસંગમાં ડોકટર સાહેબે દવા આપતાં પહેલાં ભણેલા પુસ્તકો ઉપર વિચારણા કરી હતી. આ ક્યા પ્રકારની તકલીફ ગણાય? અને મેડીકલ સાયન્સ પ્રમાણે તેનો ઉપચાર શું હોઇ શકે ? તે પુસ્તકના આધારે તેમણે જે વિચાર્યું ! તે તેમનું શ્રુતનિશ્રિતમતિજ્ઞાન કહેવાય, કારણ કે આ મતિજ્ઞાન શ્રુત (શાસ્ત્ર) જ્ઞાનનો આધાર લઇને પેદા થયેલ છે.

પરંતુ બીજા દૃષ્ટાંતમાં સાસુમાએ દિવાસળીનો જે ટુચકો કર્યો, તે કોઇ શાસ્ત્રો કે પુસ્તકોના જ્ઞાનના આધારે નહોતો કર્યો. તેમણે આવો ઉપાય કયાંય વાંચ્યો કે સાંભળ્યો નહોતો.

પણ દુનિયામાં કોઇ જીવને દુઃખ ગમતું નથી. સુખ બધાને ગમે છે. દુઃખના વિચાર માત્રથી જીવ ત્રાસે છે. આ સનાતન સત્યને ધ્યાનમાં લઇને તેણે વિચાર્યું કે, 'જો હું તેને દિવાસળી સળગાવીને અડાડીશ તો તેની ગરમીના ત્રાસથી તે બાળક જાતે જ પોતાનો પગ ખેંચી લેશે,' અને ખરેખર તેમ બન્યું.

અહીં આ બુદ્ધિ પેદા કરવા માટે સાસુમાએ કોઇ શાસ્ત્રો કે પુસ્તકોનો સહારો લીધો ન હતો. સહજ રીતે તેમને આ બુદ્ધિ પેદા થઇ. તેમની આ બુદ્ધિ અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન કહેવાય.

દિવાળી વખતે ચોપડાપૂજનમાં 'અભયકુમારની બુદ્ધિ હોજો' એવું જે લખવામાં આવે છે, તે અભયકુમારની બુદ્ધિ અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન હતી. કોઇ પણ પ્રશ્ન પૂછવામાં આવે કે તરત જ ધડ કરતો તેનો સાચો જવાબ કોઇ પણ આધાર લીધા વિના તેઓ આપી શકતા હતા.

મહારાજા શ્રેણિકને ૫૦૦ મંત્રીના અધિપતિ તરીકે બુદ્ધિમાન મંત્રીની જરૂર હતી. ઘણી તપાસ કરવા છતાં ય તેવી બુદ્ધિશાળી વ્યક્તિ તેમને મળતી નહોતી.

છેવટે એક ખાલી કુવામાં રહેલી વીંટી, કાંઠે ઊભા રહીને જે કાઢે, તે બુદ્ધિશાળીને મંત્રી બનાવવાનું નક્કી થયું, પણ કોઇ તેવી વ્યક્તિ મળતી નથી.

એક નાનકડો છોકરો ત્યાં આવ્યો. બધી વાત જાણતાં તેને આ કાર્ય એકદમ સરળ લાગ્યું. કાંઠે ઊભો રહી તેણે છાણનો પોદડો પેલી વીંટી ઉપર નાંખ્યો. પછી ઘાસ વગેરે અંદર નાંખી સળગાવ્યું. થોડીક વારમાં તે સૂકાયેલું છાણું બની ગયું. પછી પાઇપ વાટે કૂવાને પાણીથી ભરી દીધો. જેમાં વીંટી ચોંટેલી છે, તે છાણું તરતું તરતું ઉપર આવ્યું.

કાંઠે ઊભા રહેતા તે બાળકે છાણું હાથમાં લઇ, તેમાંથી વીંટી કાઢી લીધી. આમ, કાંઠે ઊભા રહી, તેણે કૂવામાંથી વીટી મેળવી લીધી. રાજાએ તેને ૫૦૦ મંત્રીઓનો સ્વામી મહામંત્રી બનાવ્યો. તેનું નામ હતું અભયકુમાર. વીંટી કાઢવાની તેની આ બુદ્ધિ ઔત્પાતિકીબુદ્ધિ નામનું અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન ગણાય.

અકબર-બીરબલના તો અનેક પ્રસંગો આપણને સાંભળવા મળે છે. તેમાં હાજર જવાબી બીરબલના જવાબો તેની ઔત્પાતિકી બુદ્ધિ રૂપ અશ્રુતનિશ્રિત મતિજ્ઞાનને જણાવે છે.

સ્કુલ-કૉલેજનું બિલકુલ જ્ઞાન નહિ લેનારા આપણા વડિલોના કેટલાંક બુદ્ધિ ભરપૂર કાર્યો જોઇને આપણે આશ્ચર્યમાં મૂકાઇ જઇએ છીએ. આપણને થાય છે કે આવી વિશિષ્ટ બુદ્ધિ વગર શિક્ષણે તેમણે કેવી રીતે પ્રાપ્ત કરી હશે ?

તેમની પાસે અનુભવાત્મક જ્ઞાનનો નીચોડ છે. તેમની આ બુદ્ધિ કાર્મિકી બુદ્ધિ નામનું અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન છે. તે કામ કરતાં કરતાં સહજ રીતે પેદા થાય છે.

તે જ રીતે ગુરુભગવંતો, શિક્ષકો વગેરેનો વિનય કરતાં કરતાં વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન પેદા થાય છે. તેને વૈનયિકી બુદ્ધિ રૂપ અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન કહેવામાં આવે છે.

એક જ ગુરુ પાસે બે વિદ્યાર્થીઓએ એક જ સરખું જ્ઞાન મેળવ્યું હોય, એકી સાથે

ભણ્યા હોય, પાઠ આપવામાં ગુરુએ પણ જરાય પક્ષપાત ન કર્યો હોય છતાં ય કેટલીય વાર એવું બને છે કે એક વિદ્યાર્થીને બીજા કરતાં વિશિષ્ટ બોધ થયો હોય છે.

આવું થવાનું કારણ જો તપાસાય તો માલુમ પડશે કે, જેને વિશિષ્ટ બોધ થયો છે, તે મહાવિનયી હતો. પોતાના ગુરુની તે બધી રીતે વિશેષ કાળજી લેતો હતો. આ વિનય કરવાથી તેને વૈનયિકી બુદ્ધિ નામનું અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન પેદા થયું હતું.

કેટલીક વ્યક્તિઓ પાસે દીર્ઘદૃષ્ટિ હોય છે. બહુ દૂર સુધીનું તેઓ વિચારી શકે છે. તેમની ખૂબ આગવી નજર હોય છે. તેમની તે બુદ્ધિને પારિણામિકી બુદ્ધિ કહેવાય છે.

એક રાજાના યુવાન મંત્રીઓને વૃદ્ધ મંત્રીઓ પ્રત્યે અરુચિ હતી. તેમણે વૃદ્ધ મંત્રીઓને કેન્સલ કરીને નવા યુવાન મંત્રીઓની નિમણૂંક કરવા રાજાને વિનંતી કરી.

રાજાએ યુવાન મંત્રીઓને પૂછ્યું કે, ''જો કોઇ મને લાત મારે તો મારે શું કરવું ?''

યુવાન લોહી સમાન્યતઃ ગરમ હોય. તેમણે તો પરસ્પર સંતલત કરીને કહ્યું કે જે આપને લાત મારે તે બેવકૂફને ફાંસીએ ચડાવવો. તેને જીવતો શી રીતે રહેવા દેવાય ? આપને લાત મારવા રૂપ અપમાન કરનારો કયો માડી જાયો જન્મ્યો છે ? હમણાં જ એને બતાવી દઇએ !

રાજાએ તેમને શાંત કરી વૃદ્ધમંત્રીઓને બોલાવીને આ સવાલ પૂછ્યો. વૃદ્ધ મંત્રીઓએ વિચારણા કરી. આપણો રાજા મહાબળવાન શૂરવીર છે. તેમને લાત મારવાની તાકાત કોની હોય ? પારિણામિકી બુદ્ધિવાળા તેમને તરત ખ્યાલ આવ્યો કે આ તો જયારે રાજા પોતાના ખોળામાં લઈને રાજકુમારને રમાડતા હોય ત્યારે તે રાજકુમાર કદાચ રમતમાં પોતાની લાત રાજાને મારી દે, તેવું બને. આ રાજકુમારને ફાંસી ન અપાય, પણ રાજપાટ અપાય.

આ રીતે વિચારીને તેમણે રાજાને કહ્યું, ''રાજન ! આપને લાત મારનારને રાજપાટ અપાય. ફાંસી નહિ.'' રાજાએ તથા યુવાનમંત્રીઓએ જયારે આ જવાબ પાછળનું રહસ્ય જાણ્યું, ત્યારે તેઓ તેમની બુદ્ધિ ઉપર ઓવારી ગયા. આ પારિણામિકી બુદ્ધિ પણ અશ્રુતનિશ્રિતમતિજ્ઞાન કહેવાય.

વર્તમાનકાળમાં સુંદરમજાના જિનાલયોના સર્જન થઇ રહ્યા છે. ખૂબ મોટા ઉપાશ્રયો પણ બની રહ્યા છે. પરંતુ તે દેરાસર કે ઉપાશ્રયમાં આવનારો વર્ગ દિન-પ્રતિદિન ઓછો થઇ રહ્યો છે.

દારૂ, જુગાર, ડ્રિંક્સ, દુરાચારમાં યુવા પેઢી પોતાનું જીવન બરબાદ કરી રહી છે. નવી પેઢીના બાળકોના સંસ્કારોનો કોન્વેન્ટ શિક્ષણ અને ટી.વી.-કેબલ-વીડીયો દ્વારા ખાત્મો બોલાઇ રહ્યો છે. ભાવિમાં સંઘના આધારસ્થંભો કોણ બનશે ? કેવા બનશે ? તે મોટો સવાલ છે.

બહુ દૂર સુધીના વિચારો કરીને, આ પારિણામિકી બુદ્ધિના આધારે પૂજ્યપાદ ગુરુદેવ પં. શ્રી ચન્દ્રશેખર વિ. મ. સાહેબે આજથી ૨૦-૨૫ વર્ષ પહેલાં યુવાનોના જીવનને સદાચારી બનાવવા પ્રયત્નો આદર્યા.

અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ તથા વર્ધમાન સંસ્કૃતિ ધામ જેવી સંસ્થાઓ દ્વારા અનેક યુવાનોને તૈયાર કર્યા, જેનું પરિણામ આજે સ્પષ્ટપણે દેખાય છે.

અનેક ગામોમાં આ યુવાનો પર્યુષણપર્વની સુંદર આરાધનાઓ કરાવે છે. શ્રી શત્રુંજય ગિરિરાજ પર રજનીકાંતભાઇ દેવડીએ કરાવેલા અભિષેક કાર્યની સંપૂર્ણ જવાબદારી આ યુવાનોએ સંભાળી હતી. પ્રાચીન સંસ્કૃતિ પ્રમાણે નીકળેલા ગિરનારજીના સંઘમાં આ યુવાનોનું પ્રદાન ઓછું નહોતું. મુંબઇ જેવી મોહમયીનગરીના ૯૦૦થી વધારે યુવાનોએ ચોવિહારો છઠ્ઠ કરીને શત્રુંજય ગિરિરાજની સાત યાત્રા કરીને બધાને આશ્ચર્યમુગ્ધ બનાવી દીધા છે. અનેક યુવાનો ચોવિહાર હાઉસ દ્વારા રોજ ચોવિહાર કરે છે, તે શું આશ્ચર્યની વાત નથી ?

પારિણામિકી બુદ્ધિના પ્રભાવે શરૂઆતથી જ બાળકોને ઉગારી લેવા તપોવનો ઊભા કરાયા છે. જેમાં સાચા માણસો તૈયાર કરાઇ રહ્યા છે. હજુ દશેક વર્ષ પછી તેના વિશિષ્ટ કોટિના પરિણામો નજરે દેખાશે.

આ અશ્રુતનિશ્રિત મતિજ્ઞાનના (૧) ઔત્પાતિકી (૨) વૈનયિકી (૩) કાર્મિકી અને (૪) પારિણામિકી બુદ્ધિ, એમ ચાર પ્રકારો છે. જ્યારે શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ૨૮ પેટા ભેદો છે.

અવારનવાર એવા કિસ્સા સાંભળવા મળે છે કે જેમાં કોઇ વ્યક્તિને પોતાના પૂર્વભવોનું જ્ઞાન થયું હોય. એલેકઝાન્ડર કેનોન નામની વ્યક્તિએ 'ધ પાવર વિધિન' નામનું પુસ્તક લખેલ છે, જેમાં તેણે પૂર્વ ભવો યાદ આવ્યાના ઘણા કિસ્સાઓ જણાવ્યા છે. આ પૂર્વભવોના જ્ઞાન રૂપ જાતિસ્મરણજ્ઞાન પણ મતિજ્ઞાનનો જ એક પેટા પ્રકાર છે. મતિ જ્ઞાનાવરણીય કર્મનો જો તેવા પ્રકારનો ક્ષયોપશમ થાય તો જાતિસ્મરણ જ્ઞાન પેદા થાય છે, અને તે જ્ઞાન દ્વારા જીવ પોતાના પૂર્વભવોને આબેહૂબ જાણી શકે છે.

આ મતિજ્ઞાનને પ્રગટ થતું અટકાવનાર જે કર્મ છે, તે મતિજ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે. તે કર્મના ઉદયે જીવ અજ્ઞાની બને છે. ભણવા છતાં તેને યાદ રહેતું નથી. તેની ધારણાશક્તિ મંદ પડે છે. યાદ રાખેલું પણ તે ભૂલી જાય છે. તે જડભરત જેવો લાગે છે. તેવું ન બનવા દેવા આ મતિ જ્ઞાનાવરણીય કર્મને ખતમ કરવાની સાધના કરવી જોઈએ. તથા નવું ન બંધાય તેની કાળજી રાખવી જોઈએ.

# (૩) શ્રુતજ્ઞાનાવરણીય કર્મ

**(૨) શ્રુતજ્ઞાન :** પાંચ ઈન્દ્રિયો અને મન વડે થતું, શબ્દ અને તેના અર્થની વિચારણા પૂર્વકનું જ્ઞાન શ્રુતજ્ઞાન કહેવાય. શબ્દના ઉલ્લેખપૂર્વક બોધ થતો હોવાથી શ્રુતજ્ઞાન કહેવાય છે. આ શ્રુતજ્ઞાનનું કારણ બનતાં શબ્દ, પુસ્તક, પ્રત વગેરેને પણ વ્યવહારથી શ્રુતજ્ઞાન કહેવામાં આવે છે.

પંચ પ્રતિક્રમણ સૂત્રો, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રન્થ, ૪૫ આગમો, ઘેર બેઠાં તત્ત્વજ્ઞાન વગેરે માસિકો, ધાર્મિક પુસ્તકો વગેરે પણ શ્રુતજ્ઞાન કહેવાય છે, કારણકે તેના વાંચન - મનન દ્વારા આત્મામાં શ્રુતજ્ઞાન પેદા થાય છે.

આ શ્રુતજ્ઞાનને ઢાંકનારું કર્મ તે શ્રુતજ્ઞાનાવરણીય કર્મ. તેનો ઉદય થતાં આપણામાં વાંચવા - લખવાની શક્તિ ન આવે. લખેલું બરોબર ન સમજાય તેનો ખોટો અર્થ કરી બેસીએ.

સંસારની અસારતા જાણીને એક ભાઈને વૈરાગ્ય જાગ્યો. ગુરુભગવંતના ચરણોમાં તેણે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દીધું. જ્ઞાન - ધ્યાનની સાધનામાં તે લીન બન્યા. પણ કરેલા કર્મો કદી ય કોઈને છોડતા નથી. ચાહે તે સાક્ષાત્ તીર્થંકર ભગવંતનો આત્મા કેમ ન હોય ! પ્રભુ મહાવીરના આત્માએ પોતાના અઢારમા ત્રિપૃષ્ઠ વાસુદેવ તરીકેના ભવમાં, પોતાની આજ્ઞાનું પાલન ન કરનાર શય્યાપાલકના કાનમાં ધગધગતું સીસું નંખાવીને જે કર્મ બાંધ્યું હતું, તે કર્મે ભગવાન મહાવીર તરીકેના સત્તાવીસમાં ભવમાં પોતાનો પરચો બતાવ્યો જ. સાધનાકાળ દરમિયાન ભગવાનના કાનમાં ગોવાળીયા દ્વારા આ કર્મે બે ખીલા ઠોકાવ્યાં.

અરે ! આ તો સાધનાકાળની વાત થઈ, પણ ચાર ઘાતીકર્મો ખપાવ્યા બાદ, સાક્ષાત્ ભગવાન તરીકેના કાળમાં પણ કર્મોએ ભગવાનને છોડ્યા નથી. લગાતાર છ મહીના સુધી ભગવાનને લોહીના ઝાડા અને ઉલ્ટી આ કર્મોએ કરાવ્યા.

કર્મો કહે છે કે, ''મારો પરચો બતાડું, તે પહેલાં તમે મને ખતમ કરી નાંખો, કાં તપ કરીને, કાં પશ્ચાત્તાપ કરીને. પરન્તુ જો તમે મને ખતમ ન કરતાં જીવતાં રાખ્યા તો યાદ રાખજો, મારા જેવો ખતરનાક દુશ્મન તમારો કોઈ નથી. મન મૂકીને હું તમારી ઉપર તુટી પડીશ. તમારા માટે પછી એકેક પળ પસાર કરવી મુશ્કેલ થઈ જશે.''

આ મુનિવરને પણ પોતે બાંધેલું શ્રુતજ્ઞાનાવરણીય કર્મ ઉદયમાં આવ્યું. ગાથા

ગોખવાની મહેનત કરે છે પણ ગાથા ચડતી નથી. જ્યાં એકાદ ગાથા પણ ન ચડે ત્યાં શાસ્ત્રો ભણવાની તો વાત જ ક્યાં ?

તેમના ગુરુદેવ વિચારમાં પડી ગયા. પોતાના આશ્રિતનું હિત કરવું તે પોતાની ફરજ છે, તેનું તેમને સારી રીતે ભાન હતું. મારા આશરે આવેલા આત્માનું કલ્યાણ થવું જ જોઈએ. તેનું અકલ્યાણ ન થાય તેની મારે પૂર્ણ કાળજી લેવી જ જોઈએ. તે માટે તેમણે સર્વ શાસ્ત્રોનો સાર શોધીને પોતાના તે શિષ્યને આપ્યો.

આ લોકમાં તે જ માતા - પિતા કે ગુરુને સાચા માતા - પિતા કે ગુરુજન કહેવાય, જેઓ પોતાના શરણે આવેલાનું હિત કરવામાં તત્પર હોય પણ માત્ર માંસના પિંડને જન્મ આપી દેનારાને કે તે બાળકના આત્માના સંસ્કાર માટે કદી ય કશી ય કાળજી નહિ લેનારાને મા - બાપ શી રીતે કહેવાય ?

સમગ્ર દ્વાદશાંગીનો સાર છે : ''મા રુષ ! મા તુષ ! હે આત્મા ! તું કદી ય કોઈ ઉપર રોષ ન કર તો કદી કોઈ ઉપર તોષ ન કર.''

કોઈ તને ખરાબ શબ્દો સંભળાવે, કોઈ તને ખરાબ રૂપ દેખાડે, કોઈ દુર્ગંધ છોડે કે બે સ્વાદી વસ્તુ તને આપે, કઠોર કે કર્કશ, ગરમ કે રૂક્ષ સ્પર્શ તને કરાવે તો પણ તું તેની ઉપર ખીજાઈશ નહિ. તારા મનમાં ક્ષણ માટે ય અરુચિભાવ પેદા કરીશ નહિ. તેવી પરિસ્થિતિમાં ય તું સમભાવમાં રહેજે, તારા મુખના ભાવો તે સમયે કરમાઈ ન જાય તેની કાળજી લેજે.

અને જયારે તને શબ્દ, રૂપ, ગંધ, રસ કે સ્પર્શ અનુકૂળ મળે, મજાના મળે, ત્યારે તું તેમાં લેવાઈ ન જતો, તેનો આનંદ ન માણતો. તેમાં આસક્ત થતો મા. નહિ તો તારા આત્માનું કલ્યાણ તારા હાથમાંથી ઝૂંટવાઈ જશે.

''મા રુષ મા તુષ'' માત્ર ચાર શબ્દોમાં કેવો તત્વજ્ઞાનનો દરિયો ઘૂઘવાટ કરી રહ્યો છે ! જો આ ચાર શબ્દોના સારને આપણે આપણા આત્મામાં ઉતારી દઈએ તો આપણા આત્માનું ટૂંક સમયમાં કલ્યાણ થયા વિના ન રહે.

ગુરુદેવે સમગ્ર શાસ્ત્રોનો સાર આ ચાર શબ્દોમાં ગુંથીને આપી દીધો. શિષ્યના આનંદનો પાર ન રહ્યો. બસ ! હવે તો ગુરુએ આપેલા આ ચાર શબ્દોને બરોબર ગોખી લેવા છે. તેનો જ જપ કરવો છે. આ તો મંત્રાક્ષરો છે. આના પ્રભાવે ચોક્કસ મારું મોહનું ઝેર નીચોવાઈ જશે.

ગુરુદેવ પ્રત્યેની અકાટય શ્રદ્ધાથી તેણે તે ચાર અક્ષરો ગોખવાના શરૂ કર્યા, પણ અફસોસ ! તેણે બાંધેલા શ્રુતજ્ઞાનાવરણીય કર્મનો હુમલો એટલો બધો જોરદાર હતો કે આ ચાર શબ્દો પણ તેને યાદ રહેતા નહોતા.

વારંવાર ગોખવાનો પ્રયત્ન ચાલું છે. પણ કર્મ કહે છે કે, ''આજે તું મહેનત કરી કરીને મથી જા, થાકી જા, પણ હું તને યાદ રાખવા નહિ જ દઉં.''

તે મુનિવર વિચારે છે કે, ''મને યાદ રહે કે ન રહે, હું તો મહેનત કરવાનો જ. જ્ઞાન ચડવું કે ન ચડવું, ભલે મારા હાથમાં ન હોય, કર્મને આધીન હોય, પણ જ્ઞાન પ્રાપ્ત કરવા માટેની મહેનત કરવી તો મારા હાથમાં છે ને ? હું ઉદ્યમ કરવામાં શા માટે પાછો પડું ?'' તેણે તો ગોખવાનો ઉદ્યમ ચાલુ જ રાખ્યો.

કેવી ઉમદા વિચારણા છે તેમની, જો દરેક વિષયમાં આવી વિચારણા આપણે કરતાં રહીએ તો ક્યારેય આપણામાં દીનતા આવે નહિ. ગમે તે પરિસ્થિતિમાં આપણે મસ્તીને ટકાવી શકીએ.

કર્મના ઉદયે શરીર પ્રતિકૂળ હોય તો આપણે કદાચ તપ ન પણ કરી શકીએ, પણ ત્યાગ કરવો તો આપણા હાથમાં છે ને ? ઉપવાસ કદાચ ન થઈ શકે પણ ખાંડ વિનાના ખાખરા વાપરીને ત્યાગ ભરપૂર નવકારશી કરવી તો આપણા હાથમાં છે ને ?

રોજ ૧૦૦ ગાથા ગોખીએ. પણ કદાચ એકે ય ગાથા યાદ ન રહેતી હોય તો બે - પાંચ કલાક, છેવટે અડધો કલાક ગોખવાની મહેનત તો કરી શકીએ ને ? તેમાં શા માટે પાછી પાની કરવી ?

પેલા મુનિવર 'મા રુષ, મા તુષ' ચાર શબ્દો ગોખી રહ્યા છે પણ યાદ રહેતાં નથી. જરા ય ડગ્યા કે અકળાયા વિના તેમની મહેનત ચાલું છે. વચ્ચે વચ્ચે તો પોતે શું ગોખવાનું છે ? તે ય ભૂલી જાય છે. આજુબાજુ રહેલાં સાધુઓ તેમને યાદ કરાવે છે. પણ પાછા ભૂલી જાય છે. વિદ્વાનો, તેજસ્વીઓ, વિશિષ્ટ શક્તિ સંપન્ન સાધુઓ ક્યારેક આ મંદમતિ સાધુની મશ્કરીઓ પણ કરે છે. પરન્તુ આ મૂનિવર તો અન્ય સર્વ સાધુઓ પ્રત્યે પણ નમ્રભાવ રાખીને, તેમનો ય વિનય કરી કરીને પોતાનું ગોખવાનું ચાલુ રાખે છે.

પણ મા રુષ - મા તુષ બોલતાં બોલતાં 'માષ તુષ,' 'માષ તુષ' બોલવા લાગ્યા. તે જ રીતે ગોખવાનું ચાલુ થયું. અન્ય મુનિવરો વારંવાર સુધારો કરે છે, પણ પાછું 'માષતુષ' 'માષતુષ' થવા લાગે છે. તેથી બધા સાધુઓએ તે મુનિનું નામ મશ્કરીમાં 'માષતુષ' પાડ્યું.

વારંવાર આ સાધુની મશ્કરી કરતા જ્યારે અન્ય સાધુઓ 'માષતુષ' ઉચ્ચાર કરે છે ત્યારે આ નમ્ર સાધુ એમ માને છે કે આ સાધુઓ ભૂલી ગયેલા મને સાચો પાઠ યાદ કરાવે છે. અને તેથી તેમનો ઉપકાર માનવા પૂર્વક પોતે 'માષતુષ' 'માષતુષ' ગોખવા લાગે છે.

ઘણા સમય સુધી 'માષતુષ' 'માષતુષ' ગોખવા છતાં ય યાદ રહેતું નથી, તેથી આ

માષતુષ મુનિ એક વાર વિચારે છે કે, ''અરરરર ! મારો આત્મા કેવો ભારે કર્મી છે કે આટ - આટલી મહેનત કરું છું, છતાં મને આ ચાર શબ્દો ય યાદ રહેતા નથી. ગયા ભવમાં કેવું જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યું હશે !

મેં કાગળો બાળ્યા હશે. કાગળો ઉપર ભોજન ખાધું હશે. બગલમાં પુસ્તક રાખ્યું હશે. એઠાં મોઢે બોલ્યો હોઈશ. અક્ષરવાળી વસ્તુ લઈને સંડાશ - બાથરૂમ ગયો હોઈશ. જ્ઞાનને થૂંક અડાડ્યું હશે. અક્ષરવાળા વસ્ત્રો પહેર્યા હશે. ભણવાના સમયે પ્રમાદ કર્યો હશે. છતી શક્તિએ ભણ્યો નહિ હોય. મને ભણાવનાર શિક્ષકજનોનો મેં વિરોધ કર્યો હશે. હેરાન કર્યા હશે. જ્ઞાનીઓની મેં નિંદા કરી હશે. ભણેલું ભૂલી ગયો હોઈશ. અરરર ! મેં જ્ઞાનની કેટલી બધી આશાતના કરી.''

આ રીતે તીવ્ર પશ્ચાતાપ કરતાં કરતાં તેનો આત્મા રડી ઊઠ્યો. આત્મા ઉપર બાઝી પડેલાં કર્મોના ઢેર ને ઢેર નીચે ખરવા લાગ્યા. પેદા થયેલાં પશ્ચાતાપના પાવક અગ્નિમાં પૂર્વે બંધાયેલું જ્ઞાનાવરણીય કર્મ ખતમ થવા લાગ્યું. ના માત્ર જ્ઞાનાવરણીય કર્મ જ નહિ, પૂર્વ બંધાયેલા દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કર્મોના પણ ઢેરને ઢેર ખતમ થવા લાગ્યાં. તે મહાત્મા ચારે ય ઘાતીકર્મોનો ખાત્મો બોલાવીને કેવળજ્ઞાન કેવળ દર્શન પામ્યા.

ચાર શબ્દો પણ ગોખવાની તાકાત નહિ ધરાવનાર તે મુનિવર હવે ત્રણે લોકના ત્રણે કાળના સર્વ પદાર્થોના જ્ઞાતા બન્યા.

બંધાઈ ગયેલાં પાપાનો ખાત્મો બોલાવવાનો શ્રેષ્ઠ માર્ગ છે : આ પશ્ચાત્તાપ. આંખમાંથી વહેતાં ચોંધાર આંસુ.

આપણા જીવનમાં ય ડગલે ને પગલે જ્ઞાનની વિરાધનાઓ થતી હશે. હાથમાં ઘડિયાળ પહેરીને કે પાસે પૈસા લઈને ખાતા - પીતાં - સંડાશ - બાથરૂમ જતાં જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. અક્ષરોવાળા કપડાં ન પહેરાય. ચશ્માની ફ્રેમ પરના ય અક્ષરો દૂર કરવા જોઈએ. કપડાં ઉપર લાગેલી - ટેલરના નામની - કાપલી પણ કાઢી નાંખવી જોઈએ. કાગળ - છાપાંના પડિકા ન વળાય. તેમાં ખવાય પણ નહિ. નોટ - છાપાની પસ્તી ન વેચાય.

જમીન ઉપર નોટ - પેન - છાપું - પુસ્તક વગેરે જ્ઞાનના ઉપકરણો ન મૂકાય. જ્ઞાન ઉપર થૂંક ન ઉડે તેની કાળજી લેવી જોઈએ. રૂપિયાની નોટો ગણવા, નોટ ચોપડીના કાગળ ફેરવવા કે કવર - ટિકિટ ચોંટાડવા થૂંકનો ઉપયોગ ન કરાય. બગલમાં પુસ્તક ન રખાય. એમ. સી. ના સમયે બહેનોથી જેમ ધાર્મિક પુસ્તકો ન વંચાય તેમ નવલકથાઓ પણ ન વંચાય. ચારે દિવસ એક ખૂણામાં બેસી રહેવું જોઈએ. સ્કૂલમાં પણ ભણવા ન

જવાય, પરીક્ષા પણ ન અપાય. નહિ તો જ્ઞાનાવરણીય કર્મ બંધાય.

ધર્મમાં અત્યંત ચુસ્ત વ્યક્તિઓ ભૂતકાળમાં જ હતી એમ નહિ, વર્તમાનકાળમાં પણ છે. એક ભાઈની યુવાન પુત્રી S. S. C. માં ભણતી હતી. બોર્ડની પરીક્ષા આવી ગઈ. બે પેપર પત્યા બાદ તે પુત્રી એમ. સી. વાળી થઈ. તેના પિતાએ તેને કહ્યું, ''બેટા ! હવે તારાથી પરીક્ષા નહિ અપાય. હું જાણું છું કે આ બોર્ડની પરીક્ષા છે તેથી જો તું પરીક્ષા ન આપે તો નાપાસ જાહેર થશે. તારું એક વર્ષ બાતલ જશે.

પણ ઓ મારી વ્હાલી દીકરી ! M. C. ના સમયમાં પુસ્તક - કાગળ કે પેનને અડાય જ નહિ. જો તું પરીક્ષા ન આપે તો તારું એક વર્ષ બગડે, પણ જો પરીક્ષા આપે તો તારા ભવોભવ બગડે. હવે બેટા ! તું જ બોલ ! એક વર્ષ બગાડવું કે ભવોભવ બગાડવા ? તને બેમાંથી શું મંજૂર છે ? જો તારે તારા ભવોભવને બરબાદ ન કરવા હોય તો આ વરસે તુ બાકીના પેપરો આપવાનું માંડી વાળ.''

અને પિતાની હૃદયની ભાવનાને તે ધર્મપ્રિય દીકરીએ વધાવી લીધી. પોતાના કહેવાતા અત્યંત મહત્ત્વના વર્ષને બગાડવાનું તેણે સ્વીકાર્યું. પણ એસ. એસ. સી. ની પરીક્ષા તો ન જ આપી.

જીવનને પવિત્ર રાખવું હોય તો સત્ત્વશાળી તો બનવું જ જોઈએ. સાવ રેંગાપેંગા બને ન ચાલે, સમાજ, લોકો, બહેનપણીઓ શું કહેશે ? બધા મને શું માનશે ? તેવી વેવલી વાતો ન કરાય. પણ આત્માના કલ્યાણ માટે પરમાત્માએ ચીંધ્યા રાહે કદમ બઢાવવા સત્ત્વશાળી જ બનવું જોઈએ.

જેમ જ્ઞાનની આશાતના કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે તેમ જેમણે જ્ઞાન પ્રાપ્ત કરેલું છે, તેવા જ્ઞાનીઓની આશાતના કરવાથી પણ જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. સ્કૂલ - કોલેજમાં ભણાવનાર શિક્ષકજનોનું પણ અપમાન ન કરાય. તેમની મશ્કરી ન કરાય.

તે જ રીતે જેઓ આપણને ધર્મનું જ્ઞાન આપે છે, તેવા ગુરુજનોનો પણ ક્યારેય અનાદર ન કરાય. તેવા વિદ્યાગુરુઓ પ્રત્યે હૃદયમાં ઉછળતો બહુમાનભાવ જોઈએ.

જ્ઞાન અને જ્ઞાનીઓની કરાતી આશાતના જો જ્ઞાનાવરણીય કર્મ બંધાવે છે, તો જ્ઞાન અને જ્ઞાનીઓ પ્રત્યેનો તીવ્ર સદ્ભાવ, ઉછળતો બહુમાનભાવ જ્ઞાનાવરણીય કર્મને ખતમ કરવાનું કામ કરે છે. તેથી જેમને પણ જ્ઞાનાવરણીય કર્મ ખતમ કરવું હોય તેમણે જ્ઞાન, જ્ઞાનના સાધનો અને જ્ઞાનીઓના વંદન - પૂજન - સત્કાર કરવા જોઈએ. તેમના પ્રત્યે સતત આદર બહુમાન રાખવું જોઈએ.

સુંદરી નામની સ્ત્રીએ જ્ઞાનના સાધનો પ્રત્યે અરુચી કરી. પોતાના પુત્રોની ફરિયાદ

સાંભળીને તેમના શિક્ષક પ્રત્યે અરુચિભાવ પેદા કર્યો તથા તેમના પુસ્તકો આગમાં સળગાવ્યા તો તેણે મરીને બીજા ભવમાં શેઠની મુંગી - રોગી પુત્રી ગુણમંજરી બનવું પડ્યું. જ્ઞાનાવરણીય કર્મે તેની ઉપર બરોબર હુમલો કર્યો.

તે જ રીતે દીક્ષા લઈને આચાર્ય બનેલા નાનાભાઈ વસુસાર મુનિએ - વારંવાર પ્રશ્નો પૂછવાથી ઊંઘમાં ખલેલ પડતાં, પોતે - ભણવા બદલ પસ્તાવો કર્યો, પોતાના ભાઈ નથી ભણ્યા તેની પ્રસંશા કરી અને હવે પછી નહિ ભણવા નહિ ભણાવાનો નિર્ણય કર્યો તો પછીના ભવમાં તેઓ કોઢીયા - જડ - મૂરખના જામ વરદત્ત કુમાર નામના રાજકુમાર બન્યા. જ્ઞાનાવરણીય કર્મે તેમની પાસેથી બુદ્ધિ ઝૂંટવી લીધી.

જ્ઞાની ગુરુભગવંત પાસેથી પૂર્વે ભવોમાં પોતે બાંધેલા જ્ઞાનાવરણીય કર્મની જાણ થતાં, તેમણે તે જ્ઞાનાવરણીય કર્મને તોડવાનો ભીષણ પુરુષાર્થ આરંભ્યો.

આપણી ઈચ્છા પણ જો આ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય - ક્ષયોપશમ કરવાની હોય તો આપણે પણ તેમના જેવી આરાધના કરવાનું શરૂ કરવું જોઈએ.

કારતક સુદ પાંચમને જ્ઞાનપંચમી કહેવાય. તે દિનથી તેમણે જ્ઞાનપંચમી તપનો આરંભ કર્યો. દર મહીનાની સુદ પાંચમે ચોવિહારો ઉપવાસ કરવાનો. ઉભયટંક પ્રતિક્રમણ તથા ત્રિકાળ દેવવંદન કરવાના. વ્યાખ્યાન સાંભળવાનું. જ્ઞાનને ઊંચા સ્થાને પધરાવીને પાંચ દીવેટનો દીવો કરવો. જ્ઞાનના ૫૧ ખમાસમણ દેવાના. ૫૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવાનો. ઊંચામાં ઊંચા નૈવેદ્ય - ફળ ધરવાના. ''ૐ હ્રીં નમો નાણસ્સ'' મંત્રની ૨૦ માળા ગણવાની.

દર મહિને ૫૧ સાથીયા વગેરેની અનુકૂળતા ન હોય તો છેવટે પાંચ - પાંચ - ખમાસમણ સાથીયા વગેરે કરવા.

આ રીતે સમગ્ર જીવન દરમિયાન, છેવટે પાંચ વર્ષને પાંચ માસ સુધી જ્ઞાનની આરાધના કરવાની. આ આરાધના પૂર્ણ થતાં પોતાની શક્તિ મુજબ જ્ઞાનપંચમી તપની ઠાઠથી ઉજવણી કરવાની. આ રીતે તપ કરવાથી જ્ઞાનવરણીય કર્મ તુટવા લાગે છે.

વરદત્તકુમાર તથા ગુણમંજરીએ આ જ્ઞાનપંચમી તપની સુંદર આરાધના કરી. તેના પ્રભાવે તેમના રોગો નાશ પામ્યા. ગુણમંજરી બોલતી થઈ. સુંદર પતિ તેને પ્રાપ્ત થયો. દીક્ષા લઈ તેણે પોતાનું આત્મકલ્યાણ સાધ્યું.

વરદત્ત કુમારને પણ આ તપના પ્રભાવે બુદ્ધિકૌશલ પ્રાપ્ત થયું. અનેક રાજકુંવરીને તે પરણ્યો. છેલ્લે દીક્ષા લીધી. આત્મકલ્યાણ તેમણે સાધી લીધું. આપણે પણ જો આ જ્ઞાનપંચમી તપ આરાધ્યો ન હોય તો આજે જ આ તપ કરવાનો સંકલ્પ કરવો જોઈએ. અને આવનારી કા. સુદ પાંચમથી તેનો આરંભ કરવામાં પાછી પાની કરવી નહિ.

# (૪) અવધિજ્ઞાનાવરણીય કર્મ

**(૩) અવધિજ્ઞાન :** પાંચ ઈન્દ્રિયોમાંથી એક પણ ઈન્દ્રિયની સહાય લીધા વિના આત્મા વડે થતાં રૂપી પદાર્થોના જ્ઞાનને અવધિજ્ઞાન કહેવાય છે.

અવધિ = મર્યાદા.

કેવળજ્ઞાન મર્યાદા વિનાનું જ્ઞાન છે. તે તમામ પદાર્થોનું જ્ઞાન કરાવે છે, જ્યારે આ અવધિજ્ઞાન તમામરુપી પદાર્થોનું જ જ્ઞાન કરાવે છે. તે અરૂપી પદાર્થોનું જ્ઞાન નથી કરાવતું પણ માત્ર રૂપી પદાર્થોનું જ્ઞાન કરાવે છે. તેથી તેને પૂર્ણ (કેવળ) જ્ઞાન ન કહેતાં અવધિજ્ઞાન કહેવાય છે.

વળી આ અવધિજ્ઞાન બીજી પણ મર્યાદાવાળું છે. અવધિજ્ઞાન પામેલા આત્મામાં રૂપી પદાર્થો જાણવાની યોગ્યતા પણ ઓછી - વત્તી (મર્યાદામાં) પેદા થાય છે. માટે પણ આ અવધિજ્ઞાન કહેવાય છે.

આ અવધિજ્ઞાનને રોકવાનું કાર્ય જે કરે છે, તેનું નામ અવધિજ્ઞાનાવરણીય કર્મ છે. આ કર્મનો ઉદય હોય તો આપણે રૂપી પદાર્થોનું જ્ઞાન કરી શકતા નથી.

આપણી પાછળ રહેલી દિવાલની પાછળ શું છે ? તે આપણે ક્યાં જાણી શકીએ છીએ ? પણ આ અવધિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થતાં આપણને જો અવધિજ્ઞાન થયું હોત તો આપણે પાછળ ફર્યા વિના, દિવાલ પાછળ ગયા વિના, ત્યાંને ત્યાં બેઠાં બેઠાં, દિવાલ પાછળની રુપી વસ્તુઓ જાણી શકત.

તમામ દેવો તથા નારકોને આ અવધિજ્ઞાન (કે વિભંગજ્ઞાન) હોય છે. તેમને મળેલા તે તે ભવનો સ્વભાવ એવો છે કે ત્યાં ઉત્પન્ન થનારાને અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાન પણ પેદા થાય જ. (મિથ્યાત્વી જીવને ઉત્પન્ન થયેલાં અવધિજ્ઞાનને વિભંગજ્ઞાન કહેવામાં આવે છે.)

રૂમમાં પંખો હોવામાત્રથી પંખાનો પવન ન મળે, પણ તે પંખો સ્વીચ ઑન કરી શરૂ કરો તો તેનો પવન અનુભવાય. તે રીતે અવધિજ્ઞાન હોવા માત્રથી રૂપી પદાર્થોનું જ્ઞાન ન થાય, પણ તે અવધિજ્ઞાનનો જો ઉપયોગ કરવામાં આવે તો જ તે રૂપી પદાર્થોનો બોધ થાય.

આપણી દુનિયાના કોઈક માનવને કોઈક દેવ સહાય કરતો હોય કે હેરાન કરતો હોય તેવું ક્યારેક જાણવા મળે છે. તેનું કારણ એ છે કે તે દેવે દેવલોકમાં ઉત્પન્ન થયા

બાદ આ અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી પોતાનો પૂર્વભવ જાણ્યો હોય છે. પોતાના પૂર્વભવીય સ્નેહી કે વૈરીને જાણતાં, પેદા થયેલાં તે સ્નેહ કે વૈરને વશ થઈ તે સહાય કરવા કે હેરાન કરવાનો પ્રયત્ન કરતો હોય છે.

નરકના જીવો પણ અવધિજ્ઞાનથી કે વિભંગજ્ઞાનથી થોડીવાર પછી પોતાને આવનારાં દુઃખોને જાણે છે. જો તે સમકિતી હોય તો તે દુઃખોને સમતાથી સહન કરવા તૈયાર બને છે. પણ, મિથ્યાત્વી હોય તો દુઃખો આવ્યા પહેલાં જ, દુઃખો આવી રહેલાં જાણીને તેનો પ્રતિકાર કરવાનું કે તેનાથી ડરીને હાયવોય કરવાનું શરૂ કરીને નવાં ઢગલાબંધ કર્મો બાંધવાનું શરુ કરે છે.

તમામ તીર્થંકર ભગવંતોને ગર્ભમાં આવતાંની સાથે મતિ - શ્રુતજ્ઞાનની સાથે અવધિજ્ઞાન પણ હોય છે.

પરમાત્મા મહાવીરદેવે ગર્ભમાં લગભગ છ મહિના પસાર થયા, ત્યારે માતાની ભક્તિથી પ્રેરાઈને, તેમને દુઃખ ન થાય તે માટે હલવાનું બંધ કરી દીધું હતું, પણ ગર્ભ ગળી ગયાની કલ્પના કરીને માતા વધુ દુઃખી થઈ.

પ્રભુ મહાવીરે તે વખતે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો. દીન વદનવાળી માતાને જોઈ. પાછો અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી માતા - પિતાનું આયુષ્યકર્મ તથા પોતાનું ભોગાવલી કર્મ પણ જોયું. પોતાની દીક્ષા થતાં માતા - પિતાનું મૃત્યુ થવાની શક્યતા જણાતાં, તે મોટા - અમંગળને રોકવા ભગવાને માતા - પિતા જીવતાં હોય ત્યાં સુધી દીક્ષા નહિ લેવાનો અભિગ્રહ કર્યો. અને આપણને માતા - પિતાની ભક્તિ કરવાનો સંદેશ આપ્યો. કર્મો જડ પુદ્ગલો છે. રૂપી છે. તેથી અવધિજ્ઞાનથી તેને જાણી શકાય છે.

અવધિજ્ઞાનથી ભૂતકાળમાં રહેલા રૂપી પદાર્થો તથા ભાવિના થનારા રૂપી પદાર્થોને પણ જાણી શકાય છે. આ અવધિજ્ઞાન જુદા જુદા છ પ્રકારનું છે :

**(૧) અનુગામી અવધિજ્ઞાન :** આ અવધિજ્ઞાન બેટરીના પ્રકાશ જેવું છે. હાથમાં બેટરી લઈને આગળ વધીએ તો જ્યાં જ્યાં જઈએ ત્યાં ત્યાં રહેલી વસ્તુઓ દેખાય. બેટરી લઈને પાંચ કિ. મી. દૂર જઈએ તો ત્યાના પદાર્થ દેખાય પણ પાંચ કિ. મી. પહેલાં જ્યાં હતા, ત્યાંના પદાર્થો ન દેખાય, કારણ કે ત્યાં હવે બેટરીનો પ્રકાશ જ નથી.

તે રીતે આ અનુગામી અવધિજ્ઞાની વ્યક્તિ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં નિયત એરિયામાં રહેલા રૂપી પદાર્થોને જાણી શકે. ટૂંકમાં અવધિજ્ઞાની જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં તેનું અવધિજ્ઞાન પણ બેટરીની જેમ તેની સાથે આવે છે. માટે આને અનુગામી અવધિજ્ઞાન કહેવાય છે.

**(૨) અનનુગામી અવધિજ્ઞાન :** વ્યક્તિને નહિ અનુસરનારું અવધિજ્ઞાન. આ જ્ઞાન બલ્બના પ્રકાશ જેવું છે. બલ્બ જ્યાં લગાવ્યો હોય ત્યાં પ્રકાશ આપે. બીજા રૂમમાં જાઓ તો ત્યાં પેલો બલ્બ કાંઈ પ્રકાશ ન આપે, તેમ આ અવધિજ્ઞાન જે ક્ષેત્ર સંબંધિત ઉત્પન્ન થયું હોય તે ક્ષેત્રના રૂપી પદાર્થોનો બોધ કરાવે. પણ ત્યાંથી અન્ય સ્થાને જઈએ તો તે અન્ય સ્થાને રહેલાં રૂપી પદાર્થોનો બોધ ન કરાવે.

દા. ત., અમદાવાદમાં રહેલી વ્યક્તિને પોતાની આસપાસના ૨૫ કિ. મી. સુધીના એરિયાનું અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. જો તે અવધિજ્ઞાન અનુગામી પ્રકારનું હશે, તો તે વ્યક્તિ અમદાવાદથી જ્યારે સુરત જશે ત્યારે સુરતની આસપાસના ૨૫ - ૨૫ કિ. મી. ના એરિયાના રૂપી પદાર્થો તેને જણાશે. જો તે મુંબઈ જશે તો મુંબઈના ૨૫ કિ. મી. એરિયાના રૂપી પદાર્થો જણાશે.

પણ જો તેનું અવધિજ્ઞાન અનનુગામી હશે તો, તે જ્યારે અમદાવાદમાં હશે ત્યારે તેને અમદાવાદના ૨૫ કિ. મી. એરિયાના રૂપી પદાર્થો તો જણાશે; પણ જ્યારે તે સુરત કે મુંબઈ જશે ત્યારે તેને સુરત કે મુંબઈના ૨૫ - ૨૫ કિ. મી. એરિયાના રૂપી પદાર્થોનું જ્ઞાન તો નહિ જ થાય.

**(૩) વર્ધમાન અને (૪) હીયમાન અવધિજ્ઞાન :** પહેલાં થોડાં ક્ષેત્રનું અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હોય, અવધિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ વધતાં વધારે વધારે ક્ષેત્રના રૂપી પદાર્થો જોવાની શક્તિ આવતી જાય, અવધિજ્ઞાન ધીમે ધીમે વધતું જાય તે વર્ધમાન અવધિજ્ઞાન કહેવાય.

પાંચ કિ. મી. એરિયામાં રહેલા રૂપી પદાર્થોને જાણવાની શક્તિ ધરાવનાર વ્યક્તિ ધીમે ધીમે વધતાં વધતાં ૧૦, ૧૫, ૨૫, ૧૦૦ કિ. મી. એરિયાના રૂપી પદાર્થો જાણી શકે તે રીતે વધતું જતું અવધિજ્ઞાન ધરાવતો થાય તો તે તેનું વર્ધમાન અવધિજ્ઞાન કહેવાય. વર્ધમાન = વધતું જતું.

પણ તેનાથી વિપરીત અવધિજ્ઞાન જે હોય તે હીયમાન અવધિજ્ઞાન કહેવાય. હીયમાન = ઘટતું જતું. પહેલાં વધારે મોટા એરિયાના રૂપી પદાર્થોને જાણી શકવાની શક્તિ ધરાવતું અવધિજ્ઞાન પેદા થાય. પણ પછી, પરિણામ પડતાં ધીમે ધીમે તે એરિયા ઘટતો જાય અને ઓછા ઓછા એરિયાના રૂપી પદાર્થો જણાય તે રીતે અવધિજ્ઞાન ઘટતું જાય તે હીયમાન અવધિજ્ઞાન કહેવાય.

**(૫) પ્રતિપાતિ અને (૬) અપ્રતિપાતિ અવધિજ્ઞાન :** જે અવધિજ્ઞાન આવ્યા પછી એકી સાથે પાછું ચાલી જાય તે પ્રતિપાતિ અવધિજ્ઞાન કહેવાય. પણ જે અવધિજ્ઞાન આવ્યા પછી પાછું ચાલ્યું જવાનું ન હોય, તે અપ્રતિપાતિ અવધિજ્ઞાન કહેવાય.

એક સાધુને ઉપાશ્રયનો કાજો લેતાં લેતાં ભાવ વધવા લાગ્યા. પરિણામની ધારાએ અવધિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થતાં તેઓ અવધિજ્ઞાન પામ્યા.

દેવલોકમાં રહેલા ઇન્દ્ર - ઇન્દ્રાણીની હાંસીપાત્ર રીતભાત જોતાં તેમને હસવું આવી ગયું. તરત જ તેમનું અવધિજ્ઞાન ચાલી ગયું. તેમનું આ અવધિજ્ઞાન પ્રતિપાતી પ્રકારનું હતું.

પણ તમામ તીર્થંકર ભગવંતોને અપ્રતિપાતી અવધિજ્ઞાન હોય છે. તેમનું તે અવધિજ્ઞાન ચાલ્યું જતું નથી. તેઓ કેવલજ્ઞાન પામે છે, ત્યારે તે અવધિજ્ઞાન તેમાં સમાઈ જાય છે.

દેવ - નારકોને ભવ સ્વભાવથી અવધિજ્ઞાન હોવાથી ભવ પૂરો થતાં, તેમનું તે અવધિજ્ઞાન ચાલ્યું જાય છે. તેમનું આ અવધિજ્ઞાન પ્રતિપાતી અવધિજ્ઞાન છે.

પણ તમામ મનુષ્યો કે તિર્યંચોને અવધિજ્ઞાન હોતું નથી. વિશિષ્ટ સાધના વગેરેથી કેટલાક મનુષ્યો તથા તિર્યંચો આ અવધિજ્ઞાનને પામી શકે છે.

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રણે ય જ્ઞાન સમ્યક્ ત્યારે કહેવાય કે જયારે તેઓ સમ્યગ્દર્શનની સાથે સંકળાયેલા હોય. અર્થાત્ સમકિતી જીવના જે મતિ - શ્રુત - અવધિજ્ઞાન હોય તે સમ્યગ્જ્ઞાન કહેવાય.

પણ મિથ્યાત્વી જીવને જે મતિ - શ્રુત - અવધિજ્ઞાન હોય તે સમ્યગ્ જ્ઞાન ન કહેવાય. તે તો મિથ્યાજ્ઞાન કહેવાય. તેમના તે મિથ્યાજ્ઞાનો મતિ - શ્રુત કે અવધિજ્ઞાન તરીકે ન ઓળખાય. પણ મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન અને વિભંગજ્ઞાન તરીકે ઓળખાય.

સ્કૂલ - કોલેજનું જ્ઞાન, ડૉક્ટર - વકીલ કે એન્જીનિયરનું જ્ઞાન પણ જો મિથ્યાત્વી જીવે મેળવેલું હોય તો તે અજ્ઞાન જ કહેવાય જયારે તે જ જ્ઞાન જો સમકિતી આત્માએ મેળવેલું હોય તો તે સમ્યગ્ જ્ઞાન કહેવાય.

સામાન્ય રીતે સ્કૂલ - કોલેજનું જ્ઞાન કે કુરાન - બાઈબલનું જ્ઞાન મિથ્યાજ્ઞાન કહેવાય અને કલ્પસૂત્ર વગેરે જૈન ધર્મ શાસ્ત્રોનું જ્ઞાન સમ્યગ્ જ્ઞાન ગણાય, પરન્તુ સૂક્ષ્મ રીતે વિચારતાં તો સમકિતી વ્યક્તિ પાસે આવેલું જૈન ધર્મ શાસ્ત્રોનું જ્ઞાન કે બાઈબલ - કુરાન વગેરેનું જ્ઞાન પણ સમ્યગ્ જ્ઞાન જ ગણાય, જયારે મિથ્યાત્વી જીવો પાસે પહોંચેલું કલ્પસૂત્ર વગેરે જૈન શાસ્ત્રોનું જ્ઞાન પણ તેના માટે તો મિથ્યાજ્ઞાન બને.



# (૫) મનઃ પર્યવજ્ઞાનાવરણીય કર્મ

મન = મનના, પર્યવ = પર્યાય. મનના પર્યાયોના જ્ઞાનને મનઃપર્યવજ્ઞાન કે મનઃપર્યાય જ્ઞાન કહેવાય છે.

આ જ્ઞાન જેને થયું હોય તે વ્યક્તિ અન્ય વ્યક્તિના મનના વિચારોને જાણી શકે છે. બીજાના વિચારોની જાણકારી કરાવનારું જ્ઞાન તે આ મનઃપર્યાય જ્ઞાન.

પરમાત્મા મહાવીરદેવે કાર્તિક વદ ૧૦મના દિને દીક્ષા લીધી. તેમણે પંચમુષ્ટિ લોચ કરીને કરેમિભંતે સૂત્ર ઉચ્ચાર્યું કે તરત જ આ મનઃપર્યવજ્ઞાન તેમને પેદા થયું હતું.

માત્ર ભગવાન મહાવીર જ નહિ, તમામે તમામ તીર્થંકર ભગવંતોને ગર્ભમાં મતિ, શ્રુત અને અવધિ; એ ત્રણેય જ્ઞાન હોય છે. તમામ તીર્થંકરો જ્યારે દીક્ષા લે છે, ત્યારે તેમને આ ચોથું મનઃપર્યવજ્ઞાન પેદા થાય છે. તે જ્ઞાનથી તેઓ બીજાના સારા - નરસા વિચારો જાણી શકે છે.

પૃથ્વી, પાણી, વનસ્પતિ વગેરે એકેન્દ્રિય જીવો; શંખ, કોડા, વગેરે બેઈન્દ્રિય જીવો; કીડી, મંકોડા, વગેરે તેઈન્દ્રિય જીવો; માખી, ભમરા વગેરે ચઉરિન્દ્રિય જીવો અને સંમૂર્છિમ તિર્યંચ - મનુષ્યો અસંજ્ઞી છે. તેઓને મન જ નથી. તેથી તેમને મનના વિચારો પણ ન હોય કે જેને મનઃ પર્યવજ્ઞાનીએ જાણવા પડે !

પરંતુ જે દેવ - નરક - ગર્ભજ મનુષ્યો - તિર્યંચો વગેરે મનવાળા સંજ્ઞી પંચેન્દ્રિય જીવો છે, તેમને મન છે, માટે તેઓ વિચારો પણ કરે છે. તે તમામ સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોગત ભાવોને મનઃપર્યવજ્ઞાની જાણી શકતા નથી. પણ જે સંજ્ઞી પંચેન્દ્રિય જીવો જંબૂદ્વીપ, ધાતકીખંડ અને અર્ધપુષ્કરાવર્તદ્વીપ રૂપ અઢીદ્વીપના એરિયામાં હોય, તે સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના માનસિક ભાવો મનઃપર્યવજ્ઞાની જો ઉપયોગ મૂકે તો જાણી શકે છે. આમ, સમભૂતલાથી ૯૦૦ - ૯૦૦ યોજન ઉપર નીચે અને ૪૫ લાખ યોજન પ્રમાણ તીર્છા વિસ્તારવાળા અઢીદ્વીપમાં રહેલાં સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોગત ભાવોને મનઃપર્યવજ્ઞાની ઉપયોગ મૂકે તો જાણી શકે તેમ નક્કી થયું.

અવધિજ્ઞાની તમામ રૂપી પદાર્થોને જાણી શકે છે, જ્યારે મનઃપર્યવજ્ઞાની તમામ રૂપી પદાર્થોને ભલે જાણી શકતા નથી, પણ મનોવર્ગણાના રૂપી પુદ્ગલોને તો તેઓ વિશેષ બારીકાઈથી જાણી શકે છે.

આ મનઃ પર્યવજ્ઞાન સર્વવિરતિધર સાધુને જ થાય. પણ જેમણે સાધુજીવન ન સ્વીકાર્યું હોય તેમને ન જ થાય. સાધુવેશ સાથે આ જ્ઞાનને ગાઢ સંબંધ છે. કેવળજ્ઞાન

હજુ ય સંસારીવેશે થઈ શકે. (જો કે આત્મિક રીતે તો તેણે સાધુજીવનના અધ્યવસાયો પામવા જ પડે. અંદરનો સાધુ ન બન્યો હોય તેને તો કેવળજ્ઞાન પણ ન જ થાય.) પણ મનઃ પર્યવજ્ઞાન તો સંસારીવેશે કદીય કોઈનેય ન થાય.

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન તથા અવધિજ્ઞાન ચારે ગતિમાં હોય જ્યારે મનઃપર્યવજ્ઞાન તો મનુષ્યગતિમાં જ હોય અને તેય તમામ મનુષ્યોને નહિ, પણ સાધુવેશધારી મનુષ્યને જ હોય.

આ મનઃ પર્યવજ્ઞાન બે પ્રકારનું છે :

(૧) ઋજુમતિ અને (૨) વિપુલમતિ

અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવે જે વિચાર્યું હોય તે અસ્પષ્ટ રીતે - ઝાંખી રીતે સામાન્યપણે જેના વડે જણાય તે ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન અને સ્પષ્ટ રીતે, વિશેષ રૂપે જેના વડે જણાય તે વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન.

મિથ્યાદષ્ટિજીવોને મનઃ પર્યવજ્ઞાન ન થાય. મતિ - શ્રુતજ્ઞાની જે હોય તેઓ સાધુ જીવન સ્વીકાર્યા પછી મનઃ પર્યવજ્ઞાની બની શકે છે. એવો કોઈ નિયમ નથી કે અવધિજ્ઞાન પ્રગટ થયા પછી જ મનઃ પર્યવજ્ઞાન થાય.

કોઈ જીવને મતિ - શ્રુતજ્ઞાન પછી અવધિજ્ઞાન થયા બાદ મનઃ પર્યવજ્ઞાન થાય તો કો'ક જીવને મતિ - શ્રુતજ્ઞાન થયા પછી અવધિજ્ઞાન થયા વિના સીધું જ મનઃ પર્યવજ્ઞાન થાય. આમ, મનઃ પર્યવજ્ઞાની મહાત્મા મતિ - શ્રુત - મનઃપર્યવ જ્ઞાન મળી ત્રણ જ્ઞાનના કે મતિ - શ્રુત - અવધિ - મનઃ પર્યવજ્ઞાન મળી ચાર જ્ઞાનના સ્વામી હોઈ શકે છે.

એક નગરમાં એક રાજાની પાસે ખૂબ જ બુદ્ધિશાળી પંડિત રાજપુરોહિત તરીકે હતો. હવે તે વૃદ્ધ થવા આવ્યો હતો. પણ તેણે પોતાનું સ્થાન ગુમાવી દેવું પસંદ નહોતું.

રાજાની ઈચ્છા બીજા કોઈ પંડિતને રાજપુરોહિત તરીકે રાખવાની છે, તેવો ખ્યાલ આવી જતાં તે પંડિત પુરોહિતે રાજાને કહ્યું, ''હે રાજન ! હવે તો હું ઘરડો થઈ ગયો તેથી મારે ૬૮ તીરથની યાત્રા કરવા જવું છે. આપે હવે નવા પંડિતની શોધ કરવી જોઈએ. આપ છેતરાઈ ન જાઓ અને યોગ્ય પંડિતને મેળવી શકો તે માટે હું આપને પંડિતની પરીક્ષા કરવાની રીત સમજાવું છું.

જુઓ ! આપે દરેક પંડિતને **तज्ज्ञानमेव न भवति यस्मिन्नुदिते विभाति रागादिगणः ।** વાક્યનો અર્થ પૂછવાનો. જે આ વાક્યનો સાચો અર્થ કરે તેને પુરોહિત પદ આપવું.''

રાજાએ પૂછ્યું કે, ''આ વાક્યનો સાચો અર્થ તો મને ય ખબર નથી પછી મને

પંડિત સાચો અર્થ કરે છે કે ખોટો ? તેની શી ખબર પડે ?''

હકીકતમાં આ વાક્યનો અર્થ થતો હતો, ''તે જ્ઞાન જ નથી કે જે જ્ઞાન હોતે છતે રાગ વગેરે દોષો માઝા મૂકે છે,'' પરન્તુ પંડિતે તો પોતાનું પદ ટકાવી રાખવું હતું. તેથી તેણે રાજાને કહ્યું કે, ''હે રાજન ! તેનો સાચો અર્થ છે : ''બિલ્લી બેઠી બેઠી ચણા ખાય છે.'' જે પંડિત આ અર્થ કરે તેને જ પદ આપવું. બાકી તો આ જમાનામાં પદલાલચું બોગસ પંડિતો પણ ઘણા હોય છે. તેથી તેમનાથી આપ ચેતતા રહેજો.''

રાજાએ પંડિતજીની વાત સ્વીકારી લીધી. પંડિતજી મનમાં ખૂબ ખુશ થયા. કારણ કે તેઓ જાણતા હતા કે ''તમામ પંડિતો આ વાક્યનો હકીકતમાં જે સાચો અર્થ છે , તે જ કરશે, પણ 'બિલ્લી બેઠી બેઠી ચણા ખાય છે' એવો અત્યંત અજુગતો અર્થ તો કોઈ જ નહિ કરે. પરિણામે કોઈને પુરોહિત પદ ન મળતાં, મારું તે પદ સદા સચવાઈ રહેશે.''

જુઓને, આ પંડિતની આ તે કેવી બદમાશી ! પોતાને પ્રાપ્ત થયેલા જ્ઞાનનો તેણે કેવો દુરુપયોગ કર્યો ! આ પંડિતના જ્ઞાનને ય જ્ઞાન શી રીતે કહેવાય ?

સમય પસાર થતો જાય છે. અનેક પંડિતોને રાજપુરોહિત પદ માટે રાજા બોલાવે છે. દરેકને પેલા વાક્યનો અર્થ પૂછે છે. પંડિતો પાસેથી મળતો સાચો જવાબ પણ રાજાને ખોટો લાગે છે. કારણ કે પેલા પંડિતે પહેલેથી જ ખોટો અર્થ ઠસાવી દીધો છે. રાજા કદાગ્રહી થઈ ગયો છે.

કદાગ્રહી કદીય ન બનવું. ઘણીવાર કો'કે કેટલીક ખોટી વાતો - વિચારો કે માન્યતાઓ આપણા મનમાં એવી ઠસાવી દીધી હોય છે કે જેના કારણે સાચી માન્યતા પણ આપણને ઉપલક નજરે ખોટી લાગે. પણ ના, આપણે તેમાં મુંઝાવું નહિ. કદાગ્રહને દૂર કરી શાંત ચિત્તે વિચારણા કરવી. વરસોથી કો'કે આપણા મનમાં ઘુસાડેલી તે ખોટી માન્યતાને છોડી દેવામાં સહેજ પણ હિચકિચાટ ન અનુભવવો.

તેવામાં એકવાર મનઃપર્યવજ્ઞાનના સ્વામી ગુરુભગવંત તે નગરમાં પધાર્યા. પૂર્વે નાસીપાસ થયેલા અનેક પંડિતોએ પોતાનો સાચો અર્થ પણ ખોટો સાબિત થયાની વાત કરી.

મનઃપર્યવજ્ઞાની ગુરુ ભગવંતે રાજાને બોધપાઠ આપવાનું નક્કી કર્યું. તેઓ રાજા પાસે પહોંચ્યા.

પૂર્વના ક્રમ મુજબ રાજાએ તેમને પણ તે સંસ્કૃત વાક્યનો અર્થ પૂછ્યો. તે વખતે તે રાજાના મનમાં તો તે વાક્યનો અર્થ 'બિલ્લી બેઠી બેઠી ચણા ખાય છે' એવો જ હતો.

ગુરુભગવંત તો ચાર જ્ઞાનના સ્વામી હતા. મનઃ પર્યવજ્ઞાન તેમની પાસે હતું,

જેનો જો તેઓ ઉપયોગ મૂકે તો રાજાના મનના ભાવો તરત જાણી શકે. તેમણે તરત જ્ઞાનનો ઉપયોગ મૂક્યો. રાજાના મનમાં રહેલો તે ખોટો અર્થ તરત તેમના ધ્યાનમાં આવી ગયો.

તેથી રાજાના પુછાયેલા પ્રશ્નનો જવાબ આપતાં ગુરુભગવંત બોલ્યા, ''હે રાજન્ ! તમે પૂછેલા વાક્યનો અર્થ તમારા મનમાં એ છે કે, 'બિલ્લી બેઠી બેઠી ચણા ખાય છે !' બરોબરને ?''

અત્યાર સુધી ઘણા પંડિતોને આ વાક્યનો અર્થ પૂછવા છતાં ય કોઈએ આ જવાબ આપ્યો નહોતો. પહેલી જ વાર, પોતાના મનમાં રહેલો જવાબ સાંભળીને રાજા તો આશ્ચર્યમાં પડી ગયો. હર્ષવિભોર બનીને તેણે ગુરુભગવંતને ધન્યવાદ આપવા સહ રાજપુરોહિત પદ સ્વીકારવા વિનંતી કરી.

પણ ગુરુભગવંતે જણાવ્યું કે, ''હે રાજન્ ! મેં તો તારા મનમાં રહેલો અર્થ જણાવ્યો છે, પણ તે અર્થ સાચો નથી. તે વાક્યનો સાચો અર્થ તો છે : 'તે જ્ઞાન જ નથી કે જે હોતે છતે રાગ વગેરે દોષો માઝા મૂકે છે.''

આ સાંભળતાં જ રાજા ફરી આશ્ચર્ય પામ્યો. આચાર્ય ભગવંત પાસેથી બધી વાતો સાંભળીને તેનું સમાધાન થયું. પેલા પંડિતના કારણે પોતાનાથી કેટલા બધા સાચા પંડિતોને અન્યાય થયો છે તે જાણીને રાજાને દુઃખ પણ થયું. તેણે બધા પંડિતોને બોલાવીને તેમનો સત્કાર કર્યો. આ આચાર્ય ભગવંત મનઃ પર્યવજ્ઞાની હતા, માટે જ મનના વિચારો જાણી શક્યા અને પંડિતોને યોગ્ય ન્યાય અપાવી શક્યા.

**કેવળજ્ઞાનાવરણીય કર્મ :** કેવળજ્ઞાનને પ્રગટ થતું જે અટકાવે તે કેવળ-જ્ઞાનાવરણીય કર્મ.

કેવળજ્ઞાન = સંપૂર્ણજ્ઞાન, પરિપૂર્ણ જ્ઞાન. જેમને પણ આ કેવળજ્ઞાન પ્રગટ થાય છે તે કેવળજ્ઞાની મહાત્મા, કેવળજ્ઞાનના પ્રભાવે, સાક્ષાત્ આત્મા દ્વારા, પાંચ ઈન્દ્રિય કે મનની જરા ય સહાય લીધા વિના, એકી સાથે, અક્રમથી ત્રણે કાળના, ઉર્ધ્વલોક, અધોલોક અને તિર્ચ્છાલોકના, રૂપી - અરૂપી તમામે - તમામ પદાર્થો, અને તેના તમામે તમામ પર્યાયોને, ઉપયોગ મૂક્યા વિના જાણી શકે છે !

કેવળજ્ઞાનનો આ તે કેવો વિશિષ્ટ પ્રભાવ ! કોઈ મર્યાદા તેને ન નડે. આ તો ત્રણે ય કાળનું જાણે ! **ત્રણે ય લોકનું જાણે !! તે ય એકી સાથે !!!**

અવધિજ્ઞાન અને મનઃ પર્યવજ્ઞાન પણ પાંચ ઈન્દ્રિય કે મનની સહાય વિના થાય છે, પણ તે જ્ઞાનથી જાણવા માટે ય ઉપયોગ તો મૂકવો જ પડે છે ! ઉપયોગ મૂકવામાં ન આવે તો તે જ્ઞાન કાંઈ ન જાણી શકે ! જ્યારે આ કેવળજ્ઞાન તો કેવું જોરદાર ! કે તેમાં

ઉપયોગ મૂકવાની ય જરૂર નહિ. વગર ઉપયોગે કેવળજ્ઞાન તમામ દ્રવ્યોને તેના તમામ પર્યાયો સાથે જાણી શકે !

જેમ સોફા ઉપર બેસીને, સામે રહેલા ટી. વી. ના પડદા ઉપર વેસ્ટ ઈન્ડીઝ કે શ્રીલંકામાં રમાતી ક્રિકેટ મેચ જોઈ શકાય, તે જ રીતે કેવળજ્ઞાની સ્પષ્ટપણે ત્રણે લોકના, ત્રણે કાળના તમામ પદાર્થોને એકી સાથે (ક્રમ વિના) ઉપયોગ મૂક્યા વિના જોઈ શકે.

કેવળજ્ઞાનાવરણીય કર્મનો સંપૂર્ણ નાશ થાય ત્યારે આ કેવળજ્ઞાન પ્રગટ થાય છે. આ કેવળજ્ઞાનના કોઈ પેટાભેદ નથી. તે એક જ પ્રકારનું છે.

મતિજ્ઞાનાવરણીય વગેરે ચાર જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય છે. આ ક્ષયોપશમ ઓછો વત્તો અનેક પ્રકારનો થતો હોવાથી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન વગેરે ચારે ય જ્ઞાનો અનેક પ્રકારનાં હોય છે. પણ કેવળજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થતો નથી. તેનો તો ક્ષય થાય છે. માટે એક સંપૂર્ણજ્ઞાન પેદા થાય છે. મતિજ્ઞાન વગેરે ચારે જ્ઞાનોને ક્ષાયોપશમિક જ્ઞાન કહેવાય છે જ્યારે કેવળજ્ઞાનને ક્ષાયિક જ્ઞાન કહેવાય છે.

આ કેવળજ્ઞાન જ્યારે પ્રગટ થાય છે, ત્યારે બાકીનાં ચાર જ્ઞાનો રહેતાં નથી. આત્મામાં એક માત્ર કેવળજ્ઞાન રહે છે. (કેવળ = એક) કેવળજ્ઞાન થવાથી આત્મા બધું જાણવા લાગે છે, માટે તે સર્વજ્ઞ કહેવાય છે.

જે વખતે કેવળજ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય છે, તે જ વખતે બાકીના ચાર જ્ઞાનાવરણીય કર્મનો પણ સંપૂર્ણ ક્ષય થાય જ છે. પણ સૂર્યના પ્રકાશમાં જેમ ચંદ્ર તથા તારા વગેરેનું તેજ અભિભૂત થવાથી તેઓ દિવસે દેખાતા નથી, તેમ પ્રગટ થયેલાં તે જ્ઞાનો કેવળજ્ઞાનના પ્રકાશમાં અભિભૂત થવાથી જણાતા નથી; તેવો એક મત છે.

કેવળજ્ઞાન એટલે મોક્ષનો પાસપોર્ટ. આ કેવળજ્ઞાન જેમણે મેળવ્યું, તેમનો તે જ ભવે મોક્ષ થાય. તેમણે હવે સંસારમાં ક્યાંય રઝળવાનું ન હોય. વિશ્વના સર્વ પદાર્થો તેમની જાણમાં આવી જાય. તેમનાથી છૂપું આ દુનિયામાં કાંઈ ન રહે.

મોહનીય કર્મનો સંપૂર્ણ નાશ કરનારને જ ટૂંક સમયમાં જ્ઞાનાવરણીય કર્મનો સંપૂર્ણ નાશ થતાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. જે આત્મા મોહનીયકર્મનો નાશ કરતો નથી તેમને કેવળજ્ઞાન પણ મળતું નથી. માટે કેવળજ્ઞાન કે મોક્ષ મેળવવા પણ મોહનીય કર્મનો નાશ કરવાની જ સાધના કરવી જરૂરી છે.

# (૬) દર્શનાવરણીય કર્મ

દર્શન = જોવું. જોવાની શક્તિને રોકે તે દર્શનાવરણીય કર્મ કહેવાય.

ચામડીની સ્પર્શ કરવાની શક્તિ, જીભની સ્વાદ કરવાની શક્તિ, નાકની સૂંઘવાની શક્તિ, આંખની જોવાની શક્તિ તથા કાનની સાંભળવાની શક્તિને ઓછાવત્તા અંશે રોકવાનું કાર્ય આ દર્શનાવરણીય કર્મનું છે.

આ કર્મના જુદા જુદા નવ પેટાભેદો છે. (૧) અચક્ષુ દર્શનાવરણીય (૨) ચક્ષુદર્શનાવરણીય (૩) અવધિ દર્શનાવરણીય (૪) કેવળ દર્શનાવરણીય તથા પાંચ પ્રકારના નિદ્રાદિ દર્શનાવરણીય કર્મ.

**(૧) અચક્ષુદર્શનાવરણીય કર્મ :** આંખ સિવાયની બાકીની ચાર ઈન્દ્રિયો તથા મનની જોવાની - અનુભવવાની જે શક્તિ છે, તેને ઢાંકવાનું કાર્ય આ કર્મ કરે છે.

કાન હોવા છતાં ય આ કર્મ બહેરાશ લાવે છે. નાક હોવા છતાં ય સૂંઘવાની શક્તિ ખતમ કે ઓછીવત્તી કરે છે. જીભ હોવા છતાંય તે સ્વાદને પરખવા બરોબર સમર્થ બનતી નથી. ઈન્દ્રિયોમાં ખોડખાંપણ લાવવાનું કાર્ય આ અચક્ષુદર્શનાવરણીય કર્મનું છે.

**(૨) ચક્ષુ દર્શનાવરણીય કર્મ :** ચક્ષુ = આંખ. આંખ હોવા છતાં ય આ કર્મનો ઉદય થતાં જોવાની શક્તિમાં રૂકાવટ પેદા થાય છે. તેજ ઓછું થાય છે. ચશ્માના નંબર, ઝામર, મોતીયો, વગેરેના કારણે થતી જોવાની તકલીફમાં આ કર્મ પણ કારણ છે. આ કર્મનો ઉદય થતાં આંધળા - કાણા પણ બનવું પડે છે. આમ, જોવાની બાબતમાં તકલીફ ઊભી કરવાનું કાર્ય આ ચક્ષુદર્શનાવરણીય કર્મનું છે.

**(૩) અવધિ દર્શનાવરણીય કર્મ :** જ્ઞાન એટલે જાણવું તો દર્શન એટલે જોવું. કોઈ પણ પદાર્થનો સામાન્ય બોધ થવો તે દર્શન અને વિશેષ બોધ થવો તે જ્ઞાન.

તેથી જ્ઞાન હંમેશાં દર્શનપૂર્વક થાય છે. મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાન જે થાય છે, તેની પૂર્વે અચક્ષુદર્શન કે ચક્ષુદર્શન અવશ્ય થાય છે. જો મતિજ્ઞાન કે શ્રુતજ્ઞાન ચક્ષુરિન્દ્રિયથી થતું હોય તો તે પૂર્વે ચક્ષુદર્શન હોય, અને જો તે અન્ય ઈન્દ્રિયથી થતું હોય તો તે પૂર્વે અચક્ષુદર્શન હોય.

પરન્તુ અવધિજ્ઞાન થવા પૂર્વે જે દર્શન હોય તે અવધિદર્શન કહેવાય છે. રૂપી પદાર્થોનો સામાન્ય બોધ તે અવધિદર્શન અને વિશિષ્ટ બોધ તે અવધિજ્ઞાન. મિથ્યાત્વી જીવોના અવધિજ્ઞાનને વિભંગજ્ઞાન કહેવાય છે. તેની પૂર્વે જે દર્શન થાય છે, તેનું નામ

વિભંગદર્શન નથી, પણ અવધિદર્શન જ છે. આમ, અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાન પૂર્વે જે દર્શન થાય છે, તે અવધિદર્શન કહેવાય. આ અવધિદર્શનને રોકનારું કર્મ અવધિદર્શનાવરણીય કર્મ કહેવાય.

(૪) **કેવળ દર્શનાવરણીય કર્મ :** રૂપી કે અરૂપી, તમામે તમામ પદાર્થોના સામાન્ય બોધને કેવળદર્શન કહેવાય. તેને રોકનારા કર્મને કેવળ દર્શનાવરણીય કર્મ કહેવાય.

કેવળજ્ઞાનની સાથે કેવળદર્શન પણ ઉત્પન્ન થાય છે. આ કેવળદર્શનથી વિશ્વના તમામે તમામ પદાર્થોનું અક્રમથી - એકી સાથે દર્શન થાય છે.

કેવળજ્ઞાનીને પ્રથમ સમયે કેવળજ્ઞાનનો ઉપયોગ હોય છે. પછીના સમયે કેવળદર્શનનો. પછી કેવળજ્ઞાનનો, પછી કેવળદર્શનનો. આ રીતે સમયે સમયે કેવળજ્ઞાન - કેવળદર્શનનો ઉપયોગ બદલાતો રહે છે.

કેવળજ્ઞાનીને કેવળજ્ઞાન અને કેવળ દર્શન, બંનેનો ઉપયોગ એકી સાથે હોય છે, તેવો પણ એક મત છે.

જિનભદ્રગણિક્ષમાશ્રમણ તથા સિદ્ધસેન દિવાકરસૂરિજીના ઉપર જણાવેલા બે મતો છે. પણ જુઓ તો ખરા કમાલ ! આ બંને મહાપુરુષો એટલા બધા ભવભીરું હતા, પરલોક દષ્ટિવાળા તથા પાપભીરુ હતા કે, પોતાના મતો જણાવવા છતાં ય તેઓએ ક્યાંય હઠાગ્રહ ન કર્યો. કદાગ્રહમુક્ત તેમનો આત્મા હતો. તેથી ''કદાચ તેઓ પણ સાચા હોય'' તેવી વિચારણા તેઓ ધરાવતા હતા અને તેથી પોતાનો મત પુષ્ટ કર્યા પછી પણ ''સાચું તત્ત્વ તો કેવળજ્ઞાની જાણે'' તેમ જણાવ્યું.

આ ઉપરથી આપણે પણ ઘણું શીખવા જેવું છે. બહુ જલદીથી બીજાની વાતોને એકાંતે અસત્ય જાહેર કરતાં હજારવાર વિચાર કરવો જોઈએ. એમાંય જ્યારે કેવળજ્ઞાનીનો વિરહ છે, આપણું જ્ઞાન મર્યાદિત છે, ક્ષયોપશમ મર્યાદિત છે, પૂર્વના મહાપુરુષોની સામે આપણે સાવ વામણા છીએ ત્યારે તો કદી ય બીજાને એકદમ જૂઠા કહી દેવાની હિંમત તો શી રીતે કરી શકાય ?

કદાચ આપણને આપણી માન્યતા સો ટકા સાચી જણાતી હોય તો ય, જો સામેની માન્યતા ધરાવનાર આત્માઓ વર્તમાનકાલીન શિષ્ટ પુરુષો હોય, ભવભીરું હોય તો તેમની માન્યતાનો આડેધડ વિરોધ કરવાની હિંમત શી રીતે કરાય ? જો જ્ઞાનીની દૃષ્ટિએ તે માન્યતા કદાચ એકદમ સાચી હશે તો તેને જોરશોરથી ખોટી કહેનારા આપણું ભાવિ કેવું ભયંકર નિર્માણ થશે ? તેની પણ ગંભીરતાથી વિચારણા કરી લેવા જેવી છે.

જો પાપનો ભય લાગતો હોય, પરલોક નજર સમક્ષ તરવરતો હોય, મોક્ષની

સાચી લગન પેદા થઈ હોય તો, આપણા આત્માનું અહિત ન થઈ જાય તે રીતે દરેક બાબતમાં પ્રવૃત્તિ કરવી જોઈએ.

## નિદ્રા સંબંધી પાંચ દર્શનાવરણીય કર્મ :

**(૧) નિદ્રા દર્શનાવરણીય કર્મ :** ઊંઘ લાવવાનું કાર્ય કરે છે આ કર્મ. આ કર્મનો ઉદય થાય એટલે આપણી ઈચ્છા ન હોય તો ય આપણને ઊંઘ આવવા લાગે; પણ તે ઊંઘ અત્યંત ગાઢ ન હોય. સહેજ ખખડાટ થાય ને જાગી જઈએ, સહેજ અવાજ થાય ને ઝબકીને જાગી જઈએ, કોઈનો હાથ અડે ને તરત જ ચોકન્ના બની જઈએ, તેવી સાવ સામાન્ય તે ઊંઘ હોય, તેને જો સરખાવવી હોય તો કૂતરાની ઊંઘ કે ઘરની સ્ત્રીની ઊંઘ સાથે સરખાવી શકાય, જેઓ સહેજ ખખડાટ થતાં જાગી જતાં હોય છે.

સાચું સાધુપણું જીવનારા આત્માઓની પણ આવી ઊંઘ હોય છે. જેથી તેઓ ઊંઘમાંય પડખું ફેરવતાં ઓઘાથી શરીર પૂંજી લેતાં હોય છે. નિદ્રામાં ય આત્મગુણો સંબંધિત તેમની જાગ્રતિ અપાર હોય છે.

**(૨) નિદ્રાનિદ્રા દર્શનાવરણીય કર્મ :** કેટલીકવાર ઘરમાં રહેલી સ્ત્રીને પોતાના દીકરાને ઊઠાડતાં દમ નીકળી જતો હોય છે. વારંવાર ઢંઢોળે તો ય તે દીકરો એવી ગુલાબી નિદ્રા માણતો હોય છે કે ઊઠવાનું નામ જ નથી લેતો.

તે સૂર્યવંશી દીકરાને ઉઠાડવા માતાએ ઘણાં નાટક પણ ક્યારેક કરવાં પડે છે. સવારના સાત - આઠ વાગ્યા હોય તો ય, "અલ્યા ! દસ વાગ્યા, હવે તો ઊઠ ! હેં ઉંઘણશી... બપોર પડી ગઈ તો ય હજુ ઊઠવું નથી ? ક્યાં સુધી ઊંઘવાનું છે ?" વગેરે શબ્દ પ્રયોગો કરવા પડે છે.

પેલો છોકરો જાગતો હોવા છતાં ય ઊંઘવાનો ડોળ કરે છે, તેવું નથી. હકીકતમાં તેને તે વખતે ગાઢ ઉંઘ આવતી હોય છે. ઊઠવા માગે તો ય તે ઊઠી શકતો નથી. માતાએ પરાણે - ક્યારેક તો પાણી છાંટીને કે હાથ પકડીને ઊભો કરવા દ્વારા ઉઠાડવો પડે છે. આવું આપણે અનેકવાર આસપાસમાં જોયું - અનુભવ્યું છે.

આવી ગાઢ નિદ્રા લાવનાર કર્મનું નામ નિદ્રાનિદ્રા દર્શનાવરણીય કર્મ છે. તેના ઉદયથી આવેલી ઊંઘને દૂર કરવા માણસને ઢંઢોળીને ઉઠાડવો પડે છે.

**(૩) પ્રચલા દર્શનાવરણીય કર્મ :** આ કર્મ બેઠાં બેઠાં ઊંઘવાની ફરજ પાડે છે. સૂવા માટેની જ્યાં અનુકૂળતા ન હોય ત્યારે કે પગ લંબાવી શકાય તેમ ન હોવા છતાં, જો આ કર્મનો ઉદય થાય તો તે બેઠાં બેઠાં પણ ઉંઘાડવાનું કામ કરે.

આપણી આસપાસ અનેક પશુઓને આપણે બેઠાં બેઠાં ઊંઘતા જોઈએ છે. તેમને આ કર્મનો ઉદય હોઈ શકે છે.

આ કર્મના ઉદયે માત્ર બેઠાં બેઠાં જ ઊંઘ આવે એમ નહિ, ઊભાં ઊભાં પણ ઊંઘ આવે છે ! ઘોડા, બળદ, વગેરે ઘણીવાર ઊભાં ઊભાં ઊંઘતા દેખાય છે ને ? તેમાં આ પ્રચલા દર્શનાવરણીય કર્મ કારણ છે.

(૪) પ્રચલા - પ્રચલા દર્શનાવરણીય કર્મ : અમે સાધુઓ જ્યારે સવારે વિહાર કરતા હોઈએ છીએ ત્યારે કેટલીકવાર રસ્તામાં બળદગાડાઓની આખી લાઈન ચાલતી દેખાય છે. જો બરોબર બારીકાઈથી જોઈએ તો ખ્યાલ આવે કે એકની પાછળ બીજું બળદગાડું બરોબર ચાલતું હોવા છતાંય તેને ચલાવનારા બળદિયા તે વખતે ઊંઘતા હોય છે.

જ્યારે રસ્તાનો વળાંક આવે ત્યારે ચલાવનાર ખેડૂત જરાક દોરડું ખેંચે એટલે બળદો ઝબકીને જાગે. વળી જાય. પાછા ઊંઘતા ઊંઘતા આગળ વધે ! રોજનો તેમનો તે રસ્તે જવાનો અનુભવ હોવાથી નિર્ભયતાપૂર્વક તેઓ ઊંઘમાં ચાલે છે. આમાં નવાઈ પામવા જેવું કાંઈ નથી. પ્રચલા પ્રચલા દર્શનાવરણીય કર્મનો ઉદય થાય તો ચાલતાં ચાલતાં ય ઊંઘ આવે !

માત્ર ગાય બળદ - ઘોડા - પાડા વગેરે પશુઓને જ નહિ, માનવોને પણ આ કર્મના ઉદયે ચાલતાં ચાલતાં ઊંઘ આવે છે.

જ્યારે શરીરમાં પુષ્કળ થાક હોય, નાછૂટકે ચાલીને જ આગળ વધવાનું હોય, રસ્તો નિર્ભય હોય, આગળ - પાછળ અનેક જણ તે રસ્તે જતાં હોય ત્યારે આ કર્મના ઉદયે ઊંઘતાં ઊંઘતાં ચાલીને પણ ઘણો માર્ગ - વિહાર કે છ'રી પાલિત સંઘ કે પગપાળા પ્રવાસમાં - પસાર કરાય છે !

(૫) થીણદ્ધિ દર્શનાવરણીય કર્મ : દિવસે કે રાત્રે સૂતાં પહેલાં કોઈની સાથે કજિયો - ક્લેશ થયો હોય, કોઈની સાથે દુશ્મનાવટ - વેર બંધાયું હોય, કાંઈક ખાવાની તીવ્ર ઈચ્છા થઈ હોય કે કોઈ પ્રત્યે ગાઢ અનુરાગ પેદા થયો હોય, પણ તે તે ચીજ સાથે તે તે કાર્ય કરવાની ઈચ્છા પેદા થવા છતાં ય તે કોઈ પણ કારણસર પૂર્ણ ન થઈ હોય, અને તેવી અધૂરી ઈચ્છા સાથે ઊંઘી ગયેલો તે વ્યક્તિ, અચાનક રાત્રે ઊંઘમાં જ પોતાનું ઈચ્છિત કાર્ય કરીને આવી જાય, તેવું આ કર્મના ઉદયથી બની શકે છે.

આ થિણદ્ધિ દર્શનાવરણીય કર્મનો ઉદય થાય ત્યારે તે વ્યક્તિ જો પ્રથમ સંઘયણ ધરાવનારો હોય તો તેનું બળ પ્રતિવાસુદેવ જેટલું થઈ જાય છે ! જો અન્ય સંઘયણવાળો હોય તો તેનું બળ પોતાના સામાન્યબળ કરતાં સાત - આઠગણું થઈ જાય છે.

આવા વધી ગયેલા વિશિષ્ટ બળવાળો તે પોતાની ધારી ઈચ્છાને રાત્રીના સમયે પૂર્ણ કરે છે. તે કાર્ય કરતી વખતે હકીકતમાં તે ઊંઘમાં જ હોય છે. સવારે તેને લાગે છે

કે મને આવું સ્વપ્ન આવ્યું હતું. પરંતુ તે સ્વપ્ન નહિ, કિન્તુ હકીકતમાં તે પ્રમાણે તેના દ્વારા જ રાત્રે ઊંઘમાં બન્યું હોય છે.

શાસ્ત્રોમાં આ થિણદ્ધિનિદ્રાના ઉદયના અનેક દૃષ્ટાન્તો નોંધાયા છે. એક મુનિવરને ગોચરી વહોરવા જતી વખતે કોઈ હાથી પાછળ પડતાં ગુસ્સો ચડેલો. રાત્રે આ થિણદ્ધિ દર્શનાવરણીય કર્મનો ઉદય થયો. ઊંઘમાં ચાલીને હસ્તિશાળા પહોંચ્યો. બે દંતશૂળ પકડી હાથીને ઊંચકીને, ભમાવીને પછાડ્યો. હાથી મરી ગયો. તેના બે દંતશૂળ લાવીને ઉપાશ્રયની બહાર ફેંકીને સૂઈ ગયો.

સવાર પડતાં પોતાના ગુરુને વાત કરી કે મને આ પ્રમાણે આજે સ્વપ્ન આવેલ છે. ગુરુએ ઉપાશ્રયની બહાર તપાસ કરાવતાં બે દંતશૂળ દેખાયા. થિણદ્ધિનિદ્રાનો ઉદય થયો છે, જાણીને તે શિષ્યને ઘરે રવાના કર્યો.

થિણદ્ધિનિદ્રાવાળાને દીક્ષા માટે અયોગ્ય જણાવેલ છે. અજાણતાં તેવી વ્યક્તિને દીક્ષા અપાઈ ગઈ હોય તો, જ્યારે ખ્યાલ આવે ત્યારે તેને પાછો ઘરે રવાના કરવો પડે.

એક વાર એક સાધુને સાથે રહેલા સાધુઓ સાથે બોલાચાલી થયેલી. રાત્રે શિવમંદિરમાં ઉતારો થયો. તે સાધુને થિણદ્ધિનિદ્રાનો ઉદય થયો. ઊભા થઈને, લટકતી તલવાર લઈને, કેટલાક સાધુઓનાં ધડ ઉપરથી મસ્તક દૂર કરી દીધાં. તલવાર એક બાજુ ફેંકીને પાછો સૂઈ ગયો. સવારે ઊઠીને પોતાને આવું સ્વપ્ન આવ્યું હતું, તેવી વાત કરતાં બધો રહસ્યસ્ફોટ થયો. તેને ઘરે મોકલવો પડ્યો.

જો ખાવાનું વિચારેલ હોય તો રાત્રે ઊંઘમાં આ કર્મનો ઉદય થતાં તે ખાઈને આવીને સૂઈ જાય. સ્નેહની તીવ્રતાપૂર્વક સૂઈ ગયો હોય તો અડધી રાતે આ કર્મનો ઉદય થતાં ઈચ્છિત વ્યક્તિને આલિંગન પણ કરી આવે.

માત્ર આ થિણદ્ધિ નિદ્રા જ ખરાબ છે; એમ નહિ, પાંચે પાંચ નિદ્રા ખરાબ છે. તેમાંથી એકે ય નિદ્રાને ઈચ્છવા જેવી નથી. કેમ કે તે સર્વઘાતી છે. તેના ઉદયમાં દર્શનની લબ્ધિ સંપૂર્ણપણે હણાઈ જાય છે.

વિશિષ્ટ તાકાતનો સ્વામી દારાસીંગ ! એક સાથે ૧૦૦ જણને હરાવી દે. કોઈ તેની સામે જીતી ન શકે. તેને મારવા આવનાર બિચારાના જ રામ રમી જાય; બરોબર ને ?

પણ તે દારાસીંગ જ્યારે ઘસઘસાટ સૂઈ ગયો હોય ત્યારે નાનકડો આઠ વરસનો છોકરો ય તેને ખંજર હુલાવીને યમસદનમાં મોકલી શકે. તે વખતે દારાસીંગ તેને કાંઈ ન કરી શકે. કેમ ? ક્યાં ગઈ એની તે તાકાત ? કહો કે ઊંઘવાના કારણે તેની તાકાત પણ તેના ઉપયોગમાં ન આવી શકી !

આલ્બર્ટ આઈનસ્ટાઈન જેવા મહાન ગણિતશાસ્ત્રીઓ પણ ઊંઘમાં તો મહા - અજ્ઞાની જ ગણાય ! ઊંઘ આપણી જોવાની - સૂંઘવાની - સ્વાદ કરવાની - સ્પર્શ માણવાની - સાંભળવાની વગેરે તમામ શક્તિઓ ને તેટલો સમય નકામી બનાવી દે છે. માટે આ ઊંઘને કદી ય ઈચ્છવા જેવી નથી.

ઘસઘસાટ ઊંઘ આવી જવી. તે પુણ્યનો નહિ, પણ પાપનો ઉદય છે, તે કદી ન ભૂલવું. કારણકે ઉંઘ લાવનારું આ દર્શનાવરણીય કર્મ પાપકર્મ છે.

આ દર્શનાવરણીય કર્મ ન બંધાય તેની પળે પળે કાળજી લેવી જોઈએ. જે બીજાની છાલ - ચામડી ઉતરડાવે તેની ચામડી દૂર થઈને રહે. પેલા ખંધક મુનિવર ! પૂર્વભવમાં ચીભડાની આખી ને આખી છાલ ઉતારીને તેની ભારોભાર પ્રશંસા કરી તો બીજા ભવમાં તેમની પોતાની ચામડી ઊતરી !

બીજાને આંધળા કહેનારે આંધળા બનવું પડે. બીજાને બહેરા - મૂંગા - તોતડા કહીને ચીડવનારે બીજા ભવમાં બહેરા - મૂંગા - તોતડા બનવું પડે. બીજાને ઊંઘણશી કહીને હેરાન કરનારે બીજા ભવમાં ઉંઘણશી - આળસું બનવું પડે, માટે તેવા શબ્દોથી કદી ય કોઈને બોલાવવા કે ચીડવવા નહિ.

જે ખરેખર બહેરા - આંધળા - કાણાં - મૂંગા - બોબડા - તોતડા હોય તેમને ય તે તે શબ્દોથી ન બોલાવવા. પેલી પંક્તિ તો સાંભળી છે ને ?

કાણાને કાણો નવ કહીએ.

ધીરે રહીને પૂછીએ રે ! ભાઈ ! શીદને ગુમાવ્યાં નેણ રે ?

પણ તેવા કર્મથી હેરાન થયેલા જીવોને ક્યારે ય ધિક્કારવા કે તિરસ્કારવા નહિ; કિન્તુ તેમના પ્રત્યે ય ભાવદયા ચિંતવવી. કરુણાભાવ ધારણ કરવો.

આંધળી વ્યક્તિને બોલાવવા માટે સુરદાસજી, પ્રજ્ઞાચક્ષુ વગેરે શિષ્ટ શબ્દોનો પ્રયોગ કરવો જોઈએ.

ક્યારેક, આપણું ધાર્યું ન થાય ત્યારે ગુસ્સે થઈને, બધી ઈન્દ્રિયોથી સજ્જ વ્યક્તિનેય; ''કેમ આંધળો છે ? આટલું ય દેખાતું નથી ? આંખ છે કે કાણાં ? અરે ઓ બહેરા ! મારી વાત કેમ સાંભળતો નથી ? એય ? કામ કેમ કરતો નથી ? શું હરામ - હાડકાંનો થઈ ગયો છે ?'' વગેરે શબ્દોનો પ્રયોગ થઈ જાય છે, પણ તે જરાય ઉચિત નથી. તેવા શબ્દોનો પ્રયોગ કરવાથી બંધાતા દર્શનાવરણીય કર્મના ઉદયે આપણે તેવા બનવું પડે છે.

સર્ગ નામના દીકરાએ પોતાની મા ચંદ્રાને કહ્યું કે, 'અરે ! આટલો વખત શું શૂળીએ ચડી લટકતી હતી ? તને ખબર નથી કે હું રોજ કેટલા વાગે જમવા આવું છું ?'

થાકેલી ચંદ્રાએ પણ મન પર કાબૂ ગુમાવી જવાબ આપ્યો કે, ''ઊંચા અવાજે શું બરાડે છે ? તારા હાથ શું કપાઈ ગયા હતા કે સીકામાં પડેલો રોટલો ખાધો નહિ ?''

પરિણામ જાણો છો ? ગુસ્સામાં શબ્દો તો એકબીજા માટે બોલાઈ ગયા, પણ તે વખતે જે કર્મ બંધાયું તેના પરિણામે બીજા ભવમાં બંને પતિ - પત્ની બનતાં, એકનાં કાંડાં કપાણાં તો બીજાએ ખરેખર ફાંસીના માંચડે લટકવું પડ્યું !

યાદ રાખીએ કે કરેલાં કર્મો કદીય કોઈને ય છોડતાં નથી. માટે જીવનમાં વિચારો - ઉચ્ચારો અને આચારો એવા કરીએ કે જેથી તેવાં ખરાબ કર્મો બંધાય જ નહિ.

તે માટે મળેલી શક્તિઓનો કદી દુરુપયોગ ન કરીએ. મળેલી જે શક્તિનો આ ભવમાં સદ્દુપયોગ ન કરીએ, બલ્કે દુરુપયોગ કરીએ તો તે શક્તિ પરભવમાં આપણને ન મળે.

જો આંખ વડે પરમાત્માને, કે દુખીઓનાં દુઃખોને કે ગુણીઓના ગુણોને ન જોઈએ પણ આંખો વડે ટી. વી. વીડિયો જોઈએ, પિક્ચરો જોઈએ, બીજાના દોષો જોઈએ તો ભાવિમાં આપણને આંખ ન મળે.!

જીભથી બીજાને ગાળો આપીએ, નિંદા કરીએ પણ પરમાત્માના કે સજ્જનોના ગુણગાન ન ગાઈએ તો બીજા ભવમાં કદાચ જીભ જ ન મળે. આ ભવમાં કદાચ લકવો થઈ જાય તો બોલવાના ય હોશકોશ ન રહે.

માટે મળેલ કોઈ પણ અવયવોનો, સંપત્તિનો કે બુદ્ધિનો દુરુપયોગ કદી કરવો નથી તેમ નક્કી કરીએ.

જ્ઞાનાવરણીય કર્મ આંખે બાંધેલા પાટા જેવું છે. જોવાની તો શક્તિ પોતાનામાં છે, પણ આંખે પાટો બાંધ્યો હોય તો શી રીતે દેખાય ? તેમ વિશ્વના તમામ પદાર્થો જાણવાની શક્તિ તો આત્મામાં છે જ. પણ પાટા જેવું જ્ઞાનાવરણીય કર્મ આત્માની આડે આવી જાય તો તે જીવ પાછળ રહેલી વસ્તુને પણ જાણી શકતો નથી. માટે આ જ્ઞાનાવરણીય કર્મને આંખે બાંધેલા પાટા જેવું જણાવ્યું છે.

જ્યારે આ દર્શનાવરણીય કર્મને દ્વારપાળ જેવું કહ્યું છે. રાજાની ઈચ્છા જોવાની હોય તોય દ્વારપાળ જો આવનાર વ્યક્તિને રાજમહેલમાં પ્રવેશ ન આપે તો રાજા તેમને જોઈ ન શકે. તે રીતે આપણા આત્માની જોવાની શક્તિ - ઈચ્છા હોવા છતાં ય આ દર્શનાવરણીય કર્મનો ઉદય થાય તો આપણે જોઈ ન શકીએ.

# (૭) વેદનીય કર્મ

**આ** સંસારમાં રહેલા કોઈ પણ જીવને કદી ય દુ:ખ દીઠું ય ગમતું નથી. અરે ! સ્વપ્નમાં ય જો પોતાના પેટમાં કોઈ ખંજર હુલાવતું દેખાય તો આવનારા દુ:ખના ભયે તે તીણી ચીસ પાડી ઊઠે છે.

દુ:ખ ન ગમતું હોવાના કારણે જ, દરેક જીવો દુ:ખોને દૂર કરવાના નાના - મોટા પ્રયત્નો કરતાં હોય છે. પછી ચાહે કૂતરો હોય કે બિલાડી, વાઘ હોય કે બકરી, અળસીયા હોય કે વાંદા, કોઈને ય દુ:ખ પસંદ નથી.

પેલો રાજા ! પોતાની રાણીઓમાં મહાઆસક્ત. કામવાસનામાં ચકચૂર રહેવાના કારણે રાજકારભારમાં પૂરતું ધ્યાન પણ નહિ આપી શકનારો !

પોતાના સુખના દિવસો છીનવાઈ ન જાય, રાણીઓનો વિયોગ સહવો ન પડે, તેની તેને સતત ચિંતા રહેતી. સંસારના કોઈપણ સુખની આ જ મોંકાણ છે ! તેને મેળવતાં ય તકલીફ, મેળવ્યા પછી તે ઝુંટવાઈ ન જાય તેની ચિંતા, તે ચાલી જાય તો તેના વિરહનો ભયંકર ત્રાસ પેદા થાય. શી રીતે હવે ઈચ્છાય આવા સંસારના સુખને ?

સ્ત્રીઓના સુખમાં મસ્ત રહેનાર આ રાજાને પણ તેમાં શાંતિ નહોતી. પોતાને મળેલ આ સુખ અચાનક પોતાની પાસેથી ઝુંટવાઈ તો નહિ જાય ને ? તેવા વિચારે તે વારંવાર સંતપ્ત બનતો.

સંસારનું કોઈ પણ સુખ કદી ય કોઈને સંપૂર્ણ સુખી બનાવી શકતું નથી. પ્રાપ્ત થયેલા હજારો સુખોને, નહિ પ્રાપ્ત થયેલું એક સુખ સળગાવીને સાફ કરી નાંખે છે. ગમે તેવો સુખી માનવ પણ આ કારણે સદા ય દુ:ખી જણાય છે !

એક વાર એક સંન્યાસીનો ભેટો થતાં, પોતાના મનની ચિંતા વ્યક્ત કરતાં તેનાથી પૂછાઈ ગયું, ''હે મહાત્મન્ ! મારું મોત ક્યારે થશે ?''

તે વખતે મનમાં એવા ભાવ હતા કે, 'હજુ તો હું ઘણું જીવવાનો છું. સ્ત્રીઓ સાથે તો હજુ મારે ઘણી મજા માણવાની છે. છતાં જાણી તો લઉં કે મારું મોત ક્યારે છે ? કારણ કે મારા રંગમાં ભંગ પડાવવાની તાકાત મોત સિવાય બીજા કોઈનામાં નથી.

પણ ત્યાં તો જાણે કે વીજળીએ કડાકો કર્યો ! ધરતી જાણે કે ધ્રૂજવા લાગી ! સંન્યાસી પાસેથી જવાબ સાંભળતાં જ તેને ચક્કર આવવા લાગ્યા ! પોતાની કલ્પના બહારની શક્યતા જાણીને તે માથું ધુણાવવા લાગ્યો !

''ના...... ના..... એ કદી નહિ બને !'' તેવા શબ્દો તેના મુખમાંથી સરી પડ્યા.

સંન્યાસી કહે છે કે, તમે ઈચ્છો યા ન ઈચ્છો, આજથી સાતમા દિવસે તમારું મોત નિશ્ચિત છે !

આ ભવમાં તો હજુ મોતનો કદી ય અનુભવ કર્યો જ ક્યાં હતો કે જેના કારણે મોતના દુઃખથી તે ધ્રૂજે ? પણ મોત થતાં જ, પેદા કરેલી લીલીછમ લાડી - વાડી - ગાડી છોડવી પડશે. તેનો ત્રાસ શરૂ થયો છે ! આ રૂપરૂપની અંબાર ને સ્વર્ગના સુખનો અનુભવ કરાવતી રાણીઓ ! આ ખાવા - પીવાના સુંદર પદાર્થો ! આ સુખ - સાહ્યબી ! આ સત્તા ! આ મોજશોખ ! શું આ બધું હવે ટૂંક સમયમાં છોડીને મારે ચાલ્યા જવું પડશે ? આ વિચાર માત્રથી પગ થર થર ધ્રૂજવા લાગ્યા ! આંખે અંધારા આવવા લાગ્યા.

માણસને સુખ ચાલ્યા જવાનો, દુઃખ પ્રાપ્ત થવાનો એટલો બધો ત્રાસ છે કે વાત ન પૂછો. પણ આવી પડેલાં ગમે તેટલાં દુઃખમાં જો તેને સુખ પ્રાપ્ત થાય તેવું એકાદ આશાનું કિરણ પણ દેખાઈ જાય ને તો સુખમાં પાગલ બનેલો આ માનવ તમામ દુઃખોને ભૂલી જવા પણ તૈયાર થઈ જાય છે !

અનેકવાર ધર્મોપદેશ સાંભળી ચૂકેલા તે રાજાના મનમાં પણ અચાનક આશાનો ઝબૂકો થયો. જો મરીને સ્વર્ગમાં જવા મળતું હોય તો અહીં કરતાં ય વધારે રૂપાળી, અનેક અપ્સરાઓ ત્યાં મળશે ! પુષ્કળ રત્નો મળશે ! સુખોના તો ભંડાર છલકાશે ! અને આ વિચારે, મોતના દુઃખને ય ભૂલી જઈ, તેના મુખ ઉપર સ્મિત ફેલાયું !!!

તેણે પાછું તે જ્ઞાની સંન્યાસીને પૂછી લીધું, ''ભગવન્ ! જો સાત દિવસ પછી મરવાનું નક્કી હોય તો મને કહો કે મરીને મારે જન્મ ક્યાં લેવાનો છે ? શું મને સ્વર્ગમાં અવતાર તો મળશે ને ?''

સંન્યાસી : રાજા ! પૂછવા કરતાં ન પૂછવું સારું ! હવે આગળની વાત વધારે કહેવામાં મજા નથી. મને ખોટો આગ્રહ નહિ કરતાં !

પણ રાજાને તો નવો જન્મ જાણવાની ચાનક લાગી હતી. કોણ તેની હઠની સામે ટકી શકે ? છેવટે સંન્યાસીએ દુઃખી દિલે પણ કહેવું પડ્યું કે, ''હે રાજન્ ! તમારો અત્યંત આગ્રહ છે તો સાંભળો, અમારા ધર્મશાસ્ત્રો કહે છે કે જે જીવો જેમાં આસક્ત હોય, ત્યાં તે જીવોનો પછીના ભવમાં જન્મ થાય. તમે તમારી રાણીઓમાં અતિશય કામાસક્ત છો, માટે મરીને, તમારી રાણીઓનું સ્નાનજળ, વિષ્ઠા વગેરે જે ગંદી ખાળકૂઈમાં જાય છે, તે ખાળકુઈમાં પંચરંગી કીડા તરીકે પેદા થવાના !''

પોતાની ધારણા કરતાં તદન વિપરીત જવાબ મળતાં રાજા અવાચક બની ગયો ! તેની હાલત તો ઘણી કફોડી થઈ ગઈ. છતાં ય સ્વર્ગલોકના સુખ મેળવવાની લાલસા તેણે ન છોડી.

તેણે પોતાના ખાસ સેનાપતિને બોલાવીને આજ્ઞા કરી કે, ''તમારે એક કામ કરવાનું છે. ૨૦૦ સૈનિકોએ ખુલ્લી તલવાર સાથે, ખાળકુઈની ચારે બાજુ ગોઠવવાના. જો આજથી સાતમા દિને સંન્યાસીના કહેવા પ્રમાણે મારું મોત થાય તો નક્કી તરત હું તે ખાળકૂઈમાં પંચરંગી કીડા તરીકે પેદા થવાનો. તે વખતે તે સૈનિકોએ પંચરંગી કીડા તરીકે પેદા થયેલા મને તરત જ મારી નાંખવાનો. જેથી ત્યાંથી મરીને તો મને સ્વર્ગ મળે ! વળી, ખાળકૂઈના પંચરંગી કીડા તરીકેનું અત્યંત હલકુ ને દુઃખમય જીવન હું કોઈ પણ સંયોગમાં જીવી શકું તેમ નથી.''

સેનાધિપતિએ વાત સ્વીકારી. સાતમા દિને ખરેખર રાજાનું મોત થયું. સૈનિકોએ ખાળકુઈમાં પંચરંગી કીડાને ઉત્પન્ન થયેલો જોયો. તેને મારવા તલવારના ઘા કર્યા પણ જુઓ કમાલ ! આ પંચરંગી કીડો હવે મરવા તૈયાર નથી. હાથમાં ઢેખાળા, પથરા લઈને, નિશાન તાકીને મારવા શરૂ કર્યા પણ ઉસ્તાદ તે કીડો ! આમથી તેમ નાશભાગ કરે છે ! ઘડીક અંદર મળમાં ગરકાવ થઈ જાય છે ! પણ કોઈ પણ હિસાબે સૈનિકોના પ્રહારથી મરતો નથી.

જીવવાની તેની તીવ્ર ઈચ્છા તેની પાસે બધી જ જાતના બચવા માટેના પ્રયત્નો કરાવતી રહી છે. છેવટે થાકીને બધા સૈનિકોએ પાછાં ફરવું પડ્યું, પણ કોઈ તેને મારી તો ન જ શક્યા.

અરે ભાઈ ! જે રાજાએ જાતે જ પોતાને કીડા તરીકે મારી નાંખવા જણાવેલ તે રાજા કીડો બન્યા પછી મરવા કેમ તૈયાર નથી ? એમ કહેવું જ પડશે કે જીવનનું સુખ બધાને ગમે છે. જીવત્યાગ રૂપ કે મોત રૂપ દુઃખ કોઈને ય ગમતું નથી. સુખ મેળવવા મહેનત કરવાની બધાની ઈચ્છા છે, પણ દુઃખ ભૂલમાં ય આવી જાય તો તેનો ત્રાસ તેથી ય ઘણો વધારે છે !

પશુ - પક્ષીને ય દુઃખ ન ગમે, કીડા મંકોડાને પણ દુઃખ ન ગમે તો માનવને ય દુઃખ ન ગમે ! અરે ! માનવે તો પોતાની તમામ બુદ્ધિ દુઃખોને દૂર કરવા તરફ વાપરી છે. તેની તમામ શોધખોળો તેના હૃદયમાં રહેલાં દુઃખ પ્રત્યેના કારમા અણગમાને સૂચવે છે.

થીયેટર, ટી. વી. વીડિયો, કેલ્ક્યુલેટર, કમ્પ્યુટર, રોબર્ટ માનવ, ટેલિફોન, ટેલેક્ષ, ટેલિપ્રિન્ટર વગેરે અનેક સગવડભર્યા સાધનો શોધી શકનાર આ વિજ્ઞાન હજુ સુધી માનવના દુઃખોને કેમ દૂર કરી શક્યું નહિ હોય ?

લીલાંછમ ડાળી - પાંખડાં કે થડને દૂર કરવાથી વૃક્ષ દૂર ન થાય. તે માટે તો તેના મૂળને જ ઉખેડવું પડે. મૂળ નીકળ્યા પછી ડાળી - પાંખડાં કે થડ શી રીતે ટકી શકે ?

સુખનાં સાધનો દ્વારા દુઃખો દૂર ન થાય. તે માટે તો દુઃખોનું જે મૂળ કારણ છે તેને જ દૂર કરવું પડે. જેણે દુઃખો લાવનાર કારણને ઓળખી લીધું, તેને ઉખેડીને ફેંકી દીધું, તેણે ક્યારે ય કોઈ દુઃખો અનુભવવાનાં નથી. તેણે તો સદા માટે અનુભવવાનાં છે આત્માના ઘરના સાચાં સુખોને.

જીવનમાં દુઃખો લાવવાનું કામ કરે છે આ વેદનીય કર્મ. તેને જ્યાં સુધી દૂર કરવામાં ન આવે ત્યાં સુધી જીવનમાં દુઃખો આવતાં જ રહેવાનાં. તેના ઉદયે ક્યારેક સંસારના કહેવાતાં ભૌતિક સુખો પણ મળે. પરન્તુ તે ભૌતિક સુખો પણ હકીકતમાં તો દુઃખરૂપ જ છે ને? કારણ કે તેને મેળવવામાં કેટલાં બધાં દુઃખ! મેળવ્યા પછી તેની રક્ષા કરવામાં કેટલાક દુઃખો! તે ચાલ્યા ન જાય તેની કેટલી ચિન્તાઓ! અને, તે ચાલ્યા જાય ત્યારે તેના વિયોગનું દુઃખ તો કેટલું બધું ભયંકર! શી રીતે આ ભૌતિક સુખોને ય સુખ રૂપ કહી શકાય?

પરિણામમાં દુઃખ લાવનારાં આ ભૌતિક સુખો કે તાત્કાલિક દુઃખી કરતાં દુઃખો, બંનેને લાવવાનું કામ કરે છે આ વેદનીય કર્મ! આત્માના ઘરના આનંદ રૂપ સાચા સુખને અટકાવવાનું ય કામ કરે છે આ વેદનીય કર્મ. માટે ડાહ્યા માણસે આ વેદનીય કર્મને ખતમ કરવાની મહેનત કરવી જોઈએ. પણ વેદનીય કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા ભોગસુખોની ઝાકઝમાળમાં કદી પણ મોહાવું ન જોઈએ.

આ વેદનીય કર્મ મધ લીંપેલી તલવારની ધાર જેવું છે. મધની આસક્તિના કારણે ચાટવાનું મન થાય, પણ મધની મીઠાશ માણતાં, તે તલવારની તીક્ષ્ણ ધાર જીભને છેદી નાંખે. ભયંકર પીડા પેદા થાય. જેની તાકાત આ પીડાને સહન કરવાની હોય તે જ આ મધ લીંપેલ તલવારને ચાટવા તૈયાર થાય!

વેદનીય કર્મ મધ જેવા મીઠાં ભૌતિક સુખો આપી દે, પણ જ્યાં તે સુખો ભોગવવા જાઓ ત્યાં તેના પરિણામ રૂપે દુર્ગતિઓનાં કાતિલ દુઃખો તમને ભેટ આપી દે. તાકાત છે તે દુર્ગતિના ભયંકર દુઃખોને સહન કરવાની? જો ના, તો મહેરબાની કરીને વેદનીયકર્મનાં ઉદયે મળનારાં ભૌતિક સુખોમાં લલચાવાનું બંધ કરી દો. સામેથી ભૌતિક સુખો આવે તો તેને ય લાત મારવાની હિંમત કરો.

સનતકુમાર વગેરે અનેક ચક્રવર્તીઓએ પોતાને મળેલા છએ ખંડના ચક્રવર્તીપણાના સુખને તણખલાની જેમ છોડીને સાધુજીવન સ્વીકાર્યું હતું, તે શું આપણે નથી જાણતા?

શાલિભદ્ર, ધનાજી વગેરે અનેક શ્રીમંત શેઠિયાઓએ પોતાની કરોડો સોનામહોરોની સંપત્તિને એક જ ધડાકે છોડીને પરમાત્માના શાસનનું સાધુત્વ સ્વીકાર્યું હતું, તે આપણાથી ક્યાં અજાણ્યું છે!

# (૮) મોહનીય કર્મ

ભૌતિક સુખે સુખી કે દુઃખી બનાવવાનું કામ જો વેદનીય કર્મ કરે છે તો આપણા આત્માને પાપી બનાવવાનું કામ મોહનીય કર્મ કરે છે.

આત્માને જે મુંઝાવે તે મોહનીયકર્મ. તે સાચાને ખોટું મનાવે ને ખોટાને સાચું મનાવે, તે અનેક જાતની ભ્રમણાઓ આત્મામાં પેદા કરે. આ ભ્રમણાઓ જ્યાં સુધી દૂર થાય નહિ ત્યાં સુધી આત્માનું સંસારમાંથી પરિભ્રમણ અટકે નહિ.

દુઃખ કાઢવા જેવું છે, સુખ મેળવવા જેવું છે, ઈચ્છાઓ કરવા જેવી છે, વગેરે મોટી ભ્રમણાઓ છે. સંસાર દુઃખમય હોવા છતાં સુખમય લાગે છે. સ્ત્રી વગેરે વિજાતીય તત્ત્વો બીહામણાં હોવા છતાંય સોહામણા લાગે છે. આ બધી ભ્રમણાઓ પેદા કરાવે છે મોહનીય કર્મ.

સંસારમાં જીવનારાં આપણે જો સવારથી માંડીને રાત્રી સુધીના આપણા જીવનપ્રસંગોને શાન્તચિતે વિચારીશું તો લાગશે કે આવી તો અનેક ભ્રમણાઓમાં આપણું જીવન અટવાયેલું છે. ઘણી બધી ખોટી માન્યતાઓ આપણા મનમાં ઘર કરી બેઠી છે.

ક્રોધ જરાય કરવા જેવો નથી. તે કરવાથી તો વૈરનાં અનુબંધો પેદા થાય છે. બીજાના હૃદયમાંથી આપણું સ્થાન ખલાસ થાય છે. અસદ્ભાવો પેદા થાય છે. સંક્લેશની હોળીઓ સળગે છે. આવું બધું હોવા છતાં, સ્વયં આપણે તેવું અનુભવતા હોવા છતાંય ઘણીવાર ક્રોધ કરી બેસીએ છીએ એ તો ઠીક પણ તે વખતે તે ક્રોધ કરવો ખોટો લાગતો ય નથી. અરે ! કરેલા તે ક્રોધનો બચાવ પણ કરીએ છીએ.

ક્રોધ ન કરીએ તો કેમ ચાલે ? જો ક્રોધ ન કરીએ તો બધા આપણી ઉપર ચડી બેસે ! આ કાંઈ ક્રોધ ન કહેવાય આ તો કડકાઈ કહેવાય ! આવી કડકાઈ ન કરીએ તો દુનિયામાં કાંઈ કામ જ ન થઈ શકે ! વગેરે વાક્યો આ મોહનીયકર્મ આપણી પાસે બોલાવડાવે છે.

હકીકતમાં કોઈ પાપ કરવું જ ન જોઈએ, પણ કદાચ પરિસ્થિતિવશ પાપ કરવું જ પડે તો તે પાપનો બચાવ તો કદીય ન કરવો. પાપનો બચાવ પાપને તગડું બનાવે છે. નિકાચીત કરે છે. તે તગડું થયેલું પાપ ભોગવવું જ પડે છે. તે સિવાય તે બીજી કોઈ રીતે નાશ પામતું નથી.

માટે સોપ્રથમ તો પાપ કરવું જ નહિ. કદાચ કરવું પડે તો તેનો પાપ તરીકે સ્વીકાર કરવો. થઈ ગયેલા તે પાપનું ગુરુજી પાસે પ્રાયશ્ચિત્ત લેવું. મનોમન પણ પુષ્કળ પસ્તાવો કરવો. પરમાત્માની પાસે જઈને પણ પોતાનાથી થઈ ગયેલાં તે પાપો બદલ ચોધાર આંસુએ રડવું પણ તે પાપનો બચાવ તો કોઈ પણ સંજોગોમાં ન

જ કરવો. પશ્ચાત્તાપથી તે પાપ ધોવાઈ જાય છે. પછી તે પાપના કારણે આવનારાં દુઃખો ભોગવવા પડતાં નથી.

પણ આ મોહનીયકર્મ પાપનો પાપ તરીકે સ્વીકાર કરવા દેતું નથી. તે ક્રોધને કડકાઈ, અભિમાનને સ્ટેટસ, માયાને સેલ્સમેનશીપ, લોભને ઈન્વેસ્ટમેન્ટ, રાગને આનંદ, વગેરે સુંવાળાં નામો આપીને બચાવ કરાવડાવે છે. પાપને પણ કરવા જેવા મનાવડાવે છે. માટે જ આ કર્મ બધાં કર્મોમાં સૌથી વધુ ભયાનક છે.

પેલો મહેશ્વરદત્ત ! મોહનીય કર્મે જેને સંસારમાં બરોબર મુંઝાવેલો. બીહામણાં સંસારને સોહામણો મનાવેલો. તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગયેલી.

પ્રસંગ કાંઈક આવો છે : મહેશ્વરદત્ત બ્રાહ્મણના પિતા મૃત્યુ પામીને બોકડો બન્યા. કેટલાક કાળ પછી તેની માતા પણ મૃત્યુ પામી. પોતાના ઘરમાં અત્યંત આસક્ત હોવાથી તે મૃત્યુ પામીને પોતાના ઘરની શેરીમાં કૂતરી બની.

વારંવાર ઘરમાં ખાવા - પીવા આવે છે, પણ મહેશ્વરદત્ત તથા તેની પત્ની તેને હટ હટ કરે છે. લાકડીઓના માર મારીને કાઢે છે. છતાં આસક્તિ હોવાથી વારંવાર ઘરમાં આવે છે. બેસે છે. ભોજનમાં મોઢું માંડે છે. સગો દીકરો તેને ફટકારે છે !

તેની પત્ની કુલટા હતી. તે કોઈ અન્ય પુરુષ સાથે કામક્રીડા કરી રહી હતી, તે જ સમયે અચાનક મહેશ્વરદત્ત આવી ચડ્યો. પોતાની પત્નીને તેવી હાલતમાં જોતાં જ તેને ભયાનક ગુસ્સો ચડ્યો. તરત જ તલવારના ઝાટકે તેણે તે અન્ય પુરુષને ત્યાં જ ખતમ કરી દીધો. પત્ની પર દયા આવવાથી ઠપકો આપીને છોડી દીધી.

કર્મના ગણિત નિયત હોય છે. તે પુરુષ મહેશ્વરદત્તની પત્નીમાં આસક્ત હતો, માટે મરીને તે મહેશ્વરદત્તની પત્નીના પેટમાં પોતાનાથી પેદા થયેલા ગર્ભમાં પુત્ર રૂપે ઉત્પન્ન થયો ! યોગ્ય સમયે તેનો જન્મ થયો.

જે પુત્ર હકીકતમાં મહેશ્વરદત્તથી પેદા થયો જ નથી, પણ પેલા અન્ય પુરુષથી પેદા થયો છે, તેને મહેશ્વરદત્ત તો પોતાનો પુત્ર માનીને રમાડે છે, હૂલરાવે છે ને લાડકોડથી ઉછેરે છે. વળી, તે પુત્ર પૂર્વભવમાં તો પોતાની પત્નીનો માશૂક હોવાથી પોતાનો દુશ્મન હતો, તે જ આજે તેને આંખની કીકી કરતાંય વધારે વહાલો લાગે છે, આમાં મોહનીય કર્મ સિવાય કોની કરામત સમજવી ?

એમ કરતાં પિતાના શ્રાદ્ધનો દિવસ આવ્યો. શ્રાદ્ધ માટે બોકડો ખરીદવા તે મહેશ્વરદત્ત બજારમાં ગયો. સામે કોઈ કસાઈ બોકડાને લઈ જઈ રહ્યો છે. તે બોકડો દયામણી નજરે મહેશ્વરદત્તની તરફ જોઈ રહ્યો છે. મેં ક્યાંક આને જોયો છે ! તેવો ઊહાપોહ થતાં બોકડાને જાતિસ્મરણ જ્ઞાન થયું. આ તો પોતાનો દીકરો જ છે, તેવું

ભાન થતાં તે બોકડાને વિશ્વાસ પેદા થયો કે નક્કી આ દીકરો મને બચાવશે. નાતથા ઉગારશે. માટે દયામણી નજરે, કાકલૂદી કરવા લાગ્યો.

બોકડાના અવાજે મહેશ્વરદત્તનું ધ્યાન ખેંચાયું. તેને શ્રાદ્ધ માટે બોકડાની જરૂર હતી. કસાઈ પાસેથી તેણે તે બોકડાને ખરીદી લીધો !

બોકડો સમજે છે કે દીકરો મને બચાવી રહ્યો છે ! દીકરો માને છે કે મને પિતાનું શ્રાદ્ધ કરવા સસ્તામાં બોકડો મળી ગયો !

છે ને કેવી કમાલ આ સંસારની !

ઘેર લાવીને પોતાના પિતા એવા તે બોકડાને મહેશ્વરદત્તે જાતે વધેરી નાંખ્યો. પિતાના શ્રાદ્ધ માટે પિતાનું બલિદાન ! હાય ! કેવી અજ્ઞાનતા. ! સગો પિતા રડી રહ્યો છે, પણ તેના રૂદનને સાંભળે કોણ ? સમજે કોણ ?

સગા પિતા રૂપ બોકડાનું માંસ રંધાઈ ગયું. હાડકા એક ખૂણામાં નાંખ્યા છે. તેને ચાટવા પેલી કૂતરી આવી. લોહી ચાટી રહી છે, હાડકાં ચૂસી રહી છે. ક્યાં તેને ભાન છે કે હું જે લોહી – હાડકાં ઉપર મોઢું માડું છું, તે બીજા કોઈના નહિ, પણ એક વખતના મારાં પ્રાણપ્યારા પતિના જ છે ! મોહરાજ ભલભલાને કેવો મૂંઝવી રહ્યો છે !

ત્યાં તો મહેશ્વરદત્તની નજર તે તરફ પડી. લાકડી લઈને તે કૂતરીને કાઢવા લાગ્યો. કૂતરી પાછી ત્યાં જ આવીને ચાટવા લાગે છે.

સમય જતાં મહેશ્વરદત્ત જમવા બેઠો. તેના ભાણામાં એક વખતની તેની કુલટા પત્ની, પિતાનું માંસ પીરસી રહી છે. મહેશ્વરદત્ત પોતાના ખોળામાં પોતાના દીકરાને રમાડતો રમાડતો, મસ્તીથી પિતાનું માંસ આરોગી રહ્યો છે !

ત્યાં તો ખોળામાં બેઠેલા તે દીકરાએ રમતાં રમતાં ભાણામાં જ પેશાબ કર્યો !

મોહરાજે તો બરોબર બુદ્ધિ ભ્રષ્ટ કરી દીધી હતી. દીકરો ખૂબ વહાલો લાગતો હતો. ભલેને પૂર્વભવમાં તે પોતાની પત્નીનો યાર હતો. પોતાને તે દુશ્મન લાગતો હતો ! એક જ તલવારના ઝાટકે પોતે જાતે તેને ઉડાવી દીધો હતો ! આજે મહેશ્વરદત્ત તે જ વ્યક્તિને દીકરા રૂપે માની, મોહમાં ભાન ભૂલી, તેના પેશાબથી લથપથ થયેલું માંસ મસ્તીથી આરોગે છે ! તેને તેમાં પોતાના પુત્ર તરફ વહેતું વાત્સલ્ય જણાય છે !

છે ને આ મોહનીયકર્મની કમાલ ! મહેશ્વરદત્તને કેવો ભાન ભુલાવ્યો છે ! સંસારના મળેલા કુટુંબકબીલામાં તે આજે કેવો લલચાયો છે ! કોણ સમજાવે તેને સંસારની આ ભયાનકતા ! કર્મોની વિચિત્રતા ! સ્વાર્થી સંબંધોની પરાધીનતા !

પણ તેના પુણ્યોદયે તે જ વખતે બે જૈનમુનિવરો ગોચરી વહોરવા ત્યાંથી પસાર થયા. તેમની નજરે આ દશ્ય આવ્યું. અવધિજ્ઞાની હોવાથી સંસારની આ વિચિત્રતા

તેમની જાણમાં આવી. સંસારની આ અસારતા જાણી થૂ થૂ કરીને તેઓ થૂંક્યા. આ દશ્ય મહેશ્વરદત્તની નજર બહાર ન ગયું. તેને નવાઈ લાગી. જૈન સાધુઓ મારી તરફ જોઈને કેમ થૂંક્યા ? તેઓ કોઈ પણ કાર્ય પ્રયોજન વિના ન જ કરે. નક્કી અહીં કાંઈક અજુગતું થઈ રહ્યું છે. તે સિવાય આવું ન બને.

પણ શું અજુગતું થઈ રહ્યું છે ? તે મને તો સમજાતું નથી. તો લાવ, તેમને જ પૂછું. જૈન સાધુઓ કદી પણ જૂઠ તો બોલે જ નહિ.

જમવાનું છોડી, છોકરાને નીચે મૂકીને તે દોડીને પહોંચ્યો જૈનમુનિઓ પાસે. બે હાથ જોડીને, તેણે કારણ પૂછ્યું.

લાભ થવાની શક્યતા જાણીને, તે મુનિઓએ તેને પૂર્વની બધી વાત કરી. તે સાંભળતાં તેને સખત આઘાત લાગ્યો.

અરરર ! પિતાનું શ્રાદ્ધ કરવા દ્વારા પિતાની ભક્તિ કરી રહ્યો છું તેવું માનીને મેં પોતે જ મારા પિતાનો વધ કર્યો ! તેમનું માંસ ખાધું ! મા રૂપી કૂતરીને લાકડીઓ મારી ! સગી માએ પોતાનાં પતિનાં હાડકાં - લોહી ચાટ્યાં ! અને હુંય કેવો મોહાધીન ! મારી પત્નીના માશૂક પરપુરુષને એકવાર મારનારો ! આજે તે પરપુરુષથી જ પેદા થયેલા તેને મેં મારો દીકરો માન્યો ! તેના પેશાબને ચાટ્યો !

ધિક્કાર છે મને ! ધિક્કાર છે મારી મોહાધીનતાને !

અને.... મહેશ્વરદત્તને વૈરાગ્ય પેદા થયો. મોહનીય કર્મની સામે તેણે વળતો હુમલો શરુ કર્યો. સંસાર સોહામણો છે, તેવી ભ્રમણા તેની ટળી ગઈ. સંસારના વાઘા ઉતારીને સાધુજીવનનો વેશ તેણે સ્વીકાર્યો. આત્માનું કલ્યાણ સાધ્યું.

આપણા જીવનનું સર્જન આપણે કેવું કરવું ? તેનો આધાર મુખ્યત્વે આપણા તન અને મન પર છે. તનનો વિષય છે આચાર, તો મનનો વિષય છે વિચાર. આપણા વિચારો અને આચારો જેટલા ઊંચાં, પવિત્ર, વિશાળ, ઉદાર તેટલું આપણું જીવન મહાન બને. આચાર - વિચારમાં જેટલી નબળાઈ, તેટલા અંશે જીવન પણ નબળું બને.

આ તન, મનના આચાર અને વિચાર સાથે મોહનીયકર્મનો ગાઢ સંબંધ છે. પવિત્ર આચાર અને વિચારનું શરણું સ્વીકારીને કોઈ આત્મા પોતાની સંસાર રૂપ છાવણીમાંથી છટકી ન જાય તેની કાળજી આ મોહરાજ સતત લેતો રહે છે.

પવિત્ર વિચાર અને આચારનું જીવનમાં ઉત્થાન જ ન થાય તેની કાળજી લેનારા આ મોહરાજને જ્યારે ખ્યાલ આવે કે મારી જરાક ગફલતમાં અમુક આત્મા સત્સંગના પ્રભાવે વિચારોથી પવિત્ર બની રહ્યો છે, તો તે તેનાથી સહન થતું નથી. તરત જ ગેરીલા પદ્ધતિથી હુમલાઓ કરીને તે આત્માને પવિત્ર વિચારોથી ભ્રષ્ટ કરવાનો તેનો પ્રયત્ન

શરૂ થઈ જાય છે. કારણ કે તે મોહરાજ સારી રીતે જાણે છે કે જે આત્મા વિચારોથી પવિત્ર બને તે ટૂંક સમયમાં આચારોથી પણ પવિત્ર બન્યા વિના રહેનાર નથી. અને જો તે આચાર - વિચાર, બંનેથી પવિત્ર બન્યો તો તે મોક્ષે જ જવાનો. મારી હકૂમત પછી તેની પર કદીય ચાલી શકશે નહિ.

પણ જો તે આત્માએ સતત સત્સંગ ચાલુ રાખ્યો, પોતાને પ્રાપ્ત થયેલાં પવિત્ર વિચારો ટકાવી રાખ્યા, તેમાં જરાય ચહલ પહલ ન મચે તેની કાળજી રાખી, તો તે આત્મા વિચારોમાં ભલે મજબૂત રહે, પણ આચારયુક્ત ન બને, તેના પ્રયત્નો કરવાનું મોહરાજ શરૂ કરી દે છે.

છતાંય જો આત્મા સાવધ બની જાય, પવિત્ર વિચારોને અનુરૂપ પવિત્ર જીવન જીવવાનું પણ ચાલુ રાખે તો મોહરાજ તે આત્માના આચારોમાં શિથિલતાઓ - ઢીલાશ લાવવાના પ્રયત્નો કર્યા જ કરે. તે આત્માને વધુ ને વધુ નબળો પાડવાની મહેનત કરે. ધર્મરાજ અને મોહરાજનું બરોબર યુદ્ધ ચાલે.

મોહરાજનું લક્ષ એક જ છે કે આ આત્માને મારી છાવણીમાંથી છટકવા ન દેવો. તે માટે તેને સૌપ્રથમ આચારથી ભ્રષ્ટ કરવો. કારણ કે આચારથી ભ્રષ્ટ થયેલો આત્મા ટૂંક સમયમાં વિચારોથી ભ્રષ્ટ થયા વિના રહેતો નથી. અને જે વિચારોથી પણ ભ્રષ્ટ બને છે, તે આત્માને મોહરાજની છાવણીમાં રહેવું પડે છે. માટે ગમે તે રીતે આત્માને વિચારોથી ભ્રષ્ટ કરવાની મોહરાજની બધી મહેનત હોય છે.

વિચારોની પવિત્રતા એટલે સમ્યગદર્શન, તેનાથી ભ્રષ્ટ કરવા માટે મોહરાજ પોતાના જે સેનાધિપતિનો ઉપયોગ કરે છે, તેનું નામ છે દર્શન મોહનીય કર્મ.

આચારોની પવિત્રતા એટલે સમ્યગ્ ચારિત્ર. તે સમ્યગ્ ચરિત્રને અટકાવનાર કે તેમાં ઢીલાશ લાવનાર મોહરાજનો જે સેનાધિપતિ છે, તેનું નામ છે ચારિત્ર મોહનીય કર્મ.

ત્રણ લોકના નાથ દેવાધિદેવ પરમાત્મા મહાવીરદેવના આત્માનો એ ત્રીજો ભવ ! જ્યારે તેઓ પરમાત્મા ઋષભદેવ ભગવાનના પ્રથમપુત્ર ભરત ચક્રવર્તીના પુત્ર મરીચી રૂપે હતા. પ્રથમ તીર્થંકર ઋષભદેવ ભગવંતના સમવસરણને નિરખીને વૈરાગ્ય પેદા થયો. પરમાત્માની વાણીએ તેમનામાં પવિત્ર વિચારોનું પ્રગટીકરણ કર્યું. દર્શન મોહનીય કર્મ પર હુમલો કરીને તેઓ સમ્યગ્ દર્શન પામ્યા. વિચારોની પવિત્રતા પામીને તેઓ અટકી ન ગયા. પવિત્ર આચારોનો પણ યજ્ઞ માંડ્યો. ચારિત્ર મોહનીયકર્મ પર હુમલો કરીને તેમણે સમ્યગ્ ચારિત્ર સ્વીકાર્યું. તેઓ સાધુ બન્યા. પરમાત્માના શિષ્ય બન્યા. જ્ઞાન - ધ્યાનમાં લીન બન્યા.

પણ વારંવારની આવી પછડાટ પેલાં મોહરાજથી શી રીતે સહન થાય ? પવિત્ર

વિચારો પર સીધો જ હુમલો કરવાની તેની તાકાત ન પહોંચતાં તેણે પહેલાં તેમના પવિત્ર આચારો પર હુમલો કર્યો.

ઉનાળાના ધોમધખતાં તાપમાં તેમને ગરમી સહન ન થઈ. શરીર પરથી નીતરતાં પસીનાના રેલા ડંખવા લાગ્યા. રસ્તામાં ચાલતાં પગ બળવા લાગ્યાં. માથા પર આવતો તાપ કઠવા લાગ્યો. સ્નાન, પગરખાં ને છત્ર રાખવાની ઈચ્છા થઈ. મોહરાજ પોતાના પાસાં બરોબર ફેંકતો હતો. મરીચીમુનિ તેમાં ફસાઈ ગયા.

પરિણામે મોહરાજની સામે તેમની હાર થઈ, તેમણે સાધુવેશ ફગાવ્યો. ત્રિદંડીવેશ ધારણ કર્યો. માથે છત્ર ધર્યું. પગમાં પાવડી પહેરી, ખભે જનોઈ બાંધી, ભગવા વસ્ત્રો ધારણ કર્યા. સ્નાન વિલેપન શરૂ કર્યું. સમ્યગ્ ચારિત્ર તેઓ હારી ગયા. મોહરાજના સેનાપતિ ચારિત્ર મોહનીય કર્મે પોતાનું કામ સારી રીતે પાર પાડ્યું.

છતાં ય મરિચીમુનિ સાવધ હતા. ચારિત્ર ગયું તો ભલે ગયું, પણ સમ્યગ્ દર્શન તો મારે જવા દેવું નથી જ; તેવો તેમનો દ્રઢ નિશ્ચય હતો. તેઓ જાણતા હતા કે આખું દોરડું કુવામાં ચાલ્યું જાય તો ય જો છેડો હાથમાં હોય તો કુવામાં ચાલી ગયેલું આખું દોરડું પાછું બહાર કાઢી શકાય છે. તેમ સમ્યગ્ ચારિત્ર ચાલ્યું જાય તો ય જો સમ્યગ્ દર્શન બચાવી લઈએ તો ચાલી ગયેલું સમ્યગ્ ચારિત્ર પાછું આવ્યા વિના નથી રહેતું. માટે ગમે તે રીતે સમ્યગ્ દર્શન ટકાવી રાખવાના તેમના પ્રયત્નો ચાલુ હતા.

માટે તો તેઓ પરમાત્માની સાથે વિચરતા હતા. સૌ કોઈને પરમાત્માનો માર્ગ બતાડતા હતા. જે જે પ્રતિબોધ પામે તેમને પરમાત્માની પાસે મોકલતાં હતા. ''પ્રભુ જ સાચા છે, તેમના શિષ્યો જ સાચા માર્ગે છે, હું તો ખોટા રસ્તે છું, શિથીલ છું, સાધુઓનો સેવક છું'' વગેરે વાક્યો તેમના હૃદયમાં રહેલા સમ્યગ્ દર્શનને વ્યક્ત કરતા હતા.

સમ્યગ્ દર્શનનું લક્ષણ તો આ જ છે ને ? પાપોનો એકરાર, ભૂલોનો સ્વીકાર, પરમાત્માના શાસનનો પક્ષ. આજ્ઞાનું પાલન કદાચ કર્મયોગે ઓછુંવત્તું હોય તોય તેના પક્ષપાતમાં જરાય ઓછાશ નહિ. સતત પાપોનો ખટકો. હજારોની વચ્ચે પણ પોતાની ભૂલો કબૂલ કરવામાં જરાય ખચકાટ નહિ.

આ બધું જ મરિચીમાં જીવંત હતું. મોહરાજ તેમના પવિત્ર વિચારો રૂપ આ સમ્યગ્દર્શનને આંચકી લેવાના ઘણા પ્રયત્નો કરવા માંગતો હતો, પણ ક્યાંય તેને સફળતા મળતી નહોતી. છતાંય મોહરાજ નિશ્ચિંત હતો. કારણ કે તે જાણતો હતો કે નાનકડું બાળક પોતાની માતાના ખોળામાં જ નિર્ભય થઈને રમી શકે અને સલામત બચી શકે. પણ જો માતા પોતાના બાળકને ડાકણના હાથમાં સોંપે તો તે કેટલો ટાઈમ જીવી શકે ? શું પેલી ડાકણ તે બાળકનો ટોટો પીસી ન દે ?

સમ્યગ્ દર્શન (પવિત્ર વિચારો) રૂપી બાળક ત્યાં સુધી જ સલામત રહી શકે કે જયાં સુધી તે સમ્યગ્ ચારિત્ર (પવિત્ર આચાર) રૂપી માતાના ખોળામાં છે. પણ સમ્યગ્ ચરિત્ર રૂપ પવિત્ર માતાના હાથમાંથી અવિરતિ (અસદાચાર) રૂપી ડાકણના હાથમાં પહોંચ્યા પછી તે સમ્યગ્ દર્શન (પવિત્ર વિચારો) કેટલો સમય ટકવાનું હતું ?

એકવાર ત્રિદંડીવેશને ધારણ કરનારા આ મરીચીમુનિ માંદા પડ્યા. કોણ તેમની સેવા કરે ? આચારથી ભ્રષ્ટ વ્યક્તિનું સ્વમાન કે સન્માન શી રીતે સચવાય ?

સખ્ત તરસ લાગવા છતાં ય જ્યારે કોઈ પાણી આપતું નથી ત્યારે મોહરાજે પોતાના દર્શન મોહનીય નામના સેનાધિપતિને મેદાનમાં ઉતારવાની તજવીજ શરૂ કરી દીધી. મરિચીને થયું કે એકાદ ચેલો હોય તો સારું. આવા સમયે સેવા તો કરે.

કપીલ નામનો રાજકુમાર તેમની પાસે આવતો હતો. તે મરિચીથી પ્રતિબોધ પામ્યો. તેણે શિષ્ય બનવાની ઈચ્છા વ્યક્ત કરી. છતાં ય હજુ વિચારો પવિત્ર હોવાથી ભગવાન ઋષભદેવના શિષ્ય બનવાની પ્રેરણા કરી.

પણ પેલો કપીલ ઉસ્તાદ નીકળ્યો. તેણે પૂછી લીધું, ''શું તમારે ત્યાં ધર્મ નથી ? શું ધર્મ માત્ર ભગવાન પાસે જ છે ? બસ ! પેલો દર્શન મોહનીય સેનાધિપતિ આવી કો'ક તકની રાહ જોઈને જાણે કે ઊભો હતો. તેણે બરોબર અવસર સાધી લીધો. મરિચીના પવિત્રવિચારો પર જોરદાર હુમલો થયો. જો પવિત્ર આચારો રૂપ સમ્યગ્ ચારિત્ર હાજર હોત તો કદાચ આ હુમલો થવાની શક્યતા જ પેદા ન થાત.

અત્યાર સુધી જે મરિચી દરેકને એક જ સાચો જવાબ આપતો હતો કે, ''મારી પાસે ધર્મ નથી. ધર્મ તો પરમાત્મા અને તેમના સાધુઓ પાસે છે.'' તેમાં આજે ફરક પડ્યો. પેદા થયેલી સેવા કરનારા ચેલાની ઈચ્છાએ આડકતરી રીતે પોતાનો ભાગ ભજવ્યો. તેનાથી કહેવાઈ ગયું. ''કપીલા ! ઈહયંપિ ઈત્થં પિ, હે કપિલ ! ધર્મ ત્યાં પણ છે ને અહીં પણ છે.'' અત્યાર સુધી ટકી રહેલી વિચારોની પવિત્રતા આ અસત્ય વચનના કારણે કકડભૂસ થઈને તુટી પડી. તેમણે સમ્યગ્ દર્શન ગુમાવ્યું.

તેજ ભવમાં મોક્ષને પ્રાપ્ત કરાવનારું સમ્યગ્ ચારિત્ર મરિચીએ પોતાની શરીર પ્રત્યેની કારમી આસક્તિના કારણે ગુમાવ્યું તો શિષ્ય પ્રત્યેની કારમી આસક્તિના કારણે સમ્યગ્ દર્શન ગુમાવ્યું. અનેક ભવમાં ભ્રમણ કરાવનારું મિથ્યાત્વ પ્રાપ્ત કર્યું. એટલું જ નહિ, પણ ભાવિમાં જૈન શાસનની સ્થાપના કરનારો તીર્થંકરનો આ આત્મા અનેક ભવો સુધી મિથ્યામતનો પ્રવર્તાવનારો બન્યો. કેટલું કાતિલ છે આ મોહનીય કર્મ ! તે મરિચીના આ પ્રસંગથી બરાબર સમજાય છે.

મોહનીયકર્મના મુખ્ય બે ભેદ છે. (૧) દર્શન મોહનીય કર્મ. અને (૨) ચારિત્ર મોહનીય કર્મ. પેટા ભેદો વિચારીએ તો મોહનીયકર્મના ૨૮ ભેદો થાય.

# (૯) દર્શન મોહનીય કર્મ

**મુંઝાવે** તે મોહનીય કર્મ. દૃષ્ટિ, સમજણ, માન્યતા કે વિચારોની બાબતમાં મુંઝાવે તે દર્શન મોહનીય કર્મ. તેના ત્રણ પેટાભેદો છે.

(૧) મિથ્યાત્વ મોહનીય કર્મ (૨) મિશ્ર મોહનીય કર્મ. (૩) સમ્યક્ત્વ મોહનીય કર્મ.

સુંદર મજાનું સફેદ વસ્ત્ર પહેરીને કોલસાની વખારમાં જતાં, તે કાળું મેશ થઈ ગયું. રસોડાના મસોતાં કરતાં ય વધારે ગંદી હાલત તેની જણાતી હતી.

આ વસ્ત્ર ભલે હાલ કાળુંમેશ જણાતું હોય પણ હકીકતમાં તો તે સફેદ છે. ઉપર કાળાશ ચોંટવાથી તે ભલે હાલ કાળું દેખાતું હોય પણ અંદર તો સફેદ છે. કાળા મેલે તેની સફેદાઈને ઢાંકી દીધી છે એટલું જ, બાકી તે સફેદ નથી તેમ નહિ.

મેલથી / કાળાશથી મલિન થયેલું વસ્ત્ર જેમ મસોતાં જેવું ગંદું જણાય છે, તેમ અજ્ઞાનતાના કારણે રાગ - દ્વેષાદિમાં રગદોળાતો આત્મા અશુદ્ધ કર્મ પુદ્ગલોથી મલિન થાય છે ત્યારે તે મિથ્યાત્વ મોહનીય કર્મવાળો ગણાય છે.

કાળામેંશ થયેલાં તે ગંદા કપડાંને સ્વચ્છ કરવા માટે ધોવાનું જો શરૂ કરીએ, અને જ્યારે તે અડધું ધોવાયું હોય, તેની કાંઈક કાળાશ દૂર થઈ હોય અને હજુ ય કેટલીક કાળાશ દૂર થવાની બાકી હોય ત્યારે જેમ તે વસ્ત્ર અર્ધશુદ્ધ, અડધું સ્વચ્છ કે અડધું ધોવાયેલું કહેવાય તેમ આત્મા પર લાગેલાં મિથ્યાત્વ મોહનીય કર્મના પુદ્ગલોને જ્યારે આત્મા અડધાં શુદ્ધ કરે ત્યારે તે અર્ધશુદ્ધ, પુદ્ગલો મિશ્ર મોહનીય તરીકે ઓળખાય છે.

ધીમે ધીમે ધોવાઈ રહેલું તે મસોતું કે કાળુંમેશ વસ્ત્ર જ્યારે સંપૂર્ણ સ્વચ્છ બની જાય, સંપૂર્ણ મેલ રહિત બની જાય, તેમ જ્યારે આત્મા પણ મિથ્યાત્વ મોહનીય કર્મના તે અશુદ્ધ પુદ્ગલોને પોતાની શુદ્ધિના જોરે સંપૂર્ણ સ્વચ્છ / શુદ્ધ કરે ત્યારે તે શુદ્ધ થયેલાં કર્મપુદ્ગલો સમ્યક્ત્વ મોહનીય કર્મ તરીકે ઓળખાય છે.

આ ત્રણે પ્રકારના કર્મોના ઉદયના કારણે સંસારમાં રહેલાં જીવોના સ્વભાવો પણ જુદા જુદા પ્રકારનાં જણાય છે.

(૧) આ સંસારમાં રહેલાં મોટાભાગના જીવોને મિથ્યાત્વ મોહનીય કર્મનો ઉદય હોવાથી તેમનો સ્વભાવ વિપરીત બની જાય છે, એટલે કે તેમને સાચું શુદ્ધ ધર્મતત્ત્વ સત્ય રૂપે જણાતું નથી. અશુદ્ધ તત્ત્વને તે ધર્મ તરીકે સ્વીકારે છે.

શુદ્ધ પરમાત્મતત્ત્વને ભગવાન તરીકે સ્વીકારવાનો ઈન્કાર કરીને અશુદ્ધતત્ત્વ પાછળ પાગલ બને છે. આત્મકલ્યાણ કરનાર સાચાં ગુરુતત્ત્વને ગુરુ તરીકે માનવાના

બદલે ગમે ત્યાં આંટાફેરાં કરીને જીંદગી બરબાદ કરે છે ! ક્યારેક તો પોતાના જીવનમાં દેવ - ગુરુ કે ધર્મ તત્ત્વને સ્વીકારવાની તૈયારી જ બતાવતો નથી ! આવી વિપરીત પરિસ્થિતિને પેદા કરનાર મિથ્યાત્વ મોહનીય નામનું દર્શન મોહનીય કર્મ છે.

(૨) સંસારમાં કેટલાંક જીવો એવાં હોય છે કે જેમને દેવ - ગુરુ કે ધર્મ પ્રત્યે રુચિ કે અરુચિ, બેમાંથી કાંઈ હોતું નથી ! જેમ નાળિયેરી દ્વીપમાં રહેલાં માનવોએ નાળિયેર સિવાય ખાવાની કાંઈપણ ચીજ કદી ય જોઈ ન હોવાથી તેને જ્યારે પૂછવામાં આવે કે, બોલ ભાઈ ! તને અનાજનો ખોરાક ભાવે કે નહિ ? તો તે શું જવાબ આપે ?

''હેં ! અનાજ કોને કહેવાય ? તેનો ખોરાક વળી શું ? અમે તો કદી જોયેલ નથી. તેથી શી રીતે કહીએ કે ભાવે કે નહિ ? અમને તો તે ખોરાક પ્રત્યે રાગ પણ નથી ને દ્વેષ પણ નથી.

બસ આ જ રીતે જિનેશ્વર પરમાત્માએ જણાવેલ 'તત્ત્વો પ્રત્યે ગમો કે અણગમો, એકે ય ન થવા દેનાર કર્મ મિશ્ર મોહનીય નામના દર્શન મોહનિય કર્મ તરીકે ઓળખાય છે.

(૩) જે વસ્તુનો મૂળભૂત સ્વભાવ જે હોય તે તેનામાં રહે જ. તે ક્યારે ય તેનાથી છૂટો ન પડે. ટૂંક સમય માટે કદાચ અન્ય કારણ આવતાં તે સ્વભાવ ઢંકાઈ જાય તેવું બને ખરું, પણ છેવટે તો તે સ્વભાવ પ્રગટ થયા વિના પ્રાયઃ ન રહે.

જે કપડું સફેદ છે, તે ભલે ને આજે કાળાશ પામ્યું, સમય જતાં, ધોવાતાં ધોવાતાં તે પાછું સફેદાઈ પામ્યા વિના ન રહે.

તેમ મિથ્યાત્વ મોહનીય કર્મના દલિકો પણ આત્માની વિશુદ્ધિ વડે ધોવાઈને જ્યારે શુદ્ધ બને છે ત્યારે તે સમ્યક્ત્ય મોહનીય કર્મ તરીકે ઓળખાય છે. આ સમ્યક્ત્ય મોહનીય કર્મનો ઉદય થાય ત્યારે આત્માને જિનવચન પ્રત્યે રુચિ જાગે છે. શ્રદ્ધા પેદા થાય છે.

આ ત્રણે પ્રકારના દર્શન મોહનીયકર્મમાં મિથ્યાત્વ મોહનીય કર્મ સૌથી વધારે ભયંકર ગણાય છે. આ મિથ્યાત્વ મોહનીયકર્મના ઉદયે જીવ મિથ્યાત્વ પામે છે.

**મિથ્યાત્વ :** જે વસ્તુ જેવી છે તે વસ્તુને તેવી ન માનતા, વિપરીત માનવી કે કહેવી તે મિથ્યાત્વ. મિથ્યાત્વ એટલે ઊંધી માન્યતા.

જેમ પીળીયો થયેલો હોય, તો સફેદ શંખ પણ પીળો દેખાય. લીલા ચશ્મા પહેર્યાં હોય તો સૂકું ઘાસ પણ લીલુંછમ દેખાય, તેમ મિથ્યાત્વ પેદા થયું હોય તો સાચું પણ ખોટું જણાય અને જે ખોટું હોય તે સાચું જણાય !

આ મિથ્યાત્વ પણ પાંચ પ્રકારનું છે.

(૧) આભિગ્રહિક (૨) અનાભિગ્રહિક (૩) આભિનિવેશિક (૪) સાંશયિક અને (૫) અનાભોગિક.

**(૧) આભિગ્રહિક મિથ્યાત્વ :** અભિગ્રહ = આગ્રહ, કદાગ્રહ, હઠાગ્રહ, દુરાગ્રહ. તેનાથી ઉત્પન્ન થયેલું મિથ્યાત્વ તે આભિગ્રહિક મિથ્યાત્વ. વિપરીત માન્યતાને કદાગ્રહપૂર્વક સાચી માને. વિવેકચક્ષુ તો ક્યારના ય ઢંકાઈ ગયા હોય. પોતાની પકડેલી માન્યતાને છોડવાની તૈયારી કદી ય ન હોય. પોતાની કારમી પક્કડવાળા ધર્મીઓમાં આ મિથ્યાત્વ હોઈ શકે છે.

**(૨) અનાભિગ્રહિક મિથ્યાત્વ :** ''બધા ધર્મો સારા'', ''બધાના ભગવાન છેવટે ભગવાન તો છે જ ને !'' ''બધા ભગવાન એક જ છે, માત્ર તેમના નામ જુદા જુદા છે''. ''જેણે સંસાર છોડ્યો તે બધા ય ગુરુ.'' ''આપણાથી તો તે બધા મહાન છે ને, તેથી ચાહે તે ગમે તેવા હોય, સ્ત્રી - પૈસા રાખતા હોય કે ન રાખતા હોય, બધા ગુરુઓ એક જ છે.'' વગેરે વિચારધારાઓ અનાભિગ્રહિક મિથ્યાત્વની પેદાશ છે !

ઉપરોક્ત વાત જરા ય યુક્તિસંગત જણાતી નથી. બધાને સરખાં શી રીતે કહી શકાય ? શું જેટલું પીળું હોય તે બધું સોનું માની શકાય ખરા ? સોનું ય પીળું છે ને પીત્તળ પણ પીળું છે; બંનેનો સોના તરીકેનો વ્યવહાર કરવો કોઈ ઉચિત માનશે ?

કાચના ટૂકડા, પથ્થરના ટૂકડા અને હીરાને એક કહેવા કયો ઝવેરી તૈયાર થાય ? શું તે એમ કહેશે ખરો કે આ બધા ય ટૂકડા છે તો હીરા જ; પણ તેમના નામ જુદા જુદા છે !'

જો હીરામાં સારાસારનો વિવેક કરવો જરૂરી હોય, જો સોનું - પીત્તળ વગેરે ધાતુઓમાં ય સારાસારનો વિચાર કરાતો હોય તો ભગવાન, ગુરુ કે ધર્મમાં કેમ નહિ ?

બધી જગ્યાએ બધાને એક સરખા ન માની શકાય.

બધાને એક સરખાં માનવામાં વિશાળતા, ઉદારતા કે આપણી મહાનતા નથી પણ આપણી વિવેકહિનતા પ્રગટ થાય છે.

એક સ્ત્રી હતી. તેણે એકવાર પોતાની આપબડાઈ કરવાનું મન થયું. પોતે કેવી ઉદારવૃત્તિ ધરાવે છે, સંકુચિત મનની નથી પણ બ્રોડમાઈન્ડેડ છે, તે જણાવવા એકવાર તે બોલવા લાગી, ''અરે ! એમાં શું થઈ ગયું ! દુનિયાના તમામ પુરુષો મારા પતિ છે ! કોઈ એક પુરુષને પતિ માનવો તેના કરતાં બધા પુરુષોને સમાન માનવા, બધાને પતિ તરીકે સ્વીકારવા તેમાં મારા હૃદયની વિશાળતા અને ઉદારતાં પ્રગટ થાય છે. છેવટે પુરુષો તો તમામ સમાન જ છે ને ? એક જ છે ને ? તો પછી શા માટે તમામ પુરુષોને મારે પતિ તરીકે ન સ્વીકારવા ?''

તમે આ સ્ત્રીની વાત સ્વીકારવા તૈયાર ખરા ? આ સ્ત્રીને પત્ની ન કહેવાય, કુલટા કહેવાય. પણ પત્ની તો તે જ કહેવાય કે જેને એક જ પતિ હોય. માટે તો તે પતિવ્રતા કહેવાય છે.

જો અનેક પુરુષોને પોતાના પતિ માનનારી સ્ત્રીને કુલટા કહેવાય તો બધાને ભગવાન માનનારાને, બધા ભગવાનને એક જ માનનારાને શું કહેવાય ?

તેથી બધા ભગવાન સરખા, બધા ધર્મ સરખા, બધા ગુરુ સરખા, આવું ન મનાય, ન બોલાય. છતાં આવું જ માને - મનાવડાવે છે આ અનાભિગ્રહિક મિથ્યાત્વ.

**(૩) આભિનિવેશિક મિથ્યાત્વ :** સત્ય અને અસત્યને બરોબર જાણવા છતાં ય, તમામ સત્ય વાતોને સત્ય વાતો તરીકે સ્વીકારવા છતાં ય દુરાગ્રહ, કદાગ્રહ કે હઠાગ્રહના કારણે કોઈ એક પકડાઈ ગયેલી ખોટી માન્યતાને પકડી રાખે, ખોટું છે તેવું જાણવા છતાં ય તેને છોડી ન શકે. કોઈ છોડાવવા માંગે તો ય તે વાત છોડવાની તૈયારી જ ન હોય. અરે ! સમજવા માટેની પણ તૈયારી ન હોય. તો તેમાં આ મિથ્યાત્વ કારણ છે.

મધ્યસ્થ બુદ્ધિથી જો સમજવા માંગે તો સરળતાથી સમજાઈ શકે તેવી વાત પણ તે સમજવા તૈયાર ન હોય. ''મારું તે જ સાચું'' તેવી તેની માન્યતા થઈ ગઈ હોય. પોતાની માન્યતા વિરુદ્ધ જો કોઈ વિચારે - બોલે કે આચરે તો તેવી વ્યક્તિઓ ગુસ્સે ભરાઈ જતી હોય છે, અને ક્યારેક તો પોતાની માન્યતાને ન માનનારા તરફ ધિક્કાર - તિરસ્કારની અગનવર્ષા કરવા લાગી જતી હોય છે.

જિનમત, જિનશાસનના બદલે પોતાની વિચારધારાને જ તે વ્યક્તિ મહત્ત્વ આપવા મંડે છે. પરિણામે પોતાની માન્યતાને પુષ્ટ કરવા જતાં તે જિનશાસનને ભયંકર નુકશાન પહોંચાડવાનું કામ કરતી હોય છે.

પરમાત્મા મહાવીરદેવના જમાઈ જમાલીને આ આભિનિવેશિક મિથ્યાત્વ પેદા થયું હતું. ટૂંકમાં, પરમાત્માની તમામ વાતોને તે તે રૂપે સ્વીકારે પણ એકાદ - બે વાતોમાં પોતાના કદાગ્રહના કારણે વિપરીત માનનાર વ્યક્તિ આભિનિવેશિક મિથ્યાત્વવાળી ગણાય.

આવું મિથ્યાત્વ આપણા જીવનમાં કદી પણ પ્રવેશી ન જાય તેની બરોબર કાળજી રાખવી જોઈએ.

**(૪) સાંશયિક મિથ્યાત્વ :** પરમાત્માના વચનમાં શંકા રહ્યા કરે. ભગવાને મોક્ષની વાત તો કરી છે પણ ખરેખર મોક્ષ હશે ખરો ? શું સ્વર્ગ હશે ! નરક હશે ? ધર્માસ્તિકાય - અધર્માસ્તિકાય વગેરે શાસ્ત્રોની વાતો સત્ય રૂપે હશે કે નહિ ? આવી શંકાઓ પેદા કરાવે.

કોઈને થાય કે રાત્રિભોજન કરવાથી શું ખરેખર નરકે જવું પડે? ધર્મની આરાધના કરવાથી શું તેનું સારું ફળ મળતું જ હશે?

આમ, મનમાં સંશય સંદેહ કરાવે તે સાંશયિક મિથ્યાત્વ કહેવાય.

**संशयात्मा विनश्यति, श्रद्धावान् लभते फलम् ।**

શંકાશીલ સ્વભાવવાળો આત્મા વિનાશને નોતરે છે, જયારે શ્રદ્ધાળુ આત્મા ફળને મેળવે છે. શંકાશીલ બુદ્ધિ ઘણીવાર કાર્યનું વિપરીત ફળ લાવે છે, જયારે શ્રદ્ધાસંપન્ન બુદ્ધિ બગડેલા કાર્યને પણ સુધારી દેતી હોય છે.

જિજ્ઞાસા અને શંકામાં ફરક છે. ન જાણતા હોઈએ તે જાણવા માટેની ઈચ્છા, તેને સ્વીકારવાની તમન્ના તે જિજ્ઞાસા છે. જયારે તેને સાચું જાણવા મળશે ત્યારે તેની શ્રદ્ધા વધુ મજબૂત જ થવાની છે. આમ શ્રદ્ધાને મજબૂત કરતી જિજ્ઞાસા રૂપ શંકા ખોટી નથી.

પણ જે શંકા પરમાત્માના વચનમાં અશ્રદ્ધા પેદા કરાવે છે, તે શંકા સાંશયિક મિથ્યાત્વના ઘરની બને છે. તેવી શંકા કદી ન કરવી.

શંકાથી તો સંસાર પણ નથી ચાલતો. પતિ - પત્નીના, ઘરાક - વેપારીના, પિતા - પુત્રના જીવનમાં પણ પરસ્પર વિશ્વાસ જોઈએ છે. જ્યાં શંકા પ્રવેશ કરે છે, ત્યાં પરસ્પરનો સંબંધ બગડ્યા વિના નથી રહેતો. તેથી પરમાત્મા સાથેનો નાતો સદા ટકાવી રાખવા ક્યારે ય પરમાત્માના કોઈપણ વચનમાં શંકા ન કરવી.

(૫) **અનાભોગિક મિથ્યાત્વ :** દેવ - ગુરુ - ધર્મ વગેરે તત્ત્વોની સંપૂર્ણ અજ્ઞાનતા હોવાના કારણે જે મિથ્યાત્વ હોય તે અનાભોગિક મિથ્યાત્વ કહેવાય. એકેન્દ્રિય - વિકલેન્દ્રિય વગેરે જીવોને આ મિથ્યાત્વ હોય છે. આ અવ્યક્ત મિથ્યાત્વ છે. આ જીવોને સ્પષ્ટપણે વિપરિત બુદ્ધિ હોતી નથી. પણ સાચામાં સાચા તરીકેની બુદ્ધિ પણ તેમનામાં નથી, તે તેમનું મિથ્યાત્વ છે. **अन्नाणं खु महाभयम् ।** ખરેખર અજ્ઞાન જ ભયંકર છે. અજ્ઞાન જ બધા પાપોનું મૂળ છે. જીવ કોને કહેવાય? તેની જ જેને ખબર નથી તે શી રીતે જીવોની રક્ષા કરી શકે?

ઈન્દ્રભૂતિ ગૌતમ વગેરે બ્રાહ્મણોને પહેલા નંબરનું આભિગ્રહિક મિથ્યાત્વ સતાવતું હોવું જોઈએ. પરમાત્મા મહાવીરદેવના અચિંત્ય પ્રભાવથી તેમનું તે મિથ્યાત્વ નષ્ટ થયું. પરમાત્માના પ્રથમ ગણધર તરીકે તેમને સ્થાન મળ્યું.

વર્તમાનકાળના કહેવાતા ઘણા સુધારકો બીજા નંબરના મિથ્યાત્વથી પીડાતા હોય છે. બધાને સારું લગાડવા ''બધા ધર્મો સરખા'' ની વાતો તેઓ કરતાં હોય છે.

વિદ્વાન, બુદ્ધિમાન, શાસ્ત્રજ્ઞ, પંડિત વગેરે રૂપે ઓળખાતાં માનવોને ક્યારેક આ આભિનિવેશિક નામનું ત્રીજા નંબરનું મિથ્યાત્વ સતાવતું હોય છે. તેઓને પોતાની

બુદ્ધિનો, વિદ્વતાનો, શાસ્ત્રબોધનો, માન્યતાનો અભિનિવેશ = કદાગ્રહ હોય છે. જાણવા છતાં ય તેઓ પોતાની ખોટી પકડાઈ ગયેલી માન્યતાને છોડી શકતા નથી.

મેં જે વાત પકડી છે, તે ગલત છે, ખોટી છે, પણ હવે હું તે વાત કેવી રીતે છોડી દઉં ? મેં મારી બુદ્ધિથી, દલીલોથી, વિદ્વતાથી જે અસત્ય વાતને પણ સત્ય તરીકે સિદ્ધ કરી છે. તે માટે ઢગલાબંધ દાખલા તથા દલીલો મેં જગત સામે મૂક્યા છે, અરે ! અનેક શાસ્ત્ર પાઠોના અર્થો પણ મારી મચડીને ફેરવીને મારી માન્યતાને પુષ્ટ કરવા દુનિયા સામે ઠોકી બેસાડ્યા છે, તે હવે મારાથી શી રીતે છોડાય ?

જો હું મારી પકડાઈ ગયેલી ખોટી વાતને છોડી દઉં તો મારા અનુયાયીઓ જ, મારી વાતને માનનારાઓ જ મારો તિરસ્કાર કરશે, મને પૂર્વે ઓછો બોધ હતો તેવી વાતો કરશે, મારા કારણે મારા અનુયાયીઓનાં માથાં પણ શરમથી ઝૂકી જશે. દુનિયામાં મારી પણ બદનામી થશે, લોકો મારો ઉપહાસ કરશે, તમે તો બોલી બોલીને ફરી જાઓ છો, તેવો પ્રચાર કરશે. માટે મેં જે ખોટી વાત આજ દિન સુધી રજૂ કરી છે, તે મારે હવે સુધારવી નથી.''

ઉપર પ્રમાણેની વિચારણા આ અભિનિવેશિક મિથ્યાત્વ પેદા કરે છે.

અભિનિવેશિક મિથ્યાત્વનું સંમોહન એટલું તો પ્રબળ હોય છે કે સ્વયં તીર્થંકર પરમાત્મા પણ તેને દૂર નથી કરી શકતા. શ્રમણ ભગવાન મહાવીર દેવ પણ પોતાના સંસારીપણે જમાઈ એવા જમાલીમુનિને સાચું સમજાવી નહોતા શક્યા. સમજાવવાની ક્ષમતા પરમાત્મામાં નહોતી એમ નહિ, પણ જમાઈમાં જ આ મિથ્યાત્વ અત્યંત તીવ્ર કક્ષાનું હતું. પ્રબળ મિથ્યાત્વથી તેઓ પીડાતા હતા.

સ્કૂલ - કોલેજમાં ભણનારા, વિજ્ઞાન અને ભૂગોળની વાતો ભણીને તેની તરફ આકર્ષણ પેદા કરનારા વ્યક્તિઓને પરમાત્માની અનેક વાતોમાં સંશયો પેદા થયા કરે છે. તે સંશયો જિજ્ઞાસામાં ફેરવાઈને શ્રદ્ધારૂપ પામવાને બદલે, પરમાત્માનાં વચનો પ્રત્યેની અશ્રદ્ધા પેદા કરાવનારા બને છે. આવા સંશયો ધરાવનારા જીવો આ ચોથા નંબરના સાંશયિક મિથ્યાત્વના ભોગ બનેલાં સમજવા.

જ્યારે કીડી મંકોડા વગેરેને અનાભોગિક મિથ્યાત્વવાળા કહી શકાય.

આ પાંચેય મિથ્યાત્વ ખરાબ છે. તેમાંથી એકે ય મિથ્યાત્વ ઈચ્છવા યોગ્ય નથી. મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયથી આ મિથ્યાત્વ આત્મામાં પેદા થાય છે.

આ મિથ્યાત્વ મોહનીય કર્મ ન બંધાઈ જાય તેની પળે પળે કાળજી રાખવી જરૂરી છે. તે માટે મિથ્યાત્વ મોહનીય કર્મ બંધાવાનાં કારણો વિચારી લેવાં જોઈએ.

જે જીવો તારક દેવાધિદેવ તીર્થંકર પરમાત્માની નિંદા કરે છે. તેમના પ્રત્યે

દુશ્મનાવટ ધારણ કરે છે, તે આ મિથ્યાત્વ મોહનીય કર્મ બાંધે છે. ગોશાલાએ તો પરમાત્માને શત્રુ માનીને તેમને ખલાસ કરવા તેજોલેશ્યા છોડી હતી. જમાલીએ પણ પરમાત્માની ઠેર ઠેર નિંદા કરવામાં જરી ય કમી નહોતી રાખી.

પરમ પિતા પરમાત્માના શાસનના સાધુ - સાધ્વીજી ભગવંતોની પણ જેઓ નિંદા કરે છે, શત્રુતા રાખે છે, તેમની સામે પડે છે, તેમનો દ્રોહ કરે છે, તેઓ પણ મિથ્યાત્વ મોહનીય કર્મ બાંધે છે.

જૈન સાધુ - સાધ્વીઓ તો નહાતા ય નથી. છી.... છી... છી... !!! કેવા ગંદા છે ! કેવાં મેલાં કપડાં પહેરે છે ! શરીરમાંથી વાસ મારે છે ! કોણ જાય આવા મેલાં ઘેલાં સાધુઓ પાસે !! આવી રીતે અજૈનો તો નિંદા કરતા હોય છે, પણ ક્યારેક તો જૈનો પણ તેમાં સાથ પુરાવતાં હોય છે ! ગુરુભગવંતોની આચારમર્યાદા સમજવાનો પ્રયત્ન કરવો તો દૂર રહ્યો પણ નાહકની ટીકા - ટીપ્પણી કરીને થોકબંધ, મિથ્યાત્વ મોહનીય કર્મ પેદા કરવાના મરવાના ધંધા કરે છે ! કોણ સમજાવે તેમને ?

જિનેશ્વર પરમાત્માના દેરાસર, પ્રતિમા વગેરેની નિંદા, ટીકા કે તિરસ્કારપૂર્ણ શબ્દો બોલીને આશાતના કરનારા પણ મિથ્યાત્વ મોહનીય કર્મ બાંધે છે. વર્તમાનકાળમાં આવું કરનારાં ઘણાં જોવા મળે છે. પૈસા પથ્થરમાં શું નાંખો છો ? પ્રતિમા તો પથ્થર છે, પથ્થર ! તેને શું પૂજવાની ? જો પથ્થરની ગાય દૂધ આપે તો પથ્થરની મૂર્તિ મોક્ષ આપે ! માનવને ખવડાવો પીવડાવો ને ? દેરાસરના પથ્થરમાં કેમ પૈસા ખર્ચો છો ? વગેરે.

આવું વિચારાય કે બોલાય પણ નહિ - બીજાને આવો ઉપદેશ પણ કરી શકાય નહિ. આવું કરનાર પોતાને તો મોક્ષથી દૂર કરે છે, પણ સાથે સાથે બીજા ઘણા અબૂઝ આત્માઓને પણ ઉન્માર્ગે ઢસડી જઈને મિથ્યાત્વી બનાવવાનું ઘોર પાતક કરે છે.

સંસારના સુખોને અસાર સમજીને જેણે સમગ્ર સંસારનો ત્યાગ કરી દીધો છે, તે મુનિઓ સંસાર પ્રત્યેની આસક્તિ વધે તેવો તો ઉપદેશ આપે નહિ. સામેની વ્યક્તિને મોક્ષ માર્ગે ચઢાવવાના આશયને એક બાજુ મૂકી દઈને, સંસાર પ્રત્યે તીવ્ર આસક્તિ પેદા થાય તેવો ઉપદેશ - પ્રેરણા કરનારા પણ આ મિથ્યાત્વ મોહનીય કર્મ બાંધે છે.

સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન, સમ્યક્ ચારિત્ર એ મોક્ષનો માર્ગ છે. આ માર્ગને દૂષિત કરવાનું કામ કેટલાક લોકો કરતા હોય છે. વિપશ્યના વગેરે ધ્યાનના નામે, એકાંત નિશ્ચયનય તરફના ઝોકના કારણે, વ્યવહાર, ક્રિયા વગેરે તરફના અણગમાના કારણે આચાર માર્ગને ઉથલાવવાના પ્રયત્નો તેમના દ્વારા જાણ્યે - અજાણ્યે થઈ જતા હોય છે. રત્નત્રયી રૂપ મોક્ષમાર્ગને દુષિત કરવાના કારણે તેઓ મિથ્યાત્વ મોહનીય કર્મ બાંધતાં હોય છે.

દેવદ્રવ્યનું ભક્ષણ કરનારા, દેવદ્રવ્યનો ઉપયોગ સ્કૂલ કોલેજ - હૉસ્પિટલ વગેરેમાં કે અનુકંપામાં કરનારા, તેવા પ્રકારની વાતો કે પ્રચાર કરનારા પણ મિથ્યાત્વ મોહનીય કર્મ બાંધે છે.

સાધુ - સાધ્વી - શ્રાવક - શ્રાવિકા રૂપ જે શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘ છે, તેની અવહેલના આશાતના કદી ન કરાય. હું તો મારું ધારેલું જ કરવાનો. સંઘ એટલે કોણ? સંઘની ઐસી તૈસી. સંઘને ગરજ હોય તો લાખ વાર મારી પાસે આવે, મને તેની કોઈ પડી નથી... વગેરે વગેરે શબ્દો ભૂલમાં ય બોલાઈ કે વિચારાઈ ન જાય તેની કાળજી રાખવી. સંઘ તો પચ્ચીસમા તીર્થંકર જેવો છે. અત્યંત પૂજ્ય છે. તેમની આશાતના કરનારો પણ મિથ્યાત્વ મોહનીય કર્મ બાંધે છે.

આપણો આત્મા જ્યારે સર્વ કર્મોથી મુક્ત બની જાય ત્યારે મોક્ષ પામે છે. તમામ દુઃખો, પાપો - વાસનાઓ અને શરીરોથી તેનો કાયમ માટે છુટકારો થાય છે. આવા મોક્ષની પણ આશાતના - અપલાપ - નિંદા કરનારાઓ આ કર્મ બાંધે છે. મોક્ષ તો વળી હોતો હશે ? હેં મોક્ષમાં ખાવા - પીવા - પહેરવા - ઓઢવાનું ન હોય તો તેવા મોક્ષમાં જઈને શું કામ છે ? મોક્ષમાં જો પત્ની - પરિવાર - પબ્લીસીટી મળતી ન હોય તો તે મોક્ષ મારે નથી જોઈતો વગેરે વાક્યો/વિચારો પણ પોતાના મોક્ષ પ્રત્યેના આસુરી ભાવને રજૂ કરે છે, જે મિથ્યાત્વ મોહનીય કર્મ બંધાવ્યા વિના શી રીતે રહી શકે ?

વિશ્વના ત્રણે કાળના, ત્રણે લોકોના તમામે તમામ પદાર્થોને એકી સાથે જાણવાની - જોવાની શક્તિ કેવળજ્ઞાની ભગવંતોમાં હોય છે. તેઓ સર્વજ્ઞ કહેવાય છે. આવા સર્વજ્ઞ ભગવંતોની આશાતના પણ મિથ્યાત્વ મોહનીય કર્મ બંધાવે છે !

''આવા સર્વજ્ઞો કોઈ હોય જ નહિ. ત્રણે કાળનું એકી સાથે થોડું જાણી શકાય ? આ તો બધા ગપગોળા લાગે છે.'' વગેરે વિચારવું - બોલવું તે સર્વજ્ઞપણાની આશાતના છે.

પરમાત્માએ કહેલી વાતો ગણધર ભગવંતોએ સૂત્રોમાં ગૂંથી લીધી. તેના આધારે પૂર્વના મહાપુરુષોએ પણ પરમાત્માની વાતો સાથે વિરોધ ન આવે તેવાં શાસ્ત્રો રચ્યાં.

કેટલાક લોકો આ શાસ્ત્રોની પણ આશાતના કરે છે. જાણી જોઈને તેમાંના કેટલાક શબ્દો બદલી દે છે. શબ્દોનો ઊંધો અર્થ કરે છે. કેટલા લોકો તે સૂત્રોનો અનાદર કરે છે. આ બધી જિનાગમની આશાતના મિથ્યાત્વ મોહનીય કર્મ બંધાવે છે.

સદ્‌ગુરુની પણ આશાતના સ્વપ્નમાં ય ન થઈ જાય તેની કાળજી રાખવાની છે. જેમ કુગુરુને સુગુરુ ન મનાય, તેમ જેઓ સુગુરુ છે, તેમને કુગુરુ પણ ન જ મનાય, તેમને મિથ્યાત્વી કહેવા, ભક્તિથી વહોરાવવાના બદલે અનુકંપા માનીને ભોજનાદિ

આપવું, વંદનાદિ ન કરવા વગેરે પણ સુગુરુની આશાતના છે. તેમ કરવાથી મિથ્યાત્વ મોહનીય કર્મ બંધાય છે, તે ન ભૂલવું.

વર્તમાન કાળમાં જ્યારે કેવળજ્ઞાની ભગવંતોનો વિરહ છે, ત્યારે હું કહું તે જ સાચું, મારા કરતાં વિપરીત જે કહે તે ખોટું, તેવું શી રીતે કહી શકાય? સાચા - ખોટાનો નિર્ણય કરનારનો જ્યારે અભાવ છે, ત્યારે પોતાની માન્યતા કરતાં વિપરીત માનનારને ખોટાં માની લેવા, મિથ્યાત્વી માની લેવા, તે શું યોગ્ય ગણાય ખરા? પોતે જેને ખોટાં માને છે, તે કેવલીની દ્રષ્ટિએ સાચાં હશે તો પોતાનો અનંત સંસાર નહિ વધે? બીજાને આ રીતે આડેધડ મિથ્યાત્વી કહેનારા પોતે જ શું મિથ્યાત્વ મોહનીય નહિ બાંધતા હોય?

હકીકતમાં તો અશઠ, પાપભીરુ, સંવિજ્ઞ તે તે સાધુભગવંતો પ્રત્યે જરા ય અરુચિ ન થઈ જાય તેની કાળજી રાખવી જોઈએ. સ્વપ્નમાં ય સાધુ ભગવંતની નિંદા ન થઈ જાય તેની જાગ્રતિ રાખવી. સાધુ ભગવંત પ્રત્યે ગૃહસ્થોને દ્વેષી બનાવનાર વ્યક્તિ પોતાના આત્માનું કલ્યાણ કરી શકે, તે સંભવિત જણાતું નથી. આવું પાપી કાર્ય સ્વપ્નામાં પણ ન થઈ જાય તેનું ધ્યાન રાખવું. નહિ તો જાતે મિથ્યાત્વી બનીને બીજા અનેકને મિથ્યાત્વી બનાવવાનું ઘોર પાતક લાગ્યા વિના નહિ રહે.

ઉન્માર્ગ દેશના આપવાથી પણ મિથ્યાત્વ મોહનીય કર્મ બંધાય છે. પરમાત્માના વચનાનુસાર જ દેશના આપવી જોઈએ. તે માટે ઊંડો શાસ્ત્રાભ્યાસ કરવો જોઈએ. ઉત્સર્ગ - અપવાદ, નિશ્ચય - વ્યવહાર, જ્ઞાનનય - ક્રિયાનય, સપ્તનય, સપ્તભંગી વગેરેનું તલસ્પર્શી જ્ઞાન મેળવવું જોઈએ. જીવનમાં પણ આચાર માર્ગને દ્રઢ બનાવવો જોઈએ. જેથી પોતાનું જીવન સન્માર્ગી બનશે, બીજાઓને પણ સન્માર્ગી બનાવાશે. આપણે જાણીએ છીએ ને કે પેલા મરિચીએ 'કપિલા ! ઈહયં પિ, ઈત્થં પિ'' રૂપ ઉન્માર્ગ દેશના આપી તો સમક્તિ હારી ગયા, મિથ્યાત્વી બન્યા, મિથ્યાત્વ મોહનીય કર્મ બાંધ્યું, પોતાનો સંસાર વધારી દીધો, અરે ! સ્વયં મિથ્યામાર્ગના પ્રવર્તક બન્યા. તેથી ઉન્માર્ગ દેશના ન થઈ જાય તેની કાળજી રાખવી.

અસમીક્ષતકારિતા પણ મિથ્યાત્વ મોહનીય કર્મ બંધાવે છે. અસમીક્ષિતકારિતા એટલે વિચાર્યા વિના કામ કરવું તે. પોતે શું વિચારે છે, શું બોલે છે? શું કરે છે? તેનું ભાન પોતાને ન હોય તો કેમ ચાલે?

ઉપરોક્ત રીતે મિથ્યાત્વ મોહનીય કર્મ બંધાય છે, તે જાણ્યા પછી, જીવનને એવી રીતે જીવવાનો પ્રયત્ન કરવો જોઈએ કે ક્યારેય આ મિથ્યાત્વ મોહનીય કર્મ બંધાય નહિ.

# (૧૦) ચારિત્ર મોહનીય કર્મ

ચારિત્ર એટલે આચારમાં પવિત્રતા અર્થાત્ સદાચાર. સદાચારની બાબતમાં જે કર્મ મૂંઝવણ પેદા કરાવે તે ચારિત્ર મોહનીય કર્મ કહેવાય. આ કર્મનો ઉદય થવાથી જીવનના સદાચારો જોખમમાં મુકાય. તેની આબરૂને ય કલંક લાગે તેવા વ્યવહારો તેનાથી થઈ જાય. સગો દીકરો કે મિત્ર પણ દુશ્મન બની જાય તેવું વર્તન થઈ જાય.

આ ચારિત્ર મોહનીય કર્મના ૨૫ પેટાભેદો હોવા છતાં ય તેમનો મુખ્ય બે ભેદોમાં સમાવેશ થઈ જાય છે.

(૧) કષાય મોહનીય કર્મ અને (૨) નોકષાય મોહનીય કર્મ.

**કષાય મોહનીય કર્મ :** કષ એટલે સંસાર. આય એટલે લાભ. જેનાથી સંસાર વધે, જેનાથી સંસારની યાત્રા લાંબી થાય, જેનાથી સંસારમાં ઘણો સમય રખડવું પડે તે કષાય. આવા કષાયો કરાવવા દ્વારા આત્મામાં જે ખળભળાટ પેદા કરે તે કષાય મોહનીય કર્મ કહેવાય.

આ કષાયો ચાર જાતના છે. (૧) ક્રોધ, (૨) માન, (૩) માયા (૪) લોભ.

(૧) ક્રોધ : આંખો લાલઘૂમ થવી, હોઠ થર થર કંપવા, શરીર ધ્રૂજવું, અવાજ મોટો થઈ જવો, વગેરે ક્રોધના લક્ષણો છે. અરે ! ગુસ્સામાં આવીને કોઈને કાંઈ બોલી જવું, તે જ માત્ર ક્રોધ નથી, પણ ક્ષમા ન રાખવી, મનમાં અરુચિ પેદા કરવી, આવેશ વ્યક્ત કરવો, રીસ ચડવી, મનમાં અકળાઈ જવું કે સમસમી જવું, ધિક્કાર કે તિરસ્કારની લાગણી થવી, અબોલા લેવા વગેરે પણ ક્રોધના જ સ્વરૂપો છે.

આમાંનું કોઈપણ સ્વરૂપ આપણને જ્યારે બા, બાપુજી, ભાઈ, બહેન, પુત્ર, પત્ની કે પાડોશીમાં જોવા મળે ત્યારે આપણને તેમના પ્રત્યે જરા ય દુર્ભાવ ન થઈ જાય તે માટે વિચારવું કે આનો અત્યારે ક્રોધ મોહનીય કર્મનો ઉદય ચાલે છે માટે તે ક્રોધ કરે છે. બાકી તો તે આત્મા અત્યંત નિર્દોષ છે.

જ્યારે તે કર્મનો ઉદય પૂરો થશે ત્યારે તે મારા પ્રત્યે સદ્‌ભાવ દાખવવાનો છે, તો પછી મારે તેના પ્રત્યે શા માટે દુર્ભાવ કરવો ? તેના ક્રોધને નજરમાં લાવીને હૈયામાં વહેતાં સ્નેહ - પ્રેમ - કરુણા કે વાત્સલ્યના વહેણને શા માટે સૂકવી દેવું ? ના ! મારે તેના ક્રોધને નજરમાં લાવીને વળતો ક્રોધ નથી જ કરવો. નહિ તો ક્રોધ કરતી વખતે નવું ક્રોધ મોહનીય કર્મ મને બંધાશે. તેનો ઉદય થતાં ભવિષ્યમાં વળી હું ફરી ક્રોધ કરી બેશીશ. અને જો આ રીતે ક્રોધની પરંપરા ચાલશે તો મારા આત્માનું કલ્યાણ શી રીતે થશે ? માટે ગમે તેમ થાય તો ય મારે વળતો ક્રોધ તો નથી જ કરવો.

પરંતુ જ્યારે પોતાને ક્રોધ આવે ત્યારે એવો વિચાર નહિ કરવાનો કે ક્રોધ મોહનીય કર્મનો ઉદય થયો માટે મને ક્રોધ આવ્યો. તેમાં હું શું કરું ? હું તો સાવ નિર્દોષ છું ! ના... પોતાના ક્રોધમાં આવું નહિ વિચારવાનું. પણ પોતાનો અવળો પુરુષાર્થ નજરમાં લાવવાનો.

વિચારવાનું કે, ''માનવભવ પ્રાપ્ત કરીને મારે અનાદિકાળના ક્રોધના સંસ્કારોને નાશ કરવાના છે. ક્રોધ મોહનીય કર્મનો ઉદય જ ન થાય તે રીતે જીવવાનું છે. છતાં ય જો ઉદય થઈ જાય તો તેને નિષ્ફળ બનાવવાનો મારે પ્રયત્ન કરવાનો છે, પણ ધિક્કાર છે મને કે હું ક્રોધ મોહનીયના ઉદયને ખાળી શકતો નથી. તેનું દમન કે શમન કરી શકતો નથી, માટે ક્રોધી બની ગયો છું, પણ ના, હવે ક્ષમાગુણને વિકસાવીને, ઉદયમાં આવતાં ક્રોધ મોહનીય કર્મને મારે નિષ્ફળ બનાવવાનો પ્રયત્ન કરવામાં પૂરતું ધ્યાન આપવું છે.''

જો ઉપરોક્ત વિચારણાઓ કરીને ક્ષમા ગુણને કેળવવાનો પ્રયત્ન થશે તો તેના દ્વારા ધીમે ધીમે ક્રોધ દૂર થયા વિના નહિ રહે.

**(૨) માન :** અહંકાર, અકડાઈ, પ્રાપ્ત થયેલી શક્તિ - સત્તા કે સંપત્તિની રાઈ, પોતાની જાતને બીજા કરતાં ચડિયાતી માનવી, બધાને સાવ હલકા માનવા વગેરે માન કષાયના જુદા જુદા સ્વરૂપો છે.

ઉપરોક્ત કોઈ પણ સ્વરૂપે અહંકારના નશામાં ચકચૂર થયેલી કોઈ વ્યક્તિ દેખાય તો તેના પ્રત્યે ધિક્કાર ન કરતાં કરુણા ચિંતવવી. બીચારા ઉપર આ માન મોહનીય કર્મે કેવો હુમલો કર્યો છે ! આ હુમલામાંથી તે ઊગરી જાય તો સારું. ભગવાન એને સન્મતિ આપો.

પણ પોતાને અભિમાન જાગે ત્યારે, ''માન મોહનીય કર્મના ઉદયે મને અભિમાન થાય છે, હું તો નિર્દોષ છું,'' એવું નહિ વિચારવાનું, પણ નમ્રતા નામના ગુણને કેળવવા દ્વારા તે માન મોહનીય કર્મના ઉદયને નિષ્ફળ બનાવવા પ્રયત્ન કરવાનો છે.

**(૩) માયા :** કપટ, દંભ, અંદર જુદું ને બહાર જુદું, સામેવાળાને છેતરવાની વૃત્તિ, બીજાને ઠગવું વગેરે માયાના સ્વરૂપો છે. માયા મોહનીય કર્મના ઉદયે જીવો ઉપરોક્ત સ્વરૂપવાળી માયાના ફંદામાં ફસાઈને માયાવી બને છે. તેમના તેવા માયાવી જીવન જોઈને ય તે આત્માઓ પ્રત્યે તિરસ્કાર ન કરતાં, તેવું જીવન તેમની પાસે **જીવડાવનાર જે માયા - મોહનીય કર્મ છે, તેના પ્રત્યે નફરત કેળવવી અને પોતાના** જીવનમાં તેવી માયા કદી ય સધાઈ ન જાય તેની કાળજી રાખવી.

પોતાના દ્વારા સધાતી માયાનો કદી ય બચાવ ન કરવો કે દોષનો ટોપલો માયા - મોહનીય કર્મ પર ન નાંખવો - પરંતુ તે માયા - મોહનીય કર્મને સરળતા વડે નિષ્ફળ

બનાવવાનો પ્રયત્ન કરવો.

(૪) લોભ : લાલસા, લાલચ, આસક્તિ, અસંતોષ, કંજૂસાઈ વગેરે લોભના સ્વરૂપો છે. અત્યંત અનાસક્ત એવો આત્મા લોભ મોહનીય કર્મના ઉદયે ઉપરોક્ત સ્વરૂપવાળો બની જતો દેખાય છે.

તેથી સંસારમાં ક્યાંક, કોઈકના જીવનમાં લોભ દેખાય, પૈસા ખાતર દીકરો બાપ સામે કેસ માંડતો દેખાય, ભાઈ ભાઈનું ખૂન કરતો દેખાય તો તે વખતે આ બધું લોભ મોહનીય કર્મનું કારસ્તાન છે, તેમ સમજવું.

જો આ લોભ મોહનીય કર્મનો ઉદય આજે તે વ્યક્તિ પાસે આવું હલકટ કામ કરાવે છે, તો કાલે મને પણ તેનો ઉદય થતાં, મારી પાસે પણ તે કર્મ તેનાથી ય હલકું કામ કેમ નહિ કરાવે ? માટે લાવ, આજથી જ તે લોભ મોહનીય કર્મને ખતમ કરવાનો પુરુષાર્થ આરંભું. અનાસક્તિ નામના ગુણને કેળવવાનો પ્રયત્ન આદરું.

લોભ મોહનીય કર્મના ઉદયે લોભી બનેલા તે આત્માઓ પ્રત્યે કરુણા ચિંતવવા સાથે મારા આત્મા પર લોભ મોહનીયનો ઉદય ન થાય તેની કાળજી લઉં. ઉદયમાં આવે તો તેને નિષ્ફળ બનાવવા પ્રયત્ન કરું. અને એ રીતે અનાસક્ત યોગીનું જીવન જીવું.

નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિમાં આત્મા ઉપર હુમલો કરવા આ ચારે ય કષાય મોહનીય કર્મો સમર્થ છે. ભલભલા આત્માઓ આ હુમલાથી ઠગાઈ જવાના કારણે દુર્ગતિના રીઝર્વેશન કરાવે છે. માત્ર માનવગતિ જ એવી છે કે જેમાં આ હુમલાની સામે વળતો હુમલો કરવાની વિશિષ્ટ તાકાત પ્રાપ્ત થાય છે. તે વળતો હુમલો કરવા દ્વારા પ્રાયઃ માત્ર માનવ જ તે તે કષાયોને કાં તો ઉદયમાં આવતાં જ અટકાવી શકે છે, કાં તો ઉદયમાં આવી ગયેલાને નિષ્ફળ બનાવી શકે છે. જ્યારે આ વાસ્તવિકતા છે ત્યારે માનવભવ પામેલાં આપણે આજથી જ કષાયો સામે વળતો હુમલો શરૂ કરી દેવો જોઈએ.

સામાન્ય રીતે આ ક્રોધ, માન, માયા, લોભરૂપ, ચાર કષાયો ઓછા - વત્તા અંશમાં તમામ સંસારી જીવોને હેરાન કરતાં હોય છે. નરકગતિના જીવોમાં ક્રોધ વધુ પ્રમાણમાં જોવા મળે તો તિર્યંચોમાં માયા વધારે હોય. દેવોમાં લોભ કષાય જોરદાર હોય તો માનવોમાં માન કષાયની પ્રધાનતા હોય.

વળી દરેક જીવોમાં જે ક્રોધ - માન - માયા - લોભ હોય છે, તે એક સરખા પ્રમાણમાં કે એક સરખી તીવ્રતાવાળા હોતા નથી. તીવ્રતા, - મંદતાના આધારે આ કષાયોના ચાર પેટા ભેદો પડે છે.

(૧) અનંતાનુબંધી (૨) અપ્રત્યાખ્યાનીય (૩) પ્રત્યાખ્યાનીય અને (૪) સંજ્વલન.

**૧. અનંતાનુબંધી કષાય :** અનંતાભવોની સાથે જોડાણ કરાવે એટલે કે અનંતાભવો

સંસારમાં રખડાવવાની પરિસ્થિતિ જે કષાયો પેદા કરાવે તે અનંતાનુબંધી કષાય. આ કષાયો અત્યંત તીવ્ર હોય છે. આ તીવ્ર કષાય મિથ્યાત્વી જીવોમાં જ હોય છે. ભલે પછી કોઈ મિથ્યાત્વી જીવોમાં આવો કષાય પ્રગટપણે દેખાય અને કો'કમાં ન પણ દેખાય. પણ નિમિત્ત મળતાં તે પ્રગટ થયા વિના પ્રાયઃ રહેતો નથી.

મદારી મોરલી વગાડે ત્યારે ફણાને ડોલાવતો સાપ કેવો સોહામણો લાગે છે ! શું તેટલા માત્રથી સાપને ક્રોધી ન કહેવાય ? એક કાંકરી મારી જુઓ એટલે ખબર પડશે કે તે સાપ કેવો ભયંકર ક્રોધી છે ! ડોલતી અવસ્થા કે સૂતેલી અવસ્થામાં ભલે તેનો ક્રોધ પ્રગટપણે ન જણાતો હોય પણ કાંકરી વાગવા રૂપ નિમિત્ત મળતાં પ્રગટ થયા વિના રહેતો નથી.

બસ ! આવી જ અવસ્થા હોય છે મિથ્યાત્વી જીવોની ! તેમનામાં રહેલો અનંતાનુબંધી કષાય જ્યાં સુધી શાંત પડેલો હોય ત્યાં સુધી તે પ્રશાન્ત લાગે. તેના જેવો શાંત આત્મા કદાચ શોધ્યો પણ ન જડે. પણ જ્યાં નિમિત્ત મળે ત્યાં જ તેની હાલત સાપ કરતાં ય કદાચ વધારે ભૂંડી હોય.

આ અનંતાનુબંધી કષાય જીવને નરકગતિમાં લઈ જવા સમર્થ બને છે. તે જીવના હૃદયમાં ક્રોધની આગ સતત સળગતી રહે છે, જે વૈરની ગાંઠમાં રૂપાન્તર પામતી હોય છે. ભવોભવ તે વૈરની પરંપરા ચાલુ રહેતી હોય છે. વળી સાથે રહેલું પેલું મિથ્યાત્વ તેની કષાયની આગમાં પેટ્રોલ છાંટવાનું કામ કરતું હોય છે. પરિણામે આ જીવ સદા સળગતો રહે છે.

આ કષાયોની હાજરીમાં આત્મા સમ્યગ્દર્શન પામી શકતો નથી. આ કષાય એક વર્ષે પણ શાંત થતો હોતો નથી. વરસોના વરસો સુધી, ક્યારેક ભવોના ભવો સુધી પણ તે પોતાનો પરચો બતાવતો રહે છે !

**(૨) અપ્રત્યાખ્યાનીય કષાય :** જીવાત્મામાં જામ થયેલું મિથ્યાત્વ મોહનીય કર્મ જ્યારે શાંત પડી જાય છે, જીવ મિથ્યાત્વી મટીને સમકિતી બને છે, ત્યારે તેને સતાવતાં કષાયો ઘણા બધા મંદ પડી ગયા હોય છે. તે હવે અનંતાનુબંધી નથી કહેવાતા પણ અપ્રત્યાખ્યાનીય કે અપ્રત્યાખ્યાનાવરણ કષાય તરીકે ઓળખાય છે.

જીવાત્મા સમ્યગ્દર્શન પામ્યો હોવાથી દેવ - ગુરુ - ધર્મ પ્રત્યે તેની શ્રદ્ધા વધી છે. જિનવાણીનું શ્રવણ કરે છે. તેથી કષાયો ભયંકર છે, તે વાત તેને સમજાય છે. તે કષાયોને ખતમ કરવાનો અને કષાયો જાગે જ નહિ તે માટેનો પ્રયત્ન પણ કરે છે. છતાં પણ તેને કષાયો ઉદયમાં તો આવે જ છે, પણ તે પહેલાંના જેટલા તીવ્રપણે નહિ.

વળી તે કષાયો તેને હેરાન કરે તો ય તે લાંબા કાળ સુધી ટકી શકતા નથી. ભવોભવ સુધી વેરની પરંપરા ચલાવવા આ કષાયો સમર્થ બનતા નથી. બહુ બહુ તો એક વર્ષ

સુધી આ કષાયો ટકે. પણ ત્યાર પછી તો તે અટકી જાય.

આ કષાયોની હાજરીમાં ભલે મિથ્યાત્વનો ઉદય ન હોય પણ તેમની ભયંકરતા એટલી બધી છે કે તેઓ નાનું પણ પચ્ચક્ખાણ કરવા દેતાં નથી. બાર વ્રતમાંના એક પણ વ્રતનો આદર કરવા દેતા નથી.

દેવલોકના દેવો પરમાત્માની દેશના સાંભળીને વ્રત - પચ્ચક્ખાણ આદરવાનું ગમે તેટલું ઈચ્છે તો ય.તેઓ કોઈપણ વ્રત - પચ્ચક્ખાણ આદરી શકતા નથી કારણ કે તેમને તેમના સમગ્ર ભવ દરમ્યાન આ અપ્રત્યાખ્યાનીય કષાયોનો ઉદય હોય છે.

માત્ર માનવો અને તિર્યંચો જ એટલા પુણ્યશાળી છે કે આ અપ્રત્યાખ્યાનીય કષાયોનો ક્ષયોપશમ કરીને જીવનમાં નાના - મોટા પચ્ચક્ખાણો આદરવા રૂપ દેશવિરતિ (શ્રાવક) જીવન પામી શકે છે. પણ તેમાંના તિર્યંચો તો શ્રાવકપણાથી આગળ ક્યારેય વધી શકતા નથી.

અનંતાનુબંધી કષાયોની અપેક્ષાએ ભલે આ કષાયો મંદ જણાતા હોય પણ છતાં ય હકીકતમાં તો તેઓ તીવ્ર પ્રકારનાં જ છે. અને તેમની તે તીવ્રતા જ તેમને નાનું પણ પચ્ચક્ખાણ કરતાં અટકાવવા સમર્થ બને છે.

શ્રેણિક, કૃષ્ણ વગેરે પરમાત્માને પામ્યા પછી, વિશિષ્ટ કોટીની શ્રદ્ધાના સ્વામી બન્યા હતા, તેમનામાં સમકિત ઝળહળતું હતું, પણ તેઓ વ્રત - પચ્ચક્ખાણ કરી શક્યા નહોતા. કારણ કે અનંતાનુબંધી કષાયોને શાંત કર્યા હોવા છતાં આ અપ્રત્યાખ્યાનીય કષાયોનો તેમને નિકાચિત ઉદય હતો. જે તેમને શ્રાવક બનતા પણ અટકાવતો હતો તો સાધુ બનવાની તો વાત જ ક્યાં ?

(૩) **પ્રત્યાખ્યાનીય કષાય :** આ કષાયો સમકિતી કે શ્રાવક બનતાં અટકાવતાં નથી. પૂર્વના કષાયો કરતાં તેઓ મંદ પ્રકારના છે. સમકિતી આત્મા પણ જ્યારે દેશવિરતિધર બને છે, વ્રત - પચ્ચક્ખાણમાં જોડાય છે ત્યારે તેમના તે તે કષાયો વધુ મંદ હોય છે, તેથી તેઓ પ્રત્યાખ્યાનાવરણ કે પ્રત્યાખ્યાનીય કષાય તરીકે ઓળખાય છે.

સર્વ પાપોના પચ્ચક્ખાણને પ્રત્યાખ્યાન કહેવાય. તેને ઢાંકનાર કર્મ તે પ્રત્યાખ્યાનાવરણ કષાય કર્મ. આ કર્મના ઉદયે જીવ સાધુ બની શકતો નથી. ''સંસાર છોડવા જેવો છે''. માનવા છતાં ય તે છોડી શકતો નથી.

આ પ્રત્યાખ્યાનીય કષાય વધુમાં વધુ ચાર મહિના સુધી રહી શકે છે. પણ તેથી વધારે નહિ. જો તેથી પણ વધારે સમય સુધી તે કષાય ટકી જાય તો તે પ્રાયઃ પ્રત્યાખ્યાનીય મટીને અપ્રત્યાખ્યાનીય કષાય બની જાય છે.

દેવો, નારકો અને તમામ તિર્યંચોને આ કષાયોનો નિકાચિત ઉદય હોય છે. તેઓ માથું પટકીને મરી જાય તો ય આ કષાયોની ચુંગાલમાંથી છટકી શકતા નથી. પરિણામે

ેમને સાધુજીવન કદી ય પ્રાપ્ત થઈ શકતું નથી.

(૪) **સંજવલન કષાય :** સં = ઈષત્, થોડું. જ્વલન = બાળનાર. ચારિત્રને જે થોડું - થોડું બાળવાનું કામ કરે તે કષાયો સંજવલન કષાય કહેવાય.

આ કષાયો પૂર્વે જણાવેલા ત્રણે પ્રકારના કષાયો કરતાં મંદ હોય છે. તેઓ સમ્યગ્દર્શનને જ આવવા દે છે, એમ નહિ સમ્યગ્ ચારિત્રને પણ આવવા દે છે. સાધુજીવન સ્વીકારવામાં આ કષાયો જરા ય અંતરાયભૂત બનતા નથી. પરંતુ વિશુદ્ધતર ચારિત્ર જીવન જીવવામાં તેઓ બાધક બને છે.

ઉપસર્ગો, પરિષહો આવે ત્યારે આ કષાયો ક્યારેક પોતાનો ભાગ ભજવી તાં જણાય છે. ક્યારેક શિષ્યો પર ક્રોધ કરાવે છે તો ક્યારેક પડકાઈ ગયેલું છોડતાં ખટકાવે છે.

આ કષાયો વધુમાં વધુ પંદર દિવસ સુધી ટકી શકે છે. ૯ મા - ૧૦ મા ગુણસ્થાનક સુધીના આત્મિક વિકાસને પામેલાં સાધુ - સાધ્વીજીને પણ આ કષાયોનો ઉદય હોઈ શકે છે. છતાં પણ કેવળજ્ઞાની ભગવંતની દૃષ્ટિએ તેઓ સાચા સાધુ જ ગણાય છે. માત્ર સંજવલન કષાય કરવા માત્રથી તેઓ સાધુ તરીકે મટી જતા નથી.

વર્તમાનકાળે તો કોઈ પણ આત્મા વિશિષ્ટ કોટીની સાધના કરે તો વધુમાં વધુ સાતમા ગુણસ્થાનક સુધીનો જ આત્મિક વિકાસ આ ભરતક્ષેત્રમાં સાધી શકે છે, તેથી વધારે નહિ. આ સાતમા ગુણસ્થાનક સુધી રહેલાં તમામ આત્માઓને સંજવલન કષાયોનો ઉદય હોય છે, તેમ શાસ્ત્રકારો જણાવે છે.

તેથી વર્તમાનકાળે કો'ક સાધુમાં ક્રોધ તો કો'કમાં અહંકાર, કો'કમાં માયા તો કો'કમાં લોભ દેખાઈ જાય તો તેટલા માત્રથી તેમની નિંદા કે ટીકા કરવી નહિ. તેમના પ્રત્યે અરુચિભાવ કે તિરસ્કાર કરવો નહિ. કારણ કે સંજવલન કષાયોનો ઉદય તેમને સાહજિક છે.

તેઓ ઉદયમાં આવતાં તે કષાયોને નિષ્ફળ બનાવવાનો વારંવાર પ્રયત્ન કરતાં હોય છે. થઈ જતાં કષાયોનું ગીતાર્થ ગુરુભગવંતો પાસે પ્રાયશ્ચિત્ત કરતાં હોય છે. અને તે રીતે પોતાની સાધનાને આગળ ધપાવવાનો પ્રયત્ન કરતાં હોય છે. પ્રશ્ચાત્તાપના બળે તેઓ કષાયો કરીને પણ કદાચ તરી જશે પણ તેમની નિંદા - ટીકા કરનારાઓની તો ડૂબવા સિવાયની બીજી કઈ પરિસ્થિતિ નિર્માણ થઈ શકે ?

હકીકતમાં રોજ ને રોજ સવાર - સાંજ પ્રતિક્રમણ કરવા દ્વારા ઉદયમાં આવેલા કષાયોને ખમાવી દેવાના છે. શાંત પાડી દેવાના છે. પણ જો ક્ષમા માંગવાનું ચુકાઈ ગયું તો શાસ્ત્રકારો જણાવે છે, ''કે દર પંદર દિવસે પકિખ પ્રતિક્રમણ કરવા પૂર્વ તો તું બધાને ખમાવી જ લે. જેથી તારા કષાયો સંજવલન કક્ષાના જ રહે. પણ તેથી વધુ તીવ્ર

ન બને. પ્રત્યાખ્યાનીય ન બને.

કદાચ પક્ખિ પહેલાં ખમાવવાનું રહી ગયું તો ચોમાસી પ્રતિક્રમણ પૂર્વ તો તું વેરનું વિસર્જન કરી જ લેજે. જો તેમ નહિ કરે તો તે કષાયો પ્રત્યાખ્યાનીય મટીને અપ્રત્યાખ્યાનીય કક્ષામાં પહોંચવા લાગશે.

કદાચ ચોમાસી પ્રતિક્રમણ પણ ન કર્યું, બધાને ન ખમાવ્યા તો છેવટે સંવત્સરી પ્રતિક્રમણ કરવાનું તો ન જ ચૂકીશ. અને તે પ્રતિક્રમણ કરતાં પૂર્વે સર્વ જીવો સાથે અંતરથી ક્ષમાપના કરી લેજે. બધાને મિચ્છામિ દુક્કડં દેજે. થયેલી ભૂલવાળાને ઉદારતાથી માફી આપજે. બધું ભૂલી જજે. તેમ કરવાથી તારા કષાયો અનંતાનુબંધી કક્ષાના નહિ બને. પરિણામે નરકાદિ દુર્ગતિઓ તારા લમણે નહિ ઝીંકાય. જો દુઃખો ન ગમતા હોય, દુર્ગતિ ન ખપતી હોય તો મોડામાં મોડા સંવત્સરી પ્રતિક્રમણ પૂર્વે તો સર્વ જીવો સાથે અંતરના ય અંતરથી ક્ષમાપના કરી જ લેવી જોઈએ."

આ અનંતાનુબંધી વગેરે ચાર કષાયોની તીવ્રતામંદતાને સમજવા કર્મગ્રંથમાં જુદી જુદી ઉપમાઓ આપવામાં આવેલી છે.

**(૧) ક્રોધ :**

ક્રોધનો સ્વભાવ તડફડ કરીને ટુકડા પાડવાનો હોય છે. પરસ્પર અંતર વધારવાનો હોય છે. તેથી તેને રેખા (લીટી) ના ઉદાહરણથી સમજાવેલ છે.

**(A) અનંતાનુબંધી ક્રોધ : પર્વત રેખા સમાન.**

ક્યારેક કોઈ પર્વતમાં ફાટ પડે, તિરાડ પડે, તો તે ક્યારે ય જોડાતી નથી. તેમ મિથ્યાત્વી જીવોનો ક્રોધ શાંત થતો નથી. ભવોભવ સુધી આ ક્રોધની તિરાડ યથાવત્ત રહે છે. આ પર્વતમાં પડેલી તિરાડ રૂપી રેખા જેવો અનંતાનુબંધી ક્રોધ સમજવો.

**(B) અપ્રત્યાખ્યાનીય ક્રોધ : જમીનમાં પડેલી રેખા સમાન.**

ક્યારેક પૃથ્વીમાં ફાટ પડે છે. તે જલ્દી પુરાતી નથી. ધૂળ, કચરો, પથરા વગેરે જેમ જેમ તેમાં ભરાતાં જાય, તેમ તેમ એ પુરાતી જાય છે. તેમ સમકિતીનો ક્રોધ એક વર્ષે પણ શાંત પડી જાય છે, તે આ પૃથ્વીની ફાટ રૂપ રેખા સમાન અપ્રત્યાખ્યાનીય કહેવાય.

**(C) પ્રત્યાખ્યાનીય ક્રોધ : રેતીમાં પડેલી રેખા સમાન.**

જેમ ધૂળમાં, માટીમાં લીટી દોરીએ તો તે તરત ભૂંસાતી નથી પણ પવન આવે કે પાણી નંખાય તો તે રેખા પુરાઈ જાય છે. તેમ શ્રાવક - શ્રાવિકાઓનો આ પ્રત્યાખ્યાનીય ક્રોધ વધુમાં વધુ ચાર મહિનામાં શાંત થઈ જાય છે.

**(D) સંજ્વલન ક્રોધ : પાણીમાં દોરેલી રેખા સમાન.**

જેમ પાણીમાં લાકડી કે અન્ય કોઈ વસ્તુથી લીટી દોરવામાં આવે તો તે તરત ભૂંસાઈ જાય છે, પાણીમાં મળી જાય છે, તેમ સાધુ - સાધ્વીઓને નિમિત્ત મળતાં ક્યારેક

ક્રોધ ઉત્પન્ન તો થાય છે, પણ તે આ પાણીની રેખાની જેમ તરત શાંત પણ થઈ જાય છે. આ સંજ્વલન ક્રોધ કહેવાય છે, જે ૧૫ દિવસથી વધુ ટકતો નથી.

**માન : માન એટલે અહંકાર જે નમે નહિ વળે નહિ તે.**

**(A) અનંતાનુબંધી માન : પથ્થરના થાંભલા જેવો**

શું પથ્થરનો થાંભલો કદી ય નમે ખરો ? ક્યારેય ઝૂકી શકે ? ના, એવી જ રીતે મિથ્યાદૃષ્ટિ જીવોનો ગર્વ ક્યારે ય દૂર ન થાય. એ નમે નહિ. પોતાના કદાગ્રહને છોડે જ નહિ.

**(B) અપ્રત્યાખ્યાનીય માન : હાડકા જેવો.**

હાડકા ઘણા મજબૂત હોય. જલ્દીથી વળે જ નહિ. તેને વાળવા ખૂબ મહેનત કરવી પડે. ઘણી માલિશ વગેરેને કારણે વરસે દિવસે તો થોડા ઘણા હાડકા નમે - વળે. તેના જેવો આ અપ્રત્યાખ્યાનીય માન કષાય છે. વ્રતરહિત સમકિતી આત્માનું અભિમાન સરળતાથી દૂર ન થાય. તે જલ્દી નમ્ર ન બની શકે. તેને વિનયી બનાવવા ઘણી મહેનત કરવી પડે.

**(C) પ્રત્યાખ્યાનીય માન : લાકડાના થાંભલા જેવો**

લાકડાનો થાંભલો ભલે સહેલાઈથી ના વળતો હોય તો ય તે હાડકા જેટલો તો મજબૂત નથી જ. પ્રયત્ન કરતાં તે વળી પણ જાય. તે રીતે શ્રાવક - શ્રાવિકાઓનું અભિમાન ઘણા પ્રયત્નો પછી દૂર થાય. તેઓ જલ્દી ઝૂકે નહિ. લાકડાં જેવા અક્કડ હોય.

**(D) સંજ્વલન માન : નેતરની સોટી જેવો**

નેતરની સોટી હાથમાં લેતાંની સાથે વળી જાય. તેને વાળવા ખાસ કાંઈ મહેનત ન કરવી પડે. તે રીતે આ સંજ્વલન માનવાળા સાધુ - સાધ્વીજીઓને સમજાવવા બહુ મહેનત ન કરવી પડે. બહુ સરળતાથી તેઓ પોતાનો આગ્રહ છોડી શકે. જલ્દીથી તેઓ નમ્ર બની શકે.

**માયા : વક્રતા, વાંકાઈ, આડાઈ.**

**(A) અનંતાનુબંધી માયા : વાંસના મૂળ જેવી.**

વાંસનું ઘટ્ટ બનેલું મૂળ એટલું બધું સખ્ત હોય છે કે આગમાં બાળો તો ય બળે નહિ. વળવાની તો વાત જ ક્યાં રહી ? એની વક્રતા દૂર થતી નથી. એવી રીતે મિથ્યાત્વી જીવોના હૃદયની વાંકાઈ લાખો ઉપાયો કરવા છતાં પણ દૂર થતી નથી.

**(B) અપ્રત્યાખ્યાનીય માયા : ઘેટાના શિંગડા જેવી**

ઘેટાંના શિંગડા વાંકાચૂંકા હોય છે. તેને સીધાં કરવા ઘણાં મુશ્કેલ છે. છતાં ઘણાં પ્રયત્નો પછી તે સીધાં થઈ પણ શકે છે. તેમ અવિરતિધર સમકિતી આત્માના હૃદયની

કુટીલતાં પણ ઘણા પ્રયત્નો બાદ દૂર થઈ શકે છે.

**(C) પ્રત્યાખ્યાનીય માયા : ગોમૂત્રિકા જેવી.**

ગાય રસ્તા પર ચાલતાં ચાલતાં મૂતરે તો એ મૂત્રધારા રસ્તા પર વાંકીચૂંકી પડે છે. તે ગોમૂત્રિકા કહેવાય છે. પવન આવતાં તે સુકાઈ જાય છે. તેમ વ્રતધારી શ્રાવકાદિની હૃદયની વક્રતા પણ આ ગોમૂત્રિકા જેવી હોય છે, જે થોડાક પ્રયત્નો કરવાથી દૂર થઈ જાય છે.

**(D) સંજ્વલન માયા : વાંસની છાલ જેવી.**

વાંસ ભલેને ગમે તેટલો વાંકો હોય. પણ તેની જે છાલ ઉતારવામાં આવે તે સહેલાઈથી સીધી થઈ જાય છે. તેમ સાધુ - સાધ્વીના હૈયામાં કર્મોદયે વાંકાઈ પેદા થાય તો પણ તે ખૂબ સરળતાથી દૂર થઈ શકે છે.

**લોભ : સંગ્રહ કરવાની વૃત્તિ.**

**(A) અનંતાનુબંધી લોભ : કિરમજીનો (પાકા) રંગ જેવો**

કિરમજીનો રંગ ખૂબ પાકો હોય. કપડું ફાટી જાય પણ રંગ ન જાય. મિથ્યાદૃષ્ટિ જીવોનો લોભ આવો હોય છે. ગમે તેટલી મહેનત કરવા છતાં ય દૂર થવો મુશ્કેલ. લોભવૃત્તિ ઓછી ન થાય.

**(B) અપ્રત્યાખ્યાનીય લોભ : બળદગાડાંના પૈડાંની કાળી મળી જેવો**

બળદગાડાનું પૈડું જોયું છે ને ? તેમાંથી કાળી મળી નીકળે છે. જો કપડા પર ચોંટે તો જામ થઈ જાય. ખૂબ પ્રયત્નો કરો ત્યારે માંડ માંડ દૂર થાય. વ્રતરહિત સમકિતી જીવોનો લોભ આવો હોય છે, જે પ્રયત્ન કરતાં વરસે દહાડો દૂર થાય છે.

**(C) પ્રત્યાખ્યાનીય લોભ : અંજનના રંગ જેવો**

આંખમાં અંજન (મેંશ) આંજવામાં આવે છે તે કેવી કાળી હોય છે. કપડાં પર જો તેના ડાઘ લાગી જાય તો થોડી મહેનત કરીને ધોવાથી તે દૂર થઈ શકે છે. તેમ વ્રતધારી શ્રાવકનો લોભ પણ થોડોક ઉપદેશ દેવાથી દૂર થઈ શકે છે.

**(D) સંજ્વલન લોભ : હળદરના રંગ જેવો.**

હળદરનો રંગ તો ઘણો કાચો હોય છે. તડકામાં તો તરત જ ઊડવા માંડે છે. દૂર થઈ જાય છે. તેમ સાધુ - સાધ્વીનો લોભ પણ ઘણો અલ્પ હોય છે. જ્ઞાન રૂપી સૂર્યના તડકાથી તે જલ્દીથી દૂર થઈ જાય છે.

સામાન્ય રીતે અનંતાનુબંધી કષાયની હાજરીમાં નરકગતિનું આયુષ્ય બંધાય છે. અપ્રત્યાખ્યાનીય કષાયની હાજરીમાં તિર્યંચગતિનું આયુષ્ય બંધાય છે. પ્રત્યાખ્યાનીય કષાયની હાજરીમાં મનુષ્યગતિનું આયુષ્ય બંધાય છે. અને સંજ્વલનકષાયની હાજરીમાં દેવગતિનું આયુષ્ય બંધાય છે.

આ વાત વ્યવહારનયની અપેક્ષાએ કહેવામાં આવી છે. મિથ્યાત્વી જીવો અનંતાનુબંધી કષાયવાળા હોય છે. છતાં ય ઉગ્ર તપસ્યા વગેરે કરીને અકામનિર્જરાના માધ્યમે તેઓ દેવગતિમાં પણ જાય છે.

સમકિતી કે શ્રાવકને અનુક્રમે અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય કષાયનો ઉદય હોય છે, છતાં ય તેઓ તે વખતે દેવલોકનું આયુષ્ય બાંધે છે. સમકિતી દેવોને સદાય અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય હોવા છતાં તેઓ મનુષ્યગતિમાં ઉત્પન્ન થાય છે. ટૂંકમાં સમકિતી નારકો અને દેવો મનુષ્યગતિ પામે છે તો સમકિતી મનુષ્યો અને તિર્યંચો દેવગતિનું આયુષ્ય બાંધે છે.

તેથી કયા નયથી કઈ વાત કહેવામાં આવી છે, તેની સમજણ મેળવવી જરૂરી છે. નયો અનેક જાતના છે. નિશ્ચય નય અને વ્યવહાર નય. જ્ઞાનનય અને ક્રિયાનય. દ્રવ્યાસ્તિક નય અને પર્યાયાસ્તિક નય વગેરે.

સંજ્વલન કષાય ૧૫ દિવસથી વધારે ન રહે વગેરે પણ વ્યવહારનયના મતે સમજવાનું છે.

પેલા બાહુબલીજી ! મોટા ભાઈ ભરત સાથે ભયંકર યુદ્ધ ખેલાયું. ભાઈને મારવા મુઠ્ઠી ઉગામી.

પણ તરત જ વિચાર આવ્યો. હું પરમાત્મા ઋષભદેવનો પુત્ર ! મને આ શોભે ? ભગવાનનો પુત્ર શું સગા ભાઈને મારે ? ના.... ના.... મારાથી ના મરાય. પણ મેં મુઠ્ઠી ઉગામી તેનું શું ? ક્ષત્રિય બચ્ચો ઉપાડેલી મુઠ્ઠીને વ્યર્થ ન જવા દે. તો શું કરું ? લાવ ! તે મુઠ્ઠીથી મારા માથાના વાળનો લોચ કરી દઉં.''

અને બાહુબલીજીએ ભાઈને મારવા ઉગામેલી મુઠ્ઠીથી લોચ કરી દીધો. સાધુ બની ગયા.

તેમને ખબર હતી કે તેમનાથી નાના ૯૮ ભાઈઓ તેમની પહેલાં ભગવાન પાસે સાધુ બની ગયા છે. કેવળજ્ઞાન પામી ગયા છે. તેથી તેમણે વિચાર્યું કે, ''જો હું હમણાં ભગવાન પાસે જઈશ તો મારે મારાથી નાના તે ૯૮ કેવલીભાઈ મુનિઓને વંદન કરવા પડશે.

હું મોટો છું, નાનાને વંદન શા માટે કરું ? ના મારાથી તે ન બને. તેથી હવે અહીં જ ઊભો રહીને સાધના કરું. કેવળજ્ઞાન પામું. પછી ભગવાન પાસે જાઉં. હું કેવલી બન્યા પછી જઈશ તો મારે વંદન કરવાનું નહિ રહે કારણ કે કેવલીએ કેવલીને વંદન કરવાનું હોતું નથી.''

તેઓ યુદ્ધભૂમિમાં જ કાઉસ્સગ્ગ ધ્યાને ઊભા રહ્યા. સ્થિર રહ્યા. વેલ વીંટળાઈ વળી. પક્ષીઓએ દાઢી - માથાના વાળમાં માળા બાંધ્યા. ઘોર સાધના કરી. પણ કેવળજ્ઞાન

મળતું નથી. કારણ કે ''હું મોટો ભાઈ છું, નાના ભાઈઓને વંદન કેમ કરું ?'' અભિમાન આડે આવે છે. એક વર્ષ વીતી ગયું.

પરમાત્માના સૂચનથી બહેન સાધ્વીઓ બ્રાહ્મી અને સુંદરીએ આવીને ''વીરા મોરા ગજ થકી હેઠા ઊતરો'' કહ્યું ત્યારે તેઓ ચમક્યા. હું હાથી ઉપર ક્યાં બેઠો છું કે જેથી સાધ્વીઓ નીચે ઊતરવાનું કહે છે ! સાધ્વીઓ ખોટું તો કહે જ નહિ. તો હાથી ક્યાં છે ? તરત ખ્યાલ આવ્યો કે બહેનો અભિમાન રૂપી હાથીની વાત કરે છે.

અરરર ! ધિક્કાર છે મને ! હું અભિમાન રૂપી હાથી ઉપર મસ્તીથી બેઠો છું ને કેવળજ્ઞાનની ઈચ્છા કરું છું. હું મોટો છું તો શું થઈ ગયું ? મારા ભાઈઓ નાના હોવા છતાં ય હકીકતમાં જ્ઞાનાદિ ગુણોથી મોટા છે. લાવ ! જલ્દી જઈને તેમને વંદના કરું.

અહંકાર દૂર કરીને જ્યાં પગ ઉપાડ્યો ત્યાં જ જાણે કે ઘણા સમયથી આંટા મારતું કેવળજ્ઞાન તેમને પ્રાપ્ત થઈ ગયું.

કેવળજ્ઞાનને અટકાવવાની તાકાત આ અહંકારમાં હતી. માટે તો અપેક્ષાએ કામ કરતાં ય અહંકારને વધુ ખતરનાક કહેવામાં આવ્યો છે. અહંકાર પતનની પાઈલોટકાર કહેવાય છે.

સાધુને માન (અહંકાર) કષાય હોય તો ય તે સંજ્વલન પ્રકારનો. તે સિવાયનો અન્ય નહિ. સંજ્વલન કષાયની સમયમર્યાદા તો ૧૫ દિવસની જણાવી છે. બાહુબલીમુનિ તો માનકષાયના હાથી ઉપર એક વર્ષ સુધી સવાર રહ્યા તો શું તેમનું સાધુપણું ચાલ્યું ગયું ? ના... આ કષાયોની સમયમર્યાદા વ્યવહારનયથી કહેવામાં આવી છે, તેમ માનીને સમાધાન કરવું અથવા તો ૧૬ કષાયોના પણ ચાર - ચાર ભેદ ગણીને ૬૪ કષાયો માનવા. પછી વિરોધ નહિ રહે.

અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય, સંજ્વલન, એ ચાર પ્રકારના ક્રોધ, માન, માયા, લોભ ગણતાં જે ૧૬ કષાયો થયા, તે દરેક પણ તીવ્રતા - મંદતાના આધારે ચાર - ચાર પ્રકારના ગણીએ ત્યારે ૬૪ કષાયો થાય.

હકીકતમાં જે કષાય અનંતાનુબંધી છે, તે અતિશય તીવ્ર હોય તો અનંતાનુબંધીના ઘરનો અનંતાનુબંધી સમજવો. ઓછો તીવ્ર હોય તો અનંતાનુબંધીના ઘરનો અપ્રત્યાખ્યાનીય સમજવો. મંદ હોય તો અનંતાનુબંધીના ઘરનો પ્રત્યાખ્યાનીય સમજવો. વધારે મંદ હોય તો અનંતાનુબંધીના ઘરનો સંજ્વલન સમજવો.

તે જ રીતે અપ્રત્યાખ્યાનીયના ઘરના ચાર કષાય સમજવા. પ્રત્યાખ્યાનીયના ઘરના ચાર કષાય સમજવા. સંજ્વલનના ઘરના પણ ચાર કષાય સમજવા. આમ ૧૬ કષાય થયા. તે દરેકના ક્રોધ, માન, માયા, લોભ; ગણતાં ૬૪ થાય.

આ અપેક્ષાએ બાહુબલીજીના કષાયને સંજ્વલનના ઘરનો અનંતાનુબંધી માની

શકાય. સંજવલનના ઘરનો હતો, માટે સાધુપણું ટક્યું. અનંતાનુબંધી જેવો હતો માટે એક વર્ષ રહ્યો.

તે જ રીતે જે મિથ્યાત્વી જીવો અનંતાનુબંધીની હાજરીમાં દેવગતિનું આયુષ્ય બાંધે તેમને અનંતાનુબંધીના ઘરનો સંજવલન કષાય માનવો. મિથ્યાત્વના કારણે અનંતાનુબંધીના ઘરનો કષાય. અને સંજવલન હોવાથી દેવગતિનું આયુષ્ય.

તે જ રીતે સમકિતી દેવો - નારકોને અપ્રત્યાખ્યાનીયના ઘરના પ્રત્યાખ્યાનીય કષાય સમજવા, તેથી તેઓ મનુષ્ય આયુષ્ય બાંધી શકે. સમકિતી - શ્રાવક તિર્યંચ મનુષ્યોને અપ્રત્યાખ્યાનીય કે પ્રત્યાખ્યાનીયના ઘરના સંજવલન કષાયો સમજવા. તેથી તેઓનું અપ્રત્યાખ્યાનીય કષાયપણું દેશવિરતિ ન આવવા દે કે તેઓનું પ્રત્યાખ્યાનીય કષાયપણું સાધુજીવન ન આવવા દે; પણ તે બંનેમાં રહેલું સંજવલનપણું દેવગતિનું આયુષ્ય બંધાવી શકે.

## કષાયોથી થતું ભયંકર નુકસાન

વારંવાર સંસારમાં ભવો લેવડાવવાનું કાર્ય આ કષાયો કરે છે. દશવૈકાલિક સૂત્રમાં જણાવ્યું છે કે,

**कोहो अ माणो अ अणिग्गहिआ,**
**माया अ लोहो अ पवड्ढमाणा ।**
**चत्तारि एए कसिणा कसाया,**
**सिञ्चन्ति मूलाइं पुणब्भवस्स ॥**

વૃક્ષના મૂળિયાને જો વારંવાર પાણી સિંચવામાં આવે તો તે વૃક્ષ નાશ પામે ખરા? નહિ શાંત કરાયેલાં ક્રોધ અને અભિમાન, વધતા જતાં માયા અને લોભ; આ ચારે કષાયો સતત પુનર્ભવ (સંસાર) નામના વૃક્ષના મૂળિયાને સીંચવાનું કાર્ય કરે છે. શી રીતે જીવનો સંસાર નાશ પામે? શી રીતે મોક્ષ પ્રાપ્ત થાય?

જ્યાં સુધી કષાયોનું સેવન ચાલું રહે ત્યાં સુધી નવા નવા ભવો કરવા પડે તેવા કર્મો પણ બંધાયા કરે છે. જે જીવ સંસારના દુ:ખોથી ત્રાસી ગયો હોય, પાપોથી કંટાળી ગયો હોય, મોક્ષ મેળવવા ઝંખતો હોય તેણે આ કષાયોને ખતમ કરવા માટે જોરદાર પુરુષાર્થ આદરવો જોઈએ.

પેલા લક્ષ્મણાસાધ્વીજી ! ઈર્યાસમિતિનો ઉપયોગ ન રહ્યો ને ચકલા - ચકલીનું મૈથુન જોવાઈ ગયું. ન કરવા જેવો વિચાર ભગવાન માટે તેમને આવી ગયો. દુ:ખ પણ થયું. પણ પ્રાયશ્ચિત્ત કરતી વખતે માયા કરી. બીજાના નામે પૂછ્યું. આ માયાએ તેમનો સંસાર ૮૦ ચોવીસી વધારી દીધો. શેષ આખી જિંદગી તપ કર્યો તો ય તે પાપની શુદ્ધિ તેમની થઈ નહિ.

મલ્લિનાથ ભગવાને પૂર્વના ભવમાં માયા કરી તો તેમને તીર્થંકર તરીકેના ભવમાં પણ સ્ત્રીનો અવતાર લેવો પડ્યો. અનંતકાળે થનારું એક આશ્ચર્ય બની ગયું. તેમણે કરેલી માયાએ કુદરતી વ્યવસ્થાને પણ ઊથલાવી દીધી. તીર્થંકરના આત્માને પણ ન છોડ્યા. આ જાણીને માયાથી હજાર યોજન દૂર રહેવું જોઈએ.

લોભ દોષ તો સૌથી ભયંકર છે, બધા દોષોનો તે બાપ છે. બધા વ્યસનોને લાવનાર તે રાજમાર્ગ છે. લોભનો દાસ બનનારો માણસ ક્ષણભર પણ સુખ શી રીતે પામી શકે ?

લોભી માણસ પોતાના લોભના કારણે પૈસો મેળવવા રાત - દિન ઉજાગરા કરે. દેશ - વિદેશ રખડે. સગા બાપ સામે કોર્ટમાં કેસ માંડે. ભાઈ ભાઈનું ખૂન કરવા તૈયાર થાય.

જેમ જેમ પૈસો આવતો જાય તેમ તેમ લોભી જીવની અતૃપ્તિ પણ વધતી જાય. વધુ ને વધુ પ્રાપ્ત કરવાની તેને ઈચ્છા થાય. જે મળ્યું હોય તે તેને સદા ઓછું જ લાગે. તેમાંથી જરાપણ ઓછું ન થઈ જાય તેની ચિંતા પણ તેને સતત રહ્યા કરે.

પ્રાપ્ત થયેલી વસ્તુઓ પ્રત્યે કારમી મૂર્ચ્છા પેદા થાય, આ મમત્વ તેને દુર્ગતિમાં લઈ ગયા વિના પ્રાયઃ ન રહે.

જાણીએ છીએ ને પેલા મમ્મણ શેઠને ! કેવો તે લોભી હતો ! તેલ - ચોળા ખાઈને જીવન ચલાવતો. શ્રેણિક રાજા કરતાં પણ વધારે સંપત્તિ તેની પાસે હતી. પણ લોભના કારણે ન તે દાન દઈ શક્યો, ન જાતે ભોગવી શક્યો. છેલ્લે બધું અહીં જ મૂકીને સાતમી નરકે રવાના થયો !

બધા પાપો લોભ દ્વારા જીવનમાં પ્રવેશે છે માટે તો લોભને પાપોનો બાપ કહેવામાં આવ્યો છે.

૧૨ વર્ષ સુધી કાશીમાં રહીને, ૧૪ વિદ્યામાં પારગામી બનીને આવેલા પ્રકાંડ વિદ્વાન પંડિતજીને સવાલ પૂછવામાં આવ્યો; પંડિતજી ! કહો તો ખરા કે પાપનો બાપ કોણ ?

પંડિતજી તો પ્રશ્ન સાંભળીને વિચારમાં પડી ગયા. મનોમન બધાં શાસ્ત્રો ઉથલાવી ગયા. પણ આવું તો તેમણે ક્યાં ય ભણાવવામાં આવ્યું નહોતું.

તેમને લાગ્યું કે, મારું ભણેલું અધૂરું ગણાય. મને આનો જવાબ પણ ના આવડે તો હું વિદ્વાન શાનો ? કાંઈ વાંધો નહિ. ફરી કાશી જાઉં. બાકી રહેલું વધું જ્ઞાન મેળવીને આવું. અને **પંડિતજી ઊપડ્યા કાશી તરફ.**

રસ્તામાં વેશ્યાનું ઘર આવ્યું. માર્ગમાં જઈને, તેણે પંડિતજીને ઘરે પધારવા આમંત્રણ આપ્યું. જમ્યા વિના આગળ ન જવા વિનંતી કરી.

પંડિતજી તો ગરમ થઈ ગયા.... ''અરે ! હોય ! હું બ્રાહ્મણ થઈને શું વેશ્યાના ઘરે

જમું ! ના, એ કદી ય ન બને."

વેશ્યા : "પંડિતજી ! વિચારમાં શું પડી ગયા ? મારા જેવી રાંક ઉપર કૃપા કરો. હું આપને ૧૦૦ સોનામહોરો દક્ષિણામાં આપીશ. વળી આપને પ્રિય એવું લાડવાનું ભોજન છે. પધારો...... પધારો..... ભૂદેવ ! પ્રેમે પધારો."

અને પંડિતજીનું મન લલચાઈ ગયું. "ચાલોને અત્યારે તો ખાઈ લઈએ. સોનામહોર પણ લઈએ, પછી ગંગામાં સ્નાન કરીને પાપ ધોઈ દઈશું."

પંડિતજી વેશ્યાના ઘરે જઈને જમવા બેઠા. મનગમતું ભોજન પીરસાણું. પંડિતજી જમવા લાગ્યા.

ત્યાં અધવચ્ચે.... વેશ્યા : "પંડિતજી ! મારા હાથે એક નાનો લાડુ તો ખાઓ !"

પંડિતજી (ગુસ્સામાં) : "અરે ! વેશ્યાનો સ્પર્શ કેમ થાય ? અને વેશ્યાના હાથે ખાવું એટલે...!"

વેશ્યા : "પંડિતજી ! બીજી ૨૦૦ સોનામહોરો આપીશ. મારા હાથે આપ જેવા ભૂદેવ જો ખાશે તો મારું પાપી જીવન પણ પવિત્ર બની જશે."

અને..... પંડિતજી લોભાયા. ડોક આગળ કરી મોઢું ખોલ્યું.... વેશ્યાએ નાનો લાડુ તેમના મોઢામાં પધરાવી દીધો !!!

લોભમાં ને લોભમાં પંડિતજીએ તો આજે અકરાંતિયા બનીને લાડવા ખાધા. રાત્રે જંગલ જતી વખતે વેશ્યાએ કહ્યું,

"પંડિતજી ! તમે ગામ બહાર જંગલ જાઓ છો તો સાથે આ દરવાજામાં પડેલું કૂતરાનું મડદું પણ લઈ જાઓને ! ત્યાં ગંગાનદીમાં પધરાવી દેજો."

પંડિતજી પાછા ગરમ થઈ ગયા. "અરે ! હું બ્રાહ્મણ ! અને કૂતરાનું મડદું ઊંચકું ? કદાપિ એ ન બને."

ત્યાં વેશ્યા : "પંડિતજી, ૫૦૦ સોનામહોર આપીશ. મારું આટલું કામ કરો ને ! અત્યારે અંધારું છે. કોઈને ખબર પણ નહિ પડે !!"

અને પંડિતજી કૂતરાનું મડદું લઈને પહોંચ્યા જંગલમાં.

જ્યારે પાછા ફરીને તેમણે વેશ્યા પાસે સોનામહોરો માંગી ત્યારે વેશ્યાએ કહ્યું,

"પંડિતજી ! શેની સોનામહોરો ને શેની વાત ? સાંભળો ! તમારે કાશી ભણવા ફરી જવાની જરા ય જરૂર નથી. હું તમને સોનામહોરોના બદલે પેલા સવાલનો જવાબ આપી દઉં. બરોબર કાન દઈને સાંભળો.

"પાપનો બાપ છે લોભ !"

"કેમ પંડિતજી ! મારો જવાબ બરોબર છે ને ? બ્રાહ્મણ થઈને ય વેશ્યાના ઘરે આવ્યા, વેશ્યાનું ભોજન ખાધું, વેશ્યાના હાથે ખાધું અને કૂતરાનું મડદું ઊંચક્યું. કયા કારણોથી ? લોભના જ કારણે ને ? માટે બધા પાપોનો બાપ લોભ છે. સમજી ગયા !!!"

# (૧૧) નોકષાય મોહનીય કર્મ

કષાયના ભાઈ છે નોકષાય. ઘણી વાર તેઓ કષાય જેવા બની જાય છે. કષાયોને ખેંચી લાવવાનું કામ પણ તેઓ કરે છે. કષાયો જેટલું, ક્યારેક તો કષાયો કરતાં પણ વધારે નુકસાન આ નોકષાયો કરે છે.

કષાયો ભયંકર છે, તે વાત મનમાં બેઠેલી હોવાથી કષાયોથી બચવાનો પ્રયત્ન પણ આપણે કરીએ છીએ પણ નોકષાયોની ભયંકરતા સમજાઈ ન હોવાથી તેનાથી બચવાનો પ્રયત્ન પણ ઘણીવાર આપણાથી થતો નથી. અરે ! ઘણીવાર તો આપણે સામે ચાલીને તેને આવવાનું આમંત્રણ આપીએ છીએ.

નગરમાં લૂંટફાટ કરીને, પુષ્કળ ઝવેરાત લૂંટીને ચોરો નાસ્યા. પોલીસો તેમની પાછળ પડ્યા છે. પોલીસોને ખૂબ દૂર રાખીને તેઓ આગળ નીકળી ગયા. રસ્તામાં - થાક લાગતાં - ઝાડ નીચે આરામ કરવા બેઠા. ભૂખ પણ લાગી હતી. પાસે રહેલો નાસ્તો કરવા લાગ્યા.

તે વખતે સામેથી કોઈ બે વટેમાર્ગુ પણ આવતા હતા. તેઓ પણ ભૂખ્યા - થાક્યા હોવાથી ચોરોની પાસે જ જમવા બેઠા. પરસ્પર વાર્તાલાપ કરતાં કરતાં તેઓ ભોજન કરતા હતા.

એટલામાં તો ફરીથી પોલીસ ત્યાં જ આવી. લૂંટાયેલું ઝવેરાત ચોરો પાસેથી મળી આવ્યું. એક પછી એક બધાના હાથ - પગમાં બેડીઓ નંખાવા લાગી.

પેલા બે વટેમાર્ગુએ પોતાની નિર્દોષતા સાબિત કરવાનો પ્રયત્ન કર્યો, ''અમે વટેમાર્ગુ છીએ. અમે ચોર નથી. અમે સામેના રસ્તેથી આવતા હતા. ભૂખ લાગી એટલે આમની સાથે જમવા બેઠા એટલું જ, બાકી અમે તો તેમને ઓળખતા પણ નથી. અમે ક્યારે ય, ક્યાં ય, ચોરી કરી નથી.''

''જુઓ ! સાંભળો ! તમારી વાત સાંભળી, પણ અમે એ બધું કાંઈ ન સમજીએ. તમે અત્યારે તો આ ચોરો સાથે જમતા હતા, તે વાત સાચીને ? ચોરનો ભાઈ ઘંટી ચોર. શું ખાતરી કે તમે તેમના મળતિયા નહિ હોં ! તમે જો નિર્દોષ હતા, તો શા માટે ચોરોની દોસ્તી કરી ? જે સજા ચોરોને થશે, તે તમને પણ થશે. ચોરોની દોસ્તીનું ફળ તમે પણ ચાખી લો.''

આ પ્રમાણે કહીને તેમના હાથ - પગમાં પણ બેડીઓ નંખાઈ ગઈ. સૈનિકોએ બધાને જેલમાં પૂરી દીધા.

જેમ વટેમાર્ગુ નિર્દોષ હોવા છતાં ય ચોરોની સાથે સંબંધ બાંધવાના કારણે તેમની પણ ચોર જેવી હાલત થઈ. તેમ નોકષાયો એટલા બધા ખતરનાક ન હોવા છતાં ય કષાયોની સાથે સંબંધ બાંધતા હોવાથી, કષાયોને ખેંચીને લાવતા હોવાથી ખૂબ જ ભયંકર છે. તેમનાથી પણ જેટલા બને તેટલા દૂર રહેવું જોઈએ.

આ નોકષાયોને પેદા કરે છે નોકષાય મોહનીય કર્મ. નોકષાયો નવ હોવાથી નોકષાય મોહનીય કર્મ પણ નવ પ્રકારનું છે. તેમાંના પહેલાં છ નોકષાયો 'હાસ્યાદિષટ્ક' તરીકે તથા છેલ્લા ત્રણ નોકષાયો 'ત્રણ વેદ' તરીકે પ્રસિદ્ધ છે.

**(૧) હાસ્ય મોહનીય કર્મ :** આ કર્મના ઉદયે જીવને નિમિત્ત મળે કે ન મળે તોપણ હસવું આવે છે. આપણે આ દુનિયામાં જોઈએ છીએ કે કેટલાક માણસો સહજ રીતે હસ હસ જ કરતા હોય છે. તેમના મુખ ઉપર સદા હાસ્ય ફરકતું હોય છે. રમૂજી સ્વભાવ તેઓનો હોય છે. તેની પાછળ આ હાસ્યમોહનીય કર્મનો ફાળો છે.

ક્યારે ક તો આ હાસ્ય મોહનીય કર્મના ઉદયે જીવ કોઈપણ જાતના કારણ વિના ખડખડાટ હસતો હોય છે. તેવા સમયે તે બધાની વચ્ચે હાંસીને પાત્ર બને છે. લોકો તેને પાગલમાં પણ ખપાવી દે છે.

સામાન્ય રીતે આપણે ગંભીરતા દાખવવાની છે. સમજુ અને સજ્જન માણસ તમને ક્યારેય ખડખડાટ હસતો જોવા નહિ મળે. જ્યાં જરૂર જણાશે ત્યાં જરાક સ્માઈલ કરી દેશે, મોઢું મલકાવી દેશે પણ હસાહસ નહિ કરે. બહુ હસવું તે સારું તો નથી જ. તેનાથી આપણી છાપ છીછરા, તુચ્છ ને જોકર જેવી ઊભી થાય છે.

હસતી વખતે નવું હાસ્ય મોહનીય કર્મ પણ બંધાય છે. તે ઉદયમાં આવે ત્યારે વગર નિમિત્તે પણ હસવું પડે છે.

ઘણી વાર જોકરવેડા, મીમીક્રી, પશુ - પંખીના અવાજો જોક્સ વગેરે દ્વારા આપણે બીજાને હસાવવાનો પ્રયત્ન કરીએ છીએ પણ તે વખતે આ વાત ભૂલી જઈએ છીએ કે તે લોકોને હસાવવા દ્વારા નવું હાસ્ય મોહનીય કર્મ તેમને અને આપણને, બંનેને બંધાય છે ! જો આ વાત યાદ રહે તો નિષ્કારણ બીજાની મશ્કરી - હાંસી કરવાનું કે પટ્ટી ઉતારવાનું થાય છે, તે બંધ થયા વિના ન રહે.

ઘણી વાર હસવામાંથી ખસવું થઈ જાય છે. મશ્કરી કરવા જતાં કાયમ માટેના અબોલા થઈ જાય છે. ક્યારેક તો આપણે હસવા હસવામાં કરેલી મશ્કરી સામેવાળાને આપઘાત કરવા મજબૂર બનાવે છે. આવું કાંઈ ન બને તે માટે પહેલેથી જ કોઈની ઠઠ્ઠા - મશ્કરી ન કરવાનો સંકલ્પ કરવો જોઈએ. બિનજરૂરી બોલવાનું બંધ કરવું જોઈએ.

**(૨) શોક મોહનીય કર્મ :** શોક પેદા કરાવવાનું કામ આ કર્મ કરે છે. આ કર્મના

ઉદયે જીવ બેચેન બને છે. ગમગીની તેને ઘેરી વળે છે. કાંઈ તેને ગમતું નથી. મોઢું તેનું સોગિયું બની જાય છે. જાણે કે દિવેલ પીને ઊભો થયો ન હોય તેવું તેનું મુખ કોઈને ય જોવું ગમતું નથી.

શોક કરવાથી કાંઈ વળતું નથી. ગયેલી ચીજ શોક કરવાથી કાંઈ પાછી ફરતી નથી. મરેલો માનવ પણ શોક કરવાથી કાંઈ જીવતો થયો નથી. તીર્થંકરો, ચક્રવર્તીઓ, વાસુદેવો, પ્રતિવાસુદેવો, બલદેવો વગેરે ધુરંધરોએ પણ યમરાજની સામે ઝૂકી જવું પડ્યું છે, કોઈ જ બચી શક્યું નથી. મોતે સહુને ભરખી લીધા છે. પછી દીકરા - દીકરી કે પત્નીના મોતે રડારોળ કરવાની શી જરૂર ? તેની પાછળ શોક કરવાથી શું વળે ?

પેલી કીશા ગૌતમી ! તેનો એકનો એક દીકરો મૃત્યુ પામ્યો. પણ દીકરો તેને એટલો બધો લાડકો હતો કે તે સ્ત્રી તેને મરી ગયેલો માનવા જરા ય તૈયાર નહોતી. ખભે ઊંચકીને ફરતી હતી. ''હમણાં રીસાઈ ગયો છે. માંદો પડ્યો છે. રીસ ઊતરશે એટલે બોલવા - ચાલવા લાગશે.'' તેવું તે માનતી હતી.

વારંવાર તે દીકરાને સમજાવે છે. તેને ચૂમીઓ ભરે છે. છાતી - સરસો ચાંપે છે. ડોક્ટરો - વૈદો અને હકીમો પાસે લઈ જાય છે. પણ મડદું શી રીતે બોલે ?

જો કોઈ ભૂલેચૂકે પણ તેના પુત્રનું મોત થયાની વાત કરે તો અકળાઈ જાય છે. તેની તરફ ગુસ્સો કરે છે. પોતાના પુત્રને હરતો ફરતો કરવા તમામ પ્રયત્નો કરવાની તૈયારી છે.

કોઈકે તેને સમાચાર આપ્યા કે ગામની બહાર ગૌતમ બુદ્ધ પધાર્યા છે. તેઓ તારા દીકરાને સાજો કરી દેશે. તેમની પાસે જા.'' અને તે દીકરાને લઈને પહોંચી બુદ્ધ પાસે ! જઈને તેણીએ પોતાની વાત કરી.

ગૌતમબુદ્ધ બધી વાત સમજી ગયા. માતાના રોમરોમમાં વહી રહેલું પુત્ર પ્રત્યેનું વાત્સલ્ય તેમનાથી છાનું ન રહ્યું. આ વાત્સલ્ય જ માને વાસ્તવિકતા સ્વીકારતા અટકાવે છે.

અહીં બળનું કામ નથી, બુદ્ધિનું કામ છે. અહીં સખ્તાઈનું કામ નથી, પ્રેમનું કામ છે. અહીં કઠોરતા નહિ પણ કોમળતા જરૂરી છે. તે વાત ગૌતમબુદ્ધની નજરમાં બરોબર આવી ગઈ.

તેમણે કહ્યું, ''બહેન ! ચિંતા ન કરો. તમારા પુત્રને હું હમણાં સાજો કરી દઉં. પણ તે માટે મારે એક પ્રયોગ કરવો પડશે. તે પ્રયોગ કરવા રાઈના દાણાની જરૂર પડશે.''

કીસા : ''મહાત્માજી ! હું ક્યારની બધાને કહું છું કે મારો દીકરો જીવે છે, પણ કોઈ માનતું જ નથી. તમે જ મને બરોબર સમજી શક્યા છો. હું હમણાં જ રાઈના દાણા લઈ

આવું છું. આપ પ્રયોગ કરીને મારા દીકરાને હાલતો ચાલતો, રમતો - ફરતો કરી દો.''

ગૌતમબુદ્ધ : ''બહેન ! ઉતાવળ ન કરો. મારી વાત પૂરી સાંભળો. તમારા દીકરાને સાજો - સમો કરવા માટે મને ગમે તે ઘરના રાઈના દાણા ન ચાલે. જે ઘરમાંથી ક્યારે ય કોઈપણનું મોત ન થયું હોય તે જ ઘરના રાઈના દાણા આ પ્રયોગ માટે જોઈએ. તમે તે લઈ આવો.''

કીસા : અરે ! એમાં શું થઈ ગયું ? આટલું મોટું નગર છે. મને આવા રાઈના દાણા મળી જ રહેશે. હું હમણાં તે દાણા લઈને આવું છું.''

પુત્રને બચાવવાના આનંદમાં હરખપદુડી થયેલી તે કીસા ગૌતમી ઘરે ઘરે રાઈના દાણા લેવા ઘૂમવા માંડી. રાઈના દાણા તો બધે મળે છે. પણ જ્યાં તે સવાલ પૂછે છે કે ''તમારા ઘરમાં ક્યારે ય કોઈનું મોત તો નથી થયું ને ?'' ત્યારે કોઈ કહે છે કે, ''દાદા ગયા તો કોઈ કહે છે,'' દાદીમા ! 'કોઈ પતિના મોતને જણાવે છે તો કોઈક પુત્રના ! કોઈક પત્નીના તો કોઈ પુત્રીના !'

સવારથી સાંજ સુધી ભટકવા છતાં ય કીસા ગૌતમીને કોઈ ઘર એવું ન મળ્યું કે જે ઘરમાંથી ક્યારે ય કોઈ મર્યું ન હોય !

ઘેર ઘેર ભટકીને, થાકીને લોથ - પોથ થઈ ગયેલી કીસાને હવે તે વાત બરોબર સમજાઈ ગઈ કે જે જન્મે છે, તે દરેકે મરવાનું છે જ. જેનું નામ છે, તેનો નાશ છે. જગતમાં કોઈ અમર નથી. તમામનું મોત નિશ્ચિત છે. પોતાના પુત્રને સાજો કરનાર કોઈ રાઈનો દાણો મળતો નથી, તે વાત એમ જ સૂચવે છે કે દીકરો મરી ગયો છે.

ગૌતમબુદ્ધે કેટલી સહજ રીતે મને કરુણ વાસ્તવિકતા સમજાવી દીધી. મને હવે સંસારની પરિસ્થિતિનું સાચું ભાન થઈ ગયું. આ દીકરા પાછળ હવે મારે રાગ કે શોક, કાંઈ કરવું નથી. હવે તો આવું બ્રહ્મજ્ઞાન કરાવનારા તે મહાત્માના ચરણોમાં જીવન સમર્પિત કરવું છે.

પોતાના પુત્રની અંતિમવિધિ પતાવીને તેણે પોતાનું જીવન ગૌતમબુદ્ધના ચરણોમાં સમર્પિત કરી દીધું.

વાત એટલી જ છે કે, જ્યારે બધાનું મરવાનું નક્કી જ હોય, મર્યા પછી જો કોઈ આપણી પાસે પૂર્વના સ્વરૂપે પાછું આવવાનું જ ન હોય તો શા માટે તેની પાછળ આક્રંદ કરવું ? રડી રડીને આંખો સુઝાડવાની શી જરૂર ? હાય - વોય અને રડારોળ કરીને શું ફાયદો ? આ તો એક પ્રકારનું આર્ત્તધ્યાન છે. જેના કારણે નવાં પુષ્કળ કર્મો બંધાય છે. જે કર્મોના ઉદયે કૂતરા બીલાડા વગેરે તિર્યંચગતિના અવતારો મળી શકે છે. મરનાર મરી ગયો, તેની પાછળ આપણે દુર્ગતિ શા માટે ઊભી કરવી ?

આપણને જેમનો વિયોગ થયો છે, તે સ્વજનને સાચી શ્રદ્ધાંજલી રડવાથી કે શોકસભા રાખવાથી નથી અપાતી, પણ તેમના જીવનના અદ્‌ભુત ગુણોને જીવનમાં વણી લેવાથી અપાય છે.

જો તેના સદ્‌ભૂત ગુણો જીવનમાં ઓળઘોળ વ્યાપ્ત કરવામાં આવશે તો સ્વજન પોતે ભૌતિક શરીરે ભલે આપણી વચ્ચે ન રહે, પણ ગુણાત્મક શરીરે આપણી વચ્ચે સદા જીવતો રહેશે. તેની સુવાસ સદા આપણે માણી શકીશું. ક્યારે પણ તેનો વિરહ નહિ થઈ શકે.

યાદ રાખીએ કે યમરાજા આપણા સ્વજનના ભૌતિક શરીરને આપણી પાસેથી છીનવી શકે છે, પણ તેના ગુણાત્મક શરીરને છીનવવાની તાકાત તો તેની પણ નથી.

બાકી તો, તેના ગુણો સાથે જો આપણને કોઈ લેવા - દેવા ન હોય, આખી જિંદગી બાને ત્રાસ આપવામાં કાંઈ બાકી ન રાખ્યું હોય, મહિના - મહિનાના વારા બાંધ્યા હોય, અંત સમય સુધી તેની આંતરડી કકળાવી હોય ને પછી મૃત્યુ બાદ છાપામાં દર વર્ષે શ્રદ્ધાંજલિઓ છપાવીએ કે તેના ફોટાને સુખડનો હાર ચઢાવીને ધૂપ - દીપ કરીએ કે તેની પાછળ છાતી - ફાટ રુદન કરીએ તેનો કાંઈ ઝાઝો અર્થ સરવાનો નથી.

દરેક પરિસ્થિતિમાં સમભાવ ટકાવી રાખવો તે આત્માનો સ્વભાવ છે. પણ પરિસ્થિતિ વશ આપણને શોક પ્રાપ્ત કરાવવાનું કામ આ શોક મોહનીય કર્મ કરાવે છે.

અરે ! ક્યારેક તો કોઈ તેવા નિમિત્તો ઊભા ન થાય તો ય મનને ઉદાસ બનાવી દે છે. મોઢું દીવેલીયું બનાવે છે. શોકમગ્ન બનાવી દે છે. તેવા સમયે નવું શોકમોહનીય કર્મ પણ બંધાય છે.

**(૩) રતિ મોહનીય કર્મ :** શાતાવેદનીય કર્મના ઉદયે જીવને સુખની સામગ્રીઓ મળે છે. તમામ પ્રકારની અનુકૂળતાઓ ઉપલબ્ધ થાય છે. પ્રતિકૂળતાઓ દૂર થઈ જાય છે. પરંતુ આ રતિ મોહનીય કર્મ તેમાં આસક્તિ પેદા કરાવે છે. મળેલ સુખની સામગ્રીઓમાં આસક્ત બનાવે છે. મળેલી અનુકૂળતામાં આનંદિત બનાવે છે. તેમાં ગમો પેદા કરે છે.

પુણ્યના ઉદયે વસ્તુ મળે એટલે તેને આસક્તિથી જ ભોગવવી જરૂરી નથી. અનાસક્તિથી પણ તેનો ઉપભોગ કરી શકાય છે. જો આસક્તિથી ભોગવટો કરવામાં આવે તો નવા ચીકણા કર્મો બંધાવા લાગે છે. સુખમાં પેદા થતી રતિનું કામ આ કર્મબંધ છે.

શાલિભદ્રનાં ઘરમાં ૩૨ પત્નીઓ હતી પણ તેના મનમાં તો એકે ય નહોતી. માટે તે બધાને છોડીને સાધનાના માર્ગે ડગ ભરી શક્યો. દૈવી ભોગસામગ્રીઓની ૯૯ - ૯૯ પેટીઓ દેવલોકથી રોજ આવતી હોવા છતાં ય તેને તેમાં ક્યાં ય રતિ નહોતી.

આપણે આપણી જાતને નિરખવાની જરૂર છે. સંસારની કઈ કઈ વસ્તુમાં રતિ નથી થતી ? ક્યાં આપણે લલચાતા નથી ? કઈ વસ્તુનો ઉપયોગ કરતાં મનમાં આનંદની લહેરીઓ નથી ઊઠતી ? કઈ અનુકૂળતા મળે ત્યારે ગલગલિયા નથી થતાં ?

આ બધું થાય છે ત્યારે નવું રતિમોહનીય કર્મ બંધાય છે. જે આપણને રાગી બનાવ્યા વિના નથી રહેતું. તેથી હવે ક્યાંય રતિ ન થાય તેની કાળજી શરૂ કરીએ.

અશક્તિના કારણે જરૂર પડે તો ભલે મોસંબીનો રસ પણ વાપરીએ પણ તેને આસક્તિથી તો ન જ વાપરીએ. સંસારમાં રહેવું પડે તો ય રમીએ તો નહિ જ. સુખો ભોગવીએ તો ય તેમાં પાગલ તો ન જ બનીએ. અનુકૂળતાઓ મળી જાય તો ભલે સ્વીકારી લઈએ, પરંતુ તેમાં આનંદિત તો ન જ બનીએ.

**(૪) અરતિ મોહનીય કર્મ :** અશાતાવેદનીય કર્મના ઉદયે જીવનમાં દુઃખો આવે છે. તે દુઃખોમાં જીવ દુઃખી બની જાય છે. તેવી પરિસ્થિતિમાં તે ખેદ અનુભવે છે. આ અરતિ (ખેદ) કરાવવાનું કામ અરતિમોહનીય કર્મનું છે.

આ કર્મના ઉદયે દુઃખ પ્રત્યે દ્વેષ પેદા થાય છે. પ્રતિકૂળતા પ્રત્યે અણગમો થાય છે. મુશ્કેલીઓ પ્રત્યે અરુચિ થાય છે. વળી તેવું કરતી વખતે નવું અરતિ મોહનીય કર્મ પણ બંધાય છે.

જો આ અરતિ મોહનીય કર્મ ન બાંધવું હોય તો આવેલ પરિસ્થિતિને સમતાથી સ્વીકારવી જોઈએ. હાય - વોય કરવાને બદલે તેને સહન કરી લેવી જોઈએ. અરે ? Invite Difficulties (મુશ્કેલીઓને આમંત્રો) સૂત્ર બનાવી દેવું જોઈએ. સામે ચાલીને મુસીબતોને સહન કરવાની ટેવ પાડવી જોઈએ.

ઘરમાં બે શાક બનાવ્યા હોય તો એક શાકનો ત્યાગ કરવો જોઈએ. ભાવતી એક - બે વસ્તુનો રોજ ત્યાગ કરવો જોઈએ. ઘી ચોપડ્યા વિનાની રોટલી ખાવી જોઈએ. જો આવી ટેવો સુખના દિવસોમાં પાડી હશે તો ખરેખર જ્યારે તેવો સમય આવીને ઊભો રહેશે ત્યારે વાંધો નહિ આવે.

'મને ગમે તે ચાલે. ગમે તે ફાવે. ગમે તે ભાવે." આ ત્રણ સૂત્રો ગોખી દેવા જોઈએ. ના, માત્ર ગોખવાના નથી, તેને જીવનમાં આત્મસાત કરવાના છે. જો તે આત્મસાત થઈ જશે તો ક્યાંય અરતિ કરવાના પ્રસંગો પેદા નહિ થાય.

**(૫) ભય મોહનીય કર્મ :** કોઈકને પોતાના ઘરમાંથી બહાર જતાં ડર લાગે છે. કોઈને પોતાના ઘરમાં હોય ત્યારે પણ જો તે એકલા જ હોય તો ડર લાગે છે. કેટલીક વ્યક્તિઓ રાત્રે સુતાં સુતાં એકદમ ભયથી ચીસ પાડી ઊઠે છે. કોઈ વ્યક્તિ વિચારોમાં ને વિચારોમાં ક્યારેક ભયથી એકદમ થરથર કાંપવા લાગે છે.

મને કોઈ મારી નાંખશે તો ? મારું ધન કોઈ લૂંટી જશે તો ? અચાનક ઈન્કમટેક્ષની રેડ પડશે તો ? હું બિમાર પડી જઈશ તો ? મારા સ્નેહીજનો મને છોડીને ચાલ્યા જશે તો ? મારો દીકરો મને ઘરડાઘરમાં મૂકી દેશે તો ? વગેરે વગેરે વિચારો કરીને કેટલીક વ્યક્તિઓ પોતાના જીવનને અશાંત બનાવી દેતી હોય છે. આવા ખોટાં ભયો ન રાખવાનું સમજાવવા છતાંય તેમનો ભય દૂર થતો નથી.

આ ભય પેદા કરાવવાનું કામ કરે છે : ભયમોહનીય કર્મ. ક્યારેક સાચું નિમિત્ત પમાડીને તે ભય કરાવે છે, તો ક્યારેક તેવા કોઈપણ નિમિત્ત વિના પણ તે ભય પેદા કરાવે છે. જ્યારે ભય પેદા થાય છે. ત્યારે વ્યક્તિ ધ્રૂજવા લાગે છે. હાંફળી - ફાંફળી થઈ જાય છે. બેચેન બની જાય છે. શું કરવું ? શું ન કરવું ? તે વિચારમાં તે હતપ્રભ બની જાય છે. તે દરમ્યાન તે પોતાની રીતે યોગ્ય નિર્ણય પણ કરી શકતો નથી. ભયભીત હાલતમાં તે નવું ભયમોહનીય કર્મ પણ બાંધી દે છે.

આપણો આત્મા તો કદી કોઈથી છેદાતો નથી. ભેદાતો નથી. બળાતો નથી, નાશ પમાડાતો નથી, તેના ગુણો કોઈથી ય ઝૂંટવી શકાતા નથી, પછી તેણે ભય પામવાની જરૂર જ ક્યાં છે ? નિર્ભય આત્માને વળી ભય કેવો ? તેણે ગભરાવવાની જરૂર શી ?

પણ ભયમોહનીય કર્મનો ઉદય તેને ભયભીત બનાવે છે. નિર્ભય આત્માને ડરપોક બનાવે છે. જો આવા ડરપોક ન બનવું હોય તો ભયમોહનીય કર્મ ન બંધાઈ જાય તેની કાળજી રાખવી જોઈએ. તે માટે બીજા જીવોને ડરાવવાનું બંધ કરવું જોઈએ. પોતે ભય પામવો ન જોઈએ. ભય પામવાના પ્રસંગો આવે ત્યારે દેવ - ગુરુનું અનન્યભાવે શરણું લઈને નિર્ભય બની જવું જોઈએ.

બીજા જીવોને ત્રાસ - પીડા આપવાનું બંધ કરી દેવું જોઈએ. બીજાઓ સાથે સદા કોમળતાભર્યો વ્યવહાર કરવો જોઈએ પણ નિર્દયતા, ક્રુરતા કે નિર્દયતાભર્યા વ્યવહારો કદી પણ ન આદરવા. ભય પામનારા જીવોની રક્ષા કરવી જોઈએ. તેમના ભયને દૂર કરવાના પ્રયત્નો કરવા જોઈએ. તેમ કરવાથી ભય મોહનીય કર્મ બંધાતું અટકી શકે છે. પણ જો ઉપર જણાવ્યા કરતાં વિપરીત વર્તન કરીએ તો ભયમોહનીય કર્મ બંધાવા લાગે છે.

**(૬) જુગુપ્સા મોહનીય કર્મ : જુગુપ્સા = દુર્ગંછા, ચીડ, ચીતરી ચડવી, ઘૃણા થવી.**

બીલાડાએ હુમલો કરીને કબૂતરના શરીરને ફાડી ખાધું હોય, તેના પીંછા નીકળીને ચારે બાજુ ફેલાયા હોય, લોહીલુહાણ થયેલું શરીર એકબાજુ પડ્યું હોય, ત્યાંથી પસાર થવાનું હોય તો શું થાય ? ચીતરી ચઢે ? બીજી બાજુ મોઢું રાખીને સડસડાટ ચાલી જવાનું મન થાય ? તે પ્રભાવ છે આ જુગુપ્સા મોહનીય કર્મનો.

મુખમાંથી દુર્ગંધ વછૂટતી હોય તેવી વ્યક્તિ પાસે આવીને બેસે તો ઘૃણા થાય છે ને? રસ્તામાં પડેલું ભુંડ કે કૂતરાનું સડી ગયેલું ક્લેવર જોઈને ત્રાસ થાય છે ને? કોઈના શરીરમાંથી માંસના લોચા કે લોહી નીકળતું જોઈને ચીતરી ચડે છે ને? દુર્ગંધ મારતી ગટર પાસેથી પસાર થતાં નાક પાસે રૂમાલ રાખવાનું મન થાય છે ને? બીજાને ઉલ્ટી કરતાં જોઈને ઉબકાં આવે છે ને? ક્યારેક પોતાને પણ ઊલ્ટી થવા લાગે છે ને?

આ બધું થવા પાછળ જુગુપ્સા મોહનીય કર્મનો ઉદય કારણ છે. જો આ કર્મનો ઉદય ન થાય તો ઉપર જણાવેલ નિમિત્ત હાજર હોય તો પણ ઘૃણા ન થાય. ચીતરી ન ચડે. મોઢું મચકોડવાનું મન ન થાય. જરાય જુગુપ્સા નહિ થાય.

સાધુ - સાધ્વી - શ્રાવક - શ્રાવીકા રૂપ ચતુર્વિધ સંઘની બૂરાઈ કરવામાં આવે, તેમની નિંદા કરવામાં આવે, તેમના મલમલિન વસ્ત્રોને જોઈને ઘૃણા કરવામાં આવે, કોઈના સાચા આચારો જોઈને નિંદા કરવામાં આવે તો આ જુગુપ્સા મોહનીય કર્મ બંધાય.

આ જુગુપ્સા મોહનીય કર્મ બંધાયા પછી જ્યારે તે ઉદયમાં આવે છે, ત્યારે દુનિયા એની ઘૃણા કરે છે. લોકો એને ધુત્કારે છે. તેના તરફથી મોઢું ફેરવી દે છે.

વહોરવા પધારેલ સાધ્વીજી ભગવંતના મેલાં વસ્ત્રો જોઈને તેના પ્રત્યે ઘૃણા થઈ. "આ તો કેવા મહારાજ છે! કપડાં ય ધોતા નથી! કેવા મેલાઘાટ કપડાં પહેરે છે! છી..... છી.... છી.... !"

આવા વિચારો કરવાના કારણે એવું જુગુપ્સા મોહનીય કર્મ બાંધ્યું કે જેના કારણે બીજા ભવમાં તેને અત્યંત દુર્ગંધ મારતું શરીર મળ્યું! કોઈ તેને પરણવા પણ તૈયાર ન થાય તેવી કાયા તેને મળી!

મનુષ્યભવ પામ્યા પછી મનને એવી રીતે કેળવવું જોઈએ કે જેથી દુર્ગંછા કરવાના નિમિત્તો મળે તો પણ દુર્ગંછા ન થાય. જુગુપ્સા મોહનીય કર્મનો ઉદય થાય તો તેને ય સમતાથી સહન કરી શકાય.

પેલા સુબુદ્ધિ મંત્રી! એકવાર પરિવાર સહિત બહાર જતાં રાજાની સાથે ઘોડા ઉપર બેસીને તેઓ પણ નગર બહાર જતાં હતા.

જે રસ્તેથી તેઓ પસાર થતાં હતા, તે રસ્તામાં વચ્ચે એક ભયંકર દુર્ગંધ મારતી ગટર આવી. ગટરનું ગંદુ - દુર્ગંધ મારતું પાણી રસ્તામાં આવતાં જ રાજા તથા તેના દરબારીઓએ પોતાના નાક ઉપર રૂમાલ બાંધી દીધો.

પણ પેલા સુબુદ્ધિમંત્રીએ તેમ ન કર્યું. તે તો પ્રસન્નતાપૂર્વક તે જ માર્ગે આગળ વધ્યો. જયારે રાજા તથા દરબારીઓએ ગટરની દુર્ગંધની ભયંકરતાની વાત કરી ત્યારે પણ મંત્રીના મુખના હાવભાવમાં કોઈ જ ફરક ન પડ્યો. બધાએ જ્યારે કાંઈક કહેવા

જણાવ્યું ત્યારે એટલું જ બોલ્યા કે, ''આ તો બધો પુદ્‌ગલનો પરિણામ છે. તેમાં શું હરખ - શોક કરવાનો ? સબ પુદ્‌ગલકી બાજી.''

પણ તેમની આ વાત રાજા કે તેના દરબારીઓમાંથી કોઈને ગમી નહિ. અણગમાનો ભાવ તેમના મુખ ઉપર આવી ગયો.

આ વાતને ઘણો સમય વીતી ગયો. મંત્રીના મનમાં રાજાને યોગ્ય બોધપાઠ આપવાની ઈચ્છા હતી.

યોગ્ય અવસર જાણીને એક દિવસ મંત્રીએ રાજાને પોતાના ત્યાં સપરિવાર જમવા પધારવા આમંત્રણ આપ્યું. પેલા દરબારીઓને પણ જમવા બોલાવ્યા.

બત્રીસ પકવાન્ન ને છત્રીસ જાતના શાક, અનેક પ્રકારના ફરસાણો અને ચટણીઓથી ચટાકેદાર બનાવેલું ભોજન પીરસવામાં આવ્યું. એકેક વસ્તુ એવી અદ્‌ભૂત હતી કે એક ખાઓ ને બીજી ભૂલો. છેલ્લે સરસ મજાનું સુગંધીદાર પાણી પીરસાયું.

જ્યાં બધાએ આ પાણી વાપર્યું, ત્યાં જ બધાના મુખના ભાવ બદલાઈ ગયા. આવું અદ્‌ભૂત સ્વાધિષ્ટ પાણી તેમણે જીંદગીમાં ક્યારે ય ચાખવા નહોતું મળ્યું ! શું પાણી આટલું બધું સ્વાદિષ્ટ હોઈ શકે ? તે તેમનો સવાલ હતો. બધી જ સ્વાદિષ્ટ ચીજોને આ પાણીએ ભૂલાવી દીધી.

રાજાથી તો મંત્રીને પૂછાઈ ગયું. ''હે મંત્રીશ્વર ! આ પાણી તમે ક્યાંથી લાવ્યા ? મારે તો આવું જ પાણી હવે રોજ પીવા માટે જોઈએ. કહો તો ખરા ? તે પાણી મને રોજ પીવા મળી શકે કે નહિ ?

મંત્રી : ''રાજન ! આ પાણી આપણા નગરમાંથી જ મેં મેળવ્યું છે. આપ જરા ય ચિંતા ન કરો. આપને રોજ આવું પાણી જોઈતું હશે તો મળી જશે.''

પણ મંત્રીશ્વર ! શું વાત કરો છો ! આપણા જ નગરમાં આવું પાણી છે, છતાં મને આજ દિન સુધી કેમ પીવા ન મળ્યું ? કહો તો ખરા ? આ નગરમાં આવું પાણી કઈ વાવડીમાં થાય છે ?

''રાજન ! હાલ તો આપ શાંતિથી આ ભોજન કરો. પછી હું આપને આ પાણી અંગે બધી વાત કરીશ.''

જમણ પૂર્ણ થયા બાદ, રાજા તથા સર્વ દરબારીઓ આજના આ સ્વાદિષ્ટ પાણી અંગે વિશેષ માહિતી મેળવવા ઉત્સુક બન્યા. મંત્રીશ્વરે અભયદાનની માંગણી કરીને રાજાને જણાવ્યું કે, ''હે રાજન્ ! તે દિવસે આપણે દુર્ગંધ મારતી ગટર પાસેથી પસાર થતાં હતા, ત્યારે બધાએ પોતાના નાકને રૂમાલ બાંધી દીધા હતા, તે આપને યાદ છે ને ? તે ગટરનું, દુર્ગંધ માર ? તું, ગંદુ પાણી લાવીને મેં આપને બધાને પીરસ્યું છે !''

"હેં ! શું વાત કરો છો ? મંત્રીશ્વર ! માનવામાં નથી આવતું. તે પાણી તો કેવું ગંધાતું હતું. જોવું પણ ગમે તેવું નહોતું. જ્યારે આજનું પાણી તો સુગંધીદાર અત્યંત સ્વાદિષ્ટ છે. હજુ ય તે પાણી પીવાનું મન થયા કરે છે."

"રાજન ! ભૂલ થઈ હોય તો ક્ષમા કરજો. પણ તે દિવસે મેં કહેલું ને કે, 'સબ પુદ્ગલકી બાજી !' આપને ભલે તે વાત ગમી ન હોય પરંતુ સારું કે ખરાબ, સુગંધી કે દુર્ગંધી, સ્વાદિષ્ટ કે સ્વાદ વિનાનું, સુંવાળું કે ખરબચડું, બધું પુદ્ગલનું સ્વરૂપ છે. એકની એક વસ્તુના સ્વરૂપો બદલાયા કરે છે. તેમાં ક્યાં આનંદ કરવો ને ક્યાં દુઃખી થાવું ? ક્યાં પ્રસન્ન બનવું તે ક્યાં મોં મચકોડવું ?

જેની પાસેથી પસાર થતાં મોઢું મચકોડવાનું, નાક બંધ કરવાનું મન થતું હતું, તે જ પાણીને લાવીને મેં વારંવાર ગાળ્યું, ઔષધિ નાંખીને કચરો દૂર કર્યો, સુગંધી દ્રવ્યો મિશ્રિત કર્યાં, તો તે પાણીનું સ્વરૂપ એવું બદલાઈ ગયું કે આપ તે પાણીને વારંવાર ઝંખ્યા કરો છો !

માટે જ કહેવાનું મન થાય છે કે "સબ પુદ્ગલકી બાજી." હે રાજન્ ! જે પુદ્ગલ પહેલાં દુર્ગંધ મારતું હતું તે જ પુદ્ગલ અત્યારે સુગંધ ફેલાવે છે. જે અત્યંતુ બેસ્વાદ હતું તે હાલ સ્વાદિષ્ટ બન્યું છે. તેથી પુદ્ગલના ખરાબ રૂપ - રંગ - સ્વાદ - સ્પર્શ - ગંધ જોઈને જુગુપ્સા ન કરવી કે તેના સારા રૂપાદિ જોઈને પ્રશંસા ન કરવી. આપણે તો પુદ્ગલની સર્વ અવસ્થામાં સમભાવ જ કેળવવો જોઈએ. તેથી તે દિવસે મેં દુર્ગંધ આવતી હોવા છતાં નાકે વસ્ત્ર લગાડ્યું નહોતું કે મોઢું મચકોડ્યું નહોતું. આજે સુગંધી જળ વાપરતાં મને હર્ષ પણ થતો નથી. કારણ કે આ બધા પુદ્ગલના પરિણામ છે. તેમાં રાજી શું થવાનું ને રીસાવવાનું ય શું ?

રાજાને મંત્રીની વાત બરોબર સમજાઈ ગઈ. મંત્રી પાસે ક્ષમા માંગીને રાજાએ કહ્યું, "મંત્રીશ્વર ! તમારું સુબુદ્ધિ નામ તમે સાર્થક કર્યું છે. ધન્ય છે તમારી બુદ્ધિને, તમારી સમજણને. તમે મારી આંખ ખોલી દીધી છે. હવે ક્યારે ય તેવી ગંદી ચીજો જોવા છતાં ય હું તેના તરફ ઘૃણા કરીશ નહિ. "પુદ્ગલનો આ પરિણામ છે." એવું વિચારીને મનનું સમાધાન કરી લઈશ."

બસ ! આપણે પણ મંત્રીશ્વરના આ તત્ત્વજ્ઞાનને નજરમાં લાવીશું તો ક્યારે ય, ક્યાં ય રાગદ્વેષ નહિ થાય. જુગુપ્સાના નિમિત્તો મળશે તો ય તે વખતે આપણને જુગુપ્સા નહિ થાય.

# (૧૨) વેદ મોહનીય કર્મ

યુવાનવય પ્રાપ્ત થતાં ચિત્ત ખળભળી ઊઠે છે. મનમાં વિકારોનાં તોફાનો જાગે છે. વિજાતીય તત્ત્વ પ્રત્યેનું આકર્ષણ પેદા થવા લાગે છે. તેનો સહવાસ કરવાની ઝંખનાઓ પેદા થાય છે. ક્યારેક કલ્પનામાં વિજાતીય તત્ત્વની સ્વપ્નજાળ રચાય છે. શરીર પણ ક્યારેક વાસનાના આવેશમાં ખેંચાઈ જાય છે. કેટલાકના જીવન તો પરસ્ત્રીગમન કે વેશ્યાગમન દ્વારા બરબાદ થવા લાગે છે. આ બધું થવાનું કારણ શું?

જૈનશાસનનો કર્મવાદ કહે છે કે કામવિકારો પેદા કરાવે છે વેદ મોહનીય કર્મ. તેનો ઉદય થતાં માનસિકવૃત્તિઓ બગડવા લાગે છે. વિજાતીય તત્ત્વ પ્રત્યેનું આકર્ષણ પેદા થાય છે.

આ વેદમોહનીય કર્મના ત્રણ ભેદ છે. (૧) પુરુષવેદ મોહનીય કર્મ (૨) સ્ત્રી વેદમોહનીય કર્મઃ અને (૩) નપુંસક વેદ મોહનીય કર્મ. આ ત્રણે ય નોકષાય મોહનીય કર્મના પેટાભેદો છે.

**(૭) પુરુષ વેદ મોહનીય કર્મ :** શરીરનો આકાર સ્ત્રીનો હોય કે પુરુષનો, આ કર્મનો ઉદય જેને થાય તેને સ્ત્રીનો સહવાસ કરવાની ઈચ્છા થાય છે. સ્ત્રી પ્રત્યે આકર્ષણ જાગે છે. તેની પાછળ તે પાગલ બનવા લાગે છે. સ્ત્રીના શરીરનું સુખ માણવા તે તલસે છે. આ કર્મનો ઉદય જો સ્ત્રીને થયો હોય તો તે સજાતીય વાસનામાં ફસાય છે. જો પુરુષને થયો હોય તો તેને વિજાતીયવાસના જાગે છે. સામાન્યતઃ આ કર્મનો ઉદય પુરુષોને હોય છે.

શાસ્ત્રમાં આ પુરુષવેદને તણખલાની આગ સાથે સરખાવ્યો છે. તણખલાને દીવાસળી ચાંપવામાં આવે તો તરત જ તે ભડભડ સળગવા લાગે. અને ક્ષણ વારમાં તે આગ ઓલવાઈ પણ જાય. આમ, તણખલાની આગ સળગે પણ જલદીને ઓલવાય પણ જલદી. તે જ રીતે પુરુષવેદના ઉદયવાળી વ્યક્તિને કામવાસના જાગે પણ જલદી અને શાંત પણ જલદી થાય.

આ પુરુષવેદનો ઉદય દરેક પુરુષોમાં સરખા પ્રમાણમાં ન હોય. કોઈને તીવ્રપણે, કોઈને સમાન્યપણે તો કોઈને તેનો અત્યંત મંદ ઉદય પણ હોય.

જે પુરુષને પુરુષવેદ મોહનીય કર્મનો ઉદય તીવ્ર હોય, તેની વાસના, તેના આવેગો અતિશય તીવ્ર હોય. એ ઈચ્છે તો ય પોતાની જાતને આ બાબતમાં કંટ્રોલમાં ન રાખી શકે. એની વાસના, એના આવેગો કામસેવન કર્યાં વિના શાંત ન થાય.

જે પુરુષને પુરુષવેદમોહનીય કર્મનો ઉદય સામાન્યપણે હોય તેને ય નિમિત્ત મળતાં કામવાસના તો જાગે, તેના આવેગો પણ હોય, પરંતુ તે તપથી, જપથી, તત્ત્વજ્ઞાનથી

પોતાના તે વેદના ઉદયને શાંત કરી શકે છે. તે આવેગોને કંટ્રોલમાં રાખી શકે છે.

અને જે પુરુષને આ પુરુષવેદ મોહનીયકર્મનો અતિશય મંદ ઉદય હોય તેને તો નિમિત્તો મળે તો ય તે વાસનાને આધીન બનતો નથી. સ્ત્રી પ્રત્યે તેના મનમાં સહજ રીતે આકર્ષણ પેદા થતું નથી. એ ખૂબ જ સહેલાઈથી કામવાસનાને કંટ્રોલમાં રાખી શકે છે. તે માટે તેને તપ - જપ વગેરેનો પણ ખાસ પ્રયત્ન કરવો પડતો નથી. આવી વ્યક્તિ સાધુજીવન ખૂબ જ સુંદર રીતે પાળીને પોતાનું જલદીથી આત્મકલ્યાણ સાધી શકે છે.

અષાઢાભૂતિ, નંદીષેણમુનિ વગેરેનું પણ આ વેદોદયની પ્રબળતાના કારણે પતન થયું હતું, છતાં ય તે વેદોદય શાંત થતાં તેમણે આત્મકલ્યાણ સાધી પણ લીધું હતું.

**(૮) સ્ત્રી વેદ મોહનીય કર્મ :** આ કર્મના ઉદયથી સ્ત્રીઓને પુરુષ તરફ આકર્ષણ પેદા થાય છે. પુરુષના શરીરનું સુખ માણવાની ઈચ્છા થાય છે. તેનો સહવાસ પામવા તે ઈચ્છે છે.

આ કર્મનો ઉદય બકરીની લીંડીના અગ્નિ જેવો છે. સળગાવીએ તો તે જલ્દી સળગે નહિ. ઘણી મહેનત પછી સળગે. પણ સળગ્યા પછી ઘણીવાર સુધી ઓલવાય જ નહિ. તેમ સ્ત્રીના મનમાં પણ પુરુષો માટેની વાસના બહુ જલદી જાગતી નથી. વાસના જયારે જાગે ત્યારે તે જલદીથી શાંત પણ થતી નથી. જેમ જેમ એ પુરુષનો સહવાસ પામે, તેમ તેમ તેની વાસના વધતી જાય છે.

જો આ સ્ત્રીવેદનો ઉદય પુરુષને થાય તો તેને પણ પુરુષ પ્રત્યે આકર્ષણ પેદા થાય છે, પરિણામે તે સજાતીય સંબંધ બાંધીને પોતાનું જીવન બરબાદ કરી દે છે.

જો સ્ત્રીને આ વેદનો ઉદય પ્રબળ હોય તો જ્ઞાન - ધ્યાન - તપાદિ ઉપાયો દ્વારા પણ તે પોતાની કામવાસનાને શાંત રાખી શકતી નથી. પણ જેને આ સ્ત્રીવેદનો ઉદય સામાન્ય હોય તેને નિમિત્ત મળતાં વાસના જાગે તો છે, પણ જો તે તપ - સ્વાધ્યાય આદિનો સહારો લે તો તે વાસનાને કંટ્રોલ કરી શકે છે. મંદ ઉદયવાળી સ્ત્રીને તો નિમિત્ત મળવા છતાં ય કામવાસના જાગતી નથી.

**(૯) નપુંસક વેદ મોહનીય કર્મ :** આ કર્મનો ઉદય જેને થાય છે, તેને અત્યંત પ્રબળ કામવાસના જાગે છે. તેને પુરુષ તથા સ્ત્રી, બંને પ્રત્યે તીવ્ર આકર્ષણ પેદા થાય છે. બંનેના સહવાસને તે ઝંખે છે. બંનેના શરીરના સુખને પામવા તે ઈચ્છે છે.

તેનામાં કામવાસનાની આગ એટલી બધી પ્રબળ જાગે છે કે જયાં સુધી તેની વાસના ન સંતોષાય ત્યાં સુધી તે શાંત થતો નથી.

શાસ્ત્રમાં આ નપુંસકવેદના ઉદયને નગર દાહ જેવો જણાવેલ છે. આખું ને આખું નગર ભડભડ બળતું હોય તો તેને શી રીતે ઓલવી શકાય ? તેમ આ નપુંસક વેદના ઉદયે એટલી બધી પ્રબળ કામવાસના જાગે છે કે જેને શાંત કરવી અતિશય મુશ્કેલ છે.

વળી તેની આ કામવાસના ઘણા લાંબા સમય સુધી તેને બેચેન કરતી રહે છે.

આ વેદમોહનીયકર્મનો સંપૂર્ણ નાશ તો નવમા ગુણસ્થાનકે થાય છે. તે પૂર્વની અવસ્થાવાળા તમામ સંસારી જીવોને આ ત્રણમાંથી કોઈને કોઈ વેદમોહનીય કર્મનો ઉદય હોય જ છે. આ કાળમાં, આપણા ભરતક્ષેત્રમાં કોઈ પણ આત્મા સાતમા ગુણસ્થાનકથી આગળ વિકાસ સાધી શકતો નથી. તેથી દરેક જીવને ઓછા - વત્તા અંશમાં કામવાસના હોય છે.

પરંતુ કેટલાક આત્માઓ આ કામવાસનાને આધીન બની જઈને પીડાય છે, જ્યારે કેટલાક આત્માઓ આ કામવાસના પર વિજય મેળવવા સતત જાગ્રત રહે છે. તપ, ત્યાગ, ધ્યાન, જાપ, જ્ઞાન વગેરે પુરુષાર્થ દ્વારા મનની વૃત્તિઓનું ઉર્ધ્વીકરણ કરે છે. પરિણામે નિર્વિકારી અવસ્થા પ્રાપ્ત કરવાની વિશિષ્ટ ભૂમિકા પેદા કરી શકે છે. આવો પુરુષાર્થ તો માનવગતિમાં જ થઈ શકે. માટે આપણને જ્યારે આ માનવભવ મહાપુણ્યોદયે મળ્યો છે, ત્યારે આપણે એવો વીર્યોલ્લાસ પેદા કરવો જોઈએ કે જેથી અનાદિકાળથી સતાવતી આ કામવાસના ઉપર આપણે વિજય મેળવી શકીએ.

કામવાસનાનું સેવન કરવાથી નવું વેદમોહનીયકર્મ બંધાય છે. તે ન બાંધવા પણ કામવાસનાનો ત્યાગ કરી દેવો જોઈએ.

જે પુરુષ (સ્ત્રી) પોતાની પત્ની(પતિ)માં સંતુષ્ટ રહે છે, પરસ્ત્રી(પુરુષ)નો ત્યાગ કરે છે, તે પુરુષવેદ બાંધે છે. જે સ્ત્રી - પુરુષોના કષાયો મંદ હોય, જેઓ વક્રસ્વભાવના નહિ પણ સરળ સ્વભાવના હોય, ગુણવાન હોય તેઓ પુરુષવેદ મોહનીયકર્મ બાંધે છે. તેના ઉદયે આ સંસારમાં સ્ત્રીની અપેક્ષાએ જેનું વધારે મહત્ત્વ છે તે પુરુષનું શરીર મળે છે.

જેઓ અસત્ય બોલે છે, માયાવી હોય છે, સતત વિષાદમાં રહ્યા કરે છે, કામવાસનામાં ખૂબ આસક્ત બને છે, બીજાના સુખની ઈર્ષ્યા કરે છે, તેઓ સામાન્યતઃ સ્ત્રીવેદ મોહનીયકર્મ બાંધે છે.

પરંતુ જેઓ સાધ્વીજી કે સતી સ્ત્રીના શીલનો ભંગ કરે છે, તીવ્ર કામવાસના સેવે છે, સતત કામવિકારોમાં રચ્યા - પચ્યા રહે છે. સ્ત્રી અને પુરુષ, બંનેના સહવાસની ઈચ્છા રાખ્યા કરે છે, તીવ્ર રાગ - દ્વેષ કર્યા કરે છે. તેઓ પ્રાયઃ નપુંસકવેદમોહનીય કર્મ બાંધે છે.

આ વેદમોહનીય કર્મના ફંદામાંથી બચવા બ્રહ્મચર્યવ્રત સ્વીકારી લેવું જોઈએ. જેઓ સુંદર બ્રહ્મચર્ય પાળી ગયા છે, તેવા સ્થૂલભદ્રજી, બપ્પભટ્ટસૂરિજી, વિજય શેઠ - વિજયા શેઠાણી વગેરેના જીવનચરિત્રો વારંવાર વાંચવા જોઈએ. તેમનું ધ્યાન ધરવું જોઈએ. તેમની પાસેથી નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળવાનું બળ પ્રાપ્ત કરવું જોઈએ.

વળી કામવાસનાના નિમિત્તોથી દૂર રહેવું જોઈએ. સિનેમા, ટી. વી., કેબલ

ચેનલો વગેરે જોવાનો સદંતર ત્યાગ કરી દેવો જોઈએ. અશ્લીલ પુસ્તકો, મેગેઝીનો વગેરે વાંચવાનું બંધ કરી દેવું જોઈએ. તેવી વાતો કરનારા મિત્રવર્તુળથી સો યોજન દૂર રહેવું જોઈએ. વાસનાને જગાડનારા માદક ભોજનનો ત્યાગ કરવો જોઈએ. સાત્ત્વિક આહાર, સંસ્કારી મિત્રો અને સુંદર સાહિત્યનું સેવન કરવું જોઈએ. પરમપિતા પરમાત્મા અને તારક ગુરુભગવંતનો અનુગ્રહ પ્રાપ્ત કરવા તેમની ભાવવિભોર બનીને ભક્તિ કરવી જોઈએ. તે પ્રમાણે કરવાથી આ વેદમોહનીયના ઉદયને સંયમમાં રાખવાની પુષ્કળ તાકાત પ્રાપ્ત થશે.

સોળ કષાય અને નવ નોકષાય મળીને ચારિત્ર મોહનીય કર્મના પચીસ પ્રકાર થયા. તેમાં દર્શન મોહનીય કર્મના ત્રણ પેટાભેદ (મિથ્યાત્વ - મિશ્ર - સમક્તિ મોહનીય) ઉમેરતાં અઠ્ઠાવીસ ભેદ મોહનીય કર્મના થયા. તેને ખલાસ કરવાની આપણે સાધના કરવાની છે. આ મોહનીય કર્મ સંપૂર્ણ ખતમ થાય કે તરત જ આપણે વીતરાગ બની જઈએ. અંતર્મુહૂર્તમાં આપણને ધર્મસત્તા તરફથી કેવળજ્ઞાન - કેવળદર્શનની ભેટ મળતાં આપણે સર્વજ્ઞ બનીએ. ટૂંક સમયમાં બાકીનાં કર્મો ખતમ થતાં આપણને આપણો પ્યારો મોક્ષ મળી જાય.

જિનશાસનમાં આત્માના વિકાસની સાધના ચૌદગુણસ્થાનક તરીકે પ્રસિદ્ધ છે. તેમાં મુખ્યત્વે રાગ - દ્વેષ - મોહ - મમતા - કષાયોને ત્યાગવાની જ સાધના કરવાની હોય છે. મોહનીયકર્મની પ્રબળતાથી સંસારમાં પરિભ્રમણ છે. મોહનીયકર્મના નાશમાં મોક્ષની પ્રાપ્તિ છે.

જેમ જેમ મોહનીયકર્મ ઓછું થાય તેમ તેમ આત્મા આ ચૌદ ગુણસ્થાનકના ૧૪ પગથિયામાં ઉપર ઉપર ચડતો જાય.

અનંતાનુબંધી કષાયો શાંત પડે એટલે ચોથા પગથિયે (ગુણસ્થાને) પહોંચાય. અપ્રત્યાખ્યાનીય કષાયો શાંત પડે એટલે પાંચમા પગથિયે, પ્રત્યાખ્યાનીય કષાયો શાંત પડે એટલે છઠ્ઠા પગથિયે પહોંચે. મોહનીયકર્મનો ક્ષય કરવાની સાધના રૂપ શ્રેણીમાં આગળ વધે, નોકષાયો ખપે એટલે દસમે પગથિયે પહોંચે. સંજ્વલન લોભ ક્ષય પામે એટલે બારમે પગથિયે પહોંચે. વીતરાગ બને. વીતરાગ બનતાં માત્ર એક જ અંતર્મુહૂર્તમાં ધર્મસત્તા તરફથી કેવળજ્ઞાન - કેવળદર્શનની ભેટ મળે. મોક્ષની પ્રાપ્તિ થયા વિના ન રહે.

આમ કેવળજ્ઞાન મેળવવા પણ ભણવાની જરૂર નથી. તે માટે તો મોહનીયકર્મ ખપાવવાની જરૂર છે. મોક્ષ મેળવવા પણ મોહનીયકર્મને ખલાસ કરવાની સાધના કરવાની જરૂર છે.

આમ, મોહક્ષયની સાધના એ જ ઉત્તમ સાધના છે. આ સાધનાને જ જીવનમાં અપનાવવાની છે.

# (૧૩) આયુષ્ય કર્મ

ઉનાળાની ગરમીના સમયમાં ૮૫ વર્ષના ડોસીમા પોતાની ઝુંપડીના દરવાજાના ભાગમાં ખાટલો ઢાળીને રાત્રે સુતા હતા. તે વખતે એક પાડી ત્યાંથી પસાર થઈ. ભુખ લાગી હતી. મોઢું ગમે ત્યાં માંડવાની ટેવ હતી. ધીમે રહીને તે ઝુંપડીમાં પ્રવેશવા લાગી. વચ્ચે ડોસીમાનો ખાટલો હોવાથી આગળ તો વધાય તેમ નહોતું. તેણે તો ખાટલામાં જ ખાવા માટે મોઢું નાંખ્યું. પણ ખાવાનું તો બીજુ કાંઈ હતું નહિ. ડોસીમાનો સાડલો મોમાં આવ્યો. પાડીને તો શું સમજાય? તેણે તો જે મળે તે ખાવાનું હોય. તે તો સાડલો ખાવા લાગી.

ધીમે ધીમે સાડલો ખેંચાવા લાગ્યો. એકદમ ચમકીને ડોસીમા જાગ્યા. અરેરે ! મારો સાડલો કોણ ખેંચે છે ? તે જોવા ચારે બાજુ નજર ફેરવવા લાગ્યા. પણ અંધારું ગાઢ હતું. તેમાં પાડી શી રીતે દેખાય ? છતાં આછો આછો પાડીનો આકાર દેખાતાં તેઓ વધારે ચમક્યા અને બૂમ પાડવા લાગ્યા...

''અરે ! જમબાબજી આવ્યા ! જમબાબજી આવ્યા !'' હૈયામાં થડકાટ છે. જીવવાની તીવ્ર તમન્ના છે. મોત વધાવવાની કોઈ તૈયારી નથી. છતાં માંડ માંડ ધીરજ ધરીને તેઓ બેઠા થયા અને પેલી પાડીને કહેવા લાગ્યા, ''ઓ જમબાબજી ! હું માંદી નથી. મને તાવ નથી આવ્યો. તમે મને ક્યાં ઉપાડી?

અરે જમબાબજી ! તમે રસ્તો ભૂલ્યા ! તમે પથારી ભૂલ્યા ! પધારો આ બાજૂ... જુઓ પેલો ખાટલો દેખાય છે ને ! તેમાં સુતેલો છોકરો માંદો છે . એને તાવ આવે છે. એને લઈ જાઓ. એનો વારો છે. મારે તો હજુ ઘણી વાર છે !''

જુઓ તો ખરા ! ૮૫ વર્ષના ડોસીમાને મરવાની હજુ વાર છે અને ૮ વર્ષના છોકરાને મરવાનો સમય થઈ ગયો છે ! કમાલ કહેવાય ને ! કેવો સ્વાર્થી છે આ સંસાર !

ડોસીમા ભલે માનતા હોય કે જમબાબજી આવે છે, તે શરીરમાંથી પ્રાણ લઈ જાય છે. જમબાબજી લઈ જાય તો જ મોત થાય. જ્યાં સુધી તેઓ પ્રાણ લેવા ન આવે ત્યાં સુધી આપણું જીવન સહીસલામત ચાલે. વગેરે... પરંતુ આ વાત સાચી નથી.

હકીકતમાં યમરાજ જેવી કોઈ હસ્તિ આ દુનિયામાં નથી. જે જીવ જેટલું આયુષ્યકર્મ બાંધીને આવ્યો હોય, તેટલું આયુષ્ય પૂર્ણ થતાં તેને મરવું પડે છે. જન્મ, જીવન અને મોતની ઘટમાળ ચલાવવાનું કાર્ય આયુષ્યકર્મનું છે.

આ આયુષ્યકર્મની હકુમત તમામ સંસારીજીવો ઉપર ચાલે છે. તીર્થંકરો, વાસુદેવો, ચક્રવર્તીઓ પણ તેનાથી છટકી શકતા નથી. મોક્ષમાં જે જીવો પહોંચી જાય છે, તેની

ઉપર આયુષ્યકર્મ કોઈ જ અસર કરી શકતું નથી. મોક્ષમાં પહોંચેલાને જન્મવાનું નથી. મોતને સ્વીકારવાનું નથી. અરે ! મોતનું જ કાયમ માટે મોત થઈ જાય છે ! આમ, મોક્ષે પહોંચે તેને જન્મવાનું નહિ માટે મરવાનું પણ નહિ એટલે કે જે જન્મ લેવાનું બંધ કરે તેને મોતમાંથી છૂટકારો મળે પણ જે જન્મ લેવાનું બંધ ન કરે તેને મોતમાંથી મુક્તિ પણ ન જ મળે.

તેથી મોત એ બીજું કાંઈ નથી પણ જન્મ લેવાનો જે ગુનો કર્યો; તેની સજા છે. જે ગુનો કરે તેને જ તેની સજા મળે. જે ગુનો ન કરે તેને તેની સજા ન મળે. જો આપણને મરવું ન ગમતું હોય, જો મોતનું નામ પડતાં જ આપણે ધ્રૂજી જતાં હોઈએ, મોતની સજા સ્વીકારવા તૈયાર જ ન હોઈએ તો હવે જન્મ લેવાનો ગુનો કરવાનું જ બંધ કરી દેવું જોઈએ. જન્મ જ લેવો નથી ને ! પછી મોત આવે જ શી રીતે ?

જેને જન્મ લેવાનો ગુનો ન કરવો હોય તેણે બીજાને જન્મ આપવામાં નિમિત્ત બનવાનું બંધ કરી દેવું જોઈએ. તેણે સંપૂર્ણ બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું જોઈએ. પરમાત્માના માર્ગે ડગ ભરવા જોઈએ. તેમ કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય. જન્મ - મરણની કાયમ માટે નાબૂદી થાય.

પણ જ્યાં સુધી મોક્ષમાં નથી પહોંચ્યા ત્યાં સુધી તો જન્મ - મરણની ઘટમાળ ચાલ્યા જ કરવાની. આપણી ઈચ્છા પણ જ્યાં જન્મ લેવાની ન હોય ત્યાં પહોંચી જવું પડે. ઈચ્છાવિહોણો જન્મ લઈને પાપમય જીવન પસાર કરવું પડે. છેલ્લે રીબામણમય મોતને વધાવવું પડે. આ તે કાંઈ જીંદગી કહેવાય ?

સારી જીંદગી જીવ્યા તો ત્યારે કહેવાઈએ કે જ્યારે મોતને પણ મારી નાંખીએ. મોત આપણી ઉપર કદી ય ત્રાટકી ન શકે તેવી સ્થિતિનું નિર્માણ કરીએ. મોતનું પણ મરણ કરવું તેનું નામ છે નિર્વાણ. તીર્થંકર ભગવંતોએ પણ જન્મ લીધાનો ગુનો કર્યો તો તેમનું આયુષ્ય પૂર્ણ થતાં તેમને ય મરવું પડે, પણ તેમના મરણને નિર્વાણ કહેવાય કારણ કે તેઓ મોતને પણ મારી નાંખીને મરે છે. તેઓ ફરી ક્યારે ય જન્મ - મરણ ન કરવા પડે તેવી વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરીને મરે છે.

આયુષ્ય કર્મ પૂર્ણ થતાં સાધુ - સાધ્વીજી ભગવંતો પણ મૃત્યુ પામે છે, પણ તેને કાળધર્મ કહેવાય છે. તેઓ તો મોતને મારી નાંખવાની સાધના કરી રહ્યા હતા; પણ અધવચ્ચે કાળે પોતાનો ધર્મ બજાવ્યો. પરિણામે તેમનો આત્મા પોતાની અધૂરી સાધના આગળ ધપાવવા અન્યત્ર વિદાય થયો.

જે જન્મ્યો છે, તે પૂર્વભવમાં આ ભવનું આયુષ્યકર્મ બાંધીને આવ્યો છે. જ્યાં સુધી આયુષ્યકર્મ છે, ત્યાં સુધી જીવશે. જેવું આયુષ્યકર્મ પૂર્ણ થશે કે તરત જ મોત પામશે.

પછી તે વખતે તે; દુકાનમાં હોય કે ઘરે હોય ! જમતો હોય કે સંડાસમાં હોય ! માંદો હોય કે સાવ સાજો હોય ! સંસારી હોય કે સાધુ હોય ! ચોરી કરતો હોય કે ચોરી કરનારને સજા કરતો હોય ! આયુષ્યકર્મ જે સમયે પૂર્ણ થાય તે જ સમયે તેને બીજા ભવમાં ચાલ્યા જવું પડે.

હજુ તો કપાળ ઉપર ઘીના લચકાં મૂકાતાં હોય, નાકમાં રૂના પૂમડાં મૂકાતા હોય, જીવે છે કે મરે છે ? તેની ચકાસણી ચાલતી હોય, તે પહેલાં તો આત્મા નીકળીને બીજા ભવમાં ઉત્પન્ન પણ થઈ ગયો હોય !

પાકી ખાતરી થતાં, રો - કકળ શરૂ થઈ હોય, બધાને સમાચાર પહોંચાડાતા હોય, બધા ભેગા થતાં હોય, દીકરા - દીકરીઓ બહારગામથી આવી રહ્યા હોય, મૃતકને હજુ તો કાલે કાઢવાના હોય, એટલે શું એમ સમજવાનું કે હજુ અગ્નિસંસ્કાર નથી થયો માટે તેનો આત્મા બીજે જન્મ્યો જ નથી ?

અગ્નિસંસ્કાર તરત કરાય કે દસ દિવસ પછી કરાય; આત્મા તો એકભવમાંથી નીકળ્યા પછી વધુમાં વધુ પાંચ સમયમાં બીજી જગ્યાએ ઉત્પન્ન થઈ જ જાય છે. આ ભવમાં જે ભવનું આયુષ્યકર્મ બાંધ્યું હોય, તે ભવમાં પહોંચી જાય છે. આ ભવના મૃત્યુના બીજા જ સમયે આવતાભવનું આયુષ્યકર્મ ઉદયમાં આવી જાય છે. નવાભવની ઉંમરની ગણત્રી શરૂ થઈ જાય છે.

આ આયુષ્યકર્મ ચાર પ્રકારનું છે. (૧) દેવ આયુષ્ય કર્મ. (૨) મનુષ્ય આયુષ્ય કર્મ (૩) તિર્યંચ આયુષ્ય કર્મ અને (૪) નરક આયુષ્ય કર્મ.

જે આયુષ્યકર્મ બાંધ્યું હોય, તે ગતિમાં તે જીવને તેટલો સમય જકડાઈને રહેવું જ પડે છે. તે ઈચ્છે કે ન ઈચ્છે, તેનું પોતાનું કાંઈ જ ચાલતું નથી. અનંતી શક્તિનો સ્વામી આ આત્મા આયુષ્યકર્મનો ગુલામ બનીને તેના કહ્યા પ્રમાણે તે ગતિના શરીરમાં કેદીની જેમ સપડાઈ રહે છે. માટે આયુષ્યકર્મને શાસ્ત્રોમાં બેડી જેવું જણાવેલ છે.

જેમ કોઈ ડાકુ કે ગુંડાએ ચોરી, ખૂન કે, લૂંટફાટ કરી હોય અને પકડાઈ જાય તો તેના હાથ - પગમાં લોખંડની બેડીઓ નાંખવામાં આવે, તેને જેલના સળીયા પાછળ ધકેલી દેવામાં આવે, જેટલા વર્ષની સજા નક્કી કરવામાં આવે તેટલો સમય તેણે જેલમાં રહેવું જ પડે. તે ગમે તેટલા ધમપછાડા કરે તો પણ છટકી ન શકે તેવો ચાંપતો બંદોબસ્ત હોય. ઈચ્છે કે ન ઈચ્છે, તેણે તેટલા વરસ તો પરાધીન અવસ્થામાં પસાર કરવા જ પડે.

તે જ રીતે આત્માને પણ પોતે જેટલા વર્ષનું આયુષ્યકર્મ બાંધ્યું હોય તેટલા વરસ સુધી આ શરીર રૂપી જેલમાં બંધાઈને રહેવું જ પડે. આત્મા માટે શરીર એ જેલ છે. જ્યાં આયુષ્યકર્મ પૂર્ણ થાય કે તરત જ આ શરીર રૂપી જેલમાંથી તેનો છૂટકારો થઈ જાય.

પણ આ શરીર રૂપી જેલમાં રહેવા દરમ્યાન તેણે જે નવું આયુષ્યકર્મ બાંધ્યું. તે તેને બીજાભવના નવા શરીર રૂપી જેલમાં પૂરે. ત્યાં પરાધીનતાભર્યું જીવન જીવડાવે. જ્યાં સુધી આયુષ્યકર્મ રૂપી મુદત પૂરી ન થાય ત્યાં સુધી તેને તે શરીર રૂપી જેલના બંધનમાં જકડી રાખે.

નરકના જીવોનું આયુષ્ય ઓછામાં ઓછું ૧૦,૦૦૦ વર્ષનું હોય છે. ત્યાં ભયંકર દુઃખો તેમણે સહન કરવા પડે છે. ચીસાચીસ કરે છે. મરવાની તેમને વારંવાર ઈચ્છા થાય છે. નાસી છૂટવાનું મન થાય છે. પણ આ આયુષ્યકર્મ રૂપી બેડીમાં તેઓ એવા ઝડપાયા છે કે નરકના શરીર રૂપી જેલમાંથી બહાર નીકળી જ ન શકે.

ઓછામાં ઓછા દસ હજાર વર્ષ પસાર થાય પછી જ તેઓ નરકમાંથી નીકળી શકે. વધુમાં વધુ ૩૩ સાગરોપમનું આયુષ્યકર્મ તેમણે બાંધેલું હોઈ શકે છે. જેમણે તેવું બાંધેલ હોય તેઓ તેટલો સમય પૂર્ણ ન થાય ત્યાં સુધી નરકમાંથી બહાર નીકળી ન શકે. મરવા માંગે તો ય મરી ન શકે. આપઘાત કરવાના કોઈપણ નુસખા તેમને કામ ન લાગે.

પરમાત્મા મહાવીરદેવ પ્રાપ્ત થયા પૂર્વે જ મહારાજા શ્રેણિકે પોતાની ધર્મહીન અવસ્થામાં એક તીરથી બચ્ચા સહિત હરણીને વીંધીને એવું ભયંકર કર્મ બાંધેલ કે જેના કારણે તેમને નરકમાં જવું પડ્યું છે. ૮૪૦૦૦ વર્ષનું નરકાયુષ્યકર્મ તેમણે બાંધેલ છે. ત્યાં ભયંકર પીડા ભોગવી રહ્યા છે. પરમાત્મા મળ્યા પછી જીવનપરિવર્તન થયું. પરમાત્મ ભક્તિના પ્રભાવે તીર્થંકરનામકર્મને તેમણે નિકાચિત બાંધ્યું.

નરકમાંથી નીકળીને આવતી ચોવીસીમાં તેઓ પદ્મનાભસ્વામી નામના પ્રથમ તીર્થંકર પણ થવાના છે. વિશ્વના સર્વ જીવોને તારી દેવાની ભાવના તેમના રોમરોમમાં વહી રહી છે. છતાં ય હાલ તેઓ કાંઈ જ કરી શકે તેમ નથી. ગમે તેટલી ઈચ્છા હોય તો ય નરકના ૮૪૦૦૦ વર્ષ તેમણે ત્યાં જ પૂરા કરવા પડશે. આ તો જેલની બેડી છે. ન છૂટે ત્યાં સુધી છટકી જ ના શકાય.

આપણે આ આયુષ્યકર્મ બંધાય જ નહિ. કાયમ માટે તેનાથી છૂટકારો થઈ જાય તેવો પ્રયત્ન કરવાનો છે. કારણ કે તે આત્માના 'અક્ષયસ્થિતિ' નામના ગુણને ઢાંકી દે છે.

**ક્ષય એટલે નાશ પામનારી. અક્ષય એટલે કદીપણ નાશ નહિ પામનારી. આત્મા** જો મોક્ષમાં પહોંચે તો તે કાયમ માટે પોતાના સ્વરૂપમાં લીન રહે. ક્યારેય તેની ત્યાંની સ્થિતિ ક્ષય પામે નહિ. પણ તે સિવાય નારક, મનુષ્ય, દેવ કે તિર્યંચ તરીકે તેના તે જ ભવમાં તે કાયમ માટે પોતાની સ્થિતિ ટકાવી શકતો નથી. તેના ભાવો બદલાય છે.

તેની સ્થિતિમાં ફરક પડે છે. આ ફરક પાડવાનું કામ કરે છે આયુષ્યકર્મ.


તે આ આયુષ્યકર્મના કારણે અક્ષયસ્થિતિ નામનો આત્માનો ગુણ ઢંકાઈ જાય છે. આત્મા કોઈ એક ઠેકાણે કાયમ માટે સ્થિર રહી શકતો નથી. આજે આ ગતિમાં તો કાલે બીજી ગતિમાં, આજે આ ભવમાં તો કાલે પરભવમાં આત્મા આ કર્મના કારણે જાય છે. આયુષ્યકર્મના કારણે આત્માના ભવો બદલાતાં રહે છે.

આ ભવ બદલવાની ક્રિયાનું નામ છે જન્મ અને મરણ ! આ ભવનું શરીર છોડવાની આત્માની ક્રિયા તે મરણ અને પરભવનું નવું શરીર બનાવવાની ક્રિયા કરવી તે જન્મ ! આ જન્મ - મરણની ક્રિયા કરાવવાનું કામ આયુષ્યકર્મ કરાવે છે.

જન્મ અને મરણની ક્રિયાના વચ્ચેના સમયને જીવન કહેવાય છે. કોનું કેટલું જીવન ? તેનો આધાર તેણે પૂર્વભવમાં બાંધેલા આયુષ્યકર્મ ઉપર છે. જેણે જેટલાં વર્ષનું આયુષ્ય પૂર્વભવે બાંધેલું હોય તેટલા વર્ષનું જીવન તેણે આ ભવમાં જીવવાનું હોય છે. તેટલું આયુષ્ય પૂર્ણ થયાં પહેલાં સામાન્યથી તેનું મોત આવતું નથી.

તીર્થંકર પરમાત્મા મહાવીરદેવ ઉપર સંગમ નામના દેવે કેવા ભયંકર ઉપસર્ગો કર્યાં હતા ! મેરુપર્વતના ચૂરેચૂરા કરી દે તેવું કાળચક્ર તેમની ઉપર છોડ્યું હતું, છતાં પરમાત્માને તે ચૂરી ન શક્યું ! વાઘ - સિંહ જેવાં જંગલી પશુઓએ હુમલાઓ કર્યાં. પક્ષીઓએ ચાંચો મારી. કોઈએ પ્રભુના બે પગનો ચૂલો બનાવીને ખીર રાંધી. આવા ભયંકર અનેક ઉપસર્ગો તે ભગવાન ઉપર આવ્યા. ભગવાનની સમતા અનહદ હતી. સહિષ્ણુતા અપરંપાર હતી. પ્રસન્નતા જોરદાર હતી. ભગવંતે બધી વેદના - પીડા સહન કરી. પણ આવા કષ્ટોમાં ય પરમાત્મા જીવંત રહ્યા. કારણકે પરમાત્માનું આયુષ્ય નિરુપક્રમ હતું. અનપવર્તનીય હતું.

જે આયુષ્ય બંધાયું હોય, તેમાં જરા પણ અપવર્તના (ઘટાડો) થઈ જ ન શકે તે આયુષ્યને અનપવર્તનીય આયુષ્ય કહેવાય. બંધાયેલાં જે આયુષ્યમાં અપર્વતના (ઘટાડો) પણ થઈ શકે તેમ હોય, તે આયુષ્યને અપવર્તનીય આયુષ્ય કહેવાય. પરમાત્માનું આયુષ્યકર્મ અનપવર્તનીય હતું. તેથી પરમાત્મા તમામ ઉપસર્ગોમાં પણ જીવંત રહ્યાં.



# (૧૪) આયુષ્યકર્મના ઉપક્રમો

બંધાયેલાં આયુષ્યમાં ઘટાડો કરવામાં જે કારણ બને, મોતને જે નજીકમાં લાવે, વહેલું લાવે તે ઉપક્રમ કહેવાય. તેવા ઉપક્રમવાળાં આયુષ્યને સોપક્રમ આયુષ્ય કહેવાય. તેવા ઉપક્રમ વિનાના આયુષ્યને નિરુપક્રમ આયુષ્ય કહેવાય.

ધસમસતી ટ્રેઈન આવતી હોય ત્યારે સામે ચાલીને પાટા ઉપર જઈને સૂઈ જાય તો વહેલાં મરી જાય અને તે રીતે જે સૂઈ ન જાય તે વધારે પણ જીવે. ઝેર ખાય તો મરે પણ ઝેર ન ખાય તો ન મરે. આપઘાત કરીને જે જીવો પોતાનું આયુષ્ય ટૂંકાવી દે છે, તેઓએ જો આપઘાત ન કર્યો હોત તો આયુષ્ય ટૂંકાત નહિ. આમ, ક્યારેક આયુષ્ય પૂરેપૂરું ભોગવાય છે, તો ક્યારેક આયુષ્ય પૂરેપૂરું ભોગવાયા પહેલાં જ માણસ મરી જતો જોવા મળે છે. તેમનું તે આયુષ્ય સોપક્રમ ગણાય. અપવર્તનીય ગણાય.

બંધાયેલ આયુષ્યનો કાળ પૂર્ણ થયાં પહેલાં જ મોત લાવનારા જે ઉપક્રમો છે, તે સાત પ્રકારના છે. (૧) અધ્યવસાય. (૨) નિમિત્ત (૩) આહાર (૪) વેદના (૫) સ્પર્શ (૬) શ્વાસોશ્વાસ અને (૭) શસ્ત્ર.

**(૧) અધ્યવસાય :** રાગના, સ્નેહના કે ભયના અધ્યવસાયના કારણે પણ અકાળે મોત આવી શકે છે. (અ) રાગજન્ય અધ્યવસાય : આકર્ષણ, મોહ, લાગણી વગેરે રાગનો અધ્યવસાય માણસને મોતના મુખમાં ધકેલી દે છે.

એક યુવાન એક યુવતી તરફ આકર્ષાયો. તેના વિરહમાં સતત તેને મેળવવાનું ધ્યાન ધરે છે. પણ બંનેની જ્ઞાતિ જુદી. કોઈ કાળે તે યુવતી તેને મળી શકે તેમ નહોતી. તેની યાદમાં તે ઝુરવા લાગ્યો. માંદો પડ્યો. મરી ગયો.

ઉનાળાના ધોમધખતા તાપમાં, પરબ પાસે પાણી પીવા યુવાન આવ્યો. પાણી પાવાનું કામ એક યુવતી કરતી હતી. તેણે યુવાનને પાણી આપ્યું. યુવાન તો પાણી પીને આગળ વધ્યો. પણ તેની કામણગારી, હૃષ્ટપુષ્ટ કાયા તરફ તે યુવતી ખેંચાણી. જતાં એવા યુવાનની સામે રાગથી જોવા લાગી. યુવાન દેખાતો બંધ થયો ત્યાં જ તે યુવતીના પ્રાણ પણ ચાલ્યા ગયા; રાગના કારણેસ્તો.

**(બ) સ્નેહજન્ય અધ્યવસાય :** પુત્ર, પત્ની, પતિ, માતા વગેરેના મૃત્યુના સમાચાર સાંભળવાથી સ્નેહના કારણે અકાળે મોત થતું જોવા મળે છે. ત્યાં તેમના પ્રત્યેનો સ્નેહ ઉપક્રમ બને છે.

કોઈએ ટેલીફોનમાં એક સ્ત્રીને કહ્યું, ''તમારા પતિનું અકસ્માતમાં મૃત્યુ થયું

છે. તેમની ઉપર બસ ફરી વળી છે." આટલું સાંભળતાં જ પત્ની ગભરાઈ ગઈ. આગળ કાંઈ જ બોલી શકી નહિ. હાથમાંથી ફોન પડી ગયો. ઢળી પડી, ખરેખર તે પોતે જ મરી ગઈ.

થોડીવારમાં પેલા માણસે ફરી ફોન જોડ્યો. તેના મનમાં એમ હતું કે, કહી દઉં; "આ તો એપ્રીલફુલ બનાવ્યા છે. આજે પહેલી એપ્રીલ છે. આ માત્ર ગમ્મત હતી. તમારા પતિ તો જીવે છે." પણ સામે કોઈ ફોન ઉપાડતું જ નથી.

થાકીને તે ભાઈ તેમના ઘરે પહોંચ્યા, ત્યારે પેલી સ્ત્રીનું શબ દેખાયું. પોતાની ભૂલ સમજાઈ ગઈ. અરે ! મારી ગમ્મતે તો આના પ્રાણ લઈ લીધા. હવે તેના પતિને ઓફીસે સમાચાર આપું. ત્યાંથી જ ઓફીસે ફોન જોડ્યો. પત્નીના મૃત્યુના સમાચાર સાંભળતાં પતિ ઓફીસમાં જ ઢળી પડ્યો. તેના પણ પ્રાણ ચાલ્યા ગયા. અહીં બંનેનું અકાળમોત થવામાં કારણ સ્નેહજન્ય અધ્યવસાય છે.

તુરંગપુર નગરમાં નરવર નામના રાજા રાજ્ય કરતા હતા. તેમના મંત્રીનું નામ હતું 'ભાનુ. તેની પત્ની સરસ્વતીને પોતાના પતિ ઉપર ગાઢ સ્નેહ હતો. પતિનો ક્ષણભરનો વિલંબ સહન કરવો તેના માટે મુશ્કેલ હતો. છતાં ય પતિ મંત્રી હોવાથી અવારનવાર રાજકાર્ય માટે બહાર જવું પડતું. ગમે તે રીતે મન મનાવીને તે વિરહને સહી લેતી.

એકવાર રાજા પોતાની સાથે મંત્રીને લઈને શિકાર કરવા જંગલમાં ગયો. વચ્ચે તેને મંત્રીપત્નીના ગાઢ સ્નેહની પરીક્ષા કરવાનું મન થયું. મંત્રીના કપડા તથા મંત્રીના ઘોડા ઉપર કોઈ જંગલી પ્રાણીનું લોહી લગાડીને, તે કપડા સાથે ઘોડાને રાજાએ મંત્રીના ઘરે મોકલી આપ્યો.

ઘરના દરવાજે મંત્રીના લોહીવાળા કપડા તથા ઘોડો સરસ્વતીએ જોયો. મંત્રીને જોયા નહિ. તેથી સરસ્વતીએ માની લીધું કે નક્કી મારા પતિને જંગલના કોઈ વાઘ - સિંહે મારી નાંખ્યા લાગે છે.

હાય રે હાય ! પતિનું મૃત્યુ ! આ વિચારે સરસ્વતી જમીન પર ઢળી પડી. તેના પ્રાણ ચાલ્યા ગયા. રાજાએ કરેલી પરીક્ષા ભારે પડી.

મંત્રી - પત્નીનું અકાળે મોત સ્નેહજન્ય અધ્યવસાયને આધીન હતું.

શાસ્ત્રોમાં નાગકેતુની વાત આવે છે. દર પર્યુષણમાં કલ્પસૂત્રમાં પણ તે સાંભળવા મળે છે. શેઠના પુત્ર તરીકે નાગકેતુનો જન્મ થયો. પર્યુષણ પાસે આવતાં અઠ્ઠમની વાત સાંભળીને તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેણે પણ અઠ્ઠમ કર્યો. નાનકડું બચ્ચું દૂધ વિના શી રીતે લાંબું જીવી શકે ? બેભાન થઈ ગયું. બધાએ તેને મરેલું માન્યું. આ સમાચાર

સાંભળતાં જ તેના પિતાનું તો હાડ બેસી ગયું. ત્યાં જ તે મરી ગયો. આ સ્નેહજન્ય અધ્યવસાયથી અકાળ મોત કહેવાય.

(ક) ભયજન્ય અધ્યવસાય : જેમ સ્નેહના કારણે મોત થાય છે તેમ ભયના કારણે પણ અકાળે મોત થાય છે.

શ્રીકૃષ્ણ વાસુદેવના નાના ભાઈ ગજસુકુમાલે પરમાત્મા નેમીનાથ પાસે દીક્ષા લીધી. માતા દેવકીના પોતાને છેલ્લી મા કરવાના આશિષને સફળ બનાવવા તેઓ સ્મશાનમાં પહોંચ્યા. કાઉસ્સગ્ગ – ધ્યાનમાં લીન બન્યા.

તેમનો સસરો સોમીલ ત્યાંથી પસાર થયો. ''અરે ! આ કોણ ? આ તો મારો જમાઈ ગજસુકુમાલ ! બાવો બની ગયો ! મારી દીકરીનો ભવ બગાડ્યો ! સમજે છે શું એના મનમાં ? હમણાં બતાડી દઉં.''

ક્રોધના આવેશમાં તે સોમીલે માટીની પાળ ગજસુકુમાલના મસ્તક ઉપર બનાવી. તેમાં ખેરના ધગધગતાં અંગારા ભર્યાં. ગજસુકુમાલ મુનિ તો સમતારસમાં લીન બન્યા. સસરો પણ તેમને તો મોક્ષમાર્ગમાં ઉપકારી જણાયો. તેમણે તો કેવળજ્ઞાન અને મોક્ષ; બંને મેળવી લીધા.

માથે ખેરના અંગારા મૂકવાનું અધમાધમ કાર્ય કરીને પાછા ફરતાં સોમીલે નગરના દરવાજે શ્રીકૃષ્ણ વાસુદેવને સામે આવતાં જોયા. તેમને જોતાં જ સોમીલના રોમરોમમાં ભય વ્યાપી ગયો. ભયના કારણે તરત જ તેનું હૃદય બેસી ગયું. પ્રાણ નીકળી ગયા. સોમીલનું અકાળે મોત ભયજન્ય અધ્યવસાયના કારણે થયું.

કોશામ્બી નગરીમાં શતાનિક રાજા રાજ્ય કરતો હતો. તેની પત્નીનું નામ મૃગાવતી હતું. મહાબળવાન્, શૂરવીર મહારાજા ચંડપ્રદ્યોત મૃગાવતી પાછળ પાગલ બન્યો. તેને મેળવવા તે વિરાટ સૈન્ય સાથે કૌશામ્બી તરફ ધસી આવ્યો.

રાજા શતાનિકને કો'કે સમાચાર આપ્યા કે મહારાજા ચંડપ્રદ્યોત વિરાટ સૈન્ય સાથે ધસમસતો આવી રહ્યો છે. આ સમાચાર સાંભળતાં જ ભયના માર્યા શતાનિકનું હૃદય ફાટી ગયું. ત્યાં જ તે મૃત્યુ પામ્યો.

**(૨) નિમિત્ત :** લાકડી, ચાબૂક, શસ્ત્ર, અકસ્માત, ઝેર વગેરેના નિમિત્તે પણ આયુષ્ય તુટે છે. અકાળે મોતને ભેટવું પડે છે.

બસમાંથી ઉતરેલા કંડક્ટરે પાનવાળાની દુકાને ઊભા રહીને પાન ખાધું. પૈસા ચૂકવતી વખતે રકઝક થઈ. વાતે વિપરીત રૂપ ધારણ કર્યું. કંડક્ટરે ટીકીટનું પાકીટ જોરથી ઉગામ્યું. પાનવાળાએ દાતરડું સામે માર્યું. પરસ્પર પ્રહાર કરતાં બંને મોતને શરણ થયા !

જ્ઞાનપંચમીના દિને વરદત્ત - ગુણમંજરીની કથા સાંભળી છે ને ? ગુણમંજરી પૂર્વભવમાં સુંદરી હતી. પોતાના પુત્રો ભણતાં નહોતા. શિક્ષકોની મશ્કરી કરતા હતા. મા સુંદરી તેમનું ઉપરાણું તો લેતી હતી, સાથે તેમના પુસ્તકો ચૂલામાં બાળતી હતી. અંતે દીકરાઓને ભણવામાંથી ઉઠાડી દીધાં.

છેલ્લે જ્યારે કોઈ તેમની સાથે પરણાવવા કન્યાઓ નથી આપતું, ત્યારે પતિ - પત્ની; બંને જણ પુત્રો અભણ રાખ્યાનો દોષનો ટોપલો એકબીજા ઉપર ઢોળવા લાગ્યા. ગુસ્સામાં ને ગુસ્સામાં પતિએ પથ્થરનો પ્રહાર કર્યો. સુંદરીને મર્મસ્થાને લાગ્યો. તે અકાળે મરણને શરણ થઈ !

દયાનંદ સરસ્વતીને તેમના જ રસૌયા જગન્નાથે ઝેર દેતાં અકાળે મોત વધાવવું પડ્યું હતું. કુમારપાળને પણ તેમના રસૌયાએ જ ભોજનમાં ઝેર દઈ દીધું હતું, જેના પરિણામે અકાળે તેમનું જીવન ટુંકાઈ ગયું.

**(૩) આહાર :** શરીર ટકાવવા માટે જેટલો આહાર જરૂરી હોય તેથી ઘણો વધારે આહાર કરવામાં આવે, અનશન વગેરે કરવા દ્વારા આહાર જ બંધ કરવામાં આવે કે શરીરને પ્રતિકૂળ વિકૃત આહાર લેવામાં આવે તો પણ આયુષ્ય ટૂંકાઈ શકે છે.

સવા લાખ જિનમંદિર અને સવા કરોડ જિનપ્રતિમા બનાવનાર સમ્રાટ સંપ્રતિ પૂર્વભવમાં ભિખારી હતો. ખાવા માટે દીક્ષા લીધી. અકરાંતીયા બનીને ખાધું. અતિ આહાર કર્યો. પરિણામે શૂળ ઉપડ્યું. રાત્રે જ મૃત્યુ પામ્યો. આહારે આયુષ્યકર્મને ઉપક્રમ લગાડ્યો.

અરણિકમુનિએ દીક્ષા લીધેલી. ગોચરી વહોરવા નીકળ્યા. કોઈ સ્ત્રીએ ફસાવી દીધા. મા - સાધ્વી તેને શોધવા નીકળી. ગોખે બેઠેલાં અરણિકે જોઈ. નીચે ઉતરીને પગમાં પડ્યો. માફી માંગી. માએ ફરી સંયમ પાળવા જણાવ્યું.

''મા ! કાયર છું ! મારામાં સંયમ પાળવાની તાકાત નથી. હું શું કરું ?''

માએ કહ્યું, ''બેટા ! કૂળને કલંક ન લગાડાય. લીધેલા મહાવ્રતનો ભંગ ન કરાય. ગુરુ પાસે જઈને પ્રાયશ્ચિત લે. હવે સંયમ પાળવાની તાકાત ન હોય તો અનશન કર. પણ સંસારી તો ન જ બનાય.''

અને અરણિકે માની વાત સ્વીકારી. પ્રાયશ્ચિત કરીને અનશન સ્વીકાર્યું. મોતને વધાવી લીધું.

ફુડપોઈઝનના કારણે મૃત્યુ પામ્યાના સમાચાર તો છાપામાં ઘણીવાર વાંચવા મળે છે ને ? શું તે બધાનું આયુષ્ય તે વખતે પૂરું થવાનું જ હશે ? ના, તેમાંના ઘણાને તો આ આહાર નામનો ઉપક્રમ લાગ્યો હશે, જેથી અકાળે તેમને મોત ભરખી ગયું !

**(૪) વેદના :** કેન્સર, હેમરેજ, એઈડ્ઝ વગેરે રોગના કારણે વેદનાથી અકાળે મોત થતું અવારનવાર આપણને જોવા - જાણવા - સાંભળવા મળે છે. જસલોક, હરકીશન, ટાટા વગેરે હોસ્પિટલોની મુલાકાત લો તો ખબર પડે કે રોજેરોજ રોગના કારણે અનેક માનવો મોતને શરણ થાય છે.

**(૫) સ્પર્શ :** સાપના ડંખથી, વીંછીના ડંખથી પણ અકાળે મોત થાય છે.

**(૬) શ્વાસોશ્વાસ :** આયુષ્ય માટે શ્વાસોશ્વાસ તો ખૂબ જ મહત્ત્વની વસ્તુ છે. જ્યાં સુધી શ્વાસોશ્વાસ ચાલું રહે ત્યાં સુધી જીવો જીવે. શ્વાસોશ્વાસ લેવાનું બંધ થાય એટલે મોત થાય.

પણ આપણે જાણીએ છીએ કે હિમાલય વગેરેની ગુફામાં રહેનારા યોગીઓ ખૂબ લાંબુ જીવે છે. તેઓ કાંઈ પોતાનું આયુષ્ય વધારી શકતા નથી. પરંતુ પ્રાણાયામ વગેરે યોગસાધનાના પ્રતાપે શ્વાસોશ્વાસ ધીમા કરી દે છે. રોકી રાખે છે. પરિણામે લાંબુ જીવતાં જણાય છે. તેનાથી ઉલ્ટું જેઓ ઝડપી શ્વાસોશ્વાસ કરે છે, તેમનું જીવન ટૂંકાઈ જાય છે. આમ શ્વાસોશ્વાસની પ્રક્રિયા પણ ઉપક્રમ બની શકે છે.

**(૭) પરાઘાત :** પરીક્ષામાં નાપાસ થવાના કારણે, ધંધામાં મોટી નુકશાની થવાથી, પ્રેમભંગ થવાથી, આબરૂ ન બચી શકવાથી, જીવનમાં કંટાળો આવવાથી કેટલાક લોકો આપઘાત કરવાનો પ્રયત્ન કરે છે. તે માટે દરિયામાં ડૂબકી લગાવે છે. ગળામાં ફાંસો ખાય છે. ધસમસતી ટ્રેઈન નીચે સૂઈ જાય છે. ઝેરી દવા ગટગટાવે છે. આવા બાહ્યનિમિત્તોના આઘાતથી પોતાનું જીવન અકાળે સમેટી લે છે. આપઘાત કરવાની જુદી જુદી પ્રક્રિયાઓ અહીં ઉપક્રમ બને છે; જે આયુષ્યને ટૂંકાવી દે છે.

આ સાતે ઉપક્રમો આયુષ્યને ટૂંકાવવાનું કામ કરે છે, તેવું જાણીને મનમાં સવાલ થાય કે પૂર્વભવમાં આ ભવનું જે આયુષ્ય બાંધીને આવ્યા હોઈએ, તેના કરતાં વહેલાં જો ઉપક્રમોના કારણે મોત આવી જતું હોય તો બાકી રહેલાં આયુષ્યનું શું થાય ? શું બાકી રહેલું આયુષ્ય ત્યારપછી આવનારા ભવમાં ભોગવાય ?

આ ભવનું આયુષ્ય આ ભવમાં જ ભોગવવું પડે. પૂરેપુરું ભોગવવું પડે. જરા ય બાકી ન રહે. આવતાભવમાં ભોગવવાનું હોય જ નહિ. વળી આ ભવમાં જે ભોગવવાનું હોય તેનાથી ઓછું કે વધારે નહિ, પણ તે બધું જ પૂરેપૂરું ભોગવાય.

**હકીકત એ છે કે કોઈપણ જીવ એક ભવમાં માત્ર આવતા એક જ ભવનું આયુષ્ય** બાંધે છે, જે તેણે બીજા ભવમાં પૂરેપૂરું ભોગવવું પડે છે.

જીવ આયુષ્ય બાંધે છે એટલે આયુષ્યકર્મના દળીયાં (કાર્મણ રજકણો) બાંધે છે. તેને દ્રવ્ય આયુષ્ય પણ કહેવાય છે. આ દળીયા નવો ભવ મળતાં ક્રમશઃ આત્માથી છૂટા

પડે છે. જ્યારે બંધાયેલા તે આયુષ્યકર્મના તમામ દળીયા આત્માથી છૂટા પડી જાય ત્યારે તેનું મોત થાય છે.

હવે જો તે દળીયા ધીમે ધીમે ક્રમશઃ આત્માથી છૂટા પડતાં ૭૦ વર્ષ લાગવાના હોય તો તેણે ૭૦ વર્ષનું કાળ આયુષ્ય બાંધ્યું તેમ પણ કહેવાય છે.

આ ૭૦ વર્ષના કાળઆયુષ્યને ધરાવનાર વ્યક્તિએ ૫૦ વર્ષની ઉંમરે આપઘાત કરવાનો પ્રયત્ન કર્યો અને જો તે મરી ગયો તો તે વખતે ભલે તેનું કાળઆયુષ્ય પૂર્ણ થયું નથી; પણ તેનું દ્રવ્ય આયુષ્ય (આયુષ્યકર્મના દળીયાં રૂપ) તો પૂરેપૂરું ભોગવાઈને ખલાસ થયું જ છે. ૫૦ વર્ષ સુધી ક્રમશઃ ધીરે ધીરે તેના આત્માથી આયુષ્યકર્મના કેટલાક દળીયા છૂટા પડ્યા. જે ૨૦ વર્ષ ચાલે તેટલા દળીયા હજુ ભોગવવાના બાકી રહ્યા હતા, તે આપઘાત કરતી વખતે આત્માને જે આઘાત લાગ્યો તેનાથી એકીસાથે ભોગવાઈને ખરી ગયા. આમ આયુષ્યકર્મના દળીયાં તો તમામ ભોગવાઈને ખલાસ થયા.

દા. ત. ક્રમશઃ ધીમે ધીમે અનુભવતાં ૮૦ વર્ષનું કાળ આયુષ્ય પસાર કરી શકાય તેટલાં આયુષ્ય કર્મના દળીયાં (દ્રવ્ય આયુષ્યકર્મ) બાંધીને આવેલા શાંતિભાઈને ૬૦મા વર્ષે એટેક આવ્યો. ધીમે ધીમે અનુભવતાં ૧૫ વર્ષ પસાર થાય તેટલાં દળીયા એક જ ઝાટકે અનુભવીને ભોગવાઈ ગયા. તરત હોસ્પીટલમાં ટ્રીટમેન્ટ કરતાં બચી ગયા. કારણ કે પાંચ વર્ષ ભોગવી શકાય તેટલાં દળીયા હજુ આત્મા ઉપર ચોંટેલા બાકી છે.

તે ભાઈ શરીરની ઘણી કાળજી લઈ રહ્યા છે. છતાં છ મહીના ગયા પછી ફરીથી એટેક આવ્યો. ત્રણ વર્ષ ભોગવાય તેટલાં દલિક ખરી ગયા. બીજા છ મહીના પસાર થતાં છેલ્લો એટેક આવ્યો. એક વર્ષ ભોગવાય તેટલાં બાકી રહેલાં તમામ દલિકો એકી સાથે ભોગવાઈને ખલાસ થતાં તેઓ મૃત્યું પામ્યા.

આમ ૬૧ વર્ષની ઉંમરે તેઓ મૃત્યું પામતાં પૂરા ૮૦ વર્ષનું કાળ આયુષ્ય તેઓએ ન ભોગવ્યું. તેઓ એટેકના કારણે અકાળે મરી ગયા, તેમ કહી શકાય. પણ (આયુષ્ય કર્મના દળીયારૂપ) દ્રવ્ય આયુષ્ય તો તેમણે પૂરેપૂરું ભોગવી જ લીધું છે. તે જરા ય બાકી નથી કે જે બીજા ભવમાં ભોગવવું પડે !

જે દળીયાને ક્રમશઃ ભોગવતાં પાંચ - સાત - દસ વર્ષ લાગે તે દળીયાં એકી સાથે ભોગવાઈને શી રીતે ખલાસ થાય ? તેવો સવાલ ઊઠે; તે સહજ છે. પણ તેનું સમાધાન તો આપણે સૌ અનેક પ્રસંગોમાં અનુભવીએ છીએ.

એક માટલું પાણીથી ભરેલું છે. તેમાંથી ટપ.... ટપ.... ટપ.... ટપ.... પાણી ટપકે છે. આ રીતે તો તે માટલું ખાલી થતાં બે દિવસ લાગે. પણ જો કોઈ વ્યક્તિ એક પથ્થરનો ઘા મારીને તે માટલું ફોડી નાંખે તો તરત જ ખાલી થઈ જાય ને ?

જે પાણીને ખાલી થતાં ૪૮ કલાક લાગવાના હતા, તે પાણી એક મીનીટમાં (ઘડો ફૂટી જતાં) ખાલી થઈ ગયું, તેમ જે દળિયાં ભોગવતાં ૧૦ વર્ષ લાગવાના હતા તે દળિયા એક મિનિટમાં ય ભોગવાઈને ખલાસ થઈ શકે.

ઘાસની ગંજીને એક બાજુ આગ લાગતાં ધીમે ધીમે આગ આગળ વધે. બધું ઘાસ બળતાં ઘણો સમય લાગે. પણ બધા ઘાસનો એક જગ્યાએ ઢગલો કરીને ચારે બાજુથી આગ ચંપાય તો થોડીક જ વારમાં શું બધું બળી ન જાય ?

૧૦૦ મીટર લાંબી રસ્સીને ખોલી, લાંબી કરીને જમીન ઉપર પાથરીએ. પછી તેનો એક છેડો સળગાવીએ. જો દસ મીટર રસ્સી સળગતાં પા કલાક લાગે તો પૂરેપૂરી ૧૦૦ મીટર રસ્સી સળગતાં ૨ાા કલાક લાગશે.

પણ જો આ ૧૦૦ મીટર રસ્સીને ભેગી ગૂંચળા રૂપે કરી દઈને, તેની ઉપર પેટ્રોલ છાંટીને આગ લગાડીએ તો તે તરત જ - અઢી મીનીટમાં - બળીને ખાખ થઈ જશે.

જો ૧૦૦ મીટર રસ્સી અઢી મીનીટમાં બળી શકે તો ૧૦૦ વર્ષનું આયુષ્ય અનુભવાય તેટલાં દળીયા અઢી વર્ષમાં કેમ ન ભોગવાય ?

ઉપક્રમ લાગતાં ઘણા બધા દળીયા એકી સાથે ઉદયમાં આવીને ભોગવાઈને ખલાસ થઈ જાય છે. તેથી વહેલાં મોત થયું કે અકાળે મોત થયું; તેમ આપણે કહીએ છીએ. પણ હકીકતમાં તો પૂરેપૂરું આયુષ્ય કર્મ ભોગવાયું જ છે.

બંધાયેલું આયુષ્ય તો દરેકે ભોગવવું જ પડે તેવું જે કહેવાય છે, તે દ્રવ્ય આયુષ્યની બાબતમાં સમજવું; પણ કાળ આયુષ્યની બાબતમાં નહિ. કારણ કે બંધાતી વખતે જ જો સોપક્રમ અપવર્તનીય આયુષ્ય બંધાયું હોય તો ઉપર જણાવેલ કોઈપણ ઉપક્રમ લાગવાથી કાળ આયુષ્ય પૂર્ણ થયા પહેલાં ય મૃત્યુ આવી શકે છે; પણ તે વખતે ય દ્રવ્ય આયુષ્ય તો પૂર્ણ થાય છે જ.

ઉપક્રમ લાગવાથી કાળ આયુષ્ય તુટશે કે નહિ તુટે ? તે વાત પૂર્વભવમાં જ્યારે આયુષ્ય બંધાય ત્યારે જ નક્કી થઈ જાય છે. જો અપવર્તનીય (તુટે તેવું) આયુષ્ય બંધાતું હોય તો આયુષ્યકર્મના દળીયા ઢીલા ઢીલા ચોંટે. અને જો અનપવર્તનીય (તુટે નહિ તેવું) આયુષ્યકર્મ બંધાતું હોય તો તેના દળીયા મજબૂત રીતે બંધાય. આમ આયુષ્યકર્મ બંધાતી વખતે જ તેનું અપવર્તનીયપણું કે અનપવર્તનીયપણું નક્કી થતું હોય છે.

# (૧૫) સૌથી મહત્ત્વનો પ્રશ્ન

પરભવનું આયુષ્ય બાંધવાનો સમય ખૂબ જ મહત્ત્વનો છે. જો તે સમયે આપણો આત્મા થાપ ખાઈ ગયો, વિષય - કષાયમાં લીન બન્યો, પાપાચાર સેવવા લાગ્યો, સંકલિષ્ટ અવસ્થા અનુભવવા લાગ્યો, હિંસક - ક્રૂર બન્યો, પૈસાની કારમી મૂર્ચ્છામાં લીન બન્યો, કામવાસનામાં ચકચૂર બન્યો તો એવા હલકા, અનિચ્છનીય ભવનું આયુષ્ય બંધાય કે જેના ઉદયે તે ભવમાં ભયંકર દુઃખો ભોગવવા પડે. બધી જ આત્મસાધના કે ભૌતિક સુખ - સામગ્રી હાથમાંથી ચાલી જાય.

તેથી જ સૌથી મહત્ત્વનો પ્રશ્ન હોય તો એક જ છે કે અહીંથી મરીને આવતા ભવમાં જન્મ ક્યાં લેવો ? ના, રોટલાનો, ઓટલાનો, દીકરાને ધંધામાં સેટ કરવાનો કે દીકરીને પરણાવવાનો પ્રશ્ન એટલો બધો ગંભીર છે જ નહિ. તેની બહુ ચિંતા કરવાની જરૂર નથી. ચિંતા કરવી હોય તો માત્ર આવતા ભવમાં જન્મ ક્યાં લેવો ? તેની જ ચિંતા કરવાની જરૂર છે.

પેલા સુમંગલ આચાર્ય ! કમરના સખત દુઃખાવાના કારણે કમરે પટ્ટો બાંધવો પડતો હતો. પરભવનું આયુષ્ય બંધાતી વખતે તે કમર - પટ્ટામાં આસક્તિ થઈ ગઈ. પરિણામે મરીને અનાર્યદેશમાં મુસલમાનને ત્યાં જન્મ મળ્યો. સાધુપણું, આર્યદેશ, બધું ગુમાવી બેઠા !

પેલા યુગપ્રધાન મંગુ આચાર્ય ! ખાવામાં લાલસા કરતી વખતે આયુષ્ય બંધાયું તો ખાળના ભૂત બનવું પડ્યું !

પોતાની રાણીના માથાના વાળ ઓળતી વખતે તેમાં આસક્ત બનેલા રાજાએ તે જ વખતે પરભવનું આયુષ્ય બાંધ્યું તો મરીને પોતાની તે જ રાણીના માથાના વાળની સેંથીમાં જૂ બનવું પડ્યું !

પેલો અનશની શ્રાવક ! ઉપવાસ ચાલુ હતા. બારણે ઢાળેલાં ખાટલામાં સુતા સુતા આંગણામાં રહેલા બોરડીના ઝાડ તરફ નજર ગઈ. તેની ઉપર રહેલા લાલલચક બોરને જોઈને વિચાર આવ્યો કે કેવું સુંદર આ ફળ છે ! જો ઉપવાસ ન હોત તો હું ખાત !

તે જ વખતે પરભવનું આયુષ્ય બંધાયું. તે જ બોરડી ઉપર બોર તરીકેનો નવો ભવ નક્કી થયો ! બિચારાનું અનશન નવો સુંદર ભવ ન આપી શક્યું !!!

હું મેઘદર્શન વિજય નામનો સાધુ આ ભવમાં સાધુજીવન સ્વીકારીને કીડી પણ ન મરી જાય તેની કાળજી લેતો હોઉં, કદાચ ભૂલથી વિરાધના થઈ જાય તો ત્રાસ પામતો હોઉં, પ્રાયશ્ચિત્ત લેતો હોઉં; તે હું જો પરભવનું આયુષ્ય બાંધતી વખતે ધ્યાન ન રાખું; અને તેથી જો બિલાડીનું આયુષ્ય બંધાઈ જાય તો ?

કીડીને નહિ મારનારો હું બિલાડીના ખોળીયામાં કબૂતરોને ફાડી ખાઉં ! ઉંદરને પકડીને ખાઈ જવાની સતત લેશ્યા રાખતો જાઉં ! કેવી ખતરનાક મારી હાલત થાય ? કોણે મારી આ હાલત કરી દીધી ? કહો કે આયુષ્ય બાંધતી વખતે મેં જે ભૂલ કરી તેણે ! સાપનો ભવ મળે તો ક્રોધથી ધમધમતો રહું ! ભુંડનો ભવ મળે તો આખા ગામની વિષ્ઠાને મિષ્ટાન્ન માનીને સતત

ખાધા જ કરું ! કેવી દયનીય હાલત મારી થઈ જાય !!!

માટે જ આવતાભવનું આયુષ્ય બાંધવાના સમયે સતત જાગ્રતિની જરૂર છે. આયુષ્ય બંધાતા એક અંતર્મુહુર્ત (૪૮ મિનિટથી ઓછો સમય) લાગે છે. તે એક જ અંતર્મુહુર્તની ભૂલ, આખોને આખો આપણો નવો ભવ બરબાદ કરી નાંખે. બિલાડી કે વાઘના ખોળીયામાં ગયેલા મેઘદર્શન મહારાજ પૂર્વભવમાં ગમે તેટલી જીવદયા પાળવાની ભાવનાવાળા હોય; હવે શું કરી શકે ?

મનમાં સવાલ પેદા થાય કે આ પરભવનું આયુષ્ય આ ભવમાં બંધાય ક્યારે ? જો બંધાયેલા આયુષ્ય પ્રમાણે જ આવતાભવમાં જવાનું હોય તો આયુષ્ય બંધાવાની જે ક્ષણ હશે, તે ક્ષણને ધર્મયુક્ત બનાવી દઈશું; તેથી સારું આયુષ્ય બંધાતા આવતો ભવ સુધરી જાય. તે ક્ષણ સિવાયની આખી આ જીંદગી મોજ - મજામાં વીતાવીશું; કારણકે તે વખતે આવતા ભવનું આયુષ્ય તો નહિ બંધાય ને ! તેથી જલ્દી જણાવો. આવતા ભવનું આયુષ્ય બંધાય ક્યારે ?

જવાબ : આ ભવના આયુષ્યના ત્રણ ભાગ કરીએ તો તે ત્રણ ભાગમાંથી બે ભાગ પસાર થઈ જાય ને એક ભાગ બાકી રહે ત્યારે એટલે કે આ ભવનું ૨/૩ (બે તૃતીયાંસ) આયુષ્ય પૂર્ણ થાય ત્યારે આવતાભવનું આયુષ્ય સામાન્યતઃ બંધાય છે.

ધારો કે રમણભાઈનું આ ભવનું આયુષ્ય ૯૯ વર્ષનું છે. તો તેના ત્રણ ભાગ ૩૩ - ૩૩ વર્ષના થાય. તેમાંના બે ભાગ એટલે કે ૩૩ + ૩૩ = ૬૬ વર્ષ પસાર થાય ત્યારે તેઓ આવતાભવનું આયુષ્ય બાંધે. જયાં સુધી આ ભવનું ૨/૩ આયુષ્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી તો કોઈપણ જીવ આવતાભવનું આયુષ્ય બાંધે જ નહિ.

પરંતુ કોઈપણ કારણસર તેમણે પોતાની ૬૬ વર્ષની ઉંમરે આયુષ્ય ન બાંધ્યું. હા, આવું બની શકે ખરું. જો જીવ પોતાના આ ભવના આયુષ્યનો ૨/૩ ભાગ પૂર્ણ થાય ત્યારે આવતાભવનું આયુષ્ય ન બાંધે તો બાકી રહેલા આયુષ્યનો ૨/૩ ભાગ પસાર થાય ત્યારે બાંધે. ત્યારે પણ જો ન બાંધે તો ત્યારપછી બાકી રહેલા આયુષ્યનો ૨/૩ ભાગ પસાર થાય ત્યારે બાંધે. ત્યારે પણ જો ન બાંધે તો ત્યારપછી બાકી રહેલા આયુષ્યનો ૨/૩ ભાગ પસાર થાય ત્યારે બાંધે. ત્યારે ય જો ન બાંધે તો ત્યારપછી બાકી રહેલાં આયુષ્યનો ૨/૩ ભાગ પસાર થાય ત્યારે બાંધે.

એમ કરતાં કરતા છેવટે છેલ્લા ત્રણ વર્ષમાંથી ૧ વર્ષ બાકી રહે ત્યારે, છેલ્લા વર્ષના છેલ્લા ચાર મહીના રહે ત્યારે, છેલ્લા ચાર મહીનાના છેલ્લા ૪૦ દિવસ બાકી રહે ત્યારે, છેવટે છેલ્લા કલાકે, છેલ્લા ત્રણ ડચકામાંથી બે ડચકાં ખાઈને એક ડચકું બાકી હોય ત્યારે પણ પરભવનું આયુષ્ય બાંધી દે. પણ પરભવનું આયુષ્ય બાંધ્યા પહેલાં કોઈ જીવ મૃત્યુ પામે નહિ.

૯૯ વર્ષની ઉંમરના રમણભાઈ ૯૯ વર્ષનો ૨/૩ ભાગ = ૬૬ વર્ષની ઉંમરે પરભવનું આયુષ્ય બાંધે. જો ત્યારે ન બાંધે તો બાકી રહેલાં ૩૩ વર્ષનો ૨/૩ ભાગ = ૨૨ વર્ષ બીજા પસાર થાય ત્યારે ૮૮ વર્ષની ઉંમરે બાંધે. કદાચ ત્યારે પણ ન બાંધે તો બાકી રહેલા ૧૧ વર્ષનો ૨/૩ ભાગ = ૭ વર્ષને ચાર માસ પસાર થાય ત્યારે ૯૫ વર્ષ ચાર મહીનાની ઉંમરે બાંધે. તેમ

કરતાં કરતાં છેવટે છેલ્લું ડચકું બાકી હોય ત્યારે આયુષ્ય બાંધીને પછી મરણ પામે.

આમ, કોઈપણ સંસારી જીવ પોતાના ચાલુ ભવનું ૨/૩ આયુષ્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી તો પરભવનું આયુષ્ય બાંધતો જ નથી. વહેલામાં વહેલું બાંધે તો ય આ ભવના આયુષ્યના ૨/૩ ભાગ પસાર થયા પછી જ. વળી જેના જીવનકાળનો ૨/૩ ભાગ પસાર થઈ ગયો; તેણે પણ આયુષ્ય બાંધી જ લીધું હોય; તેમ નહિ. જો બાંધવાનું બાકી રહી ગયું હોય તો જીવનકાળના છેલ્લા અંતર્મુહૂર્તમાં પણ બાંધવાની શક્યતા છે.

હવે જો આપણે વિશિષ્ટ જ્ઞાની હોઈએ, આપણું આ ભવનું આયુષ્યને વર્ષ - મહીના - દિવસ - કલાક - મિનિટ - સેકંડથી જાણતા હોઈએ તો તે રીતે ૨/૩ ભાગોની ગણતરી કરીને આવતાભવનું આયુષ્ય બાંધવાની ક્ષણે સાવધ રહી શકીએ. પણ આપણે ક્યાં આપણું આ ભવનું આયુષ્ય જાણીએ છીએ ?

ગર્ભમાં રહેલો ત્રણ દિવસનો છોકરો મરે છે, બે મહિનાનું બાળક પણ મરે છે; સાત વર્ષની છોકરી માંદી પડીને મરે છે, ૧૬ વર્ષનો દીકરો એક્ષીડન્ટમાં ખલાસ થાય છે, જ્યારે ૧૦૪ વર્ષના માજી જીવતાં હોય છે ! આમ કઈ વ્યક્તિનું આ ભવનું કેટલું આયુષ્ય છે ? તેની પાકી ખબર ન હોવાથી કોઈપણ વ્યક્તિને ખબર શી પડે કે તેણે પોતાનું પરભવનું આયુષ્ય બાંધ્યું હશે કે નહિ ? પોતે ક્યારે તે આયુષ્ય બાંધશે ?

આપણું આયુષ્ય ગમે ત્યારે પૂરું થઈ શકે તેમ છે; અને તેથી ગમે તે ક્ષણે તેનો ૨/૩ ભાગ આવી શકે તેમ છે; માટે પ્રત્યેક ક્ષણે આવતાભવનું આયુષ્ય બંધાવાની શક્યતા હોવાથી આપણે આપણા જીવનની પ્રત્યેક ક્ષણે સાવધ રહેવાનું છે. આપણા જીવનની કોઈપણ ક્ષણ કંતલની ન જાય; કોઈપણ ક્ષણ કષાય કે પ્રમાદને વશ ન જાય તે માટેની જાગ્રતિ કેળવવાની છે.

પરમાત્મા મહાવીરદેવે ગૌતમસ્વામીના નામે આપણને સર્વને કહ્યું છે કે, ''એક ક્ષણનો પણ તું પ્રમાદ ન કરીશ.'' (સમયં ગોયમ ! મા પમાયએ !) હે જીવ ! તું તારી આ ક્ષણને બરોબર ઓળખી લે. ''ખણં જાણાહિ પંડિએ !'' જે પોતાની વર્તમાનક્ષણને બરોબર જાણે છે, તેનો બરોબર લાભ ઊઠાવે છે; તેમાં અપ્રમત્ત બનીને સાધના કરે છે; તે પંડિત છે. પણ જે ભૂતકાળના રોદણાં ગાવામાં કે ભાવિના વિચારોમાં જ જીવનને વેડફી નાંખે છે પણ વર્તમાનક્ષણનો સાધના માટે જરા ય ઉપયોગ કરતો નથી; તે પંડિત શી રીતે કહેવાય ?

આમ તો આયુષ્ય ગમે તે પળે બંધાઈ શકે છે; છતાં ૨/૩ ભાગના નિયમના આધારે પૂર્વના મહાપુરુષો આપણને જણાવે છે કે સામાન્યતઃ પર્વ તિથિના દિવસે આયુષ્ય બંધાવાની શક્યતા છે. ત્રીજ, ચોથ, પાંચમ; એ ત્રણ દિવસનો ૨/૩ ભાગ પસાર થાય એટલે કે ત્રીજ, ચોથ; બે દિવસ પસાર થાય ત્યારે પાંચમે આયુષ્ય બંધાવાની શક્યતા.

જો ત્યારે ન બંધાય તો ત્યાર પછીના ૬, ૭ અને ૮મ; એ ત્રણ દિવસનો ૨/૩ ભાગ ૬, ૭ પસાર થાય એટલે આઠમે બંધાય. ત્યારે ન બંધાય તો ૯, ૧૦મ છોડીને અગિયારસે બંધાય. ૧૨, ૧૩સ છોડીને ચૌદશે બંધાય. પુનમ/અમાસ, એકમ છોડીને બીજે બંધાય. આમ બે - બે દિવસ છોડીને જે ત્રીજા દિવસે પરભવનું આયુષ્ય બંધાવાની શક્યતા છે, તે દિવસને પર્વતિથિ

તરીકે ઓળખવામાં આવે છે.

આપણે ત્યાં દસ પર્વતિથિએ લીલોતરી ન ખાવી, કપડા ન ધોવા, તપશ્ચર્યા કરવી, આરંભ - સમારંભ ઓછા કરવા, વિશેષ ધર્મારાધના કરવી; એવું જે કહેવાય છે, તેનું કારણ એ છે કે તે દિવસોમાં ઘણું કરીને આવતાભવનું આયુષ્ય બંધાવાની શક્યતા છે. તેથી જો તે દિવસોમાં આરંભ - સમારંભ ઘટાડી દેવાય, ધર્મારાધના વધારી દેવાય તો આવતાભવનું સારી ગતિનું આયુષ્ય બંધાઈ શકે.

પર્વતિથિએ લીલોતરી ન ખવાય તો ફળો શી રીતે ખાઈ શકાય ? ફળો લીલોતરી નથી તો શું સુકોતરી છે ? પાકાકેળા, કેરીનો રસ, સક્કરટેટી, જામફળનું શાક, સફરજન, ચીકુ, પપૈયું વગેરે કોઈપણ ફળ કે તેના જ્યુસ વગેરે પણ લીલોતરી હોવાથી પર્વતિથિએ લઈ શકાય નહિ.

આપણા બધાનો સામાન્યતઃ અનુભવ એવો છે કે કઠોળ કે સુકા શાક વગેરે કરતાં લીલા શાકમાં સ્વાદ વધારે આવે છે. ખાવામાં મજા પડે છે. બસ આ મજા પડવી તે જ આસક્તિ ! આસક્તિદોષ તો આત્માના અનાસક્તિ નામના ગુણને ખતમ કરે છે. જીવહિંસા કરતાં ય ગુણહિંસા વધારે ભયંકર છે. આ ગુણહિંસા ન થવા દેવા પર્વતિથિએ લીલા શાકભાજી ન ખવાય.

લીલા શાક કરતાં ય પાકા કેળાના શાક, કેરીનો રસ, સક્કરટેટી વગેરે ફળ ખાવામાં આસક્તિ વધારે જ થાય ને ? તો પર્વતિથિએ જો લીલા શાકભાજી ન ખવાય તો ફળાદિ પણ ન જ ખવાય. વર્તમાનકાળે જૈનોના ઘણા ઘરોમાં પર્વતિથિએ લીલા શાકભાજી રાંધવાનું બંધ હોવા છતાં ય ફળોનો તથા કાચા કેળાના શાકનો છૂટથી ઉપયોગ શરૂ થવા લાગ્યો છે, તે બંધ કરવો જરૂરી છે.


અહીં એ વાત પણ અત્યંત વિચારણીય છે કે પર્વતિથિએ જો લીલોતરી ન વપરાય તો મીઠાઈ વપરાય ? શું લીલોતરી કરતાં મીઠાઈ ખાવામાં વધુ આસક્તિ નથી થતી ? તે જ રીતે પર્વતિથિના દિવસે વિગઈનો છૂટથી ઉપયોગ કરાય ?

જો પર્વતિથિએ લીલોતરી ન વપરાય તો ગુસ્સો કરાય ? પૈસાની કારમી મૂર્ચ્છા ધારણ કરાય ? અહંકારનો નશો કરાય ? માયા - કપટનો આશરો લેવાય ? દળાવવું - ભરડાવવું - કપડા ધોવા વગેરે આરંભ - સમારંભના કાર્યો કરાય ? ભયંકર કર્માદાન કરનારા ધંધા કરાય ?

પર્વતિથિએ આયુષ્ય બંધાવાની શક્યતા હોવાથી આસક્તિ કરાવનાર લીલોતરી ફળફળાદિ ન ખવાય તેમ મીઠાઈ - વિગઈ પણ ન જ ખવાય ને ? ક્રોધ, પૈસાની મૂર્ચ્છા અહંકારનો નશો, આરંભ - સમારંભના કાર્યો પણ ન જ કરાય ને ? ગંભીરતાથી વિચારીને અમલ કરવા જેવો છે, જેથી પરભવમાં દુર્ગતિમાં જવું ન પડે.

**વીતરાગ પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.**

**બાકીના ત્રણ કર્મોની માહિતી કર્મનું કમ્પ્યુટર ભાગ - ૩માં મળશે.**




# કર્મનું કમ્પ્યુટર

## ભાગ-૩

: લેખક :

પૂ. પં. શ્રી ચંદ્રશેખર વિ. મ. સાહેબના શિષ્ય

પૂ. પંન્યાસ શ્રી મેઘદર્શન વિજય મ.સા.

: પ્રકાશક :

**અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ**

૨૭૭૭, નિશાપોળ, ઝવેરીવાડ, રીલીફ રોડ,

અમદાવાદ - ૩૮૦ ૦૦૧.

ફોન નં. : ૫૩૫ ૫૮ ૨૩, ૫૩૫ ૬૦ ૩૩

# ક્યાં શું વાંચશો ?


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | જગત્કર્તા કોણ ? | ૧ |
| ૨. | નામકર્મની નવાજુની (ગતિ - નામકર્મ) | ૭ |
| ૩. | આત્માનું ભાડુતી ઘર (જાતિ - શરીર - નામકર્મો) | ૧૬ |
| ૪. | આકૃતિ અને સામર્થ્ય (સંઘયણ - સંસ્થાન) | ૨૪ |
| ૫. | રુપ નહિ, ગુણ જુઓ (વર્ણ - ગંધ - રસ - સ્પર્શાદિ) | ૩૪ |
| ૬. | ટ્રાફીક વ્યવસ્થા (આનુપૂર્વી નામકર્મ) | ૪૩ |
| ૭. | અવગતિ એટલે શું ? | ૪૮ |
| ૮. | ધન ધન શ્રી અરિહંતને રે. (તીર્થંકર નામકર્મ) | ૫૮ |
| ૯. | પ્રભાવ (પરાઘાત નામકર્મ) | ૬૩ |
| ૧૦. | કરામત શરીરની (છ પ્રત્યેક પ્રકૃતિઓ) | ૬૭ |
| ૧૧. | છે કર્મોના ખેલ નિરાળા (ત્રસ - સ્થાવર - સૂક્ષ્મ - બાદર) | ૭૧ |
| ૧૨. | જીવન જીવવાની જરુરી શક્તિ (પર્યાપ્ત - અપર્યાપ્ત) | ૭૭ |
| ૧૩. | નથી જાઉં નિગોદમાં (પ્રત્યેક - સાધારણ) | ૯૧ |
| ૧૪. | શું ગમે ? શું ન ગમે ? (સ્થિર - અસ્થિર - શુભ - અશુભ - સુભગ - દુર્ભગ - સુસ્વર - દુસ્વર) | ૯૮ |
| ૧૫. | બધા મારું માને શી રીતે ? (આદેય - અનાદેય) | ૧૦૮ |
| ૧૬. | જસ જોઈએ કે જુત્તા ? (યશ - અપયશ) | ૧૧૪ |
| ૧૭. | ગોત્ર કર્મ | ૧૧૭ |
| ૧૮. | અંતરાય કર્મ | ૧૨૧ |



પ્રીન્ટીંગ : શાહ આર્ટ પ્રિન્ટર્સ, મુંબઈ-૪૦૦ ૦૬૪. ફોન : ૦૨૨-૨૮૭૫૫૯૧૨

# (૧) જગત્કર્તા કોણ ?

દસ વરસનો અટકચાળો છોકરો ઉંદરડાને પૂંછડીથી પકડીને ચારે બાજુ ભમાડતો હતો. તેને તેમાં આનંદ આવતો હતો. ઉંદરડાને થતી પીડાનો તેને વિચાર પણ નહોતો આવતો. તે તો પોતાની મજા માણવામાં મસ્ત હતો.

સત્યનારાયણની કથા સાંભળીને પાછા ફરતાં ડોસીમાએ આ દૃશ્ય નિહાળ્યું. કરુણાસભર તેમનું હૈયું કાળું કલ્પાંત કરવા લાગ્યું. ''અરરર... આ ઉંદરડાને આટલો બધો ત્રાસ ! બિચારાને કેવી વેદના થતી હશે !'' તેમણે તે છોકરાને કહ્યું, ''અરે ! આ શું કરે છે ! છોડ... છોડ... એને જલ્દી છોડ. ભાન છે તને કે તું શું કરી રહ્યો છે ? ચોરાસીના ચક્કરમાં રખડવું છે કે શું તારે ?

અને તરત જ તે છોકરાએ ઉંદરડાને તો છોડી દીધો. પણ તેના મનમાં અનેક સવાલો પેદા થયા. તેણે જિજ્ઞાસાથી ડોસીમાને પૂછ્યું. ''માજી ! માજી ! તમે કીધું ને કે ચોરાસીના ચક્કરમાં રખડવું છે કે શું ? તો તે ચોરાસીનું ચક્કર કેવું ? તેમાં આપણને કોણ રખડાવે ?

ડોસીમા : દીકરા ! બીજા જીવોને ત્રાસ આપીએ તો આપણને પાપ બંધાય. ભગવાન આપણને ૮૪ લાખ અવતારોમાં રખડાવે. ત્યાં અનેક દુઃખો આપણે સહન કરવા પડે. પછી, આપણને માનવનું ખોળીયું જલ્દી ન મળે હોં !

''હેં માજી ! તે ૮૪ લાખ અવતારો કયા ? અને કરુણાનો મહાસાગર ભગવાન આપણને ૮૪ લાખ અવતારોમાં મોકલીને દુઃખી શા માટે કરે ? શું ભગવાનને આપણી દયા ન આવે ? છોકરાએ એકી સાથે પૂછી લીધું.

પ્રશ્ન સાંભળતાં ડોસીમા વિચારમાં પડી ગયા. અરે ! '૮૪ લાખ અવતાર' શબ્દો તો ઘણીવાર સાંભળ્યા, પણ તે ૮૪ લાખ અવતારો કયા કયા ? તે તો મને ખબર જ નથી. વળી કરુણાના સાગર પરમાત્મા આપણને તેવા અવતારોમાં રખડાવીને દુઃખી શા માટે કરે ? તે પણ સમજાતું નથી !

તે ડોસીમાએ અનેક સંન્યાસીઓ, કથાકારો, સંતોને આ સવાલો કર્યા. પણ ક્યાંય તેના સંતોષકારક જવાબો તેને મળ્યા નહિ.

ક્યાંથી મળે ? દરેક વસ્તુના તદ્દન સાચા ને સંતોષકારક જવાબો તો સર્વજ્ઞ ભગવંત સિવાય કોણ આપી શકે ? સર્વજ્ઞભગવંતે બતાડેલા જૈનાગમોમાં તો સર્વ વસ્તુના સમાધાનો છૂપાયેલા પડ્યા છે.

અરે ! જૈનશાસનને પામેલા, સાતલાખ સૂત્ર ભણેલા, નાના ટાબરીયાને પૂછશો તો તે ય ૮૪ લાખ અવતારો ગણાવી દેશે. સાત લાખ પૃથ્વીકાય... સાત લાખ અપ્કાય...... છેલ્લે ચૌદલાખ મનુષ્યો; બધું મળીને જે ૮૪ લાખ યોનિઓ થાય છે, તેની ગણતરી તે ફટાફટ કરી દેશે. છે ને જિનશાસનની કમાલ !

વળી, આ જિનશાસન કહે છે કે, ૮૪ લાખ અવતારોમાં રખડાવવાનું કામ ભગવાન કરતાં જ નથી. ભગવાન તો કરૂણાનો મહાસાગર છે. સર્વશક્તિમાન છે. અનંતજ્ઞાનનો સ્વામી છે. તે કદી કોઈને દુ:ખી ન કરે.

જીવને સુખી કે દુ:ખી કરવાનું કામ ભગવાન નહિ પણ તે તે જીવોના કર્મો કરે છે. ભગવાને આ વિશ્વને ઉત્પન્ન કર્યું જ નથી. આ દુનિયા ભગવાને બનાવી નથી, પણ બતાવી છે.

સમગ્ર વિશ્વનું સંચાલન કર્મસત્તા કરે છે. તે કર્મ આત્માને અનાદિકાળથી ચોંટેલા છે અને નવા નવા ચોંટ્યા કરે છે. જ્યારે તે કર્મો આત્માથી છૂટા પડે ત્યારે આત્માનો મોક્ષ થાય છે. આત્મા મરતો નથી, તેમ ઉત્પન્ન પણ થતો નથી. તે અનાદિ છે. વળી આ આત્મા જ્યાં જન્મ - જીવન - મરણની ઘટમાળ પસાર કરે છે તે દુનિયા પણ અનાદિથી છે. આમ, (૧) જીવ, (૨) જગત અને (૩) જીવ - કર્મનો સંયોગ; એ ત્રણ વસ્તુઓને અનાદિ માનવી તે જિનશાસનના તત્ત્વજ્ઞાનનો પાયો છે. તેમાંથી એકાદને પણ અનાદિ ન માનીએ તો હવે પછી જણાવાતા ઘણા પ્રશ્નો ઊભા થાય છે. માટે તે ત્રણ વસ્તુઓને અનાદિ માનવી જ જોઈએ.

જેની આદિ = શરૂઆત હોય તે સાદિ કહેવાય. જેની શરૂઆત જ ન હોય તે અનાદિ કહેવાય. જીવ, જગત અને જીવ - કર્મના સંયોગની શરૂઆત થઈ જ નથી, માટે તે ત્રણેય અનાદિ છે.

જીવાત્મા કદી ઉત્પન્ન થયો નથી. તે સદા હતો જ. જો તે ક્યારેક ઉત્પન્ન થયો છે તેવું માનીએ તો તરત મનમાં સવાલ પેદા થશે કે જીવાત્માને કોણે ઉત્પન્ન કર્યો ? ઘડાને કુંભાર પેદા કરે, કપડું વણકર વણે, મકાનને કડીયો ચણે, વસ્ત્રોને દરજી તૈયાર કરે તેમ જો જીવાત્માની શરૂઆત હોય એટલે કે જીવાત્મા ઉત્પન્ન થયો હોય તો તેને ઉત્પન્ન કરનાર કોણ ?

આ સવાલનો જવાબ એમ આપવામાં આવે કે જીવાત્માને ઈશ્વરે ઉત્પન્ન કર્યો છે, તો તરત નવો સવાલ ઉત્પન્ન થશે કે તે ઈશ્વરને કોણે ઉત્પન્ન કર્યો ? જો તે ઈશ્વરને કોઈ બીજા ઈશ્વરે ઉત્પન્ન કર્યો તો તે બીજા ઈશ્વરને કોણે ઉત્પન્ન કર્યો ? ત્રીજા ઈશ્વરે ? તો તે ત્રીજા ઈશ્વરને કોણે ઉત્પન્ન કર્યો ? આ રીતે નવા નવા સવાલો પૂછાયા જ કરશે.

સવાલ - જવાબનો અંત જ આવશે નહિ.

આવી સવાલ - જવાબની પરંપરા ન ચાલે તે માટે જો એવું સમાધાન અપાશે કે આત્માને સૌ પ્રથમ ઈશ્વરે પેદા કર્યો, પણ તે ઈશ્વરને કોઈએ પેદા કર્યો નથી, તે ઈશ્વર નિત્ય છે, હતો અને રહેશે, તેને કોઈ પેદા કરતું નથી તો તેની ઉપર વિચાર કરતાં તે સમાધાન પણ યોગ્ય જણાતું નથી, કારણ કે આ સમાધાનમાં ઈશ્વરના આત્માને તો છેવટે નિત્ય માનવો જ પડ્યો ને ? વળી જીવોને ઉત્પન્ન કરનાર તરીકે એક ઈશ્વરાત્માને માનવો પડ્યો, તે વધારામાં ! તેના કરતાં આત્માને કોઈએ ઉત્પન્ન કર્યો જ નથી, આત્મા અનાદિ છે તેવું માનવું વધારે ઉચિત છે.

જો ઈશ્વરે બધા આત્માઓને ઉત્પન્ન કર્યા છે તેવું માનશો તો સવાલ પેદા થશે કે ઈશ્વરે આ જીવાત્માને કર્મરહિત શુદ્ધ ઉત્પન્ન કર્યો કે કર્મસહિત અશુદ્ધ ઉત્પન્ન કર્યો ?

ઈશ્વર તો કરૂણાનો મહાસાગર છે. તે શા માટે કોઈ જીવને અશુદ્ધ ઉત્પન્ન કરે ? તે તો શુદ્ધ આત્માને જ ઉત્પન્ન કરે ને ? ઉત્પન્ન થયેલો શુદ્ધ આત્મા તો પાપ વિનાનો હોવાથી તેને ટાઢ - તડકાના, જન્મ - મરણના, ભુખ - તરસના દુઃખો કેમ ભોગવવા પડે ? શુદ્ધ - પવિત્ર - નિષ્પાપ આત્માને દુઃખ શેનું ? જો શુદ્ધ - નિષ્પાપ આત્માએ પણ દુઃખ ભોગવવું પડતું હોય તો ધર્મી આત્માઓ નિષ્પાપ - શુદ્ધ જીવન માટે જે સાધના કરે છે તે નકામી થઈ જાય ! ધર્મની આરાધના કરવાની કોઈ જરૂર જ ન રહે. કેમકે જન્મ - મરણાદિના દુઃખો કાયમ માટે નિવારવા માટે તો તપ - ત્યાગની સાધના કરાય છે. જો તે સાધના કરીને શુદ્ધાત્મા બન્યા પછી પણ સંસારમાં જન્મ લેવાનો હોય, પરાધીનતા - ઘડપણ - મોતના દુઃખો ભોગવવા પડવાના હોય તો તેવા શુદ્ધાત્મા બનવા માટે પ્રત્યક્ષ મળતાં આ ભવના સુખોને છોડીને તપ - ત્યાગના દુઃખો શા માટે વેઠવા જોઈએ ?

આ બધી આપત્તિઓના નિવારણાર્થે માનવું જ જોઈએ કે ઈશ્વરે જો શુદ્ધાત્મા પેદા કર્યો હોય તો તે સંસારના દુઃખોમાં ઝીંકાત જ નહિ. પણ સમગ્ર વિશ્વમાં આપણને જે જીવાત્માઓ દેખાય છે તે તો દુઃખોમાં શેકાઈ રહેલાં છે. તેથી તે બધા અશુદ્ધ આત્માઓ છે તેમ નક્કી થયું. આમ, ઈશ્વરે જો આત્મા પેદા કર્યો હોય તો ય શુદ્ધ આત્મા તો પેદા ન જ કર્યો હોય તેમ નક્કી થાય છે.

જો ઈશ્વરે અશુદ્ધ આત્મા ઉત્પન્ન કર્યો છે એમ માનશો તો કરૂણાના મહાસાગર ઈશ્વરે આવો અશુદ્ધ આત્મા શા માટે ઉત્પન્ન કર્યો ? શું ઈશ્વર હાથે કરીને બધાને સુખ - દુઃખમાં સબડતા જોવા માંગતો હોય તેવું બને ખરું ?

કોઈ કહે છે કે, ''આ વિશ્વમાં સૌ પ્રથમ દરિયામાં એક ઈંડું હતું. તેમાંથી બ્રહ્માજી નીકળ્યા. ઘણા વર્ષો એકલા એકલા રહીને કંટાળી ગયા તેથી તેમને વિચાર આવ્યો, ''एगोऽहं बहु स्याम् ।'' હું એકલો છું, ઘણો થાઉં. તેમણે સમગ્ર જગતનું સર્જન

કર્યું. સુખી, દુઃખી, શેઠ, નોકર, રાજા, ગરીબ, ચોર, પોલીસ વગેરે વિચિત્રતાવાળું જગત ઉત્પન્ન કરે તો તેમને આનંદ પ્રાપ્ત થાય, કંટાળો દૂર થાય. તેથી તેમણે આવી વિચિત્રતાવાળી દુનિયા પેદા કરી."

અહીં પ્રશ્ન થાય કે બ્રહ્માજી જો ભગવાન હોય તો ભગવાનને કંટાળો આવે ? તે દૂર કરવા રૂપ પોતાના સ્વાર્થને સાધવા તેઓ ભગવાન બનીને કોઈને દુઃખી, ચોર કે ગરીબ બનાવે ? તેને દુઃખના દાવાનળમાં ઝીકે ? વળી તે બ્રહ્માજી ઈંડામાંથી શી રીતે પેદા થાય ? ઈંડાને કોણે પેદા કર્યું ? દરિયો ક્યાંથી આવ્યો ? તેમાં ઈંડું ક્યાંથી આવ્યું ? વગેરે અનેક સવાલો ઊભા થાય છે.

વળી, જો બધું ઈશ્વર જ કરે છે તેવું માનવામાં આવે તો સ્વર્ગ અને નરકમાં પણ ઈશ્વર જ મોકલે છે ને ? અરે ! દયાળુ ઈશ્વરે નરકનું સર્જન જ કેમ કર્યું ? વળી જીવોને જ્યાં ભયંકર દુઃખ પડે છે તેવી નરકમાં મોકલે શું કામ ? ત્યાં મોકલ્યા પછી તે ઈશ્વર પોતે જ તેમને દુઃખો કેમ અપાવરાવે ? શું ઈશ્વર પોતે પક્ષપાતી છે કે એકને સ્વર્ગમાં મોકલે તો બીજા કોઈને નરકમાં મોકલે ?

જો એવો જવાબ અપાય કે ઈશ્વર તો ન્યાયાધીશ જેવો છે. તેને કોઈ પ્રત્યે પક્ષપાત નથી. પક્ષપાતના કારણે તે કોઈને સ્વર્ગમાં તો કોઈને નરકમાં મોકલતો નથી, પણ જેના જેવા કર્મો (કાર્યો) હોય તે પ્રમાણે તે જજમેન્ટ આપે છે. અર્થાત્ સારા કર્મોવાળાને તે સ્વર્ગમાં મોકલે છે ને ખરાબ કાર્યો કરનારને તે નરકમાં મોકલે છે.

આ જવાબ સાંભળીને સામે પ્રશ્ન ઊઠશે કે જો ઈશ્વર ન્યાયાધીશ જેવો હોવાથી કર્મો પ્રમાણે સ્વર્ગ કે નરકમાં મોકલે છે તો નરકમાં જવું પડે તેવા ખરાબ કર્મો કરનારને ઈશ્વર તેવું ખરાબ કામ કરતાં અટકાવતો કેમ નથી ? શું ઈશ્વરમાં તેની શક્તિ નથી ? તો તેવા શક્તિહીન ઈશ્વરને માનવાની, તેની ભક્તિ વગેરે કરવાની જરૂર શી ?

અને જો ઈશ્વર સર્વશક્તિમાન હોય તો તેણે ખરાબ કામ કરતાં જ તે વ્યક્તિને અટકાવવો જોઈએ. જો તે ન અટકાવે તો હાથે કરીને ખરાબ કામ તેની પાસે કરાવડાવીને નરકમાં મોકલનાર ઈશ્વરને નિર્દય માનવો નહિ પડે ?

આમ, ઈશ્વરને જો દયાળુ અને સર્વશક્તિમાન માનવો હોય તો તેણે આ જગતને ઉત્પન્ન કર્યું છે તેવું માની શકાશે જ નહિ.

વળી, ઈશ્વરે પણ તે તે જીવના કર્મો પ્રમાણે સુખ - દુઃખ કે સ્વર્ગ - નરકાદિ આપવા પડતા હોય તો ઈશ્વર પણ છેવટે કર્મને પરાધીન જ બન્યા ને ? પોતાની જાતે સ્વતંત્રપણે તો ઈશ્વર પણ કાંઈ કરી શકે નહિ ને ? તો શું ઈશ્વરને પણ પરાધીન માનવો ઉચિત છે ?

આમ, ઈશ્વરને જગતકર્તા માનવા છતાં ય કર્મને તો માનવા જ પડે. વળી તે

કર્મોને અનુસરીને સુખી - દુઃખી કરતાં ઈશ્વરને ઉપર જણાવ્યા પ્રમાણે શક્તિહીન, નિર્દય કે પરાધીન પણ માનવા પડે છે. આ તો શી રીતે માની શકાય ? તેથી ઈશ્વરે જગતને કે આત્માને ઉત્પન્ન કરેલ નથી પણ અનાદિકાળથી જગત તથા આત્મા છે જ તેવું માનવું ઉચિત છે.

વળી જે કર્મોના કારણે ઈશ્વર જીવોને સુખ - દુઃખ આપતો હોય તે કર્મો તે જીવે ક્યાં કર્યાં ? જો પૂર્વભવમાં, તો પૂર્વભવમાં પણ તે જીવને જે સુખ - દુઃખો ઈશ્વરે આપ્યા હશે તે પણ તેના કોઈ કર્મના આધારે જ આપ્યા હશે ને ? તો તે કર્મો તે જીવે ક્યાં કર્યાં ? તેનાય પૂર્વભવમાં જ ને ? આ રીતે તે જીવના દરેક ભવની પૂર્વે પણ તે ભવ અપાવનાર કર્મો માનવા પડશે. અને તે કર્મોને ઉત્પન્ન કરાવનાર પૂર્વભવ પણ માનવો પડશે. આમ, જીવનો પ્રથમભવ કોઈ રીતે સંભવી શકશે નહિ. તેથી જીવને અનાદિ માન્યા વિના ચાલશે નહિ.

જીવને અનાદિ માનવાથી, તે જીવ અનાદિકાળથી જ્યાં પોતાના જન્મ, જીવન અને મરણની પરંપરા ચલાવ્યા કરે છે તે જગતને પણ અનાદિ માનવું જ પડશે. અને જીવ તથા તેના આ સંસારને ચલાવનાર જે જીવ અને કર્મનો સંયોગ છે તે પણ અનાદિ માનવો જ પડશે. આમ, (૧) જીવ, (૨) જગત અને (૩) જીવ - કર્મસંયોગ, આ ત્રણેય અનાદિ છે તેવું સિદ્ધ થાય છે.

જો આ જગત અનાદિથી ન હોય તો આ જગતમાં પહેલા મરઘી હતી કે ઈંડું ? પહેલાં પિતા હતા કે પુત્ર ? પહેલાં માતા કે દીકરી ? શું જવાબ આપશો ? મરઘી વિના ઈંડું જો ન હોઈ શકે તો ઈંડા વિના મરઘી પણ શી રીતે હોઈ શકે ? પિતા વિના પુત્ર જો ન હોઈ શકે તો જે પુત્ર જ ન હોય તે પિતા શી રીતે બની શકે ? મા વિના દીકરી ન હોઈ શકે ને દીકરી વિના મા પણ ન હોઈ શકે. તેથી માનવું પડે કે મરઘી અને ઈંડુ, પિતા અને પુત્ર, માતા અને દીકરી, બધા અનાદિકાળથી છે. તેમાંથી કોઈની પહેલાં શરૂઆત થઈ છે તેમ ન મનાય. મા - દીકરી, પિતા - પુત્ર, મરઘી - ઈંડુંવાળું આ જગત અનાદિકાળથી છે.

જીવ, જગત અને કર્મસંયોગ અનાદિકાળથી હોવા છતાં ય તેઓ સતત પરિવર્તન પામતાં રહે છે. જીવ પોતે દેવ - મનુષ્ય - તિર્યંચ - નરક વગેરે અવતારો લેવા દ્વારા પરિવર્તન પામે છે. જગતમાં પણ ઘણા પરિવર્તનો જોવા મળે છે. આત્મામાં ચોંટેલા કર્મોમાં પણ પરિવર્તનો થાય છે. છતાંય જીવનો ક્યારેય નાશ તો થતો જ નથી. જગત પણ ક્યારેય નાશ પામવાનું નથી. જીવ અને જગત જેમ અનાદિ છે તેમ અનંત પણ છે. પરંતુ જીવ અને કર્મનો સંયોગ અનાદિ હોવા છતાંય તેનો અંત આવી શકે છે.

જે જીવો પોતાના જીવનમાં રાગ - દ્વેષને ખતમ કરવાની સાધના કરે છે, તે

આત્માઓ ઉપરથી આ કર્મો છૂટા પડી શકે છે, સર્વ કર્મો છૂટા પડતાં આત્મા મોક્ષમાં પહોંચે છે, તેનું પરમાત્મ સ્વરૂપ પ્રગટ થાય છે.

જો જીવ અને કર્મનો સંબંધ અનાદિકાળથી છે તો તે સંબંધ અનાદિ એવા જીવ અને જગતની જેમ અનંત રહેવો જોઈએ ને ? એવો સવાલ ન કરવો. કારણ કે અનાદિ હોય તે અનંતકાળ સુધી રહે જ તેવો કોઈ નિયમ નથી.

મરઘી - ઈંડું - મરઘીની પરંપરા અનાદિકાળથી ચાલતી હોવા છતાં ય જો કોઈ મરઘી ઈંડું આપ્યા પહેલાં જ મરી જાય તો તે મરઘીની પરંપરા તો બંધ પડી જ જાય.

પિતા - પુત્રની ચાલી આવતી વંશપરંપરા પણ તેના તમામ દીકરાઓ બ્રહ્મચારી અવસ્થામાં મૃત્યુ પામે કે દીક્ષા લઈ લે તો અટકી જાય છે.

મા - દીકરીની પરંપરા પણ કુંવારિકાવસ્થામાં તમામ દીકરીઓના મોત કે દીક્ષા થતાં અંત પામે છે. જેમ આ બધી અનાદિ પરંપરાનો અંત આવી શકે છે તેમ અનાદિ એવા જીવકર્મના સંયોગનો પણ અંત આવી શકે છે. જ્યારે આ અંત આવે છે ત્યારે આત્માનો મોક્ષ થાય છે. જીવ શિવ બને છે. આપણે સૌએ આવા શિવ બનવાની સાધના કરવાની છે.

ભગવાન ભલે જગત્કર્તા નથી, છતાં ય ભગવાનના દર્શન, વંદન, પૂજન, સત્કાર, સન્માન રોજ અવશ્ય કરવા જ જોઈએ.

પરમાત્મા પ્રત્યેનો સમર્પણભાવ - ભક્તિભાવ - પૂજ્યભાવ પેદા કરવાથી આપણામાં રહેલો અહંભાવ નાશ પામે છે. તે અહંભાવના કારણે બંધાનારા - દુઃખ અને દોષ પેદા કરનારા - કર્મો હવે નહિ બંધાય.

વળી પરમાત્મા પ્રત્યેનો આ વિશિષ્ટભાવ પૂર્વે બંધાયેલા કર્મોનો ઝડપથી પુષ્કળ પ્રમાણમાં નાશ કરશે. પરિણામે જીવનમાં દુઃખો નહિ આવે. પ્રભુભક્તિ નવું પુણ્ય કર્મ બંધાવશે. જેનાથી જીવનમાં સુખ પ્રાપ્ત થશે.

માટે, દુઃખને દૂર કરનારી, સુખને લાવનારી અને પરંપરાએ સર્વે કર્મોનો નાશ કરીને મોક્ષ આપનારી પરમાત્મભક્તિ ભાવવિભોર બનીને રોજ કરવી જોઈએ.

જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી જે કર્મો આત્માને સંસારમાં રખડાવે છે તે કર્મો આઠ પ્રકારના છે. (૧) જ્ઞાનાવરણીય કર્મ (૨) દર્શનાવરણીય કર્મ (૩) વેદનીય કર્મ, (૪) મોહનીય કર્મ (૫) આયુષ્ય કર્મ (૬) નામ કર્મ (૭) ગોત્ર કર્મ અને (૮) અંતરાય કર્મ.

આ આઠકર્મોમાંથી પહેલાં પાંચ કર્મો વિષે આપણે ઘેર બેઠાં તત્ત્વજ્ઞાન પ્રદીપના અંકોમાં તથા કર્મનું કમ્પ્યુટર ભાગ - ૨ માં વિસ્તારથી વિચારણા કરી છે. હવે છેલ્લા ત્રણ કર્મોને પણ વિસ્તારથી વિચારીએ.

# (૨) નામકર્મની નવાજુની

દુનિયાની સાત અજાયબી પ્રસિદ્ધ છે. તેને જોવા દૂરદૂરના દેશોમાંથી હજારો લોકો આવતા હોય છે. કોઈ તાજમહલને આશ્ચર્ય ગણે છે તો કોઈ ઢળતા મિનારાને આશ્ચર્ય ગણે છે. પણ તાજમહલને ય ભૂલી જઈએ તેવી કારીગરી અને બાંધણી તારંગાના જિનાલયની છે. આ બધા તીર્થોના જિનાલયોની સામે તાજમહલ તો કુછ નહિ !

પરંતુ તાજમહાલ જુઓ કે રાણકપુર જુઓ. દેલવાડા જુઓ કે તારંગા. બધા કરતાં અદ્‌ભૂત રચના તો છે આ શરીરતંત્રની ! શરીરતંત્રની રચના જોતાં અક્કલ કામ કરતી નથી. બુદ્ધિ બહેર મારી જાય છે. શી રીતે આ રચના થઈ હશે ? કોણે આ રચના કરી હશે ? આવી ઝીણી ઝીણી વ્યવસ્થિત ગોઠવણ કેવી રીતે થઈ હશે ?

માત્ર દોઢ - બે ઈંચની આંખમાં તો કેટલી બધી ખૂબીઓ ભરી છે. તે કોઈને હસાવી શકે છે તો કોઈને રડાવી શકે છે. કોઈને ભયભીત કરી શકે છે તો કોઈને લલચાવી શકે છે. આવી તો હજારો ખૂબી છે. ના, માત્ર આંખમાં જ ખૂબી છે એમ નથી. એક વેંતની ખોપરીમાં અજબ ગજબની શક્તિઓ ભરી છે. $E = MC^2$ જેવું એટમબોમ્બની શોધ કરનારું સૂત્ર આ ખોપરીમાંથી નીકળ્યું છે, જેણે સમગ્ર વિશ્વને હલબલાવી નાંખ્યું હતું.

ગળાની નાનીશી નાજૂક જગ્યામાં Sound box = Vocal boxની ગોઠવણ થઈ છે ! જેમાંથી જાતજાતના સૂરો નીકળે છે. જેમાંથી નીકળતા શબ્દો યુદ્ધનું રણશીંગું પણ ફૂંકાવી શકે છે તો અનેકોના ઘાને મલમપટ્ટો લગાડીને ટાઢક પણ આપી શકે છે. બે બાજૂ રહેલા કાન તો જુઓ. કેટલું નાનું યંત્ર છે, પણ તેમાં સાંભળવાની કેવી અદ્‌ભૂત શક્તિ રહેલી છે !

શરીરના રક્તસંચાર ઉપર નિયંત્રણ રાખનારી અને સમગ્ર શરીરનું સંચાલન કરનારી પિચ્યુટરીગ્રંથી માત્ર એક નાનીશી કેપ્સુલ જેટલી છે, છતાં તેની તાકાત કેવી ગજબની છે. તે જ રીતે મૂઠ્ઠી જેટલા હૃદયની તાકાત પણ કેવી ! ક્ષણ માટે ધબકતું બંધ પડી જાય તો માણસ મરી જાય. નાનું આંતરડું, મોટું આંતરડું, પિત્ત ઝરાવતું પિત્તાશય, નાનીશી કીડની, ખોરાક પચાવતું જઠર, બાળકને ધારણ કરતું ગર્ભાશય વગેરે શરીરની રચનાઓને વિચારીએ તો આપણું મગજ પણ કામ ન કરે !

શરીરના અવયવો તો અદ્‌ભૂત છે જ, પણ સાથે તેની વિશેષતા એ છે કે જે

અવયવ જ્યાં જોઈએ ત્યાં જ બધાને છે. બધા મનુષ્યોની આંખો આંખના સ્થાને જ છે. પણ કોઈની આંખ કપાળે, ગાલે કે ગળા પર નથી ! તે જ રીતે કાન, નાક, હાથ, પગ, ગાલ વગેરે બધા અવયવો પોત - પોતાના સ્થાને જ ગોઠવાયા છે. અને છતાં ખૂબી તો જુઓ ! બાહ્ય આકાર બધાનો એકસરખો હોવા છતાં ય કોઈ બે વ્યક્તિના ચહેરા સામાન્યત: એકબીજાને સંપૂર્ણ મળતાં આવતા જ નથી. બધાના મોઢા એક વેંતના હોવા છતાં, બે આંખ, બે કાન અને એક નાક બધાને હોવા છતાં કોઈના મોઢા મળતા નથી ! સગા બાપ - દીકરાના, મા - દીકરીના કે બે ભાઈઓના ચહેરામાં પણ ફરક તો જણાય જ છે ! આવી અદ્‌ભૂત રચના કોણે કરી ? કોની બુદ્ધિનો આ કસબ છે ?

ઈશ્વરે તો આ દુનિયાની કે આ શરીરની રચના કરી જ નથી. જેમ કુંભાર માટીમાંથી ઘડાને હાથ લગાડીને ઘડે તેમ માતા પણ પોતાના પેટમાં જુદા જુદા અવયવો બનાવીને શરીર ઘડતી નથી. તો આ અદ્‌ભૂત કરામત કોણે કરી ? શરીરના એકેક અવયવો શી રીતે બને ? કોણ બનાવે ? કેવા બનાવે ? હાડકાની રચના કોણ કરે ? તેય નબળાં કે મજબૂત શા માટે બને ? વગેરે સવાલોના જવાબો જાણવા જેવા છે. આશ્ચર્યકારી શરીરરચના પાછળનું રહસ્ય સમજવા જેવું છે.

કોઈ ધર્મે આ બધાનું સર્જન ઈશ્વર કરે છે એમ કહીને સંતોષ માન્યો. 'બધી કુદરતની કરામત છે' એમ કહીને કોઈએ બુદ્ધિને તકલીફ આપવાનું છોડી દીધું. આ તો માતા - પિતાનું સર્જન છે એમ કહીને કો'કે તો વિચાર કરવાનું જ માંડી વાળ્યું. પણ ના, જૈનશાસન કહે છે કે આવા ગોળગોળ જવાબો આપીને વાતને છોડી ન દેવાય. દરેકે દરેક કાર્યનું કોઈને કોઈ સચોટ કારણ હોય જ છે. આ બધું નથી ઈશ્વરનું સર્જન કે નથી માત્ર માતા - પિતાનું સર્જન. આમાં કુદરતની કરામતની કોઈ વાત નથી. આમાં મહત્ત્વનું કોઈ સંચાલક બળ હોય તો તે છે નામકર્મ.

આમ તો આઠે કર્મો આ જીવાત્માને પોતાનો કોઈને કોઈ પરચો સતત બતાડ્યા કરે છે. પણ તેમાં શરીરની રચનાને અનુસરીને જે કાંઈ પરચો બતાડાય છે તેમાં મહત્ત્વનો ફાળો આ નામકર્મનો છે. તે ચિત્રકાર જેવું છે.

ચિત્રકારનું કાર્ય છે ચિત્ર બનાવવાનું. તેની પાસે ચીતરવા મોટી ભીંત છે. ભીંત ઉપર તે ચિત્ર દોરે છે, જેમાં ઉગતો સૂર્ય છે. સુંદર પર્વત છે, ખળ ખળ નદી વહી રહી છે. મોર કળા કરે છે. પનિયારીઓ પાણી ભરવા જઈ રહી છે. દૂર કૂવો છે. નાના બાળકો એક બાજૂ રમી રહ્યા છે. આ બધું ચીતરતી વખતે તે પોતાની બુદ્ધિ વાપરતો હોય છે. બાળકોની આંખો, કાન, નાક, મુખ, તેની ઉપર રમતના ભાવો, નિર્દોષતા, શરીરની ચામડીનો રંગ, માથાના વાળ, સુંદર વસ્ત્રો, પગમાં પગરખાં વગેરે નાની

નાની ચીજો પણ આબેહૂબ બનાવવાનો તેનો પ્રયત્ન રહે છે. બસ, જે રીતે આ ચિત્રકાર જાતજાતના અવયવો, રંગોવાળું ચિત્ર બનાવે છે તે રીતે નામકર્મ આ સૃષ્ટિ પરના તે તે જીવોના શરીરનું તેવા તેવા પ્રકારે ઘડતર કરે છે ! તે કોઈને ચીબું નાક આપે છે તો કો'કને અણીયાળું ! કો'કને જાડો બનાવે છે તો કો'કને પાતળો. કો'કને કાળો કનૈયો, કો'કને ઘઉંવર્ણો તો કો'કને રૂપાળો બનાવે ! કો'કને સુંદર ચાલવાળો તો કો'કને લંગડાતી ચાલવાળો બનાવે. આ બધા કાર્યો નામકર્મના છે. નામકર્મના પેટાભેદો કુલ ૧૦૩ છે, જે ઉપરોક્ત કાર્યો કરે છે. આ ૧૦૩ પેટાભેદોમાં ૧૪ પિંડ પ્રકૃતિના ૭૫; આઠ પ્રત્યેક પ્રકૃતિઓના ૮, ત્રસદસકના ૧૦ અને સ્થાવર દસકના ૧૦ પેટાભેદોનો સમાવેશ થાય છે.

## ૧૪ પિંડપ્રકૃતિઓના ૭૫ પેટાભેદો.

(૧) ગતિનામકર્મ :- પોતે બાંધેલા આયુષ્યકર્મ પ્રમાણે આત્માએ નારક, તિર્યંચ, મનુષ્ય કે દેવ તરીકેનું જીવન જીવવું પડે છે. પણ સવાલ પેદા થાય કે તેવું જીવન જીવવા માટે તે તે ગતિમાં આત્માને કોણ લઈ જાય ? તે તે ગતિમાં ગયા વિના તો તેવું જીવન શી રીતે જીવાય ? તો શું આયુષ્ય પ્રમાણેની તે તે ગતિમાં આત્મા પોતાની જાતે જાય છે કે કોઈ કર્મ તેને ત્યાં લઈ જાય છે ?

આ વિશ્વમાં જેમ ગતિ ચાર છે; તે તે ગતિમાં જીવન જીવાડનાર આયુષ્યકર્મ પણ ચાર પ્રકારના છે તેમ તે તે ગતિમાં આત્માને લઈ જનારા કર્મો પણ ચાર છે. તે ચાર કર્મોને ગતિનામકર્મ કહેવાય છે. (A) નરકગતિ નામકર્મ (B) તિર્યંચગતિ નામકર્મ. (C) મનુષ્યગતિ નામકર્મ અને (D) દેવગતિ નામકર્મ.

અહીં ગતિ શબ્દનો અર્થ 'ચાલવું' એવો નથી કરવાનો પણ ગતિ એટલે ક્ષેત્ર. જે કર્મ જીવને નરકક્ષેત્રમાં લઈ જાય તે નરકગતિ નામકર્મ. તે રીતે ચારે ક્ષેત્ર માટે સમજવું.

જ્યાં સુધી આત્મા મોક્ષે ન જાય ત્યાં સુધી તેણે ચારે ગતિમાં જન્મ - મરણ કરવા જ પડવાના છે. તે તે ગતિમાં જઈને પોતે કર્મો ભોગવવાના છે. છેવટે સાધના કરીને તે કર્મો ખપાવવાના છે. જીવે જેવું ગતિનામકર્મ બાંધ્યું હોય તે પ્રમાણે તેને તે તે ગતિમાં જન્મ મળ્યા કરે. બાંધેલા આયુષ્યકર્મ પ્રમાણે ત્યાં જીવવું પડે. કયા જીવે મરીને કઈ ગતિમાં જવાનું ? તે વાત ઈશ્વરના કે બીજાના હાથમાં નથી. જીવ પોતે જ ગતિનામકર્મ અને આયુષ્યકર્મ બાંધે છે અને તે પ્રમાણે બીજા ભવમાં અવતાર ધારણ કરે છે.

જે જીવે દેવગતિ નામકર્મ બાંધ્યું હોય તે સ્વર્ગમાં અવતાર મેળવે. જેણે મનુષ્યગતિ નામકર્મ બાંધ્યું હોય તેને માનવનો જન્મ મળે. નરકગતિ નામકર્મ બાંધનારને કર્મ પ્રમાણે ૧ થી ૭ નરકમાં જવું પડે, તો તિર્યંચગતિ નામકર્મ બાંધનારને

કૂતરા, બલાડા, ભુંડ, વાઘ, સિંહ, સાપ, માછલી વગેરે તરીકેનો જન્મ મળે.

પોતાના મોત પહેલાં દરેક આત્મા પોતાનું નવા ભવનું આયુષ્ય અને પોતાની ગતિ નક્કી કરે છે, તે પ્રમાણેનું - આયુષ્યકર્મ અને ગતિનામકર્મ બાંધે છે અને મર્યાં પછી તરત તે જીવ પોતે બાંધેલા આયુષ્ય કર્મ અને ગતિનામકર્મ પ્રમાણે તે ગતિમાં જન્મ લે છે.

મર્યાં પછી બીજો ભવ તરત જ મળે છે. એક ગતિમાંથી બીજી ગતિમાં જતાં જીવને ૧, ૨, ૩, ૪ કે વધુમાં વધુ પાંચ સમય લાગે છે. આ પાંચ સમય એટલે એક સેકંડના અબજમા ભાગ કરતાં ય ઘણો બધો નાનો ભાગ. આંખના પલકારામાં તો આવા અબજોના અબજો કરતાં ય વધારે સમય પસાર થઈ જાય. તે પહેલાં તો તે આત્મા નવા ભવમાં ઉત્પન્ન થઈ ગયો હોય !

આપણે ત્યાં તો તે જીવ મર્યો છે કે જીવે છે ? તેની ચકાસણી ચાલતી હોય ! કપાળ પર ઘીના લચકાં મૂકાતા હોય ! નાકમાં રૂ મૂકાતું હોય ! પલ્સ ચેક કરાતી હોય ! તે પહેલાં તો તે જીવ બીજે ઉત્પન્ન પણ થઈ જાય !

આપણે તેને નવડાવીએ, સારા વસ્ત્રો પહેરાવીએ, સગા - સંબંધીઓને બોલાવીએ, બે - ચાર દિવસ માટે લોકોના દર્શનાર્થે તે મૃતકને કદાચ પડી પણ રાખીએ, તો શું ત્યાં સુધી તે આત્મા બીજે ઉત્પન્ન ન થાય ? ના, એવું નથી. આપણે અહીં તેની સ્મશાનયાત્રા વહેલી કાઢીએ કે મોડી ? તે જીવ તો તરત જ બીજે ઉત્પન્ન થઈ જ જાય ! ત્યાં નવું શરીર ધારણ કરી દે. નવું જીવન તેનું શરુ થઈ જાય. આ નવી ગતિમાં લઈ જવાનું કામ તરત કરનાર છે આ ગતિનામકર્મ.

પેલો અયવંતી સુકુમાલ ! રાત્રિના સમયે પોતાના મહેલના સાઈડના ભાગમાં ઉતરેલાં મહાત્માઓના સ્વાધ્યાયનો ઘોષ સાંભળીને ચમક્યો. ''અરે ! આ હું શું સાંભળું છું ? આવું તો મેં જાતે જ અનુભવ્યું લાગે છે. આ શેની વાત છે ?''

તે પહોંચ્યો સાધુ મહાત્માઓ પાસે. જઈને પૂછ્યું, ''અરે ! મહાત્માઓ ! આપ આ શેનું વર્ણન કરો છો ? મને આપ સમજાવો ને !''

'આ તો નલિનીગુલ્મ વિમાનનું વર્ણન છે.' એમ કહીને મહાત્માઓએ નલિનીગુલ્મ વિમાન કેવું હોય ? ત્યાંના દેવો કેવા હોય ? તેમની ઉત્પત્તિ - જીવન વગેરેની વિગતથી વાત કરી.

તે સાંભળીને અયવંતી બોલ્યો, ''ગુરુદેવ ! આપ કહો છો તે વાત તદ્દન સાચી છે. આ નલિનીગુલ્મ વિમાનમાં જ હું ગયા ભવમાં દેવ હતો. મેં પોતે આ બધું અનુભવ્યું છે. શું મારા તે સુખના દિવસો હતા ! મારી ઈચ્છા તો અહીંથી પાછા ત્યાં જ - તે જ નલિનીગુલ્મ વિમાનમાં જવાની છે. તો આપ મને એવો ધર્મ બતાવો કે જેથી મને પાછું

નલિનીગુલ્મ વિમાન મળે."

ગુરુદેવ : "બેટા અયવંતી ! ધર્મ તો મોક્ષ માટે જ કરાય. ઊંચામાં ઊંચો ધર્મ છે આ સંયમજીવનનો. અસાર એવા સંસારને ત્યાગીને સાધુ બનવાનું. કષ્ટો, ઉપસર્ગો અને પરિષહોને સહન કરવાના. તમામે તમામ કર્મોને ખતમ કરવાના. કેવળજ્ઞાન પામીને મોક્ષે જવાનું. નલિનીગુલ્મ વિમાનનું સુખ તો કુછ નહિ, એવું મોક્ષનું અદ્‌ભૂત સુખ પામવાનું. તે સુખ ક્યારેય ચાલ્યું જાય નહિ. દુઃખનો તો પડછાયો પણ ન પડે. કોઈની પરાધીનતા પણ નહિ. માટે નલિનીગુલ્મ વિમાનમાં જવાની જરૂર નથી. આપણે તો સીધા મોક્ષે જ જવાની સાધના કરવાની."

ગુરુદેવ ! આપની વાત તદ્દન સાચી છે. દીક્ષા લઈને મોક્ષની જ સાધના કરવી જોઈએ. પણ મારી ઈચ્છા તો હાલ નલિનીગુલ્મ વિમાનમાં જવાની છે. આપ મને જણાવો કે દીક્ષાજીવનનું પાલન કરવાથી જેમ મોક્ષ મળે તેમ નલિનીગુલ્મ વિમાન મળે કે નહિ ?

ગુરુદેવ : "અરે અયવંતી ! તું આ શું બોલ્યો ? જેનામાં મોક્ષ આપવાની તાકાત છે તે સર્વવિરતિ ધર્મમાં સ્વર્ગના સુખ આપવાની તાકાત કેમ ન હોય ? જે દાનવીર શેઠ કરોડો રૂપીયાનું દાન કરી શકે તે શું પાંચ - દસ રૂપીયા ન આપી શકે ? સાધુજીવનના પાલનની તાકાત તો અપરંપાર છે. તે મોક્ષ આપી શકે છે અને સ્વર્ગના સુખો પણ આપી શકે છે. પણ તે સુખો ઈચ્છવા જેવા નથી. આપણે તો માત્ર મોક્ષના સુખને જ ઈચ્છવું જોઈએ. તે મેળવવા જ સાધના કરવી જોઈએ. બાકી આ સંયમજીવનના પાલનથી નલિનીગુલ્મ વિમાન પણ મળી તો શકે જ."

"ગુરુદેવ ! આપની વાત સાવ સાચી છે. આ સંયમધર્મની સાધના મોક્ષ મેળવવા જ કરવી જોઈએ. મોક્ષસુખ જ ઈચ્છવા જેવું છે. નલિનીગુલ્મ વિમાનના સુખો કદી ય ઈચ્છવા જેવા નથી. તે તો ત્યાગવા જેવા છે. મોક્ષસુખ મેળવવામાં તેઓ તો વિઘ્ન સમાન છે. છતાં ય કોણ જાણે કેમ મને તો ત્યાં જ જવાનું મન થાય છે. તે સુખને મેળવવા હું દીક્ષા લેવા માંગું છું. મને આપ સંયમજીવનનું દાન કરો."

અને.... અયવંતી સુકુમાલે સુખભર્યા સંસારનો ત્યાગ કર્યો. સાધુજીવન સ્વીકાર્યું. જંગલની કેડીએ આગળ વધ્યા. કાયોત્સર્ગ ધ્યાનમાં લીન બન્યા. મનમાં ઊંડે ઊંડે પણ નલિનીગુલ્મ વિમાનમાં જવાની ભાવના પડેલી હતી. શિયાળણી આવી. મુનિ પર હુમલો કર્યો. તેમને ફાડી ખાવા લાગી. મુનિ તો સમતારસમાં લીન બની ગયા. મરણાંત કષ્ટને સમાધિથી સહવા લાગ્યા. દેવગતિનામકર્મ - દેવગતિ આયુષ્યકર્મ બાંધી લીધું. આયુષ્ય પૂર્ણ થતાં કાળધર્મ પામ્યા.

દેવગતિનામકર્મ ઉદયમાં આવ્યું. તે કર્મ તેમના આત્માને તરત જ નલિનીગુલ્મ વિમાનમાં લઈ ગયું. તેઓ ત્યાં દેવ તરીકે ઉત્પન્ન થયા. ''જય જય નંદા, જય જય ભદ્દા'' શબ્દો સંભળાવા લાગ્યા. દેવીઓ તેમને વધાવવા લાગી. દેવલોકના સુખો તેમના ચરણોમાં આવી પડ્યા. તેઓ વિચારે છે કે હું કોણ? અહીં ક્યાંથી આવ્યો? કેવી રીતે આવ્યો?

અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો, પોતાનો પૂર્વભવ દેખાયો. જંગલમાં પડેલું હાડપિંજર જોયું. દેવ બનેલા તેઓ ધરતી પર પોતાના મરણસ્થાને આવ્યા. ત્યાં પુષ્પવૃષ્ટિ કરી. સુગંધી જળનો છંટકાવ કર્યો. ગુરુભગવંતને વંદના કરીને પોતાના સ્થાને પાછા ફર્યાં.

**(A) દેવગતિ નામકર્મ :** જીવને દેવગતિમાં જે કર્મ લઈ જાય તે દેવગતિ નામકર્મ.

આ દેવગતિનામકર્મ આત્માને જે દેવગતિમાં લઈ જાય છે તે દેવગતિમાં ચાર પ્રકારના દેવોનો સમાવેશ થાય છે. (૧) ભવનપતિ (૨) વ્યંતર - વાણવ્યંતર (૩) જ્યોતિષી અને (૪) વૈમાનિક.

**ભવનપતિ દેવો :** આપણે જે પૃથ્વી ઉપર વસીએ છીએ તે કુલ ૧,૮૦,૦૦૦ યોજન જાડી છે. તેની જાડાઈના ઉપર - નીચેના એકેક હજાર યોજન છોડીને વચ્ચેના ૧,૭૮,૦૦૦ યોજનના ભાગમાં ૧લી નરકના જીવો અને આ ભવનપતિ દેવો વસે છે.

આ પૃથ્વીની જાડાઈમાં ૨૫ માળના મકાનની કલ્પના કરી જુઓ. તેમાંના એકી નંબરના માળમાં ૧લી નરકના નારકજીવોના આવાસો છે. જ્યારે બેકી નંબરના ૧૨ માળમાંથી બીજા અને ચોવીસમા માળ સિવાયના બાકીના દસ માળમાં દસ પ્રકારના ભવનપતિ દેવો રહે છે. (૧) અસુરકુમાર (૨) નાગકુમાર (૩) સુવર્ણકુમાર (૪) વિદ્યુતકુમાર (૫) અગ્નિકુમાર (૬) દ્વીપકુમાર (૭) ઉદધિકુમાર (૮) દિશીકુમાર (૯) વાયુકુમાર અને (૧૦) સ્તનિતકુમાર.

આ દસ પ્રકારના ભવનપતિ દેવોમાંના પ્રથમ પ્રકાર અસુરકુમારમાંના કેટલાક દેવો સ્વભાવથી ટીખળી હોય છે. તેમને બીજાઓને ત્રાસ દેવામાં મજા આવે છે. તેઓ વારંવાર નરકાવાસોમાં જઈને નરકના જીવોને જાતજાતનો ત્રાસ આપે છે, મારે છે, કાપે છે, પીલે છે, બાળે છે, તપાવે છે, રાઈ - રાઈ જેવા ટૂકડા કરે છે વગેરે. આવું પરમ = અત્યંત અધર્મનું કામ કરતાં હોવાથી તેઓ પરમાધાર્મિક = પરમાધામી દેવો તરીકે ઓળખાય છે.

**વ્યંતર દેવો :** આપણી પૃથ્વીની જાડાઈના ઉપરના શરૂઆતના ૧૦૦૦ યોજનના ઉપર - નીચેના ૧૦૦ - ૧૦૦ યોજન છોડીને વચ્ચેના જે ૮૦૦ યોજન છે તેમાં આઠ પ્રકારના વ્યંતર દેવો વસે છે. (૧) પિશાચ (૨) ભૂત (૩) યક્ષ (૪) રાક્ષસ (૫) કિન્નર (૬) કિંપુરુષ (૭) મહોરગ અને (૮) ગંધર્વ.

**વાણવ્યંતર દેવો :** આપણી પૃથ્વીની જાડાઈના સૌથી ઉપરના જે ૧૦૦ યોજન છે તેમાંના ઉપર - નીચે ૧૦ - ૧૦ યોજન છોડીને વચ્ચેના ૮૦ યોજનમાં આઠ પ્રકારના વાણવ્યંતર દેવો વસે છે. (૧) અણપન્ની (૨) પણપન્ની (૩) ઈસીવાદી (૪) ભૂતવાદી (૫) કંદિત (૬) મહાકંદિત (૭) કોહંડ અને (૮) પતંગ.

**તિર્યગ્જૃંભક દેવો :** દસ પ્રકારના તિર્યગ્ જૃંભક દેવો આપણી પૃથ્વી પર આવેલા દીર્ઘ વૈતાઢ્ય પર્વતની મેખલાઓમાં વસે છે. તેઓ ભગવાનના જન્મ, દીક્ષા, વરસીદાન, પારણા વગેરે પ્રસંગોએ આકાશમાંથી સોનૈયા વગેરે વરસાવે છે તથા ભગવાનના ઘરોના ભંડારો ભરી દે છે.

**જ્યોતિષી દેવો :** આકાશમાં જે સૂર્ય, ચંદ્ર, મંગળ વગેરે ગ્રહો, નક્ષત્રો તથા તારા દેખાય છે તે જ્યોતિષી દેવોના વિમાનો છે. તેમાં તે તે નામના દેવો વસે છે. તેઓ આપણી પૃથ્વીની સપાટીથી ૭૯૦ યોજનથી ૯૦૦ યોજન સુધીના ઉપરના વિસ્તારમાં મેરુપર્વતની આસપાસ ફરે છે. તેથી ચર છે. અઢીદ્વીપની બહાર પણ સૂર્ય - ચંદ્ર - ગ્રહ - નક્ષત્ર - તારાના વિમાનો આવેલા છે, પણ તેઓ સ્થિર છે. ફરતા નથી માટે અચર કહેવાય છે.

**વૈમાનિક દેવો :** વધારે પુણ્યવાળા, ભૌતિક રીતે વધારે સુખી દેવો તે વૈમાનિક દેવો. તેમાં બાર દેવલોક, નવ ગ્રૈવેયક તથા પાંચ અનુત્તરવાસી દેવોનો સમાવેશ થાય છે. (૧) સૌધર્મ (૨) ઈશાન (૩) સનત્ કુમાર (૪) મહેન્દ્ર (૫) બ્રહ્મલોક (૬) લાંતક (૭) મહાશુક્ર (૮) સહસ્રાર (૯) આનત (૧૦) પ્રાણત (૧૧) આરણ અને (૧૨) અચ્યુત.

બાર દેવલોકની ઉપર નવ ગ્રૈવેયકના ૩૧૮ વિમાનો આવેલા છે. (૧) સુદર્શન (૨) સુપ્રતિષ્ઠ (૩) મનોરમ (૪) સર્વતોભદ્ર (૫) સુવિશાલ (૬) સોમન (૭) પ્રીતિકર (૮) સોમનસ અને (૯) નંદિકર.

તેની ઉપર ચાર દિશામાં ચાર અને વચ્ચે એક વિમાન અનુત્તરવાસી દેવોનું છે. (૧) વિજય (૨) વૈજયન્ત (૩) જયંત (૪) અપરાજિત અને (૫) સર્વાર્થસિદ્ધ. આ સર્વાર્થસિદ્ધ વિમાનમાં જનાર દેવો પછીના ભવમાં દીક્ષા લઈને મોક્ષે જાય છે.

આ દેવગતિમાં ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક તથા બીજા ઈશાન દેવલોક સુધીના

વૈમાનિક દેવલોકમાં દેવો અને દેવીઓ બંને હોય છે. ત્રીજાથી ઉપરના દેવલોકમાં માત્ર દેવો જ હોય છે. બીજા દેવલોક સુધીની દેવીઓ આઠમા દેવલોક સુધી આવન - જાવન કરી શકે છે. બીજા દેવલોક સુધીના દેવ - દેવીઓ મનુષ્યની જેમ જ કામભોગો ભોગવતા હોય છે. પણ તેમના શરીરમાં સાત ધાતુઓ રૂપી ગંદકી ન હોવથી ગર્ભ ધારણ કરવાની સ્થિતિ પેદા થતી નથી.

ત્રીજા - ચોથા દેવલોકના દેવો, નીચેથી દેવીઓને ઉપર બોલાવીને તેમના સ્પર્શ માત્રથી સુખ અનુભવે છે. પાંચમા - છઠ્ઠા દેવલોકના દેવો તો દેવીઓના અંગોપાંગના દર્શન માત્રથી સુખ પામે છે, તેમને સ્પર્શ કરવાની પણ તેમને જરૂર પડતી નથી. સાતમા - આઠમા દેવલોકના દેવો તો નીચેની દેવીઓના સ્વર, આભૂષણોના અવાજ વગેરે સાંભળીને જ સંતોષ પામે છે. ૯ થી ૧૨મા દેવલોકના દેવો દેવીની માનસિક કલ્પનાઓ કરીને તૃપ્તિ અનુભવે છે. નવ ગ્રૈવેયક તથા પાંચ અનુત્તરના દેવો શારીરિક કે માનસિક, કોઈ રીતે કામવિકારોને અનુભવતા નથી. તેથી તેમને વીતરાગ પ્રાયઃ કહેવામાં આવ્યા છે. આમ ઉપર - ઉપરના દેવલોકના દેવોમાં કામાવેગ ઓછો - ઓછો હોય છે.

પોતાના દેવલોકની ઈન્દ્રની સભામાં માણવક ચૈત્યમાં રત્નમય દાબડાઓમાં તીર્થંકર ભગવંતોના દાંત - દાઢ - હાડકાઓ વગેરે સ્થાપન કરેલાં હોય છે. તેની મર્યાદા પાળવા દેવો તે સ્થાને કદી ય દેવીઓ સાથે ભોગ ભોગવતાં નથી.

જો પરમાત્માના દાંત - દાઢ અને હાડકાની પણ આ મર્યાદા ભોગી એવા દેવો પણ સાચવતાં હોય તો માનવોએ તો મંદિરો, તીર્થો અને પરમાત્માની પ્રતિમાની કેવી મર્યાદા સાચવવી જોઈએ ! દેરાસરમાં આંખોમાં વિકારો શી રીતે ઉભરાવાય ? વિજાતીય વ્યક્તિને કોણીઓ શી રીતે મરાય ? ગમે તેવા શબ્દોના પ્રયોગો શી રીતે કરાય ? ફીલ્મી તર્જ પરના ગીત અને સંગીત દ્વારા માનસિક વિકારો શી રીતે પેદા કરાય ? આપઘાત કરાવનારા આ રસ્તેથી જલ્દી પાછા ફરી જવા જેવું છે.

**(B) નરકગતિ નામકર્મ :** આ જીવનમાં રૌદ્રધ્યાન ધરનારાં આત્માઓને નરકગતિનામકર્મ નરકગતિમાં લઈ જાય છે. બ્રહ્મદત્ત ચક્રવર્તી, મમ્મણ શેઠ, કંડરિક, તંદુલિયો મત્સ્ય, કાલસૌરિક કસાઈ વગેરે આત્માઓ તો ઠેઠ સાતમી નરકમાં ચાલ્યા ગયા છે.

આપણી પૃથ્વીની જાડાઈમાં ભવનપતિદેવોની આસપાસ ૧લી નરકના જીવો માટેના આવાસો છે. આપણી પૃથ્વીની નીચે ક્રમશઃ બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી અને સાતમી નરકો આવેલી છે. ત્યાં જનારા આત્માઓ ભયાનક દુઃખોને અનુભવે છે.

પરમાધામી દેવો તેમને ત્રાસ આપે છે. મિથ્યાત્વી નારકો પરસ્પર એકબીજાને

દુઃખો આપે છે. સમ્યગ્દૃષ્ટિ નારકો પોતાને થતી પીડાને સમજપૂર્વક સહન કરીને અનંતા કર્મોને ખપાવે છે. નારકગતિમાં જનારા જીવોનું આયુષ્ય ઓછામાં ઓછું પણ દસ હજાર વર્ષનું તો હોય જ છે. વધુમાં વધુ તેત્રીસ સાગરોપમ (એક સાગરોપમ એટલે અબજોના અબજોથી ય ઘણા બધા વધારે - ગણી ન શકાય તેટલા વર્ષો) હોય છે. ત્યાં સુધી તેમને ભયાનક દુઃખો ભોગવવા જ પડે છે. તેઓ તેમાંથી છટકી શકતાં નથી. દેવ - નારકમાં ઉત્પન્ન થનાર જીવ નથી શ્રાવક બની શકતો કે નથી સાધુ બની શકતો. તેમનો વધુમાં વધુ આધ્યાત્મિક વિકાસ સમ્યગ્દર્શનપ્રાપ્તિ સુધીનો જ થાય છે.

**(C) મનુષ્યગતિ નામકર્મ :** મનુષ્યગતિમાં લઈ જનાર મનુષ્યગતિનામકર્મ છે. આપણે હાલ જ્યાં રહીએ છીએ તે જંબૂદ્વીપ છે. તેને ફરતા લવણસમુદ્ર, ધાતકીખંડ, કાલોદધિસમુદ્ર, પુષ્કરવરદ્વીપ, પુષ્કરવરસમુદ્ર વગેરે ક્રમશઃ અસંખ્યાતા દ્વીપ અને સમુદ્રો આવેલાં છે. સૌથી છેલ્લે સ્વયંભૂરમણ સમુદ્ર છે. તેમાંના જંબૂદ્વીપ, ધાતકીખંડ અને અડધા પુષ્કરવરદ્વીપ સુધીના અઢી દ્વીપમાં જ માનવગતિ છે. તેની બહાર માનવોના જન્મ કે મરણ થઈ શકતાં નથી. વિદ્યા, મંત્ર કે દેવાદિની સહાયથી માનવો તેની બહાર કદાચ જઈ શકે પણ તેમના જન્મ - મરણ તો બહાર ન જ થાય.

માનવગતિમાં જન્મેલો માનવ જ મોક્ષે જઈ શકે છે, તે જ સાધુ બની શકે છે. અરે ! તીર્થંકરપણું પણ તેને જ પ્રાપ્ત થઈ શકે છે. પણ જો સરખું જીવન ન જીવે તો સાતમી નરકે પણ તે પહોંચી શકે છે. માટે મળેલાં માનવજીવનને સફળ બનાવવાનો દરેકે સારી રીતે પ્રયત્ન કરવો જ જોઈએ.

**(D) તિર્યંચગતિનામકર્મ :** જીવને તિર્યંચગતિમાં જે લઈ જાય તે તિર્યંચગતિનામકર્મ. આપણી આસપાસ જે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, કૂતરા, બીલાડા, વાઘ, સિંહ, માખી, મચ્છર, ઉંદર, તીડ, ભમરા, વીંછી, કીડી, શંખ, કોડા વગેરે જાતજાતના પશુ - પંખી - પ્રાણીઓ દેખાય છે તે બધા તિર્યંચગતિના જીવો છે. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના જીવોનો તેમાં સમાવેશ થાય છે. સ્વયંભૂરમણસમુદ્ર સુધીના સમગ્ર તિર્છાલોકમાં જ તેમનો વાસ છે એમ નહિ, ચૌદે રાજલોકમાં આ તિર્યંચગતિના જીવો વસેલાં છે. કોઈ જગ્યા એવી ખાલી નથી કે જ્યાં તિર્યંચગતિના જીવો ઠાંસી ઠાંસીને ભરેલાં ન હોય. આહાર અને ભય સંજ્ઞાથી સતત પીડાતાં આ જીવોના જીવનમાં પરાધીનતાનું દુઃખ એટલું બધું ભયંકર છે કે ત્યાં કદી ય જન્મ ઈચ્છવા જેવો નથી.

આ ચારે ગતિના જીવો, તેમના ક્ષેત્રો વગેરે માટે વિશેષ માહિતી મેળવવા બૃહત્સંગ્રહણી, ક્ષેત્રસમાસ, લોકપ્રકાશ વગેરે ગ્રંથોનો સ્વાધ્યાય કરવો જરૂરી છે.

# (૩) આત્માનું ભાડૂતી ઘર

(૨) જાતિ નામકર્મ :

ગતિનામકર્મની વાતો જાણીને મનમાં પ્રશ્ન થાય કે તિર્યંચગતિમાં ભલે તિર્યંચગતિનામકર્મ લઈ જાય પણ તિર્યંચગતિમાં ય કોઈકને એક ઈન્દ્રિય મળે છે તો કોઈકને બે ઈન્દ્રિય. કોઈકને ત્રણ, કોઈકને ચાર તો કોઈક જીવને પાંચે પાંચ ઈન્દ્રિયો મળે છે, તો તેવી ઓછી - વત્તી ઈન્દ્રિયોવાળી અવસ્થા કોણ નક્કી કરે છે ? વળી તેમાં ય કોઈ ગાય તો કોઈ ભેંસ, કોઈ વાઘ તો કોઈ સિંહ, આવી તેમની જાતિઓ શી રીતે નક્કી થતી હશે ? માનવમાં ય કોઈક બ્રાહ્મણજાતિમાં તો કોઈક વણિક કોમમાં, કોઈ ક્ષત્રિયકુળમાં તો કોઈ હરિજન કોમમાં, કોઈક ભારતમાં તો કોઈક રશીયામાં જન્મ લે છે; તો આ બધું નક્કી કરનાર કોણ ?

મનુષ્ય, નરક, દેવ કે તિર્યંચગતિનો નિર્ણય કરનાર જેમ ગતિનામકર્મ છે તેમ તે તે ગતિમાં જાતિનો નિર્ણય કરનાર જાતિનામકર્મ છે. જુદી જુદી જાતિની અપેક્ષાએ તો ઘણા બધા જાતિનામકર્મો થાય પણ તે બધાનો સમાવેશ મુખ્યત્વે પાંચ જાતિનામકર્મમાં કરી દેવામાં આવ્યો છે.

**(A) એકેન્દ્રિય જાતિ :** માત્ર સ્પર્શનેન્દ્રિય રૂપ એક જ ઈન્દ્રિયવાળા જીવોની જાતિ.

**(B) બેઈન્દ્રિય જાતિ :** માત્ર સ્પર્શનેન્દ્રિય રસનેન્દ્રિયવાળા જીવોની જાતિ.

**(C) તેઈન્દ્રિય જાતિ :** સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિયવાળા જીવોની જાતિ.

**(D) ચઉરિન્દ્રિય જાતિ :** સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય રૂપ ચાર ઈન્દ્રિયવાળા જીવોની જાતિ.

**(E) પંચેન્દ્રિય જાતિ :** પાંચે પાંચ ઈન્દ્રિયવાળા જીવોની જાતિ.

આ દરેક જાતિનામકર્મના અવાંતર ભેદો - પેટાભેદો ઘણા છે. જેમ કે એકેન્દ્રિયજાતિના અવાંતર ભેદોમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ આવે. આ પાંચે પ્રકારના દરેકના પેટાભેદો ઘણા - ઘણા હોય. જેમ કે પથ્થર, શીલા, માટી, કાંકરા, અબરખ, સોનુ, ચાંદી, હીરા, માણેક, મોતી વગેરે અનેક જાતિઓ પૃથ્વી નામની જાતિના પેટાભેદો છે. કઈ જાતિના કયા ભેદના કયા પેટાભેદમાં જીવાત્માએ જન્મ લેવાનો છે ? તેનો નિર્ણય આ જાતિનામકર્મ કરે છે.

બધા દેવો, નારકો અને માનવો પંચેન્દ્રિય જ હોય છે. તેથી તે બધાને પંચેન્દ્રિયજાતિનામકર્મનો ઉદય હોવા છતાં ય તે તે જાતિની અવાંતર પેટાજાતિઓ ઘણી હોવાથી પંચેન્દ્રિયજાતિનામકર્મના અવાંતર પેટાભેદો પણ ઘણા છે. તેના આધારે તે જ અવાંતર જાતિમાં જીવ જન્મ લે છે અને દુનિયામાં તે જીવનો તે જ અવાંતર જાતિનામકર્મના આધારે તે તે જાતિવાળા તરીકેનો વ્યવહાર થાય છે.

બધા મનુષ્યો પંચેન્દ્રિય હોવા છતાં ય આપણે જોઈએ છીએ કે કોઈને કાને બહેરાશ હોય છે તો કોઈક આંખે આંધળા હોય છે. તેથી કાંઈ તેમને તેઈન્દ્રિય કે ચઉરિન્દ્રિય ન કહેવાય. ઈન્દ્રિયોની કાર્યક્ષમતાનો આધાર દર્શનાવરણીય કર્મના ચક્ષુદર્શનાવરણીય અને અચક્ષુદર્શનાવરણીય કર્મ ઉપર છે, જ્યારે આ જીવ પંચેન્દ્રિય છે તેવો વ્યવહાર કરાવનાર આ પંચેન્દ્રિય જાતિનામકર્મ છે.

આ પંચેન્દ્રિય છે, આ એકેન્દ્રિય છે, આ બ્રાહ્મણ છે, આ ગાય છે, આ વનસ્પતિ છે, આ પાણી છે એવો પરિચયાત્મક વ્યવહાર આ જાતિનામકર્મ કરાવે છે પણ આ ઊંચી જાતિનો છે, આ નીચી જાતિનો છે તેવો વ્યવહાર આ જાતિનામકર્મ કરાવી શકતું નથી. ઉચ્ચ – નીચનો વ્યવહાર કરાવનાર જે કર્મ છે તેનું નામ છે ગોત્રકર્મ. ચારે ય ગતિમાં રહેલી અનેક પ્રકારની જાતિઓમાં કેટલીક ઊંચી જાતિઓ છે તો કેટલીક જાતિઓ નીચી ગણાય છે. આપણને જો ઊંચી જાતિ મળી હોય તો તેનું અભિમાન કરવાનું નથી કે બીજાની નીચી જાતિ જોઈને તેમને ધિક્કારવાના કે તિરસ્કારવાના પણ નથી.

**(૩) શરીર નામકર્મ** : ગતિનામકર્મ અને જાતિનામકર્મ પ્રમાણે આત્મા જે તે ગતિમાં, નિશ્ચિત કરેલી જાતિમાં પહોંચી તો જાય પણ ત્યાં તે કયું શરીર ધારણ કરે ? તે શરીર તેને કોણ ધારણ કરાવે ?

દેવ, માનવ, નરક અને તિર્યંચ; આ ચારે ય ગતિમાં કોઈ ગતિ એવી નથી કે જયાં શરીર ન હોય. માત્ર મોક્ષગતિ જ એવી છે કે જયાં શરીરની કોઈ જરૂર નથી. સર્વ પ્રકારના શરીરોને છોડી દો પછી જ મોક્ષ મળે, પણ જયાં સુધી મોક્ષમાં ન જાય ત્યાં સુધી તો આત્માએ કોઈને કોઈ ગતિમાં જવું જ પડે ને ત્યાં કોઈને કોઈ શરીર ધારણ કરવું જ પડે. કારણ કે આત્મા શરીરમાં વાસ કરે છે.

શરીર તો કર્મે જીવને રહેવા માટેનું ભાડાથી આપેલું ઘર છે. કોઈને બે થાંભલા (પગ) નું તો કોઈને ચાર થાંભલા (પગ)નું. સાપ વગેરેને થાંભલા (પગ) વિનાનું તો કાનખજૂરા જેવાને ઘણા થાંભલા(પગો)વાળું. કરોળીયા જેવાને આઠ (પગો) થાંભલાવાળું તો વનસ્પતિ વગેરેને માત્ર એક (થડ રૂપ) થાંભલાવાળું. આમ શરીર રૂપી ઘર ભલે જુદું જુદું હોય, તેની અંદર વસનારો આત્મા પોતે તે સચ્ચિદ્ આનંદ

સ્વરૂપ છે. પરમાત્માનો અંશ છે. શરીર કરતાં સાવ જ જુદો છે.

શરીર અને આત્મા એક છે જ નહિ. બંને સાવ જુદા જુદા તત્ત્વો છે. આત્મા ચેતન છે તો શરીર જડ છે. શરીરધારી આત્મા તે સંસારી જીવ અને શરીરરહિત શુદ્ધ આત્મા તે સિદ્ધ ભગવાન.

આત્મા જે તે ગતિમાં પહોંચતાં જ સૌ પ્રથમ કાર્ય શરીર બનાવવાનું કરે છે. આત્મા પોતે બનાવેલા શરીરમાં બાંધેલા આયુષ્યકર્મ પ્રમાણેનો સમય રહે છે. પછી શરીર છોડીને નવા આયુષ્યકર્મ તથા ગતિકર્મ પ્રમાણે ચાલ્યો જાય છે.

આત્મા છે તો શરીરની કિંમત છે. આત્મા ચાલી જાય પછી શરીરની શી કિંમત? તે તો મડદું કહેવાય. લોકો તેની ઠાઠડી બનાવે. જલ્દીથી જલ્દી ઘરમાંથી બહાર કાઢે. "કાઢો રે કાઢો" કહીને તેને ઘરમાંથી કાઢી, સ્મશાનમાં લઈ જઈને ચિતા પર ચઢાવીને બાળી નાંખે. શરીર બળે છે, જીવ નહિ. તે તો ક્યારનો ય બીજા ભવમાં ચાલ્યો ગયો હોય છે. ત્યાં તેનો જે જન્મ થાય તે પુનર્જન્મ કહેવાય.

પુનર્જન્મ શરીરનો થતો નથી, આત્માનો થાય છે. શરીર તો સ્મશાનમાં બળી ગયું. તેનો ફરીથી જન્મ શી રીતે થાય? પણ જે આત્મા નીકળી ગયો છે તે જ બીજે જન્મ લે. તેનો પુનર્જન્મ થાય. આમ આત્મા નવું શરીર ધારણ કરે તે જન્મ કહેવાય. જ્યાં સુધી તે શરીરમાં રહે ત્યાં સુધી જીવન અને જ્યારે તે શરીરને છોડીને ચાલ્યો જાય તેનું નામ મોત. આમ, જન્મ, જીવન અને મોતને શરીર સાથે ઘણો સંબંધ છે. તેથી મનમાં સવાલ થાય છે કે આ શરીર શું ચીજ છે? તેને કોણ બનાવે છે?

નામકર્મનો એક ભેદ છે શરીરનામકર્મ. તેનો ઉદય થતાં આત્મા શરીર બનાવે છે. તે શરીર પાંચ પ્રકારના છે. માટે આ શરીરનામકર્મના પેટાભેદ પણ પાંચ છે. (A) ઔદારિક શરીરનામકર્મ (B) વૈક્રિય શરીરનામકર્મ (C) આહારક શરીરનામકર્મ (D) તૈજસ શરીરનામકર્મ અને (E) કાર્મણ શરીરનામકર્મ.

આપણું વિશ્વ ચૌદ રાજલોક રૂપ છે. તેમાં જીવ અને જડ; બંને પદાર્થો છે. તેમાં પુદ્‌ગલ નામનું જડદ્રવ્ય પણ આ વિશ્વમાં ઠેર ઠેર રહેલું છે. તેમાંથી શરીર બનાવવાનું કાર્ય આત્મા કરે છે.

જેમ માટીના ઘર બનાવવા હોય તો ઈંટ - સીમેન્ટની જરૂર પડે. લાકડાના ઘર બનાવવા હોય તો લાકડાની જરૂર પડે અને પથ્થરના મકાન બનાવવા હોય તો પથ્થરની જરૂર પડે તેમ જેવું શરીર બનાવવું હોય તેવા પુદ્‌ગલની આત્માને જરૂર પડે.

શરીર બનાવવા માટેનો જે પુદ્‌ગલમય કાચો માલ છે તે વર્ગણા કહેવાય છે. તેમાં જાડા - સ્થૂલ - બારીક બારીક પુદ્‌ગલોનો જે જથ્થો છે તે ઔદારિક વર્ગણા કહેવાય

છે. તેનાથી સૂક્ષ્મ પુદ્ગલોના જથ્થાને વૈક્રિય, તેનાથી ય સૂક્ષ્મને આહારક, તેનાથી સૂક્ષ્મ પુદ્ગલોને તૈજસ અને સૌથી સૂક્ષ્મ પુદ્ગલોને કાર્મણ વર્ગણા કહેવામાં આવે છે. આત્મા તે તે શરીરનામકર્મના આધારે તે તે વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને શરીર બનાવવાનું કામ કરે છે.

જો તે આત્મા મનુષ્ય કે તિર્યંચગતિમાં જાય તો તેને ઔદારિક શરીરનામકર્મનો ઉદય થાય છે. તેથી તે આત્મા ઔદારિક વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને ઔદારિક શરીર બનાવે છે. આપણને બધાને આ ઔદારિક શરીર હોય છે.

જો તે આત્મા દેવ કે નારકગતિમાં જાય તો તેને વૈક્રિય શરીરનામકર્મનો ઉદય થાય છે, તેથી તે વૈક્રિય વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને વૈક્રિય શરીર બનાવે છે. વૈક્રિય શરીર એટલે વિવિધ પ્રકારની ક્રિયાઓ કરનારું શરીર. જે નાનામાંથી મોટું થાય અને મોટામાંથી નાનું થાય. ઘડીકમાં માનવનું રૂપ લઈ શકે તો ઘડીકમાં વાઘ, સિંહ વગેરે પશુનું કે પંખીનું રૂપ પણ લઈ શકે. એકી સાથે અનેક રૂપોને પણ ધારણ કરી શકે. દેવો અને નારકોને આ વૈક્રિય શરીર હોય છે.

સાધુજીવન સ્વીકારીને, વિશિષ્ટ સાધનાના બળે જેઓ ચૌદ પૂર્વના જ્ઞાતા અને આમર્ષ-ઔષધિ વગેરે લબ્ધિઓના સ્વામી બન્યા હોય છે તેવા મહાત્માઓ કારણ ઊભું થતાં આહારક વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને આહારક શરીર પણ બનાવે છે.

જ્યારે તેમને મહાવિદેહ ક્ષેત્રમાં રહેલાં તીર્થંકર પરમાત્માનું સમવસરણ, વિશિષ્ટ ઋદ્ધિ - સમૃદ્ધિ વગેરે જોવાની ઈચ્છા થાય ત્યારે અથવા તો શાસ્ત્રીય પદાર્થમાં કયાંક શંકા પડતાં તેનો જવાબ મેળવવાનો હોય ત્યારે તેઓ આહારક શરીર નામકર્મનો ઉદય કરીને આહારક શરીર બનાવીને તે શરીરને મહાવિદેહક્ષેત્રમાં મોકલે છે. તે શરીર મુઠ્ઠી વાળેલાં એક હાથ જેટલું હોય છે. અત્યંત દેદીપ્યમાન હોય છે. ક્ષણવારમાં તો ત્યાં જઈને, ઋદ્ધિ જોઈને કે જવાબ મેળવીને તે શરીર અહીં પાછું પણ આવી જાય છે. પછી તે પુદ્ગલો પાછા વિશ્વમાં ફેંકાઈ જાય છે.

ચાહે મનુષ્ય હોય કે દેવ, તિર્યંચ હોય કે નારક, પ્રત્યેક સંસારી જીવને તૈજસ શરીર અને કાર્મણ શરીર તો હોય જ. લીધેલા ખોરાકને પચાવવાનું કામ તૈજસ શરીર કરે છે. ક્યારેક તેજોલેશ્યા કે શીતલેશ્યા છોડવાનું કાર્ય પણ આ તૈજસ શરીરથી થાય છે. તથા આત્મા પર જે કર્મો ચોંટે છે તે જ કાર્મણશરીર છે. કર્મો વિનાનો તો કોઈ સંસારી આત્મા ન જ હોય ને ! તેથી કાર્મણશરીર વિનાનો સંસારી આત્મા પણ ન જ હોય.

આમ દરેક સંસારી જીવોને ઓછામાં ઓછા બે શરીર તો હોય જ. (૧) તૈજસશરીર અને (૨) કાર્મણ શરીર. એક ભવમાંથી નીકળીને આત્મા બીજા ભવમાં

જતો હોય ત્યારે પણ તેને આ બે શરીરો તો હોય જ. પછી નવા ભવમાં જો તે માનવ કે તિર્યંચ બને તો આ બે શરીર ઉપરાંત તે ત્રીજું ઔદારિક શરીર બનાવે. પણ જો તે દેવ કે નારક બને તો તે તૈજસ-કાર્મણ ઉપરાંત ત્રીજું વૈક્રિય શરીર બનાવે.

કેટલાક મનુષ્યો તથા તિર્યંચો વિશિષ્ટ લબ્ધિવાળા હોય છે. તેઓ જો વૈક્રિયલબ્ધિવાળા હોય તો તૈજસ, કાર્મણ અને ઔદારિક ઉપરાન્ત ચોથું વૈક્રિય શરીર પણ બનાવી શકે છે. ત્યારે તેમને ચાર શરીર હોય છે. જો આહારક લબ્ધિધારી ચૌદ પૂર્વધર મહાત્મા હોય તો તેઓ આહારક શરીર પણ બનાવી શકે. તેથી મનુષ્ય પાંચ શરીર પણ બનાવી શકે. આમ, તિર્યંચો ચાર તો મનુષ્યો પાંચે પાંચ શરીર પણ બનાવી શકે છે, પરંતુ જે વખતે વૈક્રિય શરીર બનાવેલ હોય તે જ સમયે આહારક શરીર બનાવી શકાતું નથી. તેથી એકી સાથે તો વધારેમાં વધારે ચાર જ શરીરો હોય છે. ઔદારિક + તૈજસ + કાર્મણ + વૈક્રિય અથવા ઔદારિક + તૈજસ + કાર્મણ + આહારક. આમ જીવને એકીસાથે ઓછામાં ઓછા બે (તૈજસ + કાર્મણ) તથા વધારેમાં વધારે ચાર શરીરો હોઈ શકે છે, પણ પાંચે પાંચ શરીરો એકીસાથે કોઈને પણ હોઈ શકતા નથી.

**(૪) અંગોપાંગ નામકર્મ :-** ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ; આ પાંચ શરીરમાંથી તૈજસ અને કાર્મણ શરીરમાં અંગોપાંગ હોતા નથી. તે સિવાયના બાકીના ત્રણેય ઔદારિક, વૈક્રિય અને આહારક શરીરમાં અંગોપાંગ હોય છે. તે અંગોપાંગ બનાવનાર કર્મનું નામ અંગોપાંગ નામકર્મ છે.

બે હાથ, બે પગ, માથું, પેટ, પીઠ અને છાતી; આ આઠ અવયવોને અંગ કહેવાય છે. નાક, કાન, આંખ વગેરેને ઉપાંગ કહેવાય છે. કોઈને પૂંછડી મળે ને કોઈને પૂંછડી ન મળે. કોઈને ચાર પગ હોય ને કોઈને બે પગ હોય. કોઈને હાથના પંજામાં નહોર હોય તો કોઈના પગમાં ખૂરી હોય. કોઈના શરીર પર રૂંવાટી હોય ને કોઈને મોટા મોટા ઉનના વાળ હોય. કોઈને દાઢી-મૂછ હોય ને કોઈને તેનું નામોનિશાન ન હોય. આ બધું અંગોપાંગ નામકર્મને આભારી છે.

ઔદારિક અંગોપાંગ નામકર્મના ઉદયે ઔદારિક શરીરમાં અવયવો બને. વૈક્રિય - અંગોપાંગ નામકર્મના ઉદયે વૈક્રિય શરીરમાં અવયવો બને અને આહારક અંગોપાંગ નામકર્મના ઉદયે આહારક શરીરમાં અંગોપાંગ બને છે. તૈજસ - કાર્મણશરીરમાં અંગોપાંગ નથી, માટે તે માટેનું અંગોપાંગ નામકર્મ પણ નથી. તેથી કુલ ત્રણ પ્રકારના અંગોપાંગ નામકર્મ છે.

નમુચિમંત્રીએ જ્યારે જૈન સાધુઓને સખત ત્રાસ આપ્યો અને સાત દિનમાં તેનો દેશ ખાલી કરી જવાનો ઑર્ડર કર્યો ત્યારે તેની શાન ઠેકાણે લાવવા વિષ્ણુકુમાર મુનિએ

વૈક્રિયશરીર બનાવેલું. તેમાં વૈક્રિય અંગોપાંગ ગોઠવેલા. સાધિક એક લાખ યોજન પ્રમાણ શરીર તૈયાર કરેલ. જાણે કે તે શરીર ઉપર આકાશને અડવા લાગ્યું હતું. શાસનદ્રોહીઓની શાન ઠેકાણે લાવવા તેમણે પરાણે ગુસ્સો કરવો પડ્યો હતો.

''બોલ નમુચી ! તેં મને ત્રણ ડગલાં જમીન આપેલ છે ને ? બે ડગલાં તો મેં જંબૂદ્વીપના બે છેડે મૂકી દીધા છે. હવે ત્રીજો પગ ક્યાં મૂકું ? બોલ... જલ્દી બોલ !''

પેલો નમુચી તો ધ્રૂજી ગયો. પગમાં પડીને રડવા લાગ્યો. અપરાધની ક્ષમા માંગવા લાગ્યો. પણ આવાઓની દયા શી રીતે ખવાય ? વિષ્ણુકુમારમુનિએ ત્રીજો પગ તેના જ મસ્તક ઉપર મૂકી દીધો. સર્વ સાધુઓને ઉપસર્ગમાંથી મુક્ત કર્યાં.

વિષ્ણુકુમારમુનિએ આ વૈક્રિયશરીરનામકર્મ અને વૈક્રિય અંગોપાંગનામકર્મનો ઉદય કરીને આ શરીર બનાવ્યું હતું.

**(૫) સંઘાતન નામકર્મ :** રોટલી બનાવવી હોય તો પહેલાં જેમ તેને અનુરૂપ આટો ભેગો કરવો પડે છે, પછી તેમાં પાણી નાંખીને કણેક બનાવાય છે, પછી તેમાંથી રોટલી બનાવવાનું કાર્ય આગળ ચાલે છે તેમ ઔદારિકાદિ શરીર બનાવવા માટે સૌ પ્રથમ તેને જરૂરી એવા પુદ્‌ગલોને ભેગા કરવા પડે છે. જ્યાં સુધી અનુરૂપ પુદ્‌ગલોનો જથ્થો તૈયાર ન થાય ત્યાં સુધી તેને ગ્રહણ શી રીતે કરાય ?

આપણે જોયું કે શરીર નામકર્મના ઉદયે તે તે વર્ગણાના પુદ્‌ગલો ગ્રહણ થાય છે. જો ઔદારિક શરીરનામકર્મનો ઉદય હોય તો ઔદારિક વર્ગણાના પુદ્‌ગલો ગ્રહણ થાય. તેમાંથી શરીર અંગોપાંગ વગેરેની રચના થાય. વૈક્રિય શરીર નામકર્મનો ઉદય હોય તો વૈક્રિયવર્ગણાના પુદ્‌ગલો ગ્રહણ થાય.

તે તે શરીરને અનુરૂપ પુદ્‌ગલોને સમૂહ રૂપે ભેગા કરવાનું કામ જે કર્મ કરે છે તેને સંઘાતન (સંઘાત = સમૂહ) નામકર્મ કહેવાય છે.

પુદ્‌ગલોમાં પરસ્પર ભેગા થવાનો ગુણ તો હોય જ છે, પણ કયા સમયે કયા પુદ્‌ગલો પરસ્પર ભેગા થાય ? તે કોણ નક્કી કરે ? પુદ્‌ગલોને કોઈ કર્મ હોતું નથી. પણ આત્મામાં જેવા પ્રકારના સંઘાતન નામકર્મનો ઉદય થાય તેવા પ્રકારના પુદ્‌ગલો સંઘાત (સમૂહ) રૂપે જોડાય છે. જોડાયેલા તે પુદ્‌ગલોને શરીરનામકર્મનો ઉદય ખેંચે છે.

શરીર પાંચ પ્રકારના હોવાથી તેને અનુરૂપ પુદ્‌ગલોનો સમૂહ કરનારા સંઘાતન કર્મો પણ પાંચ પ્રકારના છે. (A) ઔદારિક શરીરને અનુરૂપ ઔદારિક પુદ્‌ગલોને ભેગા કરનાર **ઔદારિક સંઘાતન નામકર્મ.** (B) વૈક્રિય શરીરને અનુરૂપ વૈક્રિય પુદ્‌ગલોને ભેગા કરનાર **વૈક્રિય સંઘાતન નામકર્મ** (C) આહારક શરીરને અનુરૂપ આહારક પુદ્‌ગલોને ભેગા કરનાર **આહારક સંઘાતન નામકર્મ.** (D) તૈજસ શરીરને

અનુરૂપ તૈજસ પુદ્ગલોને ભેગા કરનાર **તૈજસ સંઘાતન નામકર્મ** અને (E) કાર્મણ શરીરને અનુરૂપ કાર્મણ પુદ્ગલોને ભેગા કરનાર **કાર્મણ સંઘાતન નામકર્મ.** કયા જીવને શરીર બનાવવા કેટલા પુદ્ગલો જોઈએ ? તેનો નિર્ણય પણ આ સંઘાતન નામકર્મ કરે છે. તેના આધારે ભેગા થયેલા જરૂરી તે પુદ્ગલોને શરીરનામકર્મનો ઉદય થતાં જીવ ગ્રહણ કરે છે.

**(૬) બંધન નામકર્મ :** શરીરમાં રહેલા જુના પુદ્ગલો અને જીવે ગ્રહણ કરેલા આ નવા પુદ્ગલોને એકરસ કોણ કરે ? આટાને પણ કણેક રૂપે બનાવવો પડે છે. તેના કણકણને એકરસ બનાવવા પડે છે. તે માટે તેમાં પાણી નાંખવું પડે છે. પાણી તેને એકરસ બનાવવાનું કામ કરે છે તેમ **બંધનનામકર્મ** નામનું કર્મ છે, જે જુના અને નવા પુદ્ગલોનું પરસ્પર બંધન કરે છે. બંનેને મિશ્ર કરે છે.

આપણે રોટલી, દાળ-ભાત, શાક, મીઠાઈ, ફ્રુટ વગેરે ખાઈએ છીએ. પેટમાં ગયા પછી તે લોહી, માંસ, ચરબી વગેરે સાત ધાતુઓ રૂપે બને છે. આપણા આ શરીર સાથે એકરસ બની જાય છે. જે રીતે કપડાં પહેર્યા પછી તે કપડાને ગમે ત્યારે શરીરથી દૂર પણ કરી શકાય છે તે રીતે જે ભોજન ખાધું, તેને ખાધા પછી તે જ સ્વરૂપમાં શરીરથી દૂર કરી શકાતું નથી. તે ભોજન પોતે જ પચ્યા પછી સાત ધાતુવાળા શરીર રૂપે બની જાય છે. શરીર સાથે એકરસ બની જાય છે. આ એકરસ બનાવવાનું કાર્ય આ બંધન નામકર્મ કરે છે. તે બંધન નામકર્મના ૧૫ પેટાભેદો છે.

**(૧) ઔદારિક - ઔદારિક બંધન નામકર્મ :-** મનુષ્ય તથા તિર્યંચોનું શરીર ઔદારિક વર્ગણાનું બનેલું ઔદારિક શરીર છે. તેઓ રોટલી, દાળ કે ઘાસ વગેરે જે જે ભોજન કરે છે તે બધા ઔદારિક વર્ગણાના પુદ્ગલો જ છે. શરીર રૂપે રહેલાં ઔદારિક વર્ગણાના પુદ્ગલો સાથે આ આહાર વગેરે રૂપે ગ્રહણ કરાયેલા નવા ઔદારિક વર્ગણાના પુદ્ગલોને એકરસ કરવાનું કામ આ કર્મ કરે છે.

**(૨) વૈક્રિય - વૈક્રિય બંધન નામકર્મ :-** દેવો અને નારકોને વૈક્રિયવર્ગણાના પુદ્ગલોનું બનેલું વૈક્રિય શરીર હોય છે. તેમાંના કેટલાક પુદ્ગલો વિખરાઈને પાછા આકાશમાં ચાલ્યા જાય છે તો નવા વૈક્રિય વર્ગણાના કેટલાક પુદ્ગલો ગ્રહણ પણ થાય છે. જુના વૈક્રિય શરીર સાથે નવા ગ્રહણ કરાયેલાં વૈક્રિયપુદ્ગલોને એકરસ કરવાનું કામ આ વૈક્રિય - વૈક્રિય બંધનનામકર્મ કરે છે.

**(૩) આહારક - આહારક બંધનનામકર્મ :-** આમર્ષ - ઔષધિ વગેરે વિદ્યાવાળા ચૌદ પૂર્વધર મુનિઓ આહારક શરીર બનાવ્યા પછી પ્રતિસમયે ફરી નવા નવા જે આહારક વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે છે તેમને આહારક શરીર સાથે જોઈન્ટ કરવાનું

કામ આ આહારક - આહારક બંધનનામકર્મ કરે છે.

**(૪) ઔદારિક - તૈજસ બંધન નામકર્મ :-** મનુષ્ય - તિર્યંચના ઔદારિક શરીરની સાથે (જઠરાગ્નિ પેદા થવા વગેરે રૂપ) તૈજસ વર્ગણાના પુદ્ગલોનો પરસ્પર સંબંધ કરાવવાનું કાર્ય આ ઔદારિક - તૈજસ બંધનનામકર્મ કરે છે.

**(૫) વૈક્રિય - તૈજસ બંધન નામકર્મ :-** દેવો - નારકોના વૈક્રિય શરીર સાથે તૈજસ વર્ગણાના પુદ્ગલોને જોડવાનું કામ વૈક્રિય - તૈજસ બંધનનામકર્મ કરે છે.

**(૬) આહારક - તૈજસ બંધનનામકર્મ :-** આહારક શરીર સાથે તૈજસવર્ગણાના પુદ્ગલોને જોડવાનું કામ આ આહારક - તૈજસ બંધનનામકર્મ કરે છે.

**(૭) ઔદારિક - કાર્મણ બંધનનામકર્મ :-** ઔદારિક શરીરવાળા મનુષ્યો - તિર્યંચો નવા નવા કર્મો બાંધે છે ત્યારે કાર્મણ વર્ગણાઓના જે પુદ્ગલોને તેઓ ગ્રહણ કરે છે તે પુદ્ગલોને ઔદારિક શરીર સાથે સંબંધ કરાવવાનું કાર્ય આ ઔદારિક - કાર્મણ બંધનનામકર્મ કરાવે છે.

**(૮) વૈક્રિય - કાર્મણ બંધનનામકર્મ :-** તે જ રીતે વૈક્રિય શરીરધારી દેવો - નારકો વગેરે દ્વારા ગ્રહણ કરાયેલાં કાર્મણ પુદ્ગલોને તેમના વૈક્રિય શરીરની સાથે જોડવાનું કામ આ વૈક્રિય - કાર્મણ બંધન નામકર્મ કરે છે.

**(૯) આહારક - કાર્મણ બંધન નામકર્મ :-** આહારક શરીરધારી મુનિઓ વડે ગ્રહણ કરાયેલાં કાર્મણ પુદ્ગલોનો આહારક શરીર સાથે સંબંધ કરાવવાનું કાર્ય આ આહારક - કાર્મણ બંધન નામકર્મ કરે છે.

**(૧૦) ઔદારિક - તૈજસ - કાર્મણ બંધનનામકર્મ :-** એક ગતિમાંથી બીજી ગતિમાં જતી વખતે આત્માની સાથે તૈજસ અને કાર્મણ; એ બે શરીરો તો હોય જ છે. તે સિવાયના અન્ય કોઈ શરીર હોતા નથી. આ બે શરીરને લઈને આત્મા જયારે મનુષ્ય કે તિર્યંચ રૂપે ઉત્પન્ન થવા ઉત્પત્તિ પ્રદેશે આવે ત્યારે તે શરીર બનાવવા માટે જે ઔદારિક વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે તેને તૈજસ - કાર્મણ શરીર સાથે જોડવાનું કાર્ય આ ઔદારિક - તૈજસ - કાર્મણ બંધનનામકર્મ કરે છે.

**(૧૧) વૈક્રિય - તૈજસ - કાર્મણ બંધનનામકર્મ :-** તૈજસ - કાર્મણ શરીર સાથે દેવલોક કે નરકમાં પહોંચેલો આત્મા ત્યાંનું વૈક્રિય શરીર બનાવવા માટે જે વૈક્રિયવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે તેને તૈજસ - કાર્મણ શરીર સાથે જોડવાનું કામ આ વૈક્રિય - તૈજસ - કાર્મણ બંધનનામકર્મ કરે છે.

**(૧૨) આહારક - તૈજસ - કાર્મણ બંધનનામકર્મ :-** આહારક શરીર બનાવતી વખતે આત્મા પોતાના કેટલાક આત્મપ્રદેશોને ઔદારિક શરીરમાંથી બહાર કાઢે છે. તે

બહાર કાઢેલા તે આત્મપ્રદેશોની સાથે તૈજસ - કાર્મણ શરીર પણ હોય જ છે. તે આત્મપ્રદેશો નવું આહારક શરીર બનાવવા આહારક વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરે છે. તે નવા પુદ્‌ગલોને તૈજસ - કાર્મણ શરીર સાથે જોડવાનું કાર્ય આ આહારક - તૈજસ - કાર્મણ બંધનનામકર્મ કરે છે.

**(૧૩) તૈજસ - તૈજસ બંધનનામકર્મ :-** જઠરાગ્નિ ધીમે ધીમે વધતો જાય છે. તેજોલેશ્યા થોડા સમય સુધી સતત છોડાતી જાય છે. તે માટે પ્રતિસમય નવા નવા તૈજસ વર્ગણાના પુદ્‌ગલો ગ્રહણ કરવા પડે છે. નવા ગ્રહણ કરેલાં તૈજસ પુદ્‌ગલોને જુના ગ્રહણ કરાયેલા તૈજસ શરીર સાથે જોડવાનું કામ આ તૈજસ - તૈજસ બંધનનામકર્મ કરે છે.

**(૧૪) કાર્મણ - કાર્મણ બંધનનામકર્મ :-** આત્મા ઉપર કાર્મણવર્ગણાના પુદ્‌ગલો જે ચોંટેલા છે તે કાર્મણ શરીર છે. વળી આપણો આત્મા પ્રત્યેક સમયે સારા કે ખરાબ આચાર - વિચાર - ઉચ્ચારો વડે નવા નવા કાર્મણપુદ્‌ગલોને ગ્રહણ કર્યાં કરે છે. જુના ગ્રહણ કરાયેલાં અને નવા ગ્રહણ કરાતાં કાર્મણપુદ્‌ગલોને પરસ્પર જોડવાનું કામ આ કાર્મણ - કાર્મણ બંધનનામકર્મ કરે છે.

**(૧૫) તૈજસ - કાર્મણ બંધનનામકર્મ :-** આત્મા ઉપર ચોંટેલા કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોને નવા ગ્રહણ કરાતા તેજસ વર્ગણાના પુદ્‌ગલો સાથે જોડવાનું તથા ચોંટેલા તૈજસ વર્ગણાના પુદ્‌ગલોને નવા ગ્રહણ કરાતા કાર્મણ પુદ્‌ગલો સાથે જોડવાનું કામ આ તૈજસ કાર્મણ બંધનનામકર્મ કરે છે.

આ બંધનનામકર્મ ગુંદર જેવું છે. જેમ ગુંદર ટીકીટને કવર પર ચીટકાડે છે, બે છૂટા કાગળોને ચોંટાડીને એક કરે છે તેમ આ બંધનનામકર્મ જુદી જુદી વર્ગણાના પુદ્‌ગલોને ચોંટાડીને એક કરે છે. જેમ ફેવીકોલ કે સ્ટીક ફાસ્ટ વગેરે પદાર્થો લાકડાને કે થર્મોકોલ વગેરેને ચોંટાડવાનું કામ કરે છે તેમ આ બંધનનામકર્મ પુદ્‌ગલોને ચોંટાડવાનું કામ કરે છે. આ કર્મના ઉદયે તે પુદ્‌ગલોમાં એવી ચીકાશ (સ્નેહ, રસ) ઉત્પન્ન થાય છે કે જેના પ્રભાવે તેઓ પરસ્પર મજબૂતાઈથી ચોંટી શકે છે.

**અત્યાર સુધીમાં સમજેલા નામકર્મોના ભેદો**

| | | | |
|---|---|---|---|
| ચાર | ગતિનામકર્મ. | પાંચ | સંઘાતન નામકર્મ |
| પાંચ | જાતિનામકર્મ. | પંદર | બંધન નામકર્મ |
| પાંચ | શરીર નામકર્મ. | ૩૭ | |
| ત્રણ | અંગોપાંગ નામકર્મ. | | |

# (૪) આકૃતિ અને સામર્થ્ય (સંઘયણ - સંસ્થાન)

(૭) **સંઘયણ નામકર્મ :-** જો આપણે ચારે તરફ નજર કરીશું તો કોઈ બે વ્યક્તિનો શરીરનો બાંધો સરખો નહિ જણાય. કોઈનું શરીર એકવડીયું છે, તો કોઈનું શરીર એકદમ સ્થૂલ છે. કોઈના શરીરના હાડકા, નસો દેખાય છે તો કોઈનું શરીર મજબૂત જણાય છે. કોઈના શરીરમાં પુષ્કળ ચરબી જણાય છે, તો કોઈનું શરીર પાતળું જણાય છે.

વળી તેમાં ય વધુ બારીકાઈથી નિરીક્ષણ કરીશું તો કદાચ જાડો માણસ થોડું દોડીને હાંફી જાય છે, જ્યારે પાતળો માણસ ઘણું દોડી શકતો જણાય છે. એક ફેંટ લાગતાં જાડો માણસ ગેંગેં - ફેંફે કરતો જણાય છે તો પાતળો માણસ સખત પ્રતિકાર કરતો જણાય છે. જ્યારે આવું જણાય ત્યારે આપણાથી બોલી જવાય છે કે આ માણસ ભલે પાતળો છે, પણ તેના હાડકા મજબૂત છે. આ માણસ જાડો છે, પણ તે તો ચરબીનો પ્રભાવ છે, ફૂલી ગયો છે, બાકી તેનામાં કાંઈ દમ નથી. તેના હાડકા તો નબળા જણાય છે.

આમ, શરીરની મજબૂતાઈ કે નબળાઈનો આધાર મુખ્યત્વે હાડકાની મજબૂતાઈ કે નબળાઈ ઉપર છે. જેટલા હાડકા મજબૂત તેટલું શરીર મજબૂત. જેટલા હાડકા નબળા તેટલું શરીર નબળું. તેથી મનમાં પ્રશ્ન થાય છે કે આ હાડકાને નબળા કે મજબૂત કોણ બનાવે છે ? કેમ બધા જીવોના હાડકા મજબૂત ન હોય ?

આપણે જે ભોજન કરીએ છીએ તેમાંથી સાત ધાતુઓ બને છે. (૧) રસ (૨) લોહી (૩) માંસ (૪) મેદ (ચરબી) (૫) અસ્થિ (હાડકાં) (૬) મજ્જા (સ્નાયુ) અને (૭) વીર્ય. આમ, ભોજનમાંથી પાંચમી ધાતુ રૂપે હાડકાં બને, પણ તે હાડકાને મજબૂત કે નબળા બનાવવા પાછળ સંઘયણનામકર્મનો ફાળો છે.

હાડકાના બંધ વિશેષને - વિશિષ્ટ રચનાને - સંઘયણ કે સંહનન કહેવામાં આવે છે. હાડકાંની તે વિશિષ્ટ રચના (સંઘયણ) જેટલી મજબૂત હોય તેટલું શરીર મજબૂત હોય. તે જેટલી નબળી હોય તેટલું શરીર પણ નબળું હોય.

દરેક જીવોની હાડકાંની મજબૂતી જુદી જુદી હોય છે. તેના કારણભૂત હાડકાંની વિશિષ્ટ રચના પણ જુદી જુદી અનેક પ્રકારની હોય છે. છતાં તેને છ વિભાગમાં વહેંચી દીધી છે. તે છ પ્રકારો છ સંઘયણ તરીકે પ્રસિદ્ધ છે.

(A) વજ્ર-ઋષભ-નારાચ સંઘયણ (B) ઋષભ-નારાચ સંઘયણ (C) નારાચ સંઘયણ (D) અર્ધનારાચ સંઘયણ (E) કીલિકા સંઘયણ અને (F) છેવટ્ઠું અથવા સેવાર્ત સંઘયણ.

આ છ સંઘયણમાંના તે તે પ્રકારના સંઘયણ પ્રાપ્ત કરાવનાર તે તે નામનું સંઘયણનામકર્મ છે.

**(A) વજ્ર-ઋષભ-નારાચ સંઘયણ :** બીલાડી પોતાના બચ્ચાંને મોઢામાં કાળજીપૂર્વક લઈને બીજા સ્થાને લઈ જાય છે, પણ વાંદરીની બાબતમાં આવું નથી. વાંદરી જયારે એક ડાળી ઉપરથી બીજી ડાળ કે બીજા વૃક્ષ ઉપર કુદકો મારે છે ત્યારે તેનું બચ્ચું તેને વળગી પડે છે, ચોંટી પડે છે. વાંદરી ગમે તેટલા ઠેકડા મારે તો ય તેનું બચ્ચું તેનાથી છૂટું પડતું નથી કારણ કે તેણે પોતાની મા - વાંદરીને પોતાના બે હાથની આંટી મારીને મજબૂત રીતે પકડી રાખેલી છે. બસ તે જ રીતે બે હાડકાંના બે છેડા પરસ્પર એકબીજાને આંટી મારીને મજબૂત રીતે વળગીને રહ્યા હોય, બંધાઈ રહ્યા હોય તેને મરકટ બંધ (મરકટ = વાંદરું) કહેવાય છે. આપણે બે હાથની અદબ વાળીએ ત્યારે તે હાથ મરકટબંધ રૂપે થાય છે. આવા મરકટ બંધને નારાચ કહેવામાં આવે છે. વજ્ર એટલે ખીલો. ઋષભ એટલે પાટો.

જેમના શરીરમાં બંને તરફના મરકટ બંધ (નારાચ) ની ઉપર હાડકાંનો પાટો (ઋષભ) હોય, અને પછી તેમની આરપાર હાડકાનો ખીલો (વજ્ર) લગાડીને બરોબર મજબૂતાઈથી ફીટ કરેલ હોય તેવા અત્યંત મજબૂત હાડકાંના બાંધાને (રચનાને) વજ્ર - ઋષભ - નારાચ કે પ્રથમ સંઘયણ કહેવામાં આવે છે. આ સંઘયણ વજ્ર - ઋષભ - નારાચ સંઘયણ નામકર્મનો ઉદય થવાથી પ્રાપ્ત થાય છે.

વજ્ર - ઋષભ - નારાચ નામના આ પ્રથમ સંઘયણની મજબૂતાઈ એટલી બધી ગજબની હોય છે કે તેને પથ્થરની મોટી શિલા નીચે છ મહીના સુધી કચડવામાં આવે તો પણ તે હાડકાં તૂટે નહિ. ખસે પણ નહિ. પોતાની રચના તથા મજબૂતાઈને બરોબર ટકાવી રાખે.

આવું મજબૂત પ્રથમ સંઘયણવાળું શરીર જેમનું હોય તેઓ જ તે ભવમાં મોક્ષ મેળવી શકે. જેમનું શરીર પ્રથમ સંઘયણવાળું ન હોય તેમને તે ભવમાં તો મોક્ષ ન જ મળે.

આ ભવમાં આપણે આ ભરતક્ષેત્રથી આ શરીર વડે સીધા મોક્ષમાં અત્યારે એટલા માટે જઈ શકીએ તેમ નથી કે આપણને પહેલું સંઘયણ મળ્યું નથી.

જેમ પ્રથમ સંઘયણવાળો જ મોક્ષમાં જઈ શકે છે તેમ ૭મી નરકમાં પણ પ્રથમ સંઘયણવાળો જ જઈ શકે. જે પ્રથમ સંઘયણવાળો ન હોય તે સાતમી નરકે પણ ન જ જઈ શકે. જેને પહેલું સંઘયણ હોય તે શુભભાવ પણ ઉત્કૃષ્ટ ભાવી શકે તેમ દુર્ધ્યાન પણ વધુમાં વધુ જોરદાર તે જ કરી શકે !

પેલો તંદુલીયો મત્સ્ય ! તંદુલ (ચોખા) જેટલો નાનો હોવાથી તંદુલીયો કહેવાય.

મોટા માછલાઓની આંખની પાંપણમાં થાય. સાવ નાનું તેનું શરીર, પણ તેનું મન ખૂબ મજબૂત ! તેને આ પહેલું સંઘયણ હોય. તેના કારણે તે દુર્ધ્યાન પણ ભયાનક કરી શકે. મોઢું ફાડીને કોઈ માછલો બેઠો હોય, પાણીના ઉછળતા પ્રવાહો તેના મુખમાં પ્રવેશી પ્રવેશીને પાછા બહાર નીકળતાં હોય, પેટ ભરાઈ ગયું હોવાથી તેને વધારે પાણી કે તેમાં આવતાં જળચર પ્રાણીઓને ખાવાની જરૂર ન હોવાથી પ્રવાહની સાથે જળચર પ્રાણીઓ પણ બહાર નીકળ્યા કરે !

તે વખતે તેની આંખની પાંપણમાં રહેલો આ તંદુલીયો મત્સ્ય વિચાર્યા કરે કે, ''છે ને સાવ મૂરખ ! આટઆટલા માછલા, દેડકા વગેરે જળચર જીવો સામે ચાલીને મોઢામાં આવે છે તો ય આ તો બધાને બહાર પાછા જવા દે છે ! આની જગ્યાએ જો હું હોઉં તો એકેયને ના છોડું ! બધાને ખાઈ જાઉં. વગેરે...''

તેના આવા કાતિલ વિચારોપૂર્વકના દુર્ધ્યાનને કારણે તે પોતાના ૪૮ મિનિટ કરતાં ય ઓછા આયુષ્યમાં પુષ્કળ કર્મો બાંધીને ૭મી નરકમાં પહોંચી જાય છે. તેને આવા ૭મી નરક અપાવે તેવા અતિશય ભયાનક વિચારો અને દુર્ધ્યાન કરાવવામાં આ પ્રથમ સંઘયણ સહાયક બને છે.

પ્રથમ સંઘયણ અપાવનાર કર્મનું નામ વજ્ર - ઋષભ - નારાચ - સંઘયણ નામકર્મ છે.

**(B) ઋષભનારાચ સંઘયણ :-** હાડકાના બંને તરફના મરકટબંધની ઉપર પાટા રૂપ હાડકું હોય, તેવી સખત મજબૂતાઈવાળો હાડકાઓનો બાંધો જેમના શરીરમાં હોય તેઓ ઋષભનારાચ સંઘયણવાળા કહેવાય. અહીં પાટા ઉપર ખીલો (વજ્ર) ન હોય. પહેલાં સંઘયણ કરતાં આટલી ઓછી મજબૂતાઈ આ બીજા સંઘયણમાં હોય.

આ બીજા સંઘયણવાળો આત્મા તે ભવમાં કેવળજ્ઞાન કે મોક્ષ પામી શકતો નથી. તે જ રીતે ૭મી નરકના દરવાજા પણ તેના માટે બંધ થઈ જાય છે.

બીજા સંઘયણવાળો જીવ પોતાના જીવનકાળમાં સારા ભાવો એટલા જ લાવી શકે કે જેના કારણે તે મરીને પછીના ભવમાં વધુમાં વધુ બારમા દેવલોક સુધી જઈ શકે તથા જો તે દુર્ધ્યાન કરે તો તેટલું જ કરી શકે કે જેના કારણે પછીના ભવમાં તે છઠ્ઠી નારક સુધી જ ઉત્પન્ન થઈ શકે; પણ સાતમી નરકમાં જઈ શકે નહિ.

આ બીજા સંઘયણવાળો મનુષ્ય દીક્ષા લઈ શકે છે, ઊંચી સાધના કરીને ઉપશમશ્રેણી પણ માંડી શકે છે, કિન્તુ ક્ષપકશ્રેણી માંડી શકતો નથી.

ઋષભનારાચ સંઘયણ નામકર્મનો ઉદય થવાથી જીવોને આ બીજું ઋષભનારાચ સંઘયણ પ્રાપ્ત થાય છે.

**(C) નારાચ સંઘયણ :-** બે હાડકાં પરસ્પર મરકટબંધ રૂપે વીંટળાઈને રહેતાં જે મજબૂતાઈ થાય તેવી મજબૂતાઈવાળી હાડકાની રચનાને નારાચ સંઘયણ કહે છે. આમાં ખીલો (વજ્ર) કે પાટો (ઋષભ) હોતો નથી. પહેલાં બે સંઘયણ કરતાં આમાં મજબૂતાઈ ઓછી હોય છે. આ ત્રીજા સંઘયણવાળો આત્મા પણ ઉપશમશ્રેણી માંડી શકે છે પણ ક્ષપકશ્રેણી માંડી શકતો નથી. તેથી તે કેવળજ્ઞાન કે મોક્ષ પણ પામી શકતો નથી.

આ ત્રીજા સંઘયણવાળો આત્મા પછીના ભવમાં વધુમાં વધુ દસમા દેવલોક સુધી ઉત્પન્ન થઈ શકે છે, અને દુર્ધ્યાનાદિના કારણે વધુમાં વધુ પાંચમી નરક સુધી નીચે ઉત્પન્ન થઈ શકે છે.

નારાચ-સંઘયણ-નામકર્મના ઉદયે આત્માને આ ત્રીજા સંઘયણવાળું શરીર પ્રાપ્ત થાય છે.

**(D) અર્ધનારાચ સંઘયણ :-** બે બાજુના મરકટબંધના બદલે જે હાડકાની રચનામાં એક જ બાજુના મરકટબંધ જેટલી મજબૂતાઈ હોય તેને અર્ધનારાચસંઘયણ કહેવામાં આવે છે. આ સંઘયણની મજબૂતાઈ પૂર્વના ત્રણ સંઘયણની અપેક્ષાએ ઘણી બધી ઓછી હોવાથી આ ચોથા સંઘયણવાળો જીવ ક્ષપકશ્રેણી કેવળજ્ઞાન કે મોક્ષ તો નથી જ પામતો કિન્તુ ઉપશમશ્રેણી પણ માંડી શકતો નથી. તે સાધુજીવન કે શ્રાવકજીવન જરૂર સ્વીકારી શકે છે.

આ ચોથા સંઘયણવાળો જીવ પછીના ભવમાં ઉપર આઠમા દેવલોક સુધી અને નીચે ચોથી નરક સુધી ઉત્પન્ન થઈ શકે છે. અર્ધનારાચ સંઘયણ નામકર્મના ઉદયે જીવને આ ચોથું સંઘયણ પ્રાપ્ત થાય છે.

**(E) કિલીકા સંઘયણ :-** કિલીકા એટલે ખીલી. બે હાડકાને પરસ્પર ભેગા કર્યા પછી, તેઓ છૂટા ન પડી જાય તે માટે ખીલીથી ફીટ કરતાં જે મજબૂતાઈ પેદા થાય તેવી મજબૂતાઈવાળી હાડકાની રચના કિલીકા નામના પાંચમા સંઘયણ તરીકે ઓળખાય છે.

આ પાંચમા સંઘયણવાળો જીવ તે ભવમાં સાધુજીવન સ્વીકારવા સુધી વિકાસ સાધી શકે છે પણ ઉપશમશ્રેણી, ક્ષપકશ્રેણી, કેવળજ્ઞાન કે મોક્ષ મેળવી શકતો નથી. તે જીવ પછીના ભવમાં ઉપર વધુમાં વધુ છઠ્ઠા દેવલોક સુધી અને નીચે વધુમાં વધુ ત્રીજી નારક સુધી ઉત્પન્ન થઈ શકે છે.

**(F) છેવટ્ઠું સંઘયણ :-** છેલ્લું સંઘયણ તે છેવટ્ઠું સંઘયણ. તેના છેદસ્પૃષ્ટ, છેદવર્તી, સેવાર્ત વગેરે નામો પણ છે. બે છેડા સ્પર્શીને રહ્યા હોવાથી છેદસ્પૃષ્ટ કહેવાય. એક હાડકાના છેડામાં બીજા હાડકાનો છેડો અડીને રહ્યો હોવાથી તે છેદવર્તી પણ કહેવાય છે. અત્યંત ઓછી મજબૂતાઈ હોવાથી તેને ખૂબ સાચવવું પડે છે. સહેજ ખેંચવામાં

આવે તો હાથ ઊતરી જાય. સહેજ પછડાટ ખાય તો ફેક્ચર થઈ જાય. વારંવાર માલિશ વગેરે સેવા કરવાથી તે વ્યવસ્થિત ટકતું હોવાથી સેવાર્ત પણ કહેવાય છે.

ભરતક્ષેત્રમાં, વર્તમાનકાળમાં બધા જીવોને આ છેવટ્ઠું સંઘયણ જ છે. તે સિવાયના ઉપરના પાંચમાંથી એક પણ સંઘયણ નથી.

પુષ્કળ માંદગી, વારંવારની શરીરની નબળાઈ, ફેક્ચરાદિ તકલીફો વગેરે આ સંઘયણને પણ આભારી છે. આવા નબળા સંઘયણવાળાને મોક્ષ શી રીતે મળી શકે? તેના વડે ૭મી નરકમાં જવાય તેવા પાપો પણ શી રીતે થઈ શકે?

શરીરનો બાંધો અતિશય નબળો હોવાના કારણે આ છેવટ્ઠા સંઘયણવાળો જીવ આ ભવમાં સાધુજીવનથી આગળનો કેવળજ્ઞાન - મોક્ષ સુધીનો વિકાસ સાધી શકતો નથી. વળી પરલોકમાં તે ચોથા દેવલોકથી ઉપર ઉત્પન્ન થઈ શકતો નથી કે બીજી નરકથી નીચે જઈ શકતો નથી. સેવાર્ત સંઘયણ નામકર્મના ઉદયથી જીવને આ છેવટ્ઠું સંઘયણ પ્રાપ્ત થાય છે.

**૭ સંઘયણના આધારે ઉર્ધ્વગતિ - અધોગતિ**

| નં. | સંઘયણ નામ | ઉર્ધ્વ વિકાસ | અધોગમન |
|---|---|---|---|
| ૧ | વજ્ર - ઋષભ - નારાચ | મોક્ષ/અનુત્તર વિમાન સુધી | ૭મી નરક સુધી |
| ૨ | ઋષભનારાચ | બારમા દેવલોક સુધી | છઠ્ઠી નરક સુધી |
| ૩ | નારાચ | દસમા દેવલોક સુધી | પાંચમી નરક સુધી |
| ૪ | અર્ધનારાચ | આઠમા દેવલોક સુધી | ચોથી નરક સુધી |
| ૫ | કિલીકા | છઠ્ઠા દેવલોક સુધી | ત્રીજી નરક સુધી |
| ૬ | સેવાર્ત | ચોથા દેવલોક સુધી | બીજી નરક સુધી |

**(૮) સંસ્થાન નામકર્મ :** એક માણસ રસ્તામાં પસાર થતો હતો. થાકીને લોથપોથ થવાથી તેને સુવાની ઈચ્છા થઈ. ઘટાદાર વટવૃક્ષ દૂરથી દેખાતાં તે તરફ તે આગળ વધ્યો. રસ્તામાં જમીન પર વેલડી દેખાઈ. તે વેલડીમાં તડબૂચના ફળ પણ ઉગેલા હતા.

મોટા મોટા તડબૂચને જોઈને તે માણસ કુદરતને ગાળ દેતો બોલવા લાગ્યો, "રે કુદરત! તને શું ઠપકો આપવો? તે જ સમજાતું નથી! તારી પાસે આટલી ય બુદ્ધિ નથી?

સુકોમળ વેલડી, નાના નાના પાંદડા, ધરતી ઉપર રહેવાનું છતાં ય તેને મોટા મોટા તડબૂચ! અને ઘેઘૂર વડનું ઝાડ, મોટી મોટી વડવાઈઓ, આકાશમાં આગળ વધવાનું છતાં ય સાવ નાના ટેટાં! આ તે તારો કેવો અન્યાય?"

વડનું ઝાડ આવી જતાં તે તેની નીચે સૂઈ ગયો. અચાનક વડનો ટેટો તેના મોં

પડતાં તે જાગી ગયો. તે વખતે તેને પોતાની જાત પ્રત્યે તથા થોડીવાર પહેલાંના પોતાના વિચારો તરફ ધિક્કાર થયો. તે મનોમન બોલ્યો, ''હે કુદરત ! મને માફ કર. તારી તો જરા ય ભૂલ નથી. તારી સમજદારીની હું કદર કરું છું. તેં જે કર્યું છે તે બરોબર જ કર્યું છે. જો તડબૂચ તેં ઉપર ઉગાડ્યું હોત તો તે નીચે પડતાં જ મારું મોત ન થઈ જાત ? તડબૂચ નીચે છે તે ય બરોબર અને ટેટાં ઝાડ ઉપર છે તે ય બરોબર !''

તડબૂચને મોટું બનાવવાનું ને ટેટાંને નાના બનાવવાનું કાર્ય કુદરતે કર્યું એટલે કોણે કર્યું ? કુદરત શું ચીજ છે ? તે કેવી રીતે કોઈને નાના કે મોટા કરે ? હકીકતમાં જુદા જુદા આકાર, જુદી જુદી સાઈઝ વગેરે કરવાનું કાર્ય સંસ્થાન નામકર્મનું છે.

સંસ્થાન એટલે આકૃતિ, ચહેરો, આકાર, સાઈઝ, દેખાવ વગેરે.... આ દુનિયામાં જાતજાતના ને ભાતભાતના અનેક લોકો રહે છે. છતાં ય એક સરખા બે ચહેરા જોવા મળતાં નથી. ક્યાંક આપણને કોઈક બે ચહેરા એક સરખા લાગતાં હોય તો ય તેના માત - પિતા તો તે બેને જુદા ઓળખી શકે છે. સચિન તેંદુલકરનો ડુપ્લીકેટ ભલે ને હોય, છતાં ય આ ઓરિજીનલ સચિન છે અને આ ડુપ્લીકેટ સચીન છે તેની ખબર તો પડે છે ને ? તો આ જુદા જુદા ચહેરા બનાવવાનું કાર્ય કોણે કર્યું ?

માત્ર માનવોમાં જ નહિ, પશુઓમાં પણ જુઓ. આપણને ભલેને બધી ગાયો સરખી લાગતી હોય, વાછરડાઓ પણ એક જેવા લાગતાં હોય, છતાં ય દરેક વાછરડું પોતાની મા - ગાયને જ ધાવવા દોડે છે. જો ભૂલેચૂકે તમે તેને બીજી ગાય પાસે ધાવવા મૂકશો તો તે વાછરડાને તરત ખબર પડી જશે ! તે બીજી ગાયને ધાવવા તૈયાર નહિ થાય. તે જ રીતે ગાય પણ હજારો વાછરડામાંથી પોતાના બચ્ચાને તરત ઓળખી કાઢશે ! તેનું કારણ શું ?

ભલે આપણને બધી ગાયો કે બધા વાછરડાં સમાન લાગતાં હોય, પણ હકીકતમાં દરેકમાં પરસ્પર કાંઈકને કાંઈક તો તફાવત છે જ. તે સૂક્ષ્મ સૂક્ષ્મ તફાવત પણ આ સંસ્થાન નામકર્મને આભારી છે.

માણસ, ગાય, વાછરડા વગેરે તો મોટા પ્રાણીઓ થયા. પણ કીડી, મંકોડા, વાંદા, મચ્છર, ભમરી વગેરે નાના નાના જીવોની આકૃતિ ભલે આપણને એકસરખી લાગતી હોય છતાં ય તેઓમાં ય પરસ્પર ઘણો તફાવત છે. કોઈ બે માખી બધી રીતે સરખી નથી. કોઈ બે કીડી પરસ્પર સર્વ પ્રકારે સરખી નથી, કારણ કે તે બધાનું સંસ્થાન નામકર્મ જુદા જુદા પ્રકારનું છે.

ચૌદ રાજલોકમાં અનંતા જીવો છે. પણ તે બધા જીવોના શરીરો તો કુલ મળીને અનંતા નહિ પણ અસંખ્યાતા જ છે. કારણ કે કંદમૂળ વગેરેમાં એક શરીરમાં પણ એકી

સાથે અનંતા જીવો રહે છે.

આમ કુલ શરીર અસંખ્યાતા હોવાથી તેના આકારો પણ અસંખ્યાતા પ્રકારના થાય. છતાં ઘણી બધી સમાનતાને ધ્યાનમાં લઈને આ અસંખ્યાતા પ્રકારોને કુલ છ પ્રકારમાં વહેંચવામાં આવ્યા છે. તે છ પ્રકારો છ સંસ્થાન તરીકે પ્રસિદ્ધ છે. (૧) **સમચતુરસ્ર સંસ્થાન** (૨) ન્યગ્રોધ પરિમંડળ સંસ્થાન (૩) સાદિ સંસ્થાન (૪) વામન સંસ્થાન (૫) કુબ્જ સંસ્થાન અને (૬) હુંડક સંસ્થાન.

**(A) સમચતુરસ્ર સંસ્થાન :-** સમ = સરખા, ચતુર્ = ચાર, અસ્ર = છેડા / બાજુ. જે આકૃતિની ચાર બાજુ સરખી હોય તે આકૃતિને સમચતુરસ્ર (ચોરસ) કહેવાય.

પદ્માસને બેઠેલા પુરુષના (૧) જમણા ઢીંચણથી ડાબા ખભા સુધીનું (૨) ડાબા ઢીંચણથી જમણા ખભા સુધીનું (૩) હથેળીથી કપાળ સુધી અને (૪) બે ઢીંચણ વચ્ચેનું અંતર સરખું થાય તો તેની આ ચારે ય બાજુ સરખી થવાથી તે માણસ સમચતુરસ્ર સંસ્થાનવાળો કહેવાય.

સમચતુરસ્ર સંસ્થાનવાળા જીવના આ ચાર જ અંગો સમપ્રમાણ હોય તેવું નહિ, પણ તેના બધા જ અંગો સમપ્રમાણ એટલે કે પ્રમાણસર હોય. તે કારણે તેનું તે શરીર દર્શનીય બને. આકર્ષક બને. વારંવાર તેને જોવાનું મન થાય.

હસ્તરેખા શાસ્ત્ર, જ્યોતિષ શાસ્ત્ર વગેરે જેમ શાસ્ત્રો છે તેમ એક સામુદ્રિક શાસ્ત્ર પણ છે; જેમાં શરીરના અવયવોની વાતો આવે છે. તેમાં લક્ષણ, અપલક્ષણનું સ્વરૂપ આવે છે. તે સામુદ્રિક શાસ્ત્ર પ્રમાણે તમામે તમામ અવયવો જેમના સપ્રમાણ હોય તે સમચતુરસ્ર સંસ્થાન કહેવાય.

તમામ દેવોને આ સમચતુરસ્ર સંસ્થાન હોય છે. ચક્રવર્તી, તીર્થંકરો, ગણધરો વગેરેને પણ આ સમચતુરસ્ર સંસ્થાન હોય છે. આ સંસ્થાનના કારણે તેમનું રૂપ ઘણું અદ્ભૂત હોય છે. આવું સુંદર મજાનું સમચતુરસ્ર સંસ્થાન જે કર્મના ઉદયથી મળે તે કર્મનું નામ સમચતુરસ્ર સંસ્થાન નામકર્મ છે.

**(B) ન્યગ્રોધ પરિમંડળ સંસ્થાન :-** ન્યગ્રોધ એટલે વડનું ઝાડ. વડનું ઝાડ તો જોયું છે ને ? ઉપરના ભાગમાં તે કેવું સુંદર ઘટાદાર હોય છે ? પણ નીચે જુઓ તો વડવાઈઓ જેમ તેમ લટકતી હોય છે ! થડ પણ બેડોળ આકાર ધરાવે છે ! બસ, તે જ રીતે જે શરીરમાં નાભીથી ઉપરનો ભાગ લક્ષણવાળો પ્રમાણસર હોય અને નીચેનો ભાગ લક્ષણરહિત હોય, પ્રમાણસર ન હોય, બેડોળ હોય તે શરીરને આ બીજા નંબરના ન્યગ્રોધપરિમંડળ સંસ્થાનવાળું કહેવાય. ન્યગ્રોધપરિમંડળ સંસ્થાન નામકર્મના ઉદયથી જીવોને આ સંસ્થાન પ્રાપ્ત થાય છે.

**(C) સાદિ સંસ્થાન :-** આદિ = શરૂઆત. સાદિ એટલે શરૂઆત સહિત. જે શરીરનો શરૂઆતનો (નીચેનો) ભાગ પ્રમાણસર હોય, લક્ષણ સહિત હોય અને ઉપરનો ભાગ પ્રમાણરહિત, લક્ષણ રહિત, બેડોળ, ગમે તેવો હોય તે શરીરને સાદિ સંસ્થાનવાળું કહેવાય. આ સંસ્થાનને સાચી સંસ્થાન પણ કહેવાય છે. સાચી = શાલ્મલીવૃક્ષ. આ વૃક્ષનું થડ સુંદર આકાર ધરાવે છે. પણ તેના ડાળી, પાંખડા, પાંદડા વગેરે સુંદર ઘટાદાર નથી હોતા, દેખવા પણ ન ગમે તેવો બેડોળ આકાર તેમનો હોય છે. આવો શાલ્મલીવૃક્ષ જેવો આકાર આ બીજા સંસ્થાનવાળી વ્યક્તિનો હોવાથી તેને સાચી સંસ્થાન પણ કહે છે. સાદિ સંસ્થાન નામકર્મના ઉદયથી જીવને આ ત્રીજા નંબરનું સંસ્થાન પ્રાપ્ત થાય છે.

**(D) વામન સંસ્થાન :-** આપણા શરીરમાં મસ્તક, હાથ, પગ, કમર, પેટ, પીઠ, છાતી વગેરે જે અવયવો છે તેમાંથી જે શરીરમાં પીઠ, છાતી તથા પેટ પ્રમાણસર હોય અને હાથ, પગ, મસ્તક અને કમર પ્રમાણ વિહોણા હોય, બેડોળ હોય, નાના - મોટા ગમે તે માપવાળા હોય તે શરીરની આકૃતિ વામન સંસ્થાન કહેવાય. દેખાવમાં તેઓ ઠીંગુજી લાગે. વામન સંસ્થાનનામકર્મના ઉદયથી આ સંસ્થાન પ્રાપ્ત થાય છે.

**(E) કુબ્જ સંસ્થાન :-** વામન સંસ્થાનથી વિપરીત સંસ્થાન તે કુબ્જ સંસ્થાન. એટલે કે જે શરીરમાં હાથ, પગ, કમર, મસ્તક વગેરે અવયવો પ્રમાણસર હોય પણ પેટ, પીઠ, છાતી વગેરે અવયવો પ્રમાણરહિત બેડોળ હોય તે સંસ્થાનને કુબ્જ સંસ્થાન કહેવાય છે. કુબ્જ એટલે કુબડું શરીર. કુબ્જ સંસ્થાનનામકર્મના ઉદયથી આ સંસ્થાન પ્રાપ્ત થાય છે.

**(F) હુંડક સંસ્થાન :-** જે શરીરના કોઈ અવયવના ઠેકાણા ન હોય, જેના અવયવો જાતજાતની ખામીવાળા હોય, નાના - મોટા વિચિત્ર હોય, ઊંટના અઢારે વાંકાની જેમ ઠેકાણા વિનાના હોય તે શરીર હુંડક સંસ્થાનવાળું કહેવાય. તેના લક્ષણોના ઠેકાણા ન હોય. તેમાં પ્રમાણરહિત અવયવો હોય.

અત્યારના તમામ મનુષ્યો તથા તમામ પશુઓનું શરીર આ છઠ્ઠા નંબરના હુંડક સંસ્થાનવાળું છે. હાલ કોઈને પણ પ્રથમ પાંચ સંસ્થાનમાંથી એકપણ સંસ્થાન ન હોય. મીસ ઈન્ડિયા, મીસ વર્લ્ડ કે મીસ યુનિવર્સ કેમ ન હોય ? તે બધાયના ચહેરા કે શરીર માનવજાતને ભલે ને રૂપ-સૌંદર્યયુક્ત લાગતા હોય પણ હકીકતમાં તો તે બધા ય પહેલા સંસ્થાનની અપેક્ષાએ તો સાવ બેડોળ છે. નાંખી દેવા જેવા છે. થૂંક્વા જેવા છે ! તેવા શરીર પાછળ શું લલચાવાનું ? શા માટે આકર્ષણ પેદા કરવાનું ?

આજના કાળે મનુષ્યોને ભલે છેલ્લું એક જ સંસ્થાન હોય, પણ ચોથા આરામાં તો માનવો તથા પશુઓ છમાંથી કોઈપણ સંસ્થાન ધરાવતાં હતા. કોઈને પહેલું, કોઈને

બીજું તો કોઈને ત્રીજું, ચોથું, પાંચમું કે છઠ્ઠું સંસ્થાન પણ હતું.

પૃથ્વીકાય વગેરે સર્વ સ્થાવર (એકેન્દ્રિય) જીવો, કીડી, મચ્છર વગેરે વિકલેન્દ્રિય (બે, ત્રણ, ચાર ઈન્દ્રિયવાળા) જીવો તથા નારકના જીવોને દરેક કાળમાં માત્ર આ હુંડક નામનું છેલ્લું સંસ્થાન જ હોય છે. જ્યારે દેવોને પ્રથમ સંસ્થાન હોય છે.

બહારનો દેખાવ ભલે ને ગમે તેટલો સુંદર હોય ! તેથી શું થયું ? તેથી કાંઈ તેમાં લલચાવા કે મોહાવા જેવું નથી ! કારણ કે તે તો ઉપર મઢેલી ધોળી ચામડીથી સુંદર - આકર્ષક જણાય છે ! જો તે ચામડીને કાઢી નાંખીએ તો અંદર શું જોવા મળે ? લોહી, માંસ, વિષ્ઠા, મૂત્ર, હાડકાઓનું હાડપીંજર કે બીજું કાંઈ? જોતાં ય ચીતરી ચડે ! વિચારતાં ય ચક્કર આવે ! આવા ગંદા શરીર ઉપર રાગ શી રીતે કરાય ?

અરે ! ચામડીને ન કાઢીએ તો ય શું ? તેનું સ્વરૂપ સુંદર છે જ નહિ ! આંખમાં પીયાં જામે છે. નાકમાં સેડા ભરાય છે. કાનમાં મેલ થાય છે. જીભ ઉપર છારી બાઝે છે. દાંત ઉપર પીળાશ થાય છે. નખમાં મેલ ભરાય છે. ચામડી ઉપર પસીનાના રેલા વહે છે. શરીરના તમામ અવયવોમાંથી સતત કાંઈકને કાંઈક દુર્ગંધ મારતી ગંદકી નીકળ્યા જ કરે છે ! આવા શરીરને સુંદર મનાય જ શી રીતે ?

સુંદર તો છે આપણો આત્મા ! જો આપણી આત્માની સુંદરતાને સાચા અર્થમાં સ્પર્શવી હોય, માણવી હોય તો વિજાતીય તત્ત્વની કહેવાતી શારીરિક સુંદરતા તરફ પાગલ બનવાના બદલે આત્માની સુંદરતાનું ધ્યાન ધરવું પડશે.

વળી, કોઈ ઠીંગણું દેખાય, કોઈની હાઈટ વધુ પડતી દેખાય, કોઈનું શરીર ખૂંધું જણાય, કોઈનો ચહેરો બેડોળ જણાય તો તેના પ્રત્યે દુર્ભાવ કરવાની જરૂર નથી. તેની મશ્કરી કરવાની પણ જરૂર નથી. તેમને આ હુંડક સંસ્થાનનામકર્મનો તેવો ઉદય થયો છે કે જેથી તેમને આવું વિચિત્ર આકારવાળું શરીર મળ્યું. જો આપણે તેમની હાંસી કરીશું તો આપણને પણ એવું કર્મ બંધાશે કે જેથી નવા ભવમાં આપણા શરીરના પણ કોઈ ઠેકાણા નહિ રહે !

આપણને શરીર સુંદર મળ્યું હોય તો છકી જવાની જરૂર નથી. અહંકાર કરવાની જરૂર નથી. જો મળેલ સુંદર શરીરનું અભિમાન કરીશું તો બીજા ભવમાં સુંદર શરીર નહિ મળે. બેડોળ મળશે.

ખરેખર તો આપણે આ ભવમાં એવી સાધના કરવાની છે કે જેનાથી ભવિષ્યમાં ક્યારે પણ શરીર જ ન લેવું પડે. શરીર વિનાના સિદ્ધ બનીએ. કાયમ માટે મોક્ષસુખના ભોક્તા બનીએ. આત્મરમણતામાં લીન બનીએ તો જ આ શરીર અને તેની આકૃતિના કારણે થતાં સંક્લેશમાંથી કાયમ માટે બચી શકીશું.

# (૫) રુપ નહિ, ગુણ જુઓ

જિનશાસનના જવાહર વસ્તુપાળ અને તેજપાળ ! તેઓ ધોળકાના મહામંત્રી હતા. જગમશહૂર દેલવાડાના દેરાસરોના જેમણે નિર્માણ કરાવ્યા છે. સાડા બાર વાર તો શત્રુંજય ગિરિરાજના છ'રી પાલિત સંઘો જેમણે કાઢ્યા હતા, તેવા આ મહાપુણ્યશાળી બંધુઓમાંના નાના ભાઈ તેજપાળની પત્ની અનુપમાદેવીના શરીરનો વાન શ્યામ હતો. ચામડી ભલે તેની કાળી હતી પણ ગુણો તેના મહાન્ હતા. તેની સમજણ એવી અપૂર્વ હતી કે બંને ભાઈઓ વારંવાર તેની સલાહ લેતાં હતા અને તે પ્રમાણે વર્તતા પણ હતા.

જ્યારે ચરુ દાટવા માટે બે ભાઈઓ ખાડો ખોદતાં હતા ત્યારે ત્યાં બીજો ચરુ દેખાયો. હવે શું કરવું ? તેની મુંઝવણમાં પડેલા તેઓને અનુપમાએ માર્મિક શબ્દોમાં કહ્યું કે, ''નીચે દાટશો તો નીચે જશો, ઉપર મૂકશો તો ઉપર જશો.'' એટલે કે આ ધન જો ધરતીમાં (નીચે) દાટશો તો નરકાદિ દુર્ગતિમાં (નીચે) જવાનું થશે અને જો ઉપર = દેવલોક = મોક્ષમાં જવું હોય તો તેને ઉપર મૂકવું જોઈએ.

પણ ઉપર મૂકવું એટલે શું ? બહાર રાખીએ તો કોઈ ચોરી ન જાય ? તે સવાલનો સુંદર જવાબ બુદ્ધિશાળી તે અનુપમા પાસે તૈયાર હતો. ''તે ધનને ઉપર એવી રીતે લગાડો કે લોકો તેને જોઈ શકે પણ કોઈ ચોરી શકે નહિ.'' આ વાત શી રીતે બને ? અનુપમાએ કહ્યું કે, ''આબુના પહાડ ઉપર બનાવો સરસ મજાના જિનાલયો. તેની કોતરણી વગેરેમાં વપરાયેલું ધન લોકો જોઈ શકશે પણ ચોરી નહિ શકે.'' અને વિશ્વવિખ્યાત કલા કારીગીરીને કોતરણીવાળા દેલવાડાના જિનાલયોના સર્જન થયા.

આવી વિશિષ્ટ સમજણ ધરાવતાં આ અનુપમાદેવી હાલ તો મહાવિદેહક્ષેત્રમાં જન્મ લઈને, દીક્ષા સ્વીકારીને, કેવળજ્ઞાન પામીને વિચરી રહ્યા છે તેવી કથા સંભળાય છે. પણ તમને જાણીને નવાઈ લાગશે કે ડગલેને પગલે અનુપમાની સલાહ લેનાર પતિ તેજપાળને, જ્યારે તે પરણીને આવ્યો ત્યારે તે અનુપમા જોવી પણ ગમતી નહોતી.

પરણ્યાની પહેલી રાતે ઘુમટો દૂર થતાં જ્યારે તેણે પહેલીવાર અનુપમાને જોઈ ત્યારે તેની ચામડીનો શ્યામવર્ણ જોઈને તે ભડકી ગયો હતો. આવી કાળીમેંશ સ્ત્રીની સાથે સંસાર શી રીતે વહન કરવો ? તે તેના માટે પ્રાણપ્રશ્ન બની ગયો હતો. ભયંકર તિરસ્કાર અનુપમા પ્રત્યે તેને જાગ્યો હતો. તેની સાથે બોલવાનું પણ તેણે બંધ કરી દીધું હતું. પાછળથી તેની બુદ્ધિમત્તા પર ઓવારી જતાં સંબંધ સુધારીને સલાહ લેવા લાગ્યો હતો તે વાત જુદી. અહીં સવાલ એ છે કે આવી વિશિષ્ટ બુદ્ધિમત્તા ધરાવનારી સ્ત્રીને

કાળી ચામડી કોણે આપી ?

અમેરીકનો(રેડ ઈન્ડિયનો)ની ચામડી લાલ કેમ ? ચીનાઓની ચામડી પીળી કેમ ? હિન્દુસ્તાનીઓ કાળી ચામડીવાળા કેમ ? પોપટ લીલો કેમ ? કાગડો કાળો કેમ ? હંસ સફેદ કેમ ? શરીર અને તેના અવયવોને જુદા જુદા રંગ આપનાર કર્મનું નામ છે વર્ણનામકર્મ. આ નામકર્મના કારણે જ જાતજાતના રૂપ રંગ જીવોને મળે છે.

આ ભવમાં તો તેવી વ્યક્તિએ કોઈ જ ગુનો કર્યો નથી. પૂર્વભવે બાંધેલાં તેવા કર્મના કારણે તે સ્ત્રીને કાળી ચામડી મળી. કર્મે તો તેને સજા કરી દીધી. હવે તેવી કાળી ચામડીને નજરમાં લઈને આપણે પણ જો તેને ધિક્કારીએ તો પડેલાં ઉપર પાટું જ મારવાનું કામ કરીએ છીએ ને ? કર્મોથી તિરસ્કારેલાં ઉપર આપણાથી તિરસ્કાર શી રીતે થઈ શકે ? આપણને તેવા ક્રુર અને નિષ્ઠુર બનવું શોભે છે ?

કોઈ વ્યક્તિને પાનગુટકાના વ્યસનને કારણે કેન્સર થયું. મોત નજીક છે. બિચારો ભયંકર રીતે રીબાઈ રહ્યો છે. તે વખતે તમે તેની તબિયતના સમાચાર પૂછવા જાઓ ત્યારે તેને આશ્વાસન આપનારા પ્રેમાળ શબ્દોનો પ્રયોગ કરો કે તેની પાન - ગુટકાની ટેવને નજરમાં લાવીને કડવા શબ્દોના ડામ દો ? તેવા સમયે કોઈ એને ડામ દેતું નથી. બધાને એવો વિચાર આવે છે કે, ''કર્મોએ તો કેન્સર કરીને તેને ત્રાસ દીધો છે, બિચારો હેરાન થઈ રહ્યો છે. મારે ક્યાં પડતાને પાટું મારવું ! બે શબ્દો મીઠા કહીશ તો તેને પીડામાં રાહત થશે.'' બરોબર ને ?

બસ એવી જ વાત અહીં છે. જો કર્મોના ઉદયે માંદા પડેલાંને ધિક્કારાય નહિ, પણ હુંફ અપાય તો કર્મોના ઉદયે કાળી ચામડી પામનારને, તોતડા, મુંગા, બહેરાં, આંધળાને, ક્રોધીને, કામીને કે ખાઉધરાને પણ ધિક્કારી શકાય નહિ. તેમને પણ હુંફ જ અપાય. તેમના પ્રત્યે પણ અરુચિભાવ કેળવી શકાય નહિ.

યાદ રાખીએ કે સમગ્ર જીવસૃષ્ટિમાંથી કોઈપણ એક જીવ પ્રત્યેક કરાતો તિરસ્કાર તે સમગ્ર જીવસૃષ્ટિનો તિરસ્કાર છે, સર્વજીવરાશીની આશાતના છે. તે ન થઈ જાય તેની પળે પળે કાળજી રાખીએ. તે માટે તે તે જીવના દોષોને નજરમાં લાવીને તે વ્યક્તિને ધિક્કારવાના બદલે તે દોષોને લાવનારા કર્મોને ધિક્કારીએ. તે તે જીવોને પ્રેમ, લાગણી, હુંફ, વાત્સલ્ય આપીએ અને જાત ઉપર ચડી બેઠેલાં કર્મોને ખતમ કરવાનો પુરુષાર્થ આદરીએ.

પણ આવી સમજણ જેમની પાસે નથી તેવા લોકો વ્યક્તિના તેવા રૂપ, રંગ, ગંધ, સ્પર્શ, રસ કે કામ, ક્રોધને જોઈને ધિક્કારવા લાગી જાય છે. પરિણામે તેમના કૌટુંબિક જીવનમાં તિરાડ પડે છે. શાંતિ, સમાધિ કે પ્રસન્નતા હજારો યોજન દૂર થઈ

જાય છે. ઘરમાં જ સાક્ષાત્ નરક ખડી થાય છે. દામ્પત્યજીવન પણ સળગી જાય છે, છૂટાછેડાની સાયરન વાગે છે. કૂળની આબરૂના ચીંથરા ઊડે છે. ના, આ જરા ય ઉચિત નથી. જો માણસ આટલી સમજણ મેળવી લે કે આ રૂપ - રંગ, ગંધ - રસ - સ્પર્શ - વગેરે જીવે પોતે બાંધેલાં કર્મોના જ ફળ છે તો પરસ્પરના જીવનમાં ઉછળતાં અને ઉભરાતાં રાગ - દ્વેષ ઘણા પ્રમાણમાં ઓછા થઈ જાય.

તે જ રીતે જેમને રૂપ - રંગ - ગંધ - રસ - સ્પર્શ સારા મળ્યા હોય, તેના કારણે તેઓ જો અહંકારના નશામાં ચકચૂર રહેતાં હોય, આ વિષયમાં પોતાનાથી ઉતરતી વ્યક્તિઓને ધિક્કારતાં હોય તેઓને પણ જો આ સમજણ મળી જાય કે, ''મને મળેલાં સુંદર રૂપાદિ પણ કર્મોના ઉદયનું ફળ છે. તે કર્મો જયારે જરાક લાલ નજર કરે તો રૂપવાન્ હું કોઢીયો પણ બની શકું છું.'' તો અહંકારનો કેફ ઉતરી ગયા વિના નહિ રહે. પણ આવી સમજણ નહિ ધરાવનારાઓ જીવનમાં કેવા હેરાન થાય છે તે સંસારમાં રહેલી વ્યક્તિઓથી ક્યાં અજાણ્યું છે ?

એક શ્રીમંત નબીરાએ મુસ્લિમ છોકરી સાથે લવમેરેજ કરી લીધા, કારણ કે તે છોકરીની ચામડી ગોરી હતી, પણ થોડાક મહીના પછી જાણવા મળ્યું કે આ છોકરીના ખરાબ સંબંધો અન્ય યુવાનો સાથે પણ હતા, તેથી તે યુવાને કંટાળીને છેલ્લે તેની સાથે છૂટાછેડા પણ લઈ લીધા !

એક ડૉક્ટરે પોતાની સુશીલ, સંસ્કારી અને ધાર્મિક પત્નીનો ત્યાગ કરી દીધો. તેની સાથેનો બધો વ્યવહાર બંધ કરી દીધો, કારણકે તેની પત્નીની ચામડી કાળી હતી.

એક મહીલાએ પોતાનું ભર્યું ભર્યું ઘર એટલા માટે છોડી દીધું કે એના પતિનો સ્પર્શ તેને સાવ ઠંડોગાર, ઉષ્માહીન લાગતો હતો. એ ઈચ્છતી હતી તરવરાટભર્યા હુંફાળા સ્પર્શને !

એક આઠમા ધોરણના છોકરાના શરીરમાંથી પુષ્કળ દુર્ગંધ વછૂટતી હતી. તે સ્નાન કરીને, સુંદર વસ્ત્રો પહેરીને સ્કૂલમાં આવતો હતો છતાં તેની બેંચ ઉપર તેની સાથે બેસવા કોઈ વિદ્યાર્થી તૈયાર નહોતો. તે હોંશિયાર હતો, પ્રથમ નંબર લાવતો હતો, પરગજુ હતો, છતાં ય બધા વિદ્યાર્થીઓ તેના પ્રત્યે અપમાનભરી નજરે જોતાં હતા. છેવટે કંટાળીને તેણે ભણવાનું કાયમ માટે બંધ કરી દેવું પડ્યું !

ઉપરના પ્રસંગો બનવાનું કારણ એ છે કે તેમણે રૂપ - રસ - ગંધ - સ્પર્શને પસંદગીનું માધ્યમ બનાવ્યું છે. આ જ તેમની મોટી ભૂલ હતી, જેના કારણે તેમણે હેરાન થવું પડ્યું.

રૂપ - રસ - ગંધ - સ્પર્શને પસંદગીના માધ્યમ કદાપિ બનાવી શકાય નહિ.

આપણે સંબંધો શરીર સાથે નહિ પણ આત્મા સાથે કેળવવાના હોય છે. લાગણી, હુંફ, સંવેદના વગેરે શરીરને (મડદાંને) હોતા નથી પણ આત્માને હોય છે. તે લાગણીઓને ઠેસ ન પહોંચાડવી હોય, સંઘર્ષ પેદા ન થવા દેવો હોય તો રૂપ - રસ - ગંધ - સ્પર્શને પસંદગીના માધ્યમ બનાવવા નહિ, કારણકે રૂપ - રસ - ગંધ - સ્પર્શ તો શરીરને હોય, આત્માને નહિ.

જો માત્ર શરીર સાથે જ સંબંધ કરવાથી જ બધું સમુંસુતરું ઉતરી જતું હોત તો રૂપ - રસ - ગંધ - સ્પર્શને પસંદગીનું માધ્યમ બનાવવામાં વાંધો નહોતો. પણ પ્રેમભર્યું જીવન અને મીઠા સંબંધો ટકાવવા માટે તો શારીરિક સંબંધો નહિ પણ આત્મિક હુંફની જરૂર પડે છે. આત્મામાં તો રૂપ - રસ - ગંધ - સ્પર્શ છે જ નહિ. પછી, માત્ર તેના માધ્યમે ગોઠવાતાં સંબંધો શી રીતે સફળ બને ?

આત્મામાં તો છે જ્ઞાન, શ્રદ્ધા, સંયમ વગેરે ગુણો. જો પસંદગીના માધ્યમ તરીકે આ જ્ઞાનાદિ ગુણોને સ્વીકારી લઈએ તો તેના આધારે બાંધેલાં સંબંધો ચિરસ્થાયી બન્યા વિના ન રહે. તે સંબંધો ક્યારે પણ નંદવાઈ શકે નહિ. રૂપ - રસાદિના માધ્યમે પુદ્ગલ (શરીરાદિ) સાથે કરેલો સંબંધ ક્યારેક ને ક્યારેક તો બગડે જ છે, પણ ગુણાત્મક માધ્યમે આત્મા સાથે કરેલો સંબંધ ક્યારેય નાશ પામી શકતો નથી.

તેથી હવે કોઈપણ વ્યક્તિની પસંદગીનું માધ્યમ રૂપ - રસ - ગંધ - સ્પર્શને ન બનાવતા જ્ઞાન, શ્રદ્ધા, સંયમ, નમ્રતા, નિખાલસતા વગેરે ગુણોને જ બનાવવાનું નક્કી કરીએ. તેમાંય જેણે પતિની કે પત્નીની પસંદગી કરવાની હોય તેણે તો ભૂલેચૂકે ય રૂપ - રસ - ગંધ - સ્પર્શાદિને માધ્યમ કદી પણ બનાવવા ન જોઈએ. નહીંતર જીવનની આખી યાત્રા ઉબડખાબડ અને ખાડા - ટેકરાળ રસ્તામાં અટવાઈ જશે.

આજે ઘણા ખરા લોકો પસંદગીના માધ્યમ તરીકે રૂપ અને રૂપીયાને સ્વીકારે છે, પણ તે જરાય ઉચિત નથી. જે રૂપાળી છોકરી હોય તે પસંદ. જે રૂપીયાવાળો છોકરો હોય તે પસંદ. બાકીના બધા નાપસંદ. જો આ રીતનું જ પસંદગીનું ધોરણ હશે તો રૂપને જોઈને પરણેલો યુવાન કર્મોદયે કોઢવાળી થયેલી તે પત્નીને શી રીતે ચાહી શકશે ? રૂપ ચાલી જતાં તે તેને ધિક્કાર્યા વિના રહી શકશે ? પરિણામે કુટુંબમાં નરક ઉતરશે કે નહિ ?

રૂપીયાને જોઈને જ પરણેલી યુવતી જ્યારે પતિને ધંધામાં નુકશાન થતાં ભિખારી બનેલો જાણશે ત્યારે તે શું શું નહિ કરે ? કદાચ પતિને ઉપર પહોંચાડીને નવા ધનવાન યુવાન સાથે નાશી જાય તો નવાઈ નહિ લાગે !

માટે રૂપ અને રૂપીયાને પસંદગીના માધ્યમ તરીકે ક્યારે પણ સ્વીકારાય નહિ.

શું કાળી ચામડીવાળા બધા ખરાબ જ હોય ? શું ધોળી ચામડીવાળા બધા સારા જ હોય ? અરે ! ક્યારેક તો કાળી ચામડીવાળામાં જે ગુણો હોય છે તે ધોળી ચામડીવાળામાં જોવા નથી મળતાં ! ક્યારેક અભણોમાં જે અમીરી દેખાય છે તે શ્રીમંતોમાં નથી દેખાતી ! અરે ! શ્રીમંત યુવાનો તો ક્યારેક લફરાબાજ, દારુડીયા, ખોટા રસ્તે પહોંચેલા પણ હોય છે. માટે રૂપ કે રૂપીયાના આધારે પસંદગી કરાય જ નહિ. જો ધોળી ચામડીવાળાની જ પસંદગી કરાતી હોય તો ગધેડીની ચામડી ઘણી ધોળી છે ! તેની સાથે જ તે યુવાનીયાએ લગ્ન ન કરવા જોઈએ ?

શરીરમાં આ કાળા - ધોળાપણું, સુગંધ - દુર્ગંધપણું, હુંફાળા - ઠંડા સ્પર્શવાળાપણું પેદા કરનાર જે કર્મો છે તેમના નામ છે વર્ણનામકર્મ, રસનામકર્મ, ગંધનામકર્મ અને સ્પર્શનામકર્મ.

**(૯) વર્ણનામકર્મ :-** પાંચ પ્રકારનું છે. (A) રક્ત (લાલ) વર્ણનામકર્મ (B) નીલ (લીલો) વર્ણનામકર્મ (C) પીત (પીળો) વર્ણનામકર્મ (D) શ્વેત (સફેદ) વર્ણનામકર્મ અને (E) શ્યામ (કાળો) વર્ણનામકર્મ. આ કર્મ શરીરના જુદા જુદા અવયવોને જુદો જુદો રંગ આપવાનું કામ કરે છે. માત્ર મનુષ્ય જ નહિ, એકેન્દ્રિયથી માંડીને તમામે તમામ જીવોના શરીરોના જુદા જુદા રંગો આ કર્મને આભારી છે. વનસ્પતિના પાંદડા લીલા, ફુલો લાલ - લીલા - પીળા વગેરે રંગબેરંગી કરવાનું કાર્ય આ કર્મનું છે. ચંપો પીળો હોય, ગુલાબ ગુલાબી હોય, જાસુદ લાલ હોય, મોગરો સફેદ હોય, મરવો લીલો હોય, કારણ કે તેમને તે તે વર્ણનામકર્મનો ઉદય હોય છે.

આ વર્ણનામકર્મના પ્રભાવે એક જ શરીરના જુદા જુદા અવયવોમાં જુદા જુદા રંગો પણ પેદા થઈ શકે. જેમ કે ભમરો ભલે કાળો મનાતો હોય છતાં એનું મોઢું પીળા રંગનું હોય છે. લોહી લાલ રંગનું હોય છે. પોપટની પાંખો વગેરે ભલે લીલા રંગની હોય છતાં તેની ચાંચ લાલ રંગની હોય છે. માણસની શરીરની ચામડી ગોરી હોય તો ય માથાના વાળ કે આંખની કીકી કાળા રંગની, લોહી લાલ રંગનું હોય છે. છતાં ય દુનિયામાં વ્યવહારો તો મુખ્ય રંગના આધારે જ કરવામાં આવે છે. તેથી ભમરો કાળો કહેવાય છે, તો પોપટ લીલો મનાય છે.

આ સમગ્ર જીવસૃષ્ટિના જાતજાતના રંગના મૂળમાં આ વર્ણનામકર્મ કારણ છે. તે પૌદ્ગલિક છે. આત્મકલ્યાણની ઝંખના ધરાવનારે તેને જરાય મહત્ત્વ આપવા જેવું નથી. શરીરના રૂપ - રંગને મહત્ત્વ આપીને રાગ - દ્વેષ કરનારા જીવોને ઉપદેશ આપતાં કોઈકે સરસ વાત કરી છે કે,

"કોઈ ગોરા, કોઈ કાલા - પીલા, નયણે નિરખણકી;
વો દેખી મત રાચો પ્રાણી, રચના પુદ્ગલકી."

સારા, મનગમતાં રૂપ - રંગ જોઈને રાગ નથી કરવાનો. માત્ર દૃષ્ટાભાવે જોવાનું છે, રાગ વિના જોવાનું છે. ખરાબ રૂપ - રંગ દેખાય તો દ્વેષ પણ નથી કરવાનો. આ રીતે રાગ - દ્વેષ કર્યા વિના - માત્ર દૃષ્ટાભાવે - જોવાની કળા આપણને જો આવડી જાય તો આ જન્મારો સફળ બની જાય.

આંખ મળી છે, તેથી રૂપ - રંગ દેખાવાના તો ખરા જ. પણ તેને રાગના ચશ્મા પહેરીને નહિ જોવાના. જો રાગના ચશ્મા પહેર્યાં તો જીવન બરબાદ થયું જ સમજવું. અભયા રાણીએ સુદર્શન શેઠનું રૂપ જોયું. ના, માત્ર રૂપ ન જોયું, રાગના ચશ્મા પહેરીને જોયું, તો એનું પરિણામ તો જાણો છો ને ? છેવટે અભયાએ ફાંસો ખાઈને જીવન પૂરું કરી દેવું પડ્યું ! જ્યારે શેઠ સુદર્શન અભયા રાણીનું રૂપ જોઈને જરા ય ચલ્યા નહિ કે રાગી બન્યા નહિ તો એમના ઉપર છેલ્લે દૈવી કૃપા થઈ. ઠેર ઠેર જયજયકાર થયો. જૈનશાસનની પણ જોરદાર પ્રભાવના થઈ.

**ગંધનામકર્મ :-** બે પ્રકારનું છે. (A) સુરભિ (સુગંધ) નામકર્મ અને (B) દુરભિ (દુર્ગંધ) નામકર્મ.

આ ગંધનામકર્મના કારણે કોઈનું શરીર કે તેનો અવયવ સુગંધી થાય તો કોઈનું શરીર કે તેનો અવયવ દુર્ગંધી થાય. લસણની વાસ કેટલી બધી ખરાબ આવે છે. કેરીની સુગંધ કેવી સરસ હોય છે. તેવી ખરાબ કે સારી ગંધ આપનાર આ ગંધનામકર્મ છે.

ગુલાબ, મોગરો, ચંપો વગેરે દરેક ફૂલોની સુવાસમાં પણ પરસ્પર ફરક છે. કેરી, લીંબુ, સંતરા, મોસંબીની સુગંધ પણ જુદી જુદી છે. લસણ - કાંદાની ગંધમાં પણ ફરક જણાય છે. કારણ કે તે દરેકનું આ કર્મ જુદા જુદા પ્રકારનું છે. હવે લસણની વાસ આવે તો નાક બંધ કરવાની કે અરુચિ કરવાની જરૂર નથી કે ગુલાબની સુગંધથી આકર્ષાવાનું નથી, કારણકે આ બધો પ્રભાવ કર્મોનો છે. કર્મોના આ ગણિતને બરોબર સમજી લઈને દરેક પરિસ્થિતિમાં આપણે સમભાવ કેળવવાનો છે.

પેલા સુબુદ્ધિ મંત્રીની વાત તો જાણો જ છો ને ? ગટરમાં દુર્ગંધ મારતું પાણી જોઈને તેમને જુગુપ્સા ન થઈ. તે જ પાણીને અનેક દ્રવ્યોથી યુક્ત કરીને તેમણે સુગંધી બનાવ્યું. જે પાણી તરફ રાજા અરુચિ કરતો હતો તે જ પાણી હવે સુગંધી બની જતાં રાજા ભરપેટ વખાણવા લાગ્યો. સુબુદ્ધિ મંત્રી તો તે વખતે ય સમભાવમાં હતો. તેની તો એક જ વાત હતી : સબ પુદ્ગલકી બાજી. સુગંધ હોય કે દુર્ગંધ હોય, તે બધા પુદ્ગલના ખેલ છે. કર્મપુદ્ગલથી પેદા થયેલાં છે. તેમાં આપણા આત્માએ તો કદી ય

રાગ કે રોષ ન કરાય. આપણે તો દૃષ્ટાભાવ કેળવીને માધ્યસ્થ રહેવું જોઈએ.

**(૧૧) રસનામકર્મ :-** લીંબુ ખાટું જ કેમ ? કારેલા કડવા કેમ ? મરચું તીખું કેમ ? ત્રિફળા તુરી કેમ ? શેરડી મીઠી કેમ ? આવા સવાલોનો જવાબ આપણને રસનામકર્મ આપે છે. જે રસનામકર્મનો ઉદય જેને હોય તેનામાં તેવા સ્વાદવાળો રસ હોય. આ રસનામકર્મ પાંચ પ્રકારનું છે. (A) મધુર રસનામકર્મ (B) આમ્લ (ખાટો) રસનામકર્મ (C) તિકત (તિખો) રસનામકર્મ, (D) કષાય (તુરો) રસનામકર્મ અને (E) કટુ (કડવો) રસનામકર્મ. કર્મોના નામ પ્રમાણેના સ્વાદવાળો રસ તે તે નામકર્મના ઉદયે પેદા થાય છે.

મીઠા મધુરા રસને ચાખવા માટે આંબો વાવ્યા પછી, તેની ઉપર આવેલી કેરીનો રસ જો ખાટો નીકળે તો તેમાં અરુચિ કે તિરસ્કાર કરવાની જરાય જરૂર નથી. તેમાં આંબાનો કે માળીનો શો વાંક ? તે કેરીના જીવે બાંધેલું આમ્લ રસનામકર્મ જ એવું છે કે જેના કારણે મીઠા રસના બદલે ખાટો રસ પેદા થયો.

વળી જ્યાં સુધી કેરી કાચી હોય ત્યાં સુધી તેના જીવને આમ્લરસનામકર્મનો ઉદય હોવાથી તે ખાટી લાગે છે. તે જ કેરી જ્યારે પાકી થાય ત્યારે મધુરરસનામકર્મનો ઉદય થઈ જતાં તેનો રસ મીઠો નીકળે છે. આ બધા કર્મોના ખેલ છે. ડાહ્યા માણસે તેમાં જરાય મુંઝાવાની જરૂર નથી. તેણે તો તમામ પ્રકારના રસમાં સમભાવ જાળવી રાખવાનો છે. કર્મોના સ્વરૂપને નજરમાં લાવીને રાગ કે દ્વેષ કર્યા વિના આત્મગુણોને પ્રગટાવવાનો પ્રયત્ન કરવાનો છે.

પણ ઘણીવાર આપણી આ જીભડી સખણી રહેતી નથી. તે કુદાકુદ કરે છે. સ્વાદિષ્ટ ચીજ જોઈને આસક્ત બને છે. પોતાની દલાલી મેળવવાનું ચૂકતી નથી. ભોજન ઉપર તુટી પડે છે. લાલસા કરી કરીને અનંતા કર્મોને બંધાવરાવે છે. તે જ રીતે વિચિત્ર સ્વાદવાળા પદાર્થો ઉપર તે અરુચિ કરાવડાવે છે. તિરસ્કાર પેદા કરે છે. તે દ્વારા પણ કર્મબંધ કરીને આત્માને દુર્ગતિમાં ફેંકવાના ધંધા કરાવે છે. ના, આ જરાય બરોબર નથી. માટે પુદ્દગલોના રસો તરફ આસક્ત બનવાનું બંધ કરવું જરૂરી છે. કર્મપુદ્દગલોથી પેદા થનારા પદાર્થોના રસ તરફથી નજર ખેંચી લઈને આત્મામાં પેદા થનારા જ્ઞાન - દર્શન - ચારિત્રાદિ ગુણોમાં રસ પેદા કરવાની જરૂર છે.

**(૧૨) સ્પર્શનામકર્મ :-** પાણીને ઠંડું કોણે કર્યું ? આગ ગરમ કેમ ? ઘી ચીકણું કેમ ? રાખ શુષ્ક કેમ ? લોખંડ વજનમાં ભારે કેમ ? તણખલું સાવ હલકું કેમ ? સક્કરટેટીનો સ્પર્શ ખરબચડો કેમ ? તડબૂચનો સ્પર્શ મુલાયમ કેમ ? આવા જાતજાતના સ્પર્શ કોણે કર્યાં ?

માનવોમાં પણ કોઈનો સ્પર્શ હુંફાળો લાગે છે તો કોઈનો સ્પર્શ સાવ ઉષ્માવિહીન ઠંડો જણાય છે. સ્ત્રી વગેરેનો સ્પર્શ કોમળ હોય છે તો પુરુષનો સ્પર્શ કઠોર હોય છે. આંખ વગેરે અવયવોમાં સ્નિગ્ધતા જણાય છે તો પગની એડી વગેરેમાં રુક્ષતા જણાય છે. વાળ સાવ હલકાં છે તો માથું ભારે જણાય છે. આવા જાતજાતના સ્પર્શ પેદા કરનાર જે કર્મ છે તે સ્પર્શનામકર્મ તરીકે ઓળખાય છે. સ્પર્શ આઠ પ્રકારના હોવાથી આ સ્પર્શનામકર્મ પણ આઠ પ્રકારનું છે.

(A) શીતસ્પર્શનામકર્મ :- આ કર્મના ઉદયે ઠંડો સ્પર્શ પેદા થાય છે. પાણી વગેરેના જીવોને આ કર્મનો ઉદય હોય છે. (B) ઉષ્ણ સ્પર્શનામકર્મ :- આ કર્મના ઉદયે અગ્નિ વગેરેમાં ગરમ સ્પર્શ પેદા થાય છે. (C) મૃદુ સ્પર્શનામકર્મ :- આ કર્મના ઉદયે મુલાયમતા સુંવાળાપણું પેદા થાય છે. (D) કર્કશનામકર્મ :- આ કર્મના ઉદયે અવયવોમાં કઠોરતા - કર્કશતા - ખરબચડાપણું વગેરે પેદા થાય છે. (E) ગુરુ સ્પર્શનામકર્મ :- આ કર્મના ઉદયે વજનદારપણું - ભારેપણું પ્રાપ્ત થાય છે. (F) લઘુ સ્પર્શનામકર્મ :- આ કર્મના ઉદયે વજનમાં હલકાપણું પ્રાપ્ત થાય છે. (G) સ્નિગ્ધ સ્પર્શનામકર્મ :- આ કર્મના ઉદયે સ્નિગ્ધતા - ચીકાસ પેદા થાય છે. લાખ, એરંડીયું વગેરેમાં સ્નિગ્ધતા આ કર્મને આભારી છે. અને (H) રૂક્ષ સ્પર્શનામકર્મ :- આ કર્મના ઉદયે રૂક્ષતા પેદા થાય છે. મગ વગેરેની રૂક્ષતા આ કર્મને આભારી છે.

આપણે જેમ પુદ્‌ગલોના રૂપ - રસ - ગંધને જોઈને રાગી કે દ્વેષી નથી બનવાનું તેમ પુદ્‌ગલનો સ્પર્શ પામીને પણ રાગી કે દ્વેષી બનવાનું નથી. જોવું ન હોય તો પણ આંખો હોવાથી રૂપ જોવાઈ જાય તેમ બને, ગંધ સુંઘાઈ જાય તે બને, પણ સ્પર્શ થઈ જ જાય તેવું નથી. આપણે ઈચ્છીએ તો જ સ્પર્શ થાય. ના ઈચ્છીએ તો સ્પર્શ કર્યા વિના પણ રહી શકીએ છીએ. માટે બની શકે તો પુદ્‌ગલોનો સ્પર્શ જ ન કરીએ. કારણકે જો આ સ્પર્શ ભૂલેચૂકે ય ગમી ગયો તો તે પદાર્થ મેળવવાની ઈચ્છા પેદા થવાની. પછી તો તાલાવેલી જાગવાની, તેમાં ય જો બીજાની પત્ની કે બીજાના પૈસા મેળવવાની તાલાવેલી જાગી તો સમજી રાખવાનું કે વિનાશની ઘંટડી રણકી. જો જીવનને સર્વવિનાશથી બચાવવું હોય તો પરપુદ્‌ગલના રૂપ - રસ - ગંધ કે સ્પર્શમાંથી ક્યાંય આસક્ત ન બનાય તેની કાળજી રાખવી જરૂરી છે.

(૧૩) **વિહાયોગતિનામકર્મ :** આ વિશ્વમાં અનંતા જીવો છે. પણ બધા જીવોમાં ચાલવાની = ગતિ કરવાની શક્તિ હોતી નથી. જે જીવો ત્રસ (બેઈન્દ્રિય - તેઈન્દ્રિય ચઉરિન્દ્રિય કે પંચેન્દ્રિય) છે તેમનામાં જ ગતિ કરવાની શક્તિ છે. પણ જે જીવો સ્થાવર (પૃથ્વી - પાણી - અગ્નિ - વાયુ - વનસ્પતિ રૂપ એકેન્દ્રિય) છે તેમનામાં ગતિ કરવાની શક્તિ નથી.

જો કે આપણને પાણી નીચાણ તરફ વહેતું દેખાય છે. મોટર દ્વારા ઉપર ટાંકીમાં પહોંચાડાતું દેખાય છે. તેથી એમ લાગે છે કે પાણી ગતિ તો કરે જ છે ને ? પણ અહીં પોતાની ઈચ્છાથી સ્વયં ગતિ કરવાની વાત છે. પણ બીજાની સહાયથી કે પરાણે કરવી પડતી ગતિ કરવાની વાત નથી. પાણી વગેરે જે કોઇ સ્થાવર જીવોમાં આપણને ગતિ દેખાય છે તે મોટર વગેરેના કારણે છે. વળી તેમની તેવી ગતિ કરવાની ઈચ્છા નથી. ગમે તેટલો તાપ પડે કે ઠંડી પડે તો પણ તેનાથી પીડાયેલા જીવો ગતિ કરીને અન્ય સ્થાને નાશી શકતા નથી. ત્રસનામકર્મના ઉદયે ત્રસ જીવો પોતાની ઇચ્છા પ્રમાણે ગતિ કરવાની શક્તિ પામે છે તો સ્થાવર નામકર્મના ઉદયે જીવો ગતિ કરવા માટે અસમર્થ બને છે.

ત્રસનામકર્મના ઉદયે ત્રસ જીવોને ભલે ગતિ કરવાની શક્તિ મળે, તેના કારણે તેઓ ચાલીને બીજે જાય પણ તેમના ચાલવાના રંગ-ઢંગ અને રીતભાતમાં કારણ કોણ ?

કોઈ માણસની ચાલ આપણને સારી લાગે છે. તે માટે ગજગામિની કે હંસગતિ જેવા શબ્દોના પ્રયોગો કરીએ છીએ. હાથીની મલપંતિ ચાલ કોને નથી ગમતી ? જ્યારે કેટલાકની ચાલ આપણને ગમતી નથી. કાગડાની ચાલ કોને ગમે ?

ચાલનારા જીવો ચાલે તો છે જ... પણ કોઈનું ચાલવું ગમે છે, કોઇનું ચાલવું ગમતું નથી તેનું કારણ તે તે જીવોનું તેવા પ્રકારનું આ વિહાયોગતિ નામકર્મ છે. તેના બે પ્રકાર છે. (A) શુભ વિહાયોગતિ અને (B) અશુભ વિહાયોગતિ નામકર્મ.

જે જીવોના ચાલવાના રંગ-ઢંગ ને રીતભાત દુનિયાના લોકોને ગમે, જોવાનું મન થાય, પ્રશંસા કરવાનું મન થાય તેવા સુંદર હોય તે જીવોને શુભવિહાયોગતિ નામકર્મનો ઉદય સમજવો. હંસ, હાથી વગેરેની સુંદર ચાલ પાછળ આ કર્મનો ઉદય કારણ છે. જ્યારે કેટલાક જીવોના ચાલવાના રંગ-ઢંગ ગમતા નથી. જોતાં ત્રાસ થાય છે. પણ તેમાં તે જીવોનો શો વાંક ? આ અશુભવિહાયોગતિ નામકર્મના ઉદયના કારણે તેમને તેવી ચાલ મળી છે. ઊંટ કે કાગડાની ચાલ જોવી ગમતી નથી કેમ કે તેમને અશુભવિહાયોગતિ નામકર્મનો ઉદય હોવાથી વિચિત્ર ચાલ મળી છે.

**નામકર્મના પેટાભેદોનું પુનરાવર્તન**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) ગતિ નામકર્મ | : | ૪ | (૮) સંસ્થાન નામકર્મ | : | ૬ |
| (૨) જાતિ નામકર્મ | : | ૫ | (૯) વર્ણ નામકર્મ | : | ૫ |
| (૩) શરીર નામકર્મ | : | ૫ | (૧૦) ગંધ નામકર્મ | : | ૨ |
| (૪) અંગોપાંગ નામકર્મ | : | ૩ | (૧૧) રસ નામકર્મ | : | ૫ |
| (૫) સંઘાતન નામકર્મ | : | ૫ | (૧૨) સ્પર્શ નામકર્મ | : | ૮ |
| (૬) બંધન નામકર્મ | : | ૧૫ | (૧૩) વિહાયોગતિ નામકર્મ | : | ૨ |
| (૭) સંઘયણ નામકર્મ | : | ૬ | કુલ | : | ૭૧ |

# (૬) ટ્રાફીક વ્યવસ્થા

**(૧૪) આનુપૂર્વી નામકર્મ :-** આપણી દુનિયામાં જીવો હાથીની મલપતી ચાલે કે કાગડાની વિચિત્ર ચાલે ભલે ગતિ કરતાં હોય, પણ તેમને ગતિ કરવા માટે સ્પેશ્યલ રસ્તાઓ છે. ક્યાંક નાની કેડીઓ છે. ક્યાંક મોટા રોડ તો ક્યાંક નાની નાની પગદંડીઓ છે.

વળી નિશ્ચિત જગ્યાએ જવા માટે રસ્તામાં માર્ગદર્શક બોર્ડ હોય છે. ગમનાગમન વ્યવહારનું નિયમન કરવા ટ્રાફીક પોલીસ અને સીગ્નલ વ્યવસ્થા પણ હોય છે, જેના કારણે એક્સિડન્ટ થતાં નથી. જેમણે જ્યાં જવું હોય ત્યાં તેઓ સુખપૂર્વક જઇ શકે છે.

માનવે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરીને માનવો તથા વાહનોના ગમનાગમન માટે વ્યવસ્થાતંત્ર ગોઠવી દીધું છે, જેના કારણે બધો વ્યવહાર સરળતાથી ચાલે છે. છતાં ય ક્યારેક કોઇ ભૂલો પડે છે. ખોટા રસ્તે વળી જાય છે. કોઇકને એક્સિડન્ટ પણ થાય છે. ક્યારેક સીગ્નલ બગડી જાય છે. ચાલનાર કે વાહન ચલાવનાર ક્યાંક ચૂકી જાય છે. તેવા પ્રસંગોએ કોઇક ગરબડો પણ થઇ જાય છે. આ બધા આપણા બધાના અનુભવો છે.

તેથી મનમાં પ્રશ્ન પેદા થાય કે આપણો આત્મા એક ભવમાંથી બીજા ભવમાં જયારે જાય ત્યારે તે ક્યા રસ્તે જાય ? તે ક્યા વાહનમાં જાય ? તેણે જયાં જવાનું હોય ત્યાં તે કેવી રીતે પહોંચી જાય ? તે વચ્ચેથી ખોટા રસ્તે વળી ન જાય ? એકી સાથે અનંતા આત્માઓ એક ભવમાંથી બીજા ભવમાં જાય તો તેઓ પરસ્પર અથડાઇ ન જાય ? ત્યાં કોઇ ટ્રાફીક પોલીસ જેવી વ્યવસ્થા છે કે નહીં ?

મર્યા પછી બીજા ભવમાં જવા રૂપ તથા પૂર્વભવમાંથી નવા ભવમાં જન્મ લેવા આવવા રૂપ ગમનાગમન વ્યવહારનું સફળતાપૂર્વક સંચાલન કોણ કરે છે ? શું કોઇવાર એક્સિડન્ટ થાય કે નહીં ? થાય તો આત્મા મરી જાય? તેને કોઇ ફ્રેક્ચર થાય ? તેની સારવાર માટે હોસ્પીટલની જરૂર ખરી ? તે કયાં હોય? ત્યાં તેને કોણ લઇ જાય ? આવા ઢગલાબંધ સવાલો આપણને પેદા થાય તો પણ મુંઝાવાની જરાય જરૂર નથી કારણ કે આપણને અદ્દ્ભૂત જિનશાસન મળ્યું છે. સચરાચર સૃષ્ટિના સમર્થ જ્ઞાતા સર્વજ્ઞ ભગવંત મળ્યા છે. કેવળજ્ઞાનના પ્રકાશ દ્વારા તેમણે જોયેલી વાતો જણાવનારું તત્ત્વજ્ઞાન મળ્યું છે. હવે આપણે શું ચિંતા કરવાની ?

જો જિનશાસનના અદ્દ્ભૂત તત્ત્વજ્ઞાનને સ્પર્શીએ તો કોઇ મુંઝવણ ઊભી ન

રહે. બધા પ્રશ્નોના સચોટ સમાધાન મળ્યા વિના ન રહે. તેમાં ય જો કર્મવિજ્ઞાનને બરોબર વ્યવસ્થિત રીતે સમજી લઇએ, વ્યાવહારિક જીવનમાં તે કર્મવિજ્ઞાનને બરોબર ગોઠવી દઇએ તો આપણને ક્યારેય સંકલેશ ન થાય. સંકલ્પ-વિકલ્પ ન થાય. દરેક વાતોમાં સમાધાન મળવાથી સુંદર સમાધિ જળવાય. પ્રસન્નતા વધતી જાય.

એક ભવમાંથી બીજા ભવમાં જતી વખતની તમામ વ્યવસ્થાનું સફળ સંચાલન કરવા માટે કોઇ ઇશ્વરની જરૂર પડતી નથી. આ વિશ્વમાં કર્મો દ્વારા આખી વ્યવસ્થિત ગોઠવણ થયેલી છે.

જીવાત્માની એક ભવમાંથી બીજા ભવમાં જવાની વ્યવસ્થા અંગે જૈનશાસનમાં નીચે પ્રમાણે સુંદર સમાધાન જણાવેલ છે.

ચારે ગતિમાં રહેલાં તમામ જીવોનું મોત તો થાય જ છે. પોતપોતાના ભવનું આયુષ્ય પૂર્ણ થતાં આત્મા જે તે ભવના ખોળીયાને છોડી દે છે. દેવ-નારકનો જીવ પોતાના ભવના વૈક્રિય શરીરને છોડીને અને મનુષ્ય-તિર્યંચનો જીવ પોતાના ભવના ઔદારિક શરીરને છોડીને પરલોક તરફ પ્રયાણ આદરે છે. તે વખતે તેની સાથે તૈજસ અને કાર્મણ શરીર તો જોડાયેલાં જ હોય છે. આકાશ તો વિશાળ છે. ચૌદે રાજલોકમાં વ્યાપ્ત છે. તેમાં એક, બે, નહિ પણ અનેક રસ્તાઓ છે.

આકાશમાં જતાં વિમાનો તો જોયા છે ને? તેમને જવાના રસ્તા આકાશમાં નિશ્ચિત છે. ભલે આપણને ન જણાતા હોય, છતાંય ભારતથી અમેરિકા, રશિયા, એન્ટવર્પ વગેરે જુદા જુદા સ્થળે જવાના આકાશી રસ્તાઓ તો નિશ્ચિત છે જ . તે માર્ગે આગળ વધવાથી વિમાન પોતાના નિર્ધારિત સ્થળે પહોંચી શકે છે. એવી જ રીતે જીવોને એક ગતિમાંથી જુદી જુદી ગતિમાં જવા માટેના રસ્તાઓ નિર્ધારિત છે. એ રસ્તાઓને 'આકાશમાર્ગની શ્રેણી' કહેવાય છે.

સામાન્ય રીતે આત્મામાં તો ઉર્ધ્વગમનનો (ઉપર જવાનો) સ્વભાવ છે. તેથી જે આત્મા કેવળજ્ઞાન પામીને સર્વ કર્મનો ક્ષય કરે છે તે સીધો જ ઉપર મોક્ષમાં (સિદ્ધશીલામાં) જાય છે.

પરન્તુ કર્મોથી ભારે થયેલો આત્મા સીધો ઉપર મોક્ષમાં જઇ શકતો નથી. તેણે પરભવનું જે ભવનું આયુષ્ય કર્મ બાંધ્યું હોય તે કર્મ તે પ્રમાણેના ભવમાં તેને લઇ જાય છે. ભવમાંથી નીકળ્યા પછી તે જીવ, તેણે જ્યાં જવાનું હોય તે ઉત્તર - દક્ષિણ - પૂર્વ - પશ્ચિમ - ઉપર કે નીચેની દિશામાં સીધા રસ્તે જ ગતિ કરે છે. ના, તે જીવ ત્રાંસી ગતિ કદાપિ કરતો નથી કારણ કે આકાશમાં ત્રાંસી દિશા તરફ જતાં કોઇ રસ્તા નથી. તેથી જ્યારે તેણે ત્રાંસી દિશામાં નવો જન્મ લેવાનો હોય ત્યારે તે ઉપર જણાવેલી છ દિશામાંથી

યોગ્ય દિશામાં સીધો ગયા પછી જરૂર જણાય ત્યાં વળાંક લેવા ઇચ્છે છે.

કેટલાક જીવો તો એક ભવમાંથી નીકળીને સીધા માર્ગે જ ગતિ કરીને પોતાના ઉત્પન્ન થવાના સ્થળે પહોંચી જાય છે. પણ કેટલાક જીવોને પોતાના ઉત્પન્ન થવાના સ્થળે પહોંચવા માટે રસ્તામાં એક, બે કે ત્રણ વાર વળવું પડે છે.

સીધા રસ્તા ઉપર આગળ વધતાં તેમણે જયાં જયાં વળાંક લેવાનો હોય ત્યાં ત્યાં ટ્રાફીક પોલીસ સમાન આનુપૂર્વી નામકર્મનો ઉદય થાય છે. જેમ વળાંક લેવાના સ્થળે ટ્રાફીક પોલીસ એક્સિડન્ટ ન થાય, ખોટા રસ્તે ન જવાય તેનું માર્ગદર્શન આપે છે તેમ આ આનુપૂર્વી નામકર્મ જે તે જીવને તે તે દિશામાં વાળવાનું કામ કરે છે.

જે જીવોને એક વાર વળવાનું હોય તેમણે એક વળાંક ઉપર, બે વાર વળવાનું હોય તેમણે બે વાર અને ત્રણ વાર વળવાનું હોય તેમણે ત્રણ વાર તે તે વળાંક ઉપર આ આનુપૂર્વી નામકર્મ ઉદયમાં આવીને તે જીવને તે તે જગ્યાએ વળાંક આપીને તેમણે જે ગતિમાં જવાનું હોય, જે સ્થળે ઉત્પન્ન થવાનું હોય ત્યાં પહોંચાડવાનું કામ કરે છે.

ઊંટ, બળદ, ઘોડા વગેરે પશુઓ તેમના માલિકો સાથે રસ્તા ઉપર ચાલતાં હોય છે. જયારે તેમણે વળવું જરૂરી હોય ત્યારે તેમનો માલિક નથ (નાક બાંધેલ દોરડું) પકડીને તેમને તે તે દિશામાં દોરીને લઇ જાય છે તેમ બળદીયાની નથ જેવું આ આનુપૂર્વી નામકર્મ તે તે જીવોને ખેંચીને તે તે રસ્તે લઇ જઇને યોગ્ય સ્થાને પહોંચાડે છે.

આ આનુપૂર્વી નામકર્મ એક ભવમાંથી બીજા ભવમાં જતાં રસ્તામાં જ ઉદયમાં આવી શકે છે. પણ કોઇ ભવમાં ઉત્પન્ન થઇ ગયા પછી મૃત્યુ ન પામે ત્યાં સુધીના ગાળામાં કોઇપણ જીવને ક્યારેય ઉદયમાં આવી શકતું નથી. આમ, આ કર્મ આ ભવમાં પગ વડે થતી ગતિનું નિયંત્રણ કરતું નથી પણ એક ભવમાંથી બીજા ભવમાં જતી વખતની ગતિનું નિયંત્રણ કરે છે. તે ચાર પ્રકારનું છે.

દેવ ભવમાં જતી વખતે જરૂરી વળાંક પાસે જે કર્મ ઉદયમાં આવે તે (A) દેવાનુપૂર્વી નામકર્મ કહેવાય. જે કર્મ વળાંક આપીને મનુષ્યગતિમાં ખેંચી જાય તે (B) મનુષ્યાનુપૂર્વી નામકર્મ કહેવાય. તે જ રીતે નરક તથા તિર્યંચભવમાં લઇ જવા વળાંકસ્થળે જે કર્મ ઉદયમાં આવે તે અનુક્રમે (C) નરકાનુપૂર્વી નામકર્મ તથા (D) તિર્યંચાનુપૂર્વી નામકર્મ કહેવાય.

જીવ એક પણ વળાંક લીધા વિના જે સીધી ગતિ કરે તે ઋજુગતિ કહેવાય છે. જયારે જીવ એક, બે, ત્રણ કે ચાર વળાંક લેવાપૂર્વક જે ગતિ કરે છે તે વક્રગતિ કહેવાય છે. એક ભવમાંથી બીજા ભવમાં જતી વખતે ચારથી વધારે વળાંક ક્યારે પણ લેવા પડતા નથી. તેથી પાંચ, છ વગેરે વળાંકવાળી વક્રગતિ હોતી નથી.

ઋજુગતિ માત્ર એક જ સમયની હોય છે. જીવને ઉત્પન્ન થવાનું સ્થાન સમશ્રેણીએ રહ્યું હોય ત્યાં જીવ ઋજુગતિ વડે એક જ સમયમાં પહોંચી જાય છે. તે જ સમયે પરજન્મ સંબંધી આયુષ્ય ઉદયમાં આવે છે. તથા પરભવનો આહાર પણ તે કરવા લાગે છે. તેની પૂર્વના સમયે પૂર્વભવનું મોત થવા કાળે તેણે પૂર્વભવનું આયુષ્ય ઉદયમાં હતું અને તે વખતે પૂર્વભવનો આહાર પણ ચાલુ હતો. આમ ઋજુગતિમાં જીવ સતત આહારી હોય છે. આહાર વિનાની અણાહારી અવસ્થા તેને પ્રાપ્ત થતી નથી.

જ્યારે જીવ ઉત્તરથી દક્ષિણ, પૂર્વથી પશ્ચિમ, દક્ષિણથી ઉત્તર, પશ્ચિમથી પૂર્વ, ઉર્ધ્વથી અધો કે અધોથી ઉર્ધ્વદિશામાં સમશ્રેણીએ (સીધી લાઇનમાં) જઇને ઉત્પન્ન થાય છે ત્યારે તેને આ ઋજુગતિ હોય છે.

વક્રગતિ ચાર પ્રકારની છે. (૧) એકવક્રા = માત્ર એક જ વળાંકવાળી (૨) દ્વિવક્રા = બે વળાંકવાળી (૩) ત્રિવક્ર = ત્રણ વળાંકવાળી તથા (૪) ચતુર્વક્રા = ચાર વળાંકવાળી.

એકવક્રાગતિ બે સમયની હોય છે. દ્વિવક્રાગતિ ત્રણ સમયની હોય છે. ત્રિવક્રાગતિ ચાર સમયની હોય છે અને ચતુર્વક્રાગતિ પાંચ સમયની હોય છે.

**એકવક્રાગતિ :** જ્યારે જીવ ઉર્ધ્વલોકની પૂર્વદિશામાંથી અધોલોકની પશ્ચિમ દિશામાં જાય છે ત્યારે તે બે સમયની એકવક્રાગતિ કરે છે. જીવ સમશ્રેણીએ ગમન કરતો હોવાથી, પહેલા સમયે તે સીધી ગતિએ અધોલોકમાં જાય છે. અને ત્યાંથી તે વળાંક લઇને પશ્ચિમ દિશામાં સીધી ગતિએ આગળ વધીને ઉત્પત્તિ પ્રદેશે ઉત્પન્ન થાય છે. વળાંકસ્થળે આ આનુપૂર્વીનામકર્મ ઉદયમાં આવીને જીવની ગતિને વળાંક આપવાનું કાર્ય કરે છે.

એકવક્રાગતિના બંને સમયે જીવ આહારી હોય છે કારણ કે પૂર્વના સમયમાં તે શરીર ત્યજી દે છે અને એ જ સમયમાં વળી તે જીવ શરીર યોગ્ય કેટલાક પુદ્ગલોને લોમાહાર વગેરે રૂપ ગ્રહણ કરી દે છે. બીજા સમયે ઉત્પત્તિ પ્રદેશમાં આવે ત્યારે તે ભવને યોગ્ય આહાર ગ્રહણ કરી દે છે; તેથી આ એકવક્રાગતિમાં અણાહારી અવસ્થા હોતી નથી.

**દ્વિવક્રાગતિ :** ઉર્ધ્વલોકના અગ્નિખૂણામાંથી અધોલોકમાં વાયવ્ય ખૂણામાં ઉત્પન્ન થવું હોય ત્યારે જીવે ત્રણ સમયની દ્વિવક્રાગતિ કરવી પડે છે. પ્રથમ સમયે તે જીવ ઉર્ધ્વલોકમાંથી સમશ્રેણીએ અધોલોકમાં જાય છે. બીજા સમયે ત્યાંથી પ્રથમ વળાંક લઇને તે જીવ સમશ્રેણીએ અગ્નિખૂણામાંથી પશ્ચિમ દિશામાં આવે છે. પછીના સમયે તે જીવ

ત્યાંથી વળાંક લઇને સમશ્રેણીએ વાયવ્યખૂણા તરફ ગતિ કરીને ઉત્પત્તિ પ્રદેશે પહોંચે છે. આ બંને વળાંક સ્થળે આનુપૂર્વી નામકર્મ ઉદયમાં આવીને તે જીવની ગતિને તેવા વળાંક આપવાનું કાર્ય કરે છે.

ત્રણ સમયની આ દ્વિવક્રાગતિમાં જીવને પહેલાં સમયે પૂર્વભવનો તથા છેલ્લા સમયે નવા ભવનો આહાર હોય છે. પણ વચલા સમયે જીવ આહાર લેતો ન હોવાથી તે બીજા સમયે જીવ અણાહારી હોય છે.

ત્રસ જીવોને એક-બે કે ત્રણ સમયની જ ગતિ હોય છે. તેમણે એક ગતિમાંથી બીજી ગતિમાં જતાં તેથી વધારે સમયો લાગતાં નથી, કારણ કે ત્રસ જીવો માત્ર ત્રસનાડીમાં જ હોય છે. ત્રસનાડીની બહાર ક્યાંય હોતા નથી.

ચૌદ રાજલોકનું ચિત્ર તો જોયું છે ને ? તેમાં મધ્યમાં તિર્છાલોક એક રાજલોક જેટલો પહોળો છે. તે એક રાજલોક પહોળાઇ જેટલો વિસ્તાર ઠેઠ ઉપર સિદ્ધશીલાથી નીચે સાતમી નરક સુધીનો લઇએ તો તે ત્રસનાડી કહેવાય. તેમાં જ ત્રસજીવો હોય. જ્યારે સ્થાવર જીવો તો આ ત્રસનાડીમાં પણ હોય અને ત્રસનાડીની બહાર પણ હોય. ચૌદે રાજલોકમાં કોઇ સ્થાન એવું નથી કે જ્યાં સ્થાવર જીવો ન હોય.

ત્રસજીવોને ત્રસનાડીમાં ઉપજવાનું હોવાથી તેમની ગતિ માત્ર ૧, ૨ કે ૩ સમયની હોય પણ તેથી વધારે સમયની ન હોય.

સ્થાવર જીવો તો ચૌદ રાજલોકમાં ગમે તે સ્થળેથી બીજા ગમે તે સ્થળે ઉત્પન્ન થઈ શકે છે. તેથી તેમની ગતિ ચાર કે પાંચ સમયની પણ થઈ શકે છે; કારણકે તે માટે તેમણે ક્યારેક ત્રણ કે ચાર જગ્યાએ પણ વળાંક લેવા પડે છે. તે આ પ્રમાણે છે.

ત્રિવક્રાગતિ :- જ્યારે કોઈ સ્થાવર જીવ અધોલોકમાં ત્રસનાડીની બહાર કોઈ દિશાના સ્થાનથી મૃત્યુ પામીને, ત્રસનાડીની બીજી બાજુ, ઉપરના ભાગમાં કોઈપણ ખૂણામાં ઉત્પન્ન થવાનો હોય ત્યારે તે જીવ આ ચાર સમયની ત્રિવક્રાગતિ કરે છે.

આ ગતિમાં જીવ પ્રથમ સમયે ત્રસનાડીની બહારની દિશામાંથી સીધી ગતિએ ત્રસનાડીમાં પ્રવેશ કરે છે. પછી તે વળાંક લઇને ત્રસનાડીમાં જ નીચે જાય છે. પછી બીજો વળાંક લઇને તે ત્રસનાડીમાંથી બહાર નીકળે છે. બહારના ભાગમાં પહોંચેલો તે જીવ ત્રીજો વળાંક લઇને દિશામાંથી ખૂણા તરફ સમશ્રેણીએ ગતિ કરીને ઇચ્છિત સ્થાને પહોંચી જાય છે. આ ગતિમાં તેને ત્રણે વળાંકસ્થળે આનુપૂર્વી નામકર્મ ઉદયમાં આવીને વળાંક આપવાનું કાર્ય કરે છે.

આ ચાર સમયની ત્રિવક્રાગતિમાં પહેલા-છેલ્લા સમયે જીવ આહારી હોય છે. વચ્ચેના બે સમયમાં તે અણાહારી હોય છે.

**ચતુર્વક્રાગતિ :** કોઇ સ્થાવર જીવ જ્યારે ત્રસનાડીની બહાર એક બાજુના ખૂણામાં મૃત્યુ પામીને ત્રસનાડીની બીજી બાજુના ખૂણામાં ઉત્પન્ન થવાનો હોય ત્યારે તે જીવ પાંચ સમયવાળી આ ચતુર્વક્રાગતિ કરે છે.

પ્રથમ સમયે આ સ્થાવર જીવ ત્રસનાડીની બહારની બાજુના ખૂણામાંથી સમશ્રેણીએ દિશામાં આવે છે. પછી બીજા સમયે પ્રથમ વળાંક લઇને તે સમશ્રેણીએ ત્રસનાડીમાં પ્રવેશ કરે છે. ત્રીજા સમયે તે જીવ ત્રસનાડીમાં જ બીજો વળાંક લઇને ઉપરથી નીચેની દિશામાં સમશ્રેણીએ ગતિ કરે છે. નીચે પહોંચ્યા પછી તે જીવ ચોથા સમયે ત્રીજો વળાંક લઇને સમશ્રેણીએ ત્રસનાડીની બહાર ગતિ કરે છે. ત્રસનાડીની બહાર પહોંચેલો તે જીવ પાંચમા સમયે ચોથો વળાંક લઇને, ખૂણામાં આગળ વધીને ઉત્પત્તિ પ્રદેશે પહોંચે છે.

આ રીતે પાંચ સમયોમાં, ચાર વાર વળાંક લઇને તે જીવો ઉત્પત્તિસ્થાને પહોંચે છે. આ પાંચ સમય દરમ્યાન પહેલા તથા છેલ્લા સમયે તે જીવ આહાર લેતો હોવાથી આહારી છે. બાકીના સમયોમાં તે જીવ આહાર કરતો ન હોવાથી અણાહારી છે. તેથી આ ચતુર્વક્રાગતિમાં બીજા, ત્રીજા અને ચોથા, એમ ત્રણ સમયોમાં જીવ અણાહારી હોય છે.

આ ગતિ દરમ્યાન ચાર વાર વળાંક આવે છે. તે વખતે આનુપૂર્વી નામકર્મનો ઉદય થાય છે, જેના કારણે તે જીવ તે તે રીતે વળાંક લઇને પોતાના ઇચ્છિત સ્થાને પહોંચે છે.

**નામકર્મની ૧૪ પિંડપ્રકૃતિઓના ૭૫ પેટાભેદો**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) ગતિ નામકર્મ | : | ૪ | (૮) સંસ્થાન નામકર્મ | : | ૬ |
| (૨) જાતિ નામકર્મ | : | ૫ | (૯) વર્ણ નામકર્મ | : | ૫ |
| (૩) શરીર નામકર્મ | : | ૫ | (૧૦) ગંધ નામકર્મ | : | ૨ |
| (૪) અંગોપાંગ નામકર્મ | : | ૩ | (૧૧) રસ નામકર્મ | : | ૫ |
| (૫) સંઘાતન નામકર્મ | : | ૫ | (૧૨) સ્પર્શ નામકર્મ | : | ૮ |
| (૬) બંધન નામકર્મ | : | ૧૫ | (૧૩) વિહાયોગતિ નામકર્મ | : | ૨ |
| (૭) સંઘયણ નામકર્મ | : | ૬ | (૧૪) આનુપૂર્વી નામકર્મ | : | ૪ |

**પાંચ જ્ઞાનાવરણીય કર્મ, નવ દર્શનાવરણીય કર્મ બે વેદનીય કર્મ, અઠ્ઠાવીસ મોહનીયકર્મ તથા ચાર આયુષ્ય કર્મ સમજવા કર્મનું કમ્પ્યુટર ભાગ - ૨ અવશ્ય વાંચો.**

# (૭) અવગતિ એટલે શું ?

એક ભવમાંથી બીજા ભવમાં જતાં જીવને વધારે સમય લાગતો નથી. સામાન્ય રીતે તો જીવ મૃત્યુ પછી ૧, ૨ કે ૩ સમયમાં બીજા ભવમાં ઉત્પન્ન થઈ જાય છે. ક્યારેક જ તેને બીજા ભવમાં જતાં ૪ કે ૫ સમય લાગે છે. પરંતુ પાંચ સમયથી વધારે કાળ તો કોઈ જ જીવને લાગતો નથી.

આંખના એક પલકારામાં તો અસંખ્યાતા સમયો વીતી જાય છે. અસંખ્યાતા એટલે કરોડો - અબજો કરતાં ય ઘણા વધારે! તેમાંના માત્ર પાંચ સમયથી વધારે સમય જીવને બીજા ભવમાં જતા લાગતા નથી જ.

સમય એ કાળનું ઘણું સૂક્ષ્મ માપ છે. તે સેકંડોના અબજોમા ભાગ કરતાં ય ઘણો નાનો પીરીયડ છે. ગુલાબની એક હજાર પાંખડીને ઉપરાઉપરી ગોઠવ્યા પછી એક શક્તિશાળી માણસ મોટા તીક્ષ્ણ સોયાનો પ્રહાર કરીને એકીસાથે બધી પાંખડીઓને વીંધી નાંખે તો કેટલો સમય લાગે ? આપણને તો તે પાંખડીઓ એકી સાથે જ વીંધાઈ ગયેલી લાગે પણ જરા વિચારો તો ખરા !

એક પાંદડી વીંધાયા વિના તેની નીચેની બીજી પાંખડી વીંધાય ખરી ? બીજી પાંખડી વીંધાયા વિના ત્રીજી પાંખડી વીંધાય ખરી ? એકેક પાંખડીને વીંધતા ૧-૧ સમય ગણો તો ય હજાર સમય થઈ ગયા ને ? હકીકતમાં એ એક હજાર પાંખડીને વીંધાતા નથી તો એક સમય લાગ્યો કે નથી તો હજાર સમયો લાગ્યા ! પણ તેને વીંધાતા અસંખ્યાતા સમયો વીતી ગયા છે. અરે ! હજાર પાંખડીઓમાંની દરેક પાંખડીને વીંધાતા અસંખ્યાતા સમયો લાગી ગયા છે. આટલો બધો સૂક્ષ્મ સમય છે !

સાવ જુના થઈ ગયેલાં, ફાટવાની તૈયારીવાળા જીર્ણ ધોતીયાને કોઈ શક્તિશાળી પુરુષ કેટલા ઓછા કાળમાં એક ઝાટકે ચીરી નાંખે ! તેટલા ઓછા કાળમાં પણ અસંખ્યાતા સમયો પસાર થઈ જાય છે. આવા અતિસૂક્ષ્મ પાંચ સમય પસાર થતા પહેલાં જ જીવાત્મા બીજા સ્થળે ઉત્પન્ન થઈ જાય છે.

હજુ તો છગનકાકા હોસ્પીટલમાં છે. મરણપથારીએ ઝોલા ખાઈ રહ્યા છે. સગા-સંબંધીઓ વીંટળાઈ વળ્યા છે. ડોક્ટરોએ વધુ જીવવાની આશા છોડી દીધી છે. બધાના મુખ ઉપર ગમગીની છાઈ ગઈ છે. ભગવાનનું નામ લઈ રહ્યા છે.

બધાને લાગે છે કે હવે જીવ નીકળવાની તૈયારીમાં છે. પગમાંથી ઉપર ગયો. હવે કમરે આવ્યો. એ છાતીએ પહોંચ્યો. હાથ ઠંડા પડી રહ્યા છે. શ્વાસ બંધ થઈ રહ્યા

છે. શું ખરેખર જીવ છે કે નીકળી ગયો ?તેનો નિર્ણય થતો નથી. કોઈ તેમના કપાળ ઉપર ઘીના લચકાં મૂકે છે. કોઈ તેમના નાક પાસે રૂનું પુમડું મૂકે છે. જીવ છે કે નીકળી ગયો ? તે પાકું કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે. બિચારા તે સંસારી જીવોને ક્યાં ખબર છે કે તું રૂનું પુમડું મૂકે કે ઘીનો લચકો મૂકે તે પહેલાં તો તે છગનભાઈનો આત્મા બીજા ભવમાં પહોંચી પણ ગયો છે.

નારકમાં પરમાધામીઓ દ્વારા હંટરના ફટકા ખાઈ રહ્યો છે કે ક્યાંક ગટરમાં પંચરંગી કીડો બન્યો છે. પોતાની પત્નીના આંતરડામાં કરમીયા તરીકે જન્મી ગયો છે કે ભૂંડણના પેટમાં ગર્ભ રૂપે પહોંચી ગયો છે. દેવલોકમાં અપ્સરાઓ વચ્ચે પહોંચી ગયો છે કે કોઈ શેઠાણીના ગર્ભમાં ઉત્પન્ન થઈ ગયો છે.

તેનો નવો જન્મ પોતે બાંધેલા કર્મો અનુસાર શરુ થઈ ચૂક્યો છે. તે પ્રમાણેના સુખ - દુઃખ તે ભોગવી રહ્યો છે. સંસારીઓ તેને મરેલો જાહેર કરે કે ના કરે, તેની સ્મશાનયાત્રા વહેલી કાઢે કે મોડી કાઢે, તેનો અગ્નિસંસ્કાર કરે કે તેને કબરમાં દફનાવે, તેને ગાળો આપે કે તેને ફુલહાર પહેરાવે, મૃત્યુ પામીને બીજા ભવમાં પહોંચેલા છગનભાઈના આત્માને તેની સાથે કોઈ લેવા દેવા નથી. તેની કોઈ અસર તેને પહોંચતી નથી.

આથી નક્કી થયું કે જીવતાં જાગતાં આપણે જે કાંઈ કરીશું તે જ આપણી સાથે આવવાનું છે. માટે જીવતા જીવતા જેટલી આરાધના થાય તેટલી કરી લેવી જોઈએ. મર્યા પછી દીકરાઓ મહોત્સવ કરશે એવી ઈચ્છા રાખવાના બદલે જીવતા જીવતા જ પોતાનો જીવિત - મહોત્સવ કરી લેવો જોઈએ. તેમાં જે લીનતા આવશે, ઉલ્લાસ પેદા થશે, ભક્તિના ભાવો ઉભરાશે, તેના દ્વારા જે અનંતા પાપકર્મોનો ખાત્મો બોલાશે, અઢળક પુણ્યકર્મ પેદા થશે તે લાભ જીવતા જીવતા મહોત્સવ નહિ કરનારાને શી રીતે મળશે ?

પાછળ દીકરાઓ મહોત્સવ કરશે તો ય તેનું પુણ્ય તેમને મળશે. જો મરનારાના હૃદયમાં તેની અનુમોદના કે કરવા-કરાવવાનો ભાવ જ ન હોય તો તેનો લાભ શી રીતે તેને મળે ? માટે જ્યાં સુધી આપણો આત્મા આ ખોળીયાને ધારણ કરે છે ત્યાં સુધી આ જીવનને શક્યતઃ વધુ આરાધનાઓથી મઘમઘાયમાન બનાવવું જોઈએ. જેથી અહીંથી નીકળ્યા પછી આત્મા તરત જ સદ્‌ગતિમાં પહોંચી જાય. દુર્ગતિઓમાં તેણે રખડવું ન પડે.

આંખના એક પલકારામાં જે અસંખ્યાતા સમયો વીતી જાય છે, તેવા માત્ર પાંચ સમયથી વધારે સમયો મર્યાં પછી જન્મ લેતા થતા નથી તેવું જાણ્યા પછી મનમાં સવાલ થાય કે આ દુનિયામાં લોકો પાસે જે એવું સાંભળવા મળે છે કે જીવ અવગતિએ જાય છે, તેનું શું ?

બીજા ભવમાં જન્મ લેતા પહેલા કેટલાક જીવો આ દુનિયામાં ભૂત-પ્રેત થઈને રખડતા હોય છે, તેવું જે સંભળાય છે તેનું શું ?

શ્રાદ્ધપક્ષમાં પિતા - દાદાનું શ્રાદ્ધ કરવાથી અવગતિએ ગયેલા તેઓ કાગડાના રૂપે તે ભોજન કરવા આવે છે, તેવી માન્યતાનું શું ?

અવગતિએ ગયેલા કેટલાક પૂર્વજોની સારી ગતિ કરવા તેમની ઈચ્છા પ્રમાણેની ચીજો ક્યાંક મૂકવાની વાતો થાય છે, તેનું શું ?

આ દુનિયાની કોઈક ચીજોમાં જો મન રહી ગયું હોય, આસક્તિ રહી ગઈ હોય તો તેનો જીવ વચલી દુનિયામાં રખડ્યા કરે છે તે વાતને શી રીતે સંગત કરાય ?

ઉપરના સવાલો થાય તે સહજ છે, કારણકે આપણે જ્યાં વસીયે છીએ ત્યાં આવી વાતો ઘણીવાર આપણે સાંભળી હોય છે. આવી વાતો સાંભળવાના કારણે જીવ વધુમાં વધુ માત્ર પાંચ જ સમયમાં ઉત્પન્ન થઈ જાય છે તે વાત સ્વીકારવા મન કદાચ જલ્દી તૈયાર થતું નથી. પણ જૈનશાસનના તત્વજ્ઞાનને સમજયા પછી આ સવાલોના સમાધાન મળ્યા વિના રહેતા નથી.

હકીકતમાં તો મોત થતાં જ ૧, ૨, ૩, ૪ કે ૫ સમયમાં આત્મા પોતાના કર્મો પ્રમાણેના સ્થાને ઉત્પન્ન થઈ જ જાય છે.

આત્માની આ ભવમાંથી પરભવમાં ગતિ થાય છે. એ ભવ વચ્ચે અવગતિ જેવી કોઈ ચીજ નથી. આત્માએ વચ્ચે રઝળવું પડે, તેની ઈચ્છાઓ કે આસક્તિઓ સંતોષાયા પછી જ તેને બીજો ભવ મળે વગેરે વાતોમાં કોઈ તથ્ય નથી.

હા ! એવો નિયમ છે ખરો કે જીવ આ દુનિયાના જે ભૌતિક પદાર્થોમાં આસક્ત હોય ત્યાં તેને પરભવમાં જન્મ મળે. પંચાશક ગ્રંથમાં કહ્યું છે કે "જત્થ આસત્તિ તત્થ ઉપ્પત્તિ" એટલે કે "જેમાં આસક્તિ, ત્યાં જન્મ." તેથી જે જીવોને પોતાની આસક્તિ પ્રમાણે કોઈ હલકા ભવોમાં જન્મ મળે છે તે જીવોને સારી ગતિ મળી ન હોવાથી તે જીવો અવગતિ (અવ = ખરાબ, ગતિ = ભવ) માં ગયા તેવું કહી શકાય ખરું. અહીં અવગતિ એટલે બે ભવો વચ્ચેની રઝળપાટ કરાવનારી ગતિ નહિ સમજવી પણ હલકી ગતિ રૂપ બીજો ભવ સમજવો.

વળી, આ વિશ્વમાં, આપણી પૃથ્વીના નીચેના ભાગમાં વ્યંતર-વાણવ્યંતર વગેરે દેવો પણ વસે છે. તેમાં ભૂત, પિશાચ વગેરે દેવોની જાતો પણ છે. તે હલકા દેવો છે. કેટલાક જીવો મૃત્યુ પામીને ભૂત-પ્રેત તરીકેના અવતાર પામી શકે છે. તેઓ ભૂત-પ્રેતના હલકા ભવો પામ્યા હોવાથી અવગતિ (હલકી ગતિ)માં ગયા તેમ કહી શકાય. પણ તે તેમની બે ભવ વચ્ચેની અવસ્થા નથી પણ તેમનો બીજો ભવ જ છે.

આ ભૂત - પ્રેત બનેલા તે જીવો ક્યારેક પોતાની અધૂરી વાસનાઓ સંતોષવા આ

ધરતી ઉપર આવે, સંબંધીઓને સહાય કરે, કોઈને હેરાન કરે તેવું પણ બને.

તેમની ઈચ્છા પ્રમાણેની ચીજો તેમને આપવાથી કે તેઓ કહે તે સ્થળે મૂકવાથી, તેમની ઈચ્છા સંતોષાઈ જતાં તેઓ પોતાના સ્થાને પહોંચી જાય તેવું બને. પણ તે તેમનો બીજો ભવ સમજવો. તે ભવ પૂર્ણ કર્યા પહેલાં તેઓ ત્યાંથી નવા ભવમાં તો ન જ જાય. તેમનો તે દેવ તરીકેનો ભવ ઓછામાં ઓછો દસ હજાર વર્ષનો તો હોય જ.

આમ ભૂત, પ્રેત, પિશાચ વગેરેની પણ એક દુનિયા તો છે જ. પણ તે બે ભવ વચ્ચેની અવસ્થા રૂપ અવગતિ નથી પણ જીવના નવા ભવ રૂપ ખરાબ ગતિ છે. ત્યાં જવા જેવું નથી.

ભૂત - પ્રેતની પણ એક દુનિયા છે તે વાત સત્ય હોવા છતાં ય ક્યારેક કોઈક વ્યક્તિ પોતાના સ્વાર્થને સાધવા ભૂત-પ્રેત વગેરે શબ્દોનો દુરુપયોગ પણ કરતી હોય છે. બીજાને હેરાન કરીને પોતાનું કાર્ય સાધવા માટે પણ ભૂત-પ્રેત શબ્દોનો કે તેના નખરાંઓનો ઉપયોગ કરાતો હોય છે.

એક યુવાનના શહેરી કન્યા સાથે લગ્ન થયા. સંસાર તેનો ચાલ્યો જાય છે. પત્નીને સાસુ દીઠી પણ ગમતી નથી. તેને સ્વતંત્ર અને સ્વચ્છંદી જીવન જીવવું છે. સાસુમાની હાજરીમાં તે શક્ય નથી. તેથી સાસુમા તેની આંખમાં કણીયાની જેમ ખૂંચે છે.

તે બુદ્ધિશાળી હતી. સાસુમાને મારી શકાય તેમ તો નહોતું. તેણે વિચાર્યું, ''સાસુમા સદા મારા દાબમાં રહે, મારા કબજામાં રહે તેવું કાંઈ કરું,''

રસ્તો તેને મળી ગયો. પોતાના શરીરમાં ભૂત આવે છે તેવું લોકોને ઠસાવવા તેણે તેવા નખરા ચાલુ કર્યા. જેમ તેમ લવારા કરવા લાગી. ઉછળી - ઉછળીને પડવા લાગી. કપડાં ફાડવા લગી. ભૂત તોફાન મચાવે છે તેવું બધાને લાગે તેવા પ્રયત્નો ચાલુ થઈ ગયા.

સામાન્ય રીતે અસલ કરતા નકલ વધુ ચડિયાતી હોય. ભલભલા તેનાથી ગભરાવા લાગ્યા. ઉપચારો કરી કરીને કંટાળી ગયા. ભૂવાઓને બોલાવી બોલાવીને પ્રયોગો થવા લાગ્યા. જો ભૂત ખરેખર હોય તો તેને નીકાળી શકાય પણ ભૂત હોય જ નહિ તો તેને શી રીતે કાઢી શકાય ?

સાચેસાચ ઊંઘતા માણસને હજુ જગાડી શકાય પણ જે જાગતો હોવા છતાંય ઊંઘવાનો ડોળ કરતો હોય, જેણે જાગવું જ ન હોય તેને શી રીતે જગાડી શકાય ?

અનેક પ્રકારના ઉપચારો જયારે ફેઈલ થવા લાગ્યા ત્યારે પતિને શંકા પડી. તેણે વિચાર્યું, "મારી પત્નીને મારી મા દીઠી ય ગમતી નથી તેવું મેં અનેકવાર અનુભવ્યું છે. માને આ ઘરમાં રાખીને જુદા રહેવા જવાની વાતો તેણે ઘણીવાર મૂકી છે, પણ આજ

સુધી મેં તેને કદી ય દાદ આપી નથી.

મેં તો તેને ચોખ્ખું કહી દીધું છે કે, ''માને છોડીને બીજે જવાની વાત તું કાયમ માટે ભૂલી જજે. જો જુદા થવું જ પડશે તો યાદ રાખજે કે હું માની સાથે રહીશ પણ તારી સાથે નહિ.'' તેથી તેને બરોબર સમજાઈ ગયું છે કે માને દૂર કરી શકાશે નહિ. શું તે કારણસર આ ખોટા નખરા શરું નથી થયા ને ?''

અને તેની શંકાને પુષ્ટ કરનારો પ્રસંગ બની ગયો. તેની પત્નીએ ભૂતપ્રવેશનું નાટક કર્યું. તે ધુણવા લાગી. ઉછળી - ઉછળીને પડવા લાગી.

પતિ તરત ત્યાં પહોંચી ગયો. તેણે પત્નીની ટચલી આંગળી પકડીને દબાવી. અંદર રહેલા ભૂતને ઉદ્દેશીને તેણે પ્રશ્નો પૂછવાનું શરૂ કર્યું.

''તુ કોણ છે ? કેમ હેરાન કરે છે ?''

પત્ની : હું ભૂત છું. મને અહીં ગમે છે એટલે હું તો અહીં જ રહીશ.

પતિ : તું હેરાન શા માટે કરે છે ? મારી પત્નીએ તારું શું બગાડ્યું છે ? એને હવે તો છોડ.

પત્ની : એણે મને ગયા ભવમાં ખૂબ હેરાન કરેલ છે. તેથી હું પણ તેને છોડીશ નહિ. તેનો જાન લઈને જઈશ.

ભૂત વળગ્યું છે તેવું નાટક કરનાર પત્નીએ જ્યારે કહ્યું કે, ''હું તો આ સ્ત્રીનો જાન લઈને જ જઈશ'' ત્યારે પતિને આશ્ચર્ય થયું. તેણે પોતાનો વાર્તાલાપ આગળ વધાર્યો.

પતિ : અરે ! શું કહો છો ? જાન લઈને ? ના, એવું તો ન ચાલે. તમે જે કહો તે કરીએ, પણ તેમના શરીરમાંથી હવે તમે બહાર જાઓ તો સારું.

પત્ની : ના, હું એમ તો નહિ જાઉં. જાન લઈને જ જઈશ. જો તમારે તમારી પત્નીને જીવતી રાખવી હોય તો એક જ ઉપાય છે.

પતિ : ક્યો ઉપાય ? જલ્દી કહો. જે ઉપાય કહેશો તે કરીશું. પણ મારી પત્નીના શરીરમાંથી તમે તમારા સ્થાને જાઓ.

પત્ની : જુઓ, સાંભળો. હું કહું તે ઉપાય તમારે કરવો જ પડશે. જો નહિ કરો તો આજથી દસમા દિને તમારી પત્નીનો જાન લઈને જઈશ. પછી કહેતા નહિ કે અમે અંધારામાં રહી ગયા.

પતિ : ના, નહિ કહીએ, અમે એવું બનવા જ નહિ દઈએ. જે ઉપાય હોય તે કહો. અમે તમારી ઈચ્છા બરોબર પૂરી કરીશું.

પત્ની : સાંભળો, જો મારી સામે તમારી બા માથે મુંડન કરીને, બધા કાળા કપડાં પહેરીને, ઘુમટો તાણીને મોઢા ઉપર મેશ ચોપડીને થા - થા - થૈ - થૈ નાચે અને તમે

ઢોલક વગાડી વગાડીને તેમને અડધા કલાક સુધી નચાવો તો જ હું અહીંથી જઈશ. નહિ તો દસમા દિવસે તેનો જાન લઈને જઈશ.

આ વાત સાંભળીને પતિને આંચકો લાગ્યો. પોતાની માને કાળા કપડા પહેરાવીને, માથે મુંડન કરીને પત્નીની સામે નચાવાની વાત સાંભળતાં તેને પોતાની શંકા સાચી લાગી. શું આ રીતે પોતાની સામે સાસુની હલકાઈ કરીને પત્ની પોતાની સાસુને કાયમ વશમાં રાખવાની રમત તો નહિ રમતી હોય ને? ખેર ! જુઓ શું થાય છે?

તેણે બે હાથ જોડીને કહ્યું "બીજો કોઈ ઉપાય બતાવો ને? આ રીતે વહુની સામે મારી માતાને નચાવવા દ્વારા અપમાન કરવું યોગ્ય જણાતું નથી. હું મારી માને શી રીતે આમ નચાવી શકું?

પત્ની : હું ક્યાં કહું છું કે તું તારી માને નચાવ. ના, નહિ નચાવતો. હું તો દસમા દિને તારી પત્નીનો જાન લઈને જઈશ. તેં ઉપાય પૂછ્યો એટલે મેં જણાવ્યો. તારી મા તને બહુ વ્હાલી હોય તો તેને ન નચાવતો બસ !

પતિ : ના, ના.. તમે નારાજ ન થાઓ. મારી પત્ની મને ઘણી વ્હાલી છે. મારી મા પણ મને ઘણી વ્હાલી છે. તેથી બીજો રસ્તો મેં પૂછ્યો પણ મારી પત્ની મરે તે મારાથી સહન થાય તેમ નથી. હું મારી માને સમજાવીશ. મારી પત્નીને બચાવવા તે માથે મુંડન કરીને મોઢા ઉપર મેશ ચોપડીને, ઘુમટો તાણીને, કાળા કપડાં પહેરીને નાચવાની ચોક્કસ હા પાડશે. મારી ખાતર તે બધો ભોગ આપશે. આ રવિવારે તમારી સામે હું તેને નચાવીશ.

પત્ની : બસ ! તો જલ્દી એમ જ કર. પછી તારી પત્નીને હેમખેમ છોડીને હું ચાલી જઈશ.

અને થોડીવારમાં ભૂત ચાલ્યું ગયું. પત્ની મૂળ સ્વરૂપે આવી ગઈ. ના, ભૂતને જવાની વાત જ ક્યાં હતી? અરે ! ભૂત આવ્યું જ ક્યાં હતું? આ તો બધો પત્નીનો પ્રપંચ હતો. તે નાટક કરતી હતી. મનમાં તેને ખૂબ આનંદ થઈ ગયો.

"હાશ! હવે મારા બધા પાસાં પોબાર પડશે. સાસુમા મારી સામે આવી રીતે નાચશે પછી મારો વટ પડી જશે. ભાવિમાં મારી સામે ક્યારેય દાદાગીરી નહિ કરી શકે. જો કરવા જશે તો તરત જ સંભળાવી દઈશ કે તે દિવસે કેવી નચાવેલ ! હજુ ફરી નાચવું છે? આ સાંભળતાં તો એની સદા માટે બોલતી બંધ થઈ જશે. બસ, પછી તો હું આ ઘરની રાણી બનીશ. મારી ઈચ્છા પ્રમાણે જીવન જીવી શકીશ. મને બોલનાર કે અટકાવનાર પછી કોણ છે?" તેના શેખચલ્લીના વિચારો આગળ વધતા હતા.

આ બાજુ પતિ સમજી ગયો કે આ બધા આ સ્ત્રીના નખરા છે. નાટક બરોબર

ચાલે છે. મારી માને હલકી પાડવાના બધા પ્રયત્નો છે. ના, મારી માતાની હાલાકી થાય તેવું તો કરાય જ નહિ. હવે તો મારે જ કોઈ રસ્તો કાઢવો પડશે. પત્નીની શાન પણ ઠેકાણે લાવવી પડશે. તેની પાસે જો બુદ્ધિ છે તો મારી પાસે પણ બુદ્ધિ છે. તેને પણ ખ્યાલ આવવો જોઈએ કે શેરને માથે સવા શેર પણ હોય છે. ખૂબ વિચારીને તેણે સુંદર ઉપાય શોધી કાઢ્યો.

પછી તે પોતાના શહેરમાં ફેરી કરવા ગયો. ફરતા ફરતા તે સાસરે પહોંચ્યો. જમાઈરાજને આવેલા જોઈને સાસુમાએ આવકાર આપ્યો. પાતાની દીકરીના ખબર પૂછ્યા. વળગાડની અસર ઓછી થઈ કે નહિ ? શું ઉપચાર કરો છો ? મારી દીકરી ક્યારે સાજી થશે ? વગેરે ઘણા સવાલો પૂછ્યા.

યુવાન ઉદાસીન બની ગયો. મોઢું સોગિયું બનાવ્યું. ''જમાઈરાજ કેમ ઉદાસ છો ? મારી દીકરીને સારું નહિ થાય ? જે હોય તે કહો. જવાબ કેમ આપતા નથી ?'' માની મમતાએ તેની પાસે એકી સાથે અનેક પ્રશ્નો પૂછાવી દીધા.

યુવાન : તમારી દીકરી ઉપર ભૂતની ગાઢ અસર છે. ઘણા ઉપચારો કર્યાં, પણ મેળ જામતો નથી. અનેક ભૂવાઓએ ધૂણી ધખાવી છે. જાતજાતના પ્રયોગો કર્યા છે, પણ સારું થતું નથી. છેલ્લે તે ભૂત તો એક જ વાત કરે છે કે દસ દિવસમાં જાન લઈને જઈશ. હવે હું તેને જીવતી નહિ રહેવા દઉં..

આ સાંભળતાં તો સાસુમાએ પોક મૂકી.. ''અરે જમાઈરાજ ! આ શું બોલ્યા ? મારી દીકરી વિના હું પણ જીવી નહિ શકું. ના, મારી દીકરી ન જ મરવી જોઈએ ! ઓ... ભગવાન ! મારી દીકરીને મારવા કરતા તું મને મારી દે.'' બોલતા બોલતા તેઓ પડી ગયા.

પવન નાંખીને માંડ તેમને ભાનમાં લાવવામાં આવ્યા. યુવાને કહ્યું, ''સાંભળો, તમારી દીકરીને દસ દિવસમાં મારી જ નાંખશે એવું નથી.''

''હેં ! શું બોલ્યા? મારી દીકરી દસ દિવસ પછી પણ જીવતી રહેશે ને ! હાશ ! હવે મને ટાઢક થઈ. પણ તમે તો કહેતા હતા ને કે ભૂત તો કહે છે કે દસ દિવસમાં જાન લઈને જઈશ, તેનું શું ?''

''હા, ભૂત તો એ જ વાત કરે છે, પણ મેં બહુ કાકલુદી કરી ત્યારે તેણે એક ઉપાય બતાડ્યો છે. જો તે ઉપાય કરવામાં આવે તો તમારી દીકરી જીવતી રહે એટલું જ નહિ, ભૂત કાયમ માટે તેને મુક્ત કરી દે.''

''વાહ, વાહ! બહુ સરસ ! તો જમાઈરાજ ! તે ઉપાય જલ્દી કહી દો. મારી દીકરીને જીવાડો. તે માટે ગમે તેટલા રૂપીયાનો ખર્ચ કરવો પડે તો ય ચિંતા નહિ કરતા. અમે પણ તમારી પડખે જ છીએ હોં !''

''બા !પૈસાની તો કોઈ ચિંતા નથી. આજ સુધી તેના ઉપચારો કરવા પૈસાની સામે કદી જોયું નથી. પણ ભૂતે જે ઉપાય જણાવ્યો છે તેમાં પૈસાની જરૂર નથી. હું તો ખૂબ મુંઝાઈ ગયો છું. આ ઉપાય નહિ થાય તો દસ દિવસ પછી શું થશે ? તેના વિચારથી ધ્રૂજી જાઉં છું. દુઃખી દુઃખી થઈ જાઉં છું.''

''જે ઉપાય હોય તે કહો. જરાય ચિંતા ન કરો. અમારાથી જે સહકાર આપવા જેવો હશે તે બધો આપીશું. પણ મારી દીકરીનો વાળ પણ વાંકો ન થવો જોઈએ. બોલો તો ખરા ! તેણે શું ઉપાય જણાવ્યો ?''

''શું કહું ? મારી જીભ ઉપડતી નથી. કારણકે તેમાં તમારે અપમાનજનક સ્થિતિમાં મૂકાવું પડે તેમ છે.''

''જમાઈરાજ ! મારી દીકરીને જીવાડવા મારે જે કાંઈ કરવું પડે તે કરવા તૈયાર છું. તમારે જરાય ચિંતા કરવાની જરૂર નથી. મને કહો, મારે શું કરવાનું છે ?''

'જુઓ બા ! તમે તેવું કરો તે હું ઈચ્છતો નથી. પણ તમારો આગ્રહ છે તો ભૂત જે કહે છે તે કહું છું. ભૂતે કહ્યું છે કે, 'આ સ્ત્રીની મા માથે મુંડન કરીને, મોઢે મેશ લગાડીને, બધા કાળા કપડાં પહેરીને, માથે ઘુમટો તાણીને મારી સામે અડધો કલાક તારા ઢોલના તાલે આ રવિવારે નાચે તો જ હું જઈશ. નહિ તો દસમા દિવસે તેનો જાન લઈને જઈશ'.

મેં બીજો ઉપાય જણાવવા ઘણી કાકલુદી કરી, પણ તે માનવા તૈયાર નથી. હવે શું કરવું ? તે મને સમજાતું નથી, કારણકે આ રીતે તમને નચાવવા મને જરાય યોગ્ય લાગતું નથી.''

''જમાઈરાજ ! બસ આટલી જ વાત છે ને ? ઓહો ! એમાં શું થયું ? મારી દીકરીનો જાન બચાવવા હું કાળો વેશ પહેરવા અને માથે મુંડન કરાવવા ય તૈયાર છું. મોઢા ઉપર મેશ પણ લગાડીશ. ઢોલના તાલે નાચવા ય હું તૈયાર છું. જાઓ, આ રવિવારે બપોરે બે વાગે હું એવા વેશે ત્યાં આવી જઈશ. ચિંતા ન કરતા.'' સાસુમા સાથે બધું પાકું કરાવીને જમાઈરાજ ઘરે પાછા ફર્યા.

રવિવાર સવારથી જ પત્નીના આનંદનો પાર નહોતો. ''હાશ! આજે સાસુની બરોબર ફજેતી કરું. કાયમ માટે તેને વશમાં રાખી લઉં.'' બપોરે તેણે ભૂતનું નાટક શરૂ કર્યું. પતિને પૂછે છે, ''કેમ? તમારી માને નચાવો છો કે આનો જાન લઈને જાઉં ? જે હોય તે તરત કહી દો.''

પતિ : 'ચિંતા ન કરો. બધુ ગોઠવાઈ ગયું છે. હું ઢોલક તથા બાને લઈને આવું છું. તમારી બધી ઈચ્છા પૂરી થશે. માંડ માંડ મેં તેમને સમજાવ્યા છે. બાકી આ રીતે પોતાનું અપમાન કરાવવા કોણ તૈયાર થાય ? માટે તેઓ નાચે પછી તરત તમે મારી પત્નીને મુક્ત કરી દેજો.''

ત્યાં તો કાળા વસ્ત્રોમાં સજ્જ થયેલા ડોસીમા આવી ગયા. રૂમના દરવાજા બંધ થયા. પતિએ ઢોલક વગાડવાનું શરૂ કર્યું. થા - થા - થૈ - થૈ ના નાચ શરૂ થયા. પત્નીના આનંદનો પાર નથી. પોતાનો વિજય વાવટો ગગનમાં લહેરાતો દેખાવા લાગ્યો. ૧૫ - ૨૦ મિનિટ સુધી નાચ થયા પછી હરખપદુડી બનેલી તે પત્ની પણ ઢોલકના તાલે ગાવા લાગી. ''દેખ બુઢિયા કા ચાલા ! શિર મુંડા, મુંહ કાલા !''

બે - ત્રણ વાર ઉપરની પંક્તિ સાંભળવાથી પતિને બરોબર સમજાઈ ગયું કે, 'આ બધા પત્નીના નખરાં છે. તેનું નાટક ચાલે છે. તે મારી માને આ વાક્યો સંભળાવી રહી છે. કાંઈ વાંધો નહિ. હમણા જ તેનો નશો ઉતારી દઉં' એટલે એ પણ ગાવા લાગ્યો,

''દેખ બંદે કી ફેરી !, મા મેરી કે તેરી ?''

બે થી ત્રણ વાર પોતાના પતિના મુખે આ વાક્ય સાંભળ્યાં પછી પત્ની ચમકી. તેના મનમાં શંકા પડી કે, 'આ સામે નાચે છે તે સાસુમા જ છે ને ? સગી મા તો નથી ને ? પતિ આ શું બોલે છે ?'

તે તરત ઉભી થઈ. દોડીને તેણે નાચતી સ્ત્રીનો ઘુમટો દૂર કર્યો... અને તેના મોઢાંમાંથી ચીસ નીકળી ગઈ. પોતાની માને નાચતી જોઈને ત્રાસ થયો. 'અરરર... આ શું થયું ? હું તો સાસુમાને નચાવવા ગઈ અને પરિણામ તો ઉલ્ટું આવ્યું. મારી સગી માને નાચવું પડ્યું.' પોક મૂકીને રડવા લાગી.

પતિએ તેને કહ્યું, ''બોલ ! હવે ફરી કદી પણ આવા તોફાન નહિ કરે ને ? આ બધા નખરા ચાલુ રાખવા છે કે હવે બંધ કરવા છે ? જો હવે સીધી નહિ ચાલે તો મારા જેવો ભુંડો કોઈ નથી હોં ! મારી માને નચાવવા ગઈ તો તારી માને નાચવું પડ્યું. હવે આવો વિચાર ફરી સ્વપ્નમાં ય નહિ કરતી. મારી માની સેવા કરવાની તૈયારી હોય તો છોડું. બોલ ! હવે કેવી રીતે તારે આ ઘરમાં જીવવાનું છે ?''

બધો ભાંડો ફુટી જતાં તે માફી માંગવા લાગી. તેની માતાએ પણ તેને ઘણો ઠપકો આપ્યો. 'કાયમ માટે સાસુની સારી રીતે સેવા - ભક્તિ કરીશ,' તેવી તેણે કબૂલાત આપી.

આ સ્ત્રીએ પોતાનો સ્વાર્થ સાધવા ભૂતના ચાળા તો ઘણા કર્યાં. પણ તે ફાવી નહિ. કેટલાક લોકો આવા ચાળા પોતાના સ્વાર્થને સાધવા માટે ક્યારેક કરતાં હોય છે, તેમાં અંજાવા જેવું નથી.

ટૂંકમાં, આવા ભૂત-પ્રેત વગેરેના ભવો હોવા છતાં ય જો આપણો આત્મા તેવા ભવ તરીકે જ ઉત્પન્ન થવાનો હોય તો ૧ - ૨ કે ૩ સમયમાં ઉત્પન્ન થઈ જાય છે. આત્માનો તે બીજો ભવ જ ગણાય છે. તે બીજા ભવમાં જતાં વચ્ચેના સમયોમાં વળાંક આપવા આ આનુપૂર્વી નામકર્મનો ઉદય થાય છે.

# (૮) ધન ધન શ્રી અરિહંતને રે

**(૧) તીર્થંકર નામકર્મ :** મહાત્મા ગાંધીજીના પુત્ર દેવદાસ ગાંધીએ તે વખતના ખ્યાતનામ તત્ત્વચિંતક બર્નાડ શોને પત્ર લખીને પૂછ્યું હતું કે, "શું તમે પુનર્જન્મમાં માનો છો?" બર્નાડ શોએ જવાબ આપેલ, "હા ! મરીને ફરીથી જન્મ લેવાનો છે તેમ હું માનું છું." દેવદાસ ગાંધીએ પૂછ્યું, "જો મરીને ફરી જન્મ લેવાનો હોય તો તમે ક્યાં જન્મ લેવા ઈચ્છો છો?" બર્નાડ શો : "જો મારે મર્યા પછી ખરેખર જન્મ લેવાનો હોય તો હું હિન્દુસ્તાનમાં જૈન કુટુંબમાં જ જન્મ લેવા ઈચ્છું છું."

દેવદાસ ગાંધી : "સમગ્ર વિશ્વમાં હિન્દુસ્તાનથી સમૃદ્ધ અને વિકસિત ઘણા દેશો છે, ત્યાં ક્યાંય નહિ ને હિન્દુસ્તાનમાં જ કેમ ? વળી હિન્દુસ્તાનમાં પણ અનેક ધર્મોને પાળનારા કુટુંબો વસે છે, તો માત્ર જૈન કુટુંબમાં જ કેમ ?"

બર્નાડ શો : "હું હિન્દુસ્તાનમાં જ, જૈન કુટુંબમાં જ જન્મ લેવાને ઈચ્છું છું કારણકે મારે ભગવાન બનવું છે. દુનિયાના તમામ ધર્મોએ ભગવાન બનવાની મોનોપોલી કોઈ એક એક નિયત વ્યક્તિને આપી દીધી છે. તે સિવાયની અન્ય કોઈ પણ વ્યક્તિ તેમની માન્યતા પ્રમાણે ભગવાન બની શકતી નથી.

જ્યારે વિશ્વમાં એક માત્ર જૈનધર્મ જ એવો છે કે જેણે ભગવાન બનવાની મોનોપોલી કોઈ એક વ્યક્તિને આપી નથી. તેની માન્યતા પ્રમાણે કોઈ પણ આત્મા પરમાત્મા બની શકે છે. જે આત્મા સાધના કરીને પોતાના રાગ - દ્વેષનો સંપૂર્ણ ખાત્મો બોલાવે તે બધા આત્માઓ ભગવાન બની શકે છે. મારે પણ ભગવાન બનવું છે. માટે હું હિન્દુસ્તાનમાં જૈન કૂળમાં જન્મ લેવાને ઈચ્છું છું."

બર્નાડ શોની આ વાત જાણ્યા પછી આપણને આવા મહાન જૈનકૂળમાં જન્મ થવા બદલ આનંદ થવો જોઈએ. ઘરની રૂમ બંધ કરીને, બરોબર પૂંજી - પ્રમાર્જીને મન મૂકીને નાચવું જોઈએ. વળી, આવો મહાન ધર્મ પામવા છતાં હજુ સુધી તેને બરોબર ઓળખી ન શકવાના કારણે તેનો બરોબર લાભ ઊઠાવી શક્યા નથી તે બદલ આંખમાં આંસું પણ આવવા જોઈએ. હવે પછી આ જૈનધર્મને આત્મસાત્ કરીને ભગવાન બનવાનો પુરુષાર્થ આદરવો જોઈએ.

જૈનધર્મની માન્યતા પ્રમાણે જે જે આત્માઓ રાગ - દ્વેષનો સંપૂર્ણ ખાત્મો બોલાવે છે, તે બધા આત્માઓ મોક્ષમાં પહોંચે છે. બધા કર્મોનો ક્ષય (નાશ) થવાથી તેઓ સિદ્ધ ભગવંત બને છે.

સિદ્ધ ભગવંત થનારા તે બધા આત્માઓમાંથી કેટલાક આત્માઓ મોક્ષમાં જતાં પહેલાં અરિહંત ભગવંત બને છે. તેઓ આઠ કર્મોમાંથી ચાર ઘાતી કર્મો ખપાવીને કેવળજ્ઞાન પામે છે. જૈન શાસનની સ્થાપના કરે છે. ભવ્ય જીવોને મોક્ષનો માર્ગ બતાડે છે. બાકી રહેલાં જીવનમાં સતત ધર્મનો ઉપદેશ આપે છે. સાધુ - સાધ્વી - શ્રાવક - શ્રાવીકા રૂપ ચતુર્વિધ સંઘ કે જે તીર્થ તરીકે પણ ઓળખાય છે તેની તેઓ સ્થાપના કરતા હોવાથી તેઓ તીર્થંકરદેવ પણ કહેવાય છે.

ભરતક્ષેત્ર અને ઐરવતક્ષેત્રમાં દરેક ઉત્સર્પિણીકાળ અને અવસર્પિણીકાળમાં આવા ૨૪ - ૨૪ તીર્થંકર ભગવંતો થાય છે અત્યારે અવસર્પિણીકાળ ચાલે છે. ઋષભદેવ ભગવાનથી મહાવીરસ્વામી ભગવાન સુધીના ૨૪ તીર્થંકર દેવો આપણા આ અવસર્પિણીકાળમાં થયા છે. મહાવિદેહક્ષેત્રમાં સીમંધરસ્વામી વગેરે વીસ તીર્થંકરભગવંતો હાલ વિચરી રહ્યા છે.

આ તીર્થંકર ભગવંતો જ્યાં સુધી બાકીના ચાર અઘાતીકર્મોનો નાશ ન કરે ત્યાં સુધી અરિહંતભગવંત કહેવાય છે. બાકીના ચાર અઘાતીકર્મોનો નાશ કરીને મોક્ષે પહોંચે ત્યારે તેઓ પણ સિદ્ધ ભગવંતો તરીકે ઓળખાય છે.

આઠે કર્મોનો નાશ કરવાથી સિદ્ધ ભગવંત બનાય છે પણ અરિહંત ભગવંત કાંઈ કર્મોનો નાશ કરવાથી બનાતું નથી. અરિહંતભગવંત બનવા માટે જરૂરી છે, તીર્થંકર નામકર્મનો ઉદય.

જે આત્માએ પૂર્વના ત્રીજા ભવમાં તીર્થંકરનામકર્મ બાંધ્યું હોય તે જ આત્મા પછીના ત્રીજા ભવે તે તીર્થંકરનામકર્મનો ઉદય થતાં અરિહંત પરમાત્મા બને છે. ધર્મતીર્થની સ્થાપના કરે છે.ચાર ઘાતી કર્મોનો ક્ષય કરીને વીતરાગ તથા સર્વજ્ઞ બને છે. ત્રણે લોકના જીવોને પૂજય બને છે. આઠ પ્રાતિહાર્ય અને ચાર અતિશયોથી યુક્ત થાય છે.

આ તીર્થંકરનામકર્મ એ છઠ્ઠા નંબરના નામકર્મનો એક પેટાભેદ છે, તે પુણ્ય પ્રકૃતિ છે, કારણકે તેનો ઉદય થતાં તે આત્માને બધા પ્રકારની અનુકૂળતા મળવા લાગે છે. તેમનું પુણ્ય સામ્રાજય ચારેબાજુ ફેલાય છે.તેમના પ્રભાવે અનેકોની પ્રતિકૂળતાઓ દૂર થાય છે.

ચરમતીર્થપતિ પરમપિતા મહાવીરદેવ આ ચોવીસીના છેલ્લા તીર્થંકર ભગવાન થયા. તે તેમનો ૨૭મો ભવ હતો. તેમણે પૂર્વના ત્રીજા ભવે એટલે કે પચીસમા નંદનરાજર્ષિ તરીકેના ભવમાં આ તીર્થંકરનામકર્મ બાંધ્યું હતું. જેનો ઉદય ૨૭મા મહાવીર પ્રભુ તરીકેના ભવમાં થયો હતો.

વીસસ્થાનક તપની આરાધના કરવાથી તીર્થંકર નામકર્મ બંધાય છે. વીસસ્થાનકની આરાધના ન થઈ શકે તો તેમાંના એક - બે પદોની આરાધના પણ જો સર્વાંગસુંદર અને ઉત્કૃટ રીતે કરવામાં આવે તો તીર્થંકર નામકર્મ બંધાઈ શકે છે.

ના, માત્ર વીસસ્થાનક કે તેમાંના એક - બે સ્થાનકની આરાધના કરવા માત્રથી કાંઈ તીર્થંકરનામકર્મ ન બંધાય. તીર્થંકરનામકર્મ બંધાવા માટે અતિશય જરૂરી તો છે : વિશ્વના જીવમાત્ર પ્રત્યેનો કરુણાનો ભાવ.

વીસસ્થાનકની આરાધના કરનારા આત્મામાં સતત વિશ્વના તમામ જીવો પ્રત્યે કરુણાનો ધોધ વહેવો જોઈએ. બધાને તમામ દુઃખોમાંથી મુક્ત કરવાની ભાવના ઉછળવી જોઈએ. ''મારું ચાલે તો વિશ્વના સર્વ જીવોને હું મોક્ષે પહોચાડીં દઉં. બધા જીવોને સાચા અર્થમાં સુખી બનાવી દઉં. દુનિયાના કોઈપણ જીવના દુઃખને હું જોઈ શકું તેમ નથી.'' એવી ભાવના જોઈએ.

''આ બધા જીવોને કોઈ વ્યક્તિ દુઃખમુક્ત કરે તો સારું, ''એમ નહિ પણ'' હું પોતે જ તેમને દુઃખ મુક્ત કરું. હું પોતે જ તેમને સુખી કરું.'' એવી તેમના રોમરોમમાં ઉછળતી સવિ જીવ કરું શાસનરસીની ભાવના તીર્થંકર નામકર્મ બંધાવે છે.

તેમના હૃદયની સર્વ જીવોને સુખી કરવાની ભાવના સાથે જે વીસ સ્થાનક કે તેમાંના એક - બે સ્થાનની આરાધના તેઓ કરે છે તે વીસસ્થાનકનાં નામ નીચે પ્રમાણે છે.

(૧) અરિહંત (૨) સિદ્ધ (૩) પ્રવચન (૪) આચાર્ય (૫) સ્થવિર (૬) ઉપાધ્યાય (૭) સાધુ (૮) જ્ઞાન (૯) દર્શન (૧૦) વિનય (૧૧) ચારિત્ર (૧૨) બ્રહ્મચર્ય (૧૩) ક્રિયા (૧૪) તપ (૧૫) ગૌતમ (૧૬) જિન (૧૭) સંયમ (૧૮) અભિનવ જ્ઞાન (૧૯) શ્રુત અને (૨૦) તીર્થ.

વીસસ્થાનક તપમાં વીસે પદની - દરેકની - એક એક ઓળી કરવાની હોય છે. દરેક ઓળી વધુમાં વધુ છ મહીનાની સમયમર્યાદામાં પૂરી થવી જરૂરી છે.

એક એક પદના ૨૦ અઠ્ઠમ કરવાથી એકેક ઓળી પૂરી થાય. તે ન બને તો એકેક પદના ૨૦ છઠ્ઠ કે ૨૦ ઉપવાસ કરવાથી પણ ઓળી પૂરી થાય છે. આવી વીસે પદની ઓળી કરવાની હોય છે.

આ વીસસ્થાનક તપ કરતી વખતે માત્ર તપ કરવાથી ન ચાલે. તે તપ કરવાની સાથે સાથે નીચેની વાતોનું પાલન કરવું પણ જરૂરી છે.

પૌષધ, તપ, ઉભયટંક પ્રતિક્રમણ, પડિલેહણ, ભૂમિશયન, બ્રહ્મચર્યપાલન, પ્રવચનશ્રવણ, ખમાસમણ, સાથીયા, પ્રદક્ષિણા લોગસ્સના કાયોત્સર્ગ, ત્રિકાળ

દેવવંદન, જિનપૂજા, અસત્યત્યાગ, નવકારવાળીનો જાપ, તે તે પદની પ્રશંસા - ગુણગાન, છેલ્લે ઉજમણું વગેરે.

વીસસ્થાનક તપની આરાધના કરતી વખતે જેમ ઉપરોક્ત વાતોનું પાલન કરવું જોઈએ, તેમ સાથે સાથે વિશ્વના સર્વજીવોને તારી દેવાની ભાવના પણ ઉછળવી જોઈએ. સ્વાર્થનું વિલોપન કરવું જોઈએ. પરાર્થરસિક બનવું જોઈએ. સતત બીજાનો વિચાર કરવો જાઈએ. જાતનું ગુમાવીને પણ જગતનું કલ્યાણ કરવા તત્પર થવું જોઈએ.

વિશ્વના જીવમાત્રને તારવાની ભાવના સાથે ઉપરોકત વીસસ્થાનક કે તેમાંના કોઈપણ ૧ - ૨ પદોની આરાધના કરવાથી પૂર્વના ત્રીજા ભવમાં તીર્થંકરનામકર્મ બંધાય છે, નિકાચિત થાય છે.

શ્રેણિકમહારાજા ધર્મ પામ્યા નહોતા ત્યારે શિકાર કરીને તેમણે નરકગતિનું આયુષ્ય નિકાચિત બાંધી દીધું હતું. પણ ત્યાર પછી પરમપિતા પરમાત્મા મહાવીરદેવનો સત્સંગ થતાં તેમના જીવનનું જોરદાર પરિવર્તન થયું હતું. તેઓ પરમાત્માના પરમભક્ત બન્યા હતા. તેમના રોમે રોમે પ્રભુભક્તિ, પ્રભુ પ્રત્યેનો બહુમાનભાવ ઉછળતો હતો. તેમની આ અરિહંતપદની આરાધનાએ તીર્થંકરનામકર્મ બંધાવ્યું. પરિણામે તેઓ ત્રીજા ભવે તીર્થંકર ભગવાન બનવાના છે.

શ્રેણિક તરીકેના પૂર્વના ત્રીજા ભવમાં તીર્થંકરનામકર્મ બાંધીને તેઓ પછીના ભવમાં પહેલી નરકમાં ગયા છે. ત્યાં ૮૪૦૦૦ વર્ષનું આયુષ્ય હાલ ભોગવી રહ્યા છે: દુઃખોને પ્રસન્નતાપુર્વક સહન કરીને અનંતાનંત પાપકર્મો ખપાવી રહ્યા છે. નરકગતિ પણ તેમના માટે તો પાપકર્મોના નાશની સાધનાનું મંદિર બન્યું છે. સમ્યગ્ દર્શનની હાજરી હોવાથી ત્યાં તેઓ દુઃખમાં દીન બનતાં નથી. પરમાધામીઓની પણ કરુણા ચિંતવે છે. નરકનું આયુષ્ય પૂર્ણ કરીને છેલ્લા ભવમાં તીર્થંકર રૂપે તેઓ આ ભરતક્ષેત્રમાં પધારશે.

આ અવસર્પિણીનો પાંચમો તથા છઠ્ઠો આરો પુર્ણ થયા પછી આવનારી ઉત્સર્પિણીનો પહેલો - બીજો આરો પુર્ણ થશે ત્યારે ત્રીજા આરાના સાડા ત્રણ વર્ષને આઠ મહિના પસાર થતાં તેઓ જન્મ લેશે. પદ્મનાભ સ્વામી નામના પ્રથમ તીર્થંકરભગવંત બનશે. દીક્ષા લઈને કેવળજ્ઞાન પામશે ત્યારે શ્રેણિકકરાજા તરીકેના ભવમાં બાંધેલું તે તીર્થંકરનામકર્મ ઉદયમાં આવશે. ચતુર્વિધ સંઘની તેઓ સ્થાપના કરશે. ઉત્સર્પિણીકાળમાં મોક્ષમાર્ગની શરૂઆત કરશે. સર્વત્ર ધર્મનો પ્રસાર કરશે. અનેક આત્માઓને સાચા સુખની કેડી બતાડશે. મોક્ષ સુખના ભોક્તા બનાવશે.

તીર્થંકરનામકર્મની - પૂર્વના ત્રીજા ભવે - નિકાચના કર્યા પછી તે આત્મા કાળધર્મ

પામીને દેવલોક કે નરકમાં જ જાય પણ મનુષ્ય કે તિર્યંચગતિનો ભવ પામે નહિ. જો પૂર્વે નરકગતિનું આયુષ્ય નિકાચિત બંધાઈ ગયું હોય તો જ નરકગતિમાં જાય. ત્યાં પાપકર્મોનો નાશ કરે. પણ જો નરકગતિનું નિકાચિત આયુષ્ય ન બંધાયું હોય તો તે આત્મા અવશ્ય વૈમાનિક દેવલોકમાં દેવ બને.

દેવ કે નરક ભવનું આયુષ્ય પુર્ણ થતાં તે આત્મા પોતાના મનુષ્ય તરીકેના છેલ્લા ભવમાં પધારે. પૂર્વે બાંધેલા તીર્થંકરનામકર્મના પ્રભાવે તેમની માતા તેઓ ગર્ભમાં આવે ત્યારે ચૌદ મહાસ્વપ્નોને જુએ. તેમનો જન્મ થતાં ૫૬ દિક્કુમારિકાઓ તથા ૬૪ ઈન્દ્રો તેમનો જન્મમહોત્સવ કરે.

દીક્ષા સમયના એક વર્ષ પહેલાં નવ લોકાન્તિક દેવો તેમને શાસન સ્થાપવાની તથા દીક્ષા જીવન સ્વીકાર કરવાની વિનંતિ કરવા આવે. તેમની દીક્ષાનો મહોત્સવ કરવા દેવો તથા ઈન્દ્રો આવે.

દીક્ષા લીધા પછી મૌન - કાયોત્સર્ગ - તપશ્ચર્યા વગેરેની સાધના કરીને તથા ઉપસર્ગો - પરિષહો સહન કરીને, ચાર ઘાતીકર્મો ખપાવીને તેઓ કેવળજ્ઞાન પામે.

આકાશમાંથી દેવો નીચે ઉતરે. સમવસરણની રચના કરે. અષ્ટપ્રાતિહાર્યો પરમાત્માની સેવામાં ઉપસ્થિત થાય. એક યોજન પ્રમાણ સમવસરણમાં ચાંદીનો, સોનાનો તથા રત્નોનો ગઢ દેવો તૈયાર કરે.

પ્રભુથી બાર ગણું ઊંચું તથા આખા સમવસરણને ઢાંકી દેતું. (૧) અશોકવૃક્ષ રચે. (૨) ઢીંચણ પ્રમાણ પંચવર્ણી સુગંધી ફુલોનો વરસાદ વરસાવે. (૩) ચારે દિશામાં રત્ન જડિત સુવર્ણના સિંહાસનો રચે. પૂર્વદિશામાં પરમાત્મા બિરાજે.

બધા દેવો ભેગા મળીને પણ પરમાત્માનો એક અંગુઠો પણ બનાવી શકતા નથી, જ્યારે હવે પરમાત્માના પ્રભાવે વ્યંતરદેવ પરમાત્માના ત્રણ પ્રતિબિંબો રચીને બાકીના ત્રણ સિંહાસન ઉપર સ્થાપન કરે. (૪) રત્નજડિત સોનાની દાંડીવાળા બે - બે ચામરો દરેક ભગવાનને વીંઝાવાનું શરૂ થાય. (૫) મસ્તક ઉપર ત્રણ ત્રણ છત્રો ધરાય. (૬) પાછળ ભામંડળ રચે. (૭) પરમાત્મા માલકૌંશ વગેરે રાગમાં દેશના આપે ત્યારે વાંસળીઓના સૂર પુરે. (૮) દેશના પૂર્વે દુંદુભી વગાડીને લોકોને દેશના સાંભળવા પધારવાનું આમંત્રણ આપે.

તીર્થંકરનામકર્મના પ્રભાવે આઠ પ્રાતિહાર્યોની સાથે ચાર અતિશયો પણ પેદા થાય. (૧) જ્ઞાનાતિશય : ત્રણે કાળના અને ત્રણે લોકના તમામ પદાર્થોનું પરમાત્માને કેવળજ્ઞાન દ્વારા એકીસાથે અક્રમથી જ્ઞાન થાય.

(૨) વચનાતિશય : પરમાત્માની વાણી સૌ પોતપોતાની ભાષામાં સમજી શકે.

એક યોજન સુધી બધાને સંભળાય. સૌની શંકાના સમાધાનો મળે. ભુખ - તરસ વગેરે દુ:ખોને ભુલાવી દે. વાઘ - બકરી, સિંહ - શિયાળ, સાપ - નોળીયો, કુતરો - બિલાડી વગેરે જન્મજાત વૈરી પશુઓ પણ પોતાના વૈરને વિસરી જાય. મિત્રો બની જાય.

(૩) અપાયાપગમાતિશય : અપાય એટલે આપત્તિ, મુશ્કેલી, તકલીફો. પરમાત્માના અસ્તિત્વ માત્રથી સવાસો યોજનોમાં મારી - મરકી, રોગ - ઉપદ્રવ, દુષ્કાળ અતિવૃષ્ટિ વગેરે દુર થઈ જાય છે.

(૪) પૂજાતિશય : બધા લોકો ભગવાનથી પ્રભાવિત થાય છે. ઝાડો નીચા વળે છે. કાંટા ઊંધા થાય છે. છ ઋતુ અનુકુળ બને છે. સુંગધી પવન વાય છે. પક્ષીઓ પ્રદક્ષિણા દે છે. દેવો તેમને ચાલવા નવ સુવર્ણ કમળો રચે છે. બધા તેમનાથી અંજાવા લાગે છે.

પરમાત્માનો ઉપદેશ સાંભળીને અનેક રાજાઓ - રાણીઓ - રાજકુમારો - શેઠિયાઓ વગેરે સંયમજીવન સ્વીકારે છે. તીર્થંકર પોતે પૂર્ણતાને પામે છે અને શરણે આવેલાને પૂર્ણતા આપે છે. આવા તીર્થંકરભગવંતની ભક્તિ કરવાથી આપણે પણ તીર્થંકર નામકર્મ બાંધી શકીએ છીએ.

**નામકર્મના ૧૦૩ પેટાભેદો.**

| | | | |
|---|---|---|---|
| ૧૪ | પિંડ પ્રકૃતિઓના | ૭૫ | પેટાભેદો. |
| | પ્રત્યેક પ્રકૃતિઓના | ૮ | પેટાભેદો. |
| | ત્રસ દસક અને સ્થાવરદસક | ૧૦ | પેટાભેદો. |
| | કુલ | ૧૦૩ | પેટાભેદો. |

**આઠ પ્રત્યેક પ્રકૃતિઓ**

| | | | |
|---|---|---|---|
| ૧. | તીર્થંકર નામકર્મ | ૫. | ઉપઘાત નામકર્મ |
| ૨. | પરાઘાત નામકર્મ | ૬. | અગુરુલઘુ નામકર્મ |
| ૩. | આતપ નામકર્મ | ૭. | શ્વાસોશ્વાસ નામકર્મ |
| ૪. | ઉદ્યોત નામકર્મ | ૮. | નિર્માણ નામકર્મ |

# (૯) પ્રભાવ

(૨) **પરાઘાત નામકર્મ :** ક્લાસરૂમમાં અનેક વિદ્યાર્થીઓ ભણતાં હતા. એક શિક્ષક પીરીયડ લેવા આવ્યા પણ છોકરાઓ તેમની વાત સાંભળવા પણ તૈયાર નહિ. વાતો કર્યા કરે. પરસ્પર તોફાન - મસ્તી પણ ચાલુ. ભણાવનાર શિક્ષકની વાતો તો ન ગણકારે પણ તેમની મશ્કરી પણ કરે. તે શિક્ષક પણ કંટાળીને પોતાનો પીરીયડ પૂરો કરી દેતાં. તેમને પણ મજા નહોતી આવતી. વારંવાર તે વિદ્યાર્થીઓની ફરિયાદ કર્યા સિવાય તેમની પાસે કોઈ વિકલ્પ રહેતો નહોતો.

તે જ વિદ્યાર્થીઓ જ્યારે તેમના ક્લાસમાં બીજા એક શિક્ષક ભણાવવા આવતાં, ત્યારે શાંત થઈ જતા. જરાય ધમાલ - મસ્તી કરતા નહિ. અરે ! શિક્ષક આવતા પહેલાં જ તેઓ ડાહ્યા - ડમરા બની જતા. આખો પીરીયડ શાંતિથી સાંભળતા. આ શિક્ષક પ્રત્યે બધાને માન પણ જાગતું. અરે ! પ્રિન્સીપાલ પોતે પણ તેમની વાત આદરથી સાંભળતા.

મનમાં સવાલ થાય કે વિદ્યાર્થીઓ તો તેના તે જ છે, છતાં બે શિક્ષકો પ્રત્યેના તેમના અભિગમમાં ફરક કેમ ? જૈન શાસનનું કર્મ વિજ્ઞાન એનો જવાબ આપતા કહે છે કે બીજા શિક્ષકનું પરાઘાત નામકર્મ પ્રબળ હતું.

દરેક વ્યક્તિનું પરાઘાત નામકર્મ જુદા જુદા પ્રકારનું હોય છે. જેનું પરાઘાત નામકર્મ પ્રબળ હોય તેનો પ્રભાવ ઘણો ફેલાય. તેને જોતાં લોકો ઝુકવા લાગે. તેની વાતને જલ્દીથી સ્વીકારી લે. તેના ગુણગાન ગાયા કરે. તેના અસ્તિત્વ માત્રથી લોકો શિસ્તમાં આવી જાય. તેની વાતનો વિરોધ કરવાની સામેનાની હિંમત ન ચાલે. તેની સાથે લડવા આવેલો તેનો ભક્ત બની જાય. આ બધો પ્રભાવ છે. પ્રબળ પરાઘાત નામકર્મના ઉદયનો !

જે વ્યક્તિનું પરાઘાત નામકર્મ નબળું હોય તેનો પ્રભાવ ન પડે. કોઈ તેનાથી અંજાય નહિ. તેની વાતનો વિરોધ નાનો છોકરો પણ કરવા લાગે. પોતાની વાતનો તે અમલ ન કરાવી શકે. પ્રથમ શિક્ષકનું પરાઘાત નામકર્મ નબળું હોવાના કારણે વિદ્યાર્થીઓ શાંત રહેવાના કે તેમની વાત સ્વીકારવાના બદલે તેમની મશ્કરી કરતા હતા.

જે વ્યક્તિને આ પરાઘાત નામકર્મનો ઉદય ખૂબ પ્રબળ હોય તે વ્યક્તિનો સ્વભાવ ખરાબ હોય તો ય તેનું નાવ રેતીમાં ય સડસડાટ દોડે. તે વ્યક્તિ વાતવાતમાં કોઈનું અપમાન કરી દે, તોછડાઈભર્યો વ્યવહાર કરે, તો ય લોકો તેની સામે તો ચું કે ચા ન કરે. હા ! તેની ગેરહાજરીમાં લોકો તેની નિંદા - ટીકા કરે તેવું બને. તેનો વિરોધ પણ કરે.

પરંતુ તેની સામે પડવાનો પ્રયત્ન કરનારા પણ જયાં તે વ્યક્તિની હાજરી થાય ત્યાં તેનું શરણું લેવા માંડે. તેને મસકા મારવા લાગે !

પરાઘાત નામકર્મના પ્રબળ ઉદયવાળી વ્યક્તિ લોકો પાસે પુષ્કળ દાન પણ અપાવી શકે. જે માણસ બીજાને ૫૦૦ - ૧૦૦૦ રૂા. નું દાન આપવા તૈયાર ન હોય તેવી વ્યક્તિ પાસેથી પણ આ વ્યક્તિ જો ધારે તો ૨૫ - ૫૦ હજાર રૂપીયા વાત - વાતમાં લઈ આવે. એ પણ આજીજી કે કાકલુદી કરીને નહિ પણ આદેશ કરીને ! 'આ કાર્યમાં તમારે ૫૦ હજાર રૂપીયા આપવાના છે' એમ રોફથી કહે છતાં સામેવાળો ના ન કહી શકે. અરે ! તરત જ પૈસા આપી દે. પછી ભલે તેની ગેરહાજરીમાં તેને ખુબ ગાળો આપે ! પણ તેની સામે તો કાંઈ જ કહી ન શકે.

આવી વ્યક્તિઓનો રૂઆબ એટલો બધો હોય કે કોઈ તેની સામે બોલી ન શકે. અરે ! તેની હાજરીમાં મોટા અવાજે બોલતાં પણ બધાને ડર લાગે. આપસમાં ખૂબ ધીમા અવાજે વાત કરે પણ જોરથી બોલવાની કોઈની હિંમત ન ચાલે.

પરાઘાત નામકર્મના પ્રબળ ઉદયવાળી વ્યક્તિ મુનિમ હોય, કોઈની આશ્રિત હોય તો ત્યાં પણ તેનું વર્ચસ્વ ઘણું હોય, તેના શેઠને તે પ્રિય હોય. શેઠ પણ તેની વાતો સાંભળતા હોય - સ્વીકારતા હોય. વાતે - વાતે તેની સલાહ લેતા હોય. તેને નાખુશ કરવા શેઠ પણ તૈયાર ન હોય. આ બધો પ્રભાવ પ્રબળ પરાઘાત નામકર્મના ઉદયનો છે.

પણ જો નબળું પરાઘાત નામકર્મ ઉદયમાં હોય તો અબજો રૂપીયાના આસામીની પણ કોઈ નોંધ ન લે. તેની વાતને કોઈ ગણકારે પણ નહિ. અનેકોની મશ્કરીનું તે પાત્ર બનતો હોય. તેનો કોઈ રૂઆબ પડતો ન હોય. તેની વાતની બધા ઉપેક્ષા કરતા હોય. બધાની વચ્ચે ઠેકડી ઉડાડતાં હોય, છતાં ય તે કાંઈ કરી શકે નહિ કે કહી શકે નહિ ! કહે તો તેનું કાંઈ ઉપજે પણ નહિ.

પ્રબળ પરાઘાત નામકર્મના ઉદયવાળી વ્યક્તિ પોતાનું ધાર્યું કરાવી શકે છે. પોતાના વિચારો અનેકોના હૃદયમાં ફીટ કરી શકે છે. નેતૃત્વ આપીને લોકોને માર્ગે ચિંધી શકે છે. પણ આ પરાઘાત નામકર્મનો પ્રબળ ઉદય સજ્જનો કે સંતોને જ હોય તેવો નિયમ નથી. દુષ્ટ વ્યક્તિઓને પણ આ પરાઘાત નામકર્મનો પ્રબળ ઉદય હોઈ શકે છે. તેવી વ્યક્તિઓ પોતાના આ પરાઘાત નામકર્મના પ્રબળ ઉદયનો દુરુપયોગ કરે છે. તેનાથી સમાજને - દેશને ઘણું નુકશાન થાય છે.

આવી વ્યક્તિઓ પોતાનો સ્વાર્થ સાધવાનો પ્રયત્ન કરતી હોય છે. તે માટે બીજા બધાને મુશ્કેલીમાં મૂકવામાં તેમને હિચકચાટ થતો નથી. ગમે તેવા ખરાબ કાર્યો કરવા

છતાં ય લોકો તેને રોકી શકતા નથી. તેની ગેરહાજરીમાં બૂમાબૂમ કરવા છતાં ય તેની હાજરીમાં ચૂપ થઈ જાય છે.

ગુંડાઓ - લૂંટારાઓ વગેરે પરાઘાત નામકર્મના પ્રબળ ઉદયના કારણે બીજાને ડરાવે છે. લૂંટે છે. દઢપ્રહારી - ચિલાતીપુત્ર - અર્જુનમાળી વગેરેથી બધા લોકો થરથરતા હતા. આજે પણ દાઉદ, ગવલી, વગેરેનું નામ પડતાં લોકો ધ્રૂજે છે. વીરપ્પન જેવા તો સરકારને હંફાવે છે. આવી વ્યક્તિઓનો પરાઘાત નામકર્મનો પ્રબળ ઉદય બીજાને લાભકારક બનતો નથી.

ઘરની મુખ્ય સમજુ વ્યક્તિને પરાઘાત નામકર્મનો ઉદય હોય તો ઘરનું વાતાવરણ સુખ - શાંતિભર્યું બને છે. પરસ્પરનો મનમેળ સારો રહી શકે છે.

સમાજના અગ્રણી વ્યક્તિઓ જો સદાચારી હોય અને તેમને પરાઘાત નામકર્મનો ઉદય હોય તો તેઓ સમાજનું સારું ઉત્થાન કરી શકે છે. સારી દિશામાં સમાજને આગળ વધારી શકે છે.

ટૂંકમાં, સજ્જન - સંત - સદાચારી વ્યક્તિઓને આ પરાઘાત નામકર્મનો તીવ્ર ઉદય ઈચ્છવા જેવો છે. તેઓ તેના દ્વારા સર્વત્ર સદાચાર ફેલાવી શકે. તેમના વિચારોની લોકો ઉપર અસર થતી હોવાથી તેઓ બધે સુંદર વાતાવરણ ઊભું કરી શકે, પણ દુષ્ટ માણસોના પરાઘાત નામકર્મના ઉદયથી ખરાબ વાતાવરણ પેદા થતું હોવાથી તેમને પરાઘાત નામકર્મનો ઉદય ઈચ્છવા જેવો નથી.

પરાઘાત નામકર્મના ઉદયવાળી વ્યક્તિની વાતો બધા સ્વીકારવા તૈયાર થતાં હોવાથી આવી વ્યક્તિઓ ધારે તો સમાજને સુંદર પ્રદાન કરી શકે તેમ છે. તેઓ સમાજનું ઉર્ધ્વીકરણ કરી શકે છે. આ કર્મના પ્રભાવે જ્યારે તેમની ખોટી પણ વાતો સ્વીકારવા લોકો તૈયાર હોય ત્યારે તેમની સાચી વાત સ્વીકારવા માટે લોકો તૈયાર કેમ ન થાય ? માટે પરાઘાત નામકર્મના પ્રબળ ઉદયવાળી વ્યક્તિઓએ પોતાની આ શક્તિનો શ્રેષ્ઠ ઉપયોગ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. લોકોના કલ્યાણ માટે પૂરતો સમય ફાળવવો જોઈએ. તેઓ નિષ્ક્રિય બનીને બેસી રહે તે ઉચિત નથી.

વળી, પરાઘાત નામકર્મના પ્રબળ ઉદયવાળાએ ડગલે ને પગલે સાવધ રહેવાની જરૂર છે. તેમણે દરેક વાત ખૂબ જ વિચારીને રજૂ કરવી જોઈએ. તેમનું એક પણ પગલું ખોટું ભરાવું ન જોઈએ. જો તેઓ થોડીક પણ ભૂલ કરે તો સમાજ તેમને અનુસરનારો હોવાથી અનેક લોકોમાં તે ભૂલની પરંપરા ચાલુ રહેવાની શક્યતા છે. માટે કોઈપણ નિર્ણય કરતાં પહેલાં તેમણે પાકી ચકાસણી કરી લેવી જોઈએ, જેથી કોઈ નુકશાન થવાની શક્યતા ન રહે.

વળી, પરાઘાત નામકર્મના પ્રબળ ઉદયવાળી વ્યક્તિની વાત બધા સ્વીકારતા હોવાથી તેને અહંકાર આવવાની પૂર્ણ શક્યતા છે. તેણે સ્ટીમરોલર બનીને બીજાને કચડવાનું ન બની જાય તેની કાળજી લેવાની છે. પોતાના કારણે બીજાને નુકશાન ન થાય તે માટે જાગ્રત રહેવાનું છે.

વળી, પોતાનો ખોટો નિર્ણય થવા છતાં ય લોકો સામે બોલી શકવાના નથી. પરિણામે પોતાની ભૂલ સમજાવી મુશ્કેલ છે. તેથી તેણે ખાનગીમાં, પોતાની ગેરહાજરીમાં પોતાના માટે લોકો શું વિચારે છે ? શું બોલે છે ? તેની માહિતી મેળવવી જોઈએ. તે વાતોને પ્રામાણિકપણે વિચારીને, ભૂલ હોય તો સુધારવા પ્રયત્ન કરવો જોઈએ. પરાઘાત નામકર્મના પ્રબળ ઉદયવાળી વ્યક્તિઓની આસપાસ ખુશામતકારો ભમતાં હોય છે. તેમની વાત ઉપર વિશ્વાસ મૂકવાની ભૂલ ભૂલેચૂકે પણ કરવા જેવી નથી.

આ કર્મનો પ્રબળ ઉદય થવાથી માણસ સફળતાના સર્વોચ્ચ શિખરને સર કરી શકે છે; પણ તેથી અહંકાર કરવા જેવો નથી. આ કર્મનો પ્રબળ ઉદય કાયમ ટકતો નથી. જ્યારે તેનો ઉદય દૂર થાય છે ત્યારે સફળતાના શિખરે પહોંચેલ વ્યક્તિ ક્ષણવારમાં ઊંડી ખાઈમાં ગબડી પડે છે. જેની વાતો કરોડો લોકો વિના વિરોધે સ્વીકારીને વાહવાહ કરતા હોય તે જ વ્યક્તિની સાથે રહેવા એક બચ્ચો પણ તૈયાર ન થાય, તે બધા લોકો હટ હટ કરે તેવી પણ પરિસ્થિતિ પેદા થઈ શકે છે. જો આ વાત ધ્યાનમાં રહેશે તો પ્રસિદ્ધિમાં આસક્તિ પેદા નહિ થાય. પરાઘાતના પ્રબળ ઉદયમાં અહંકાર નહિ જાગે. નમ્રતા રહેશે.

તીર્થંકર પરમાત્માઓને પરાઘાત નામકર્મનો ઉદય ઉત્કૃષ્ટકક્ષાનો હોય છે. તેથી તેઓ ધર્મના સિદ્ધાન્તો અનેકોના હૃદયમાં ઉતારી શકે છે. અનેકોના જીવનને ખોટા રસ્તેથી સાચા રસ્તે લાવી શકે છે.

બીજાઓને ધર્મ માર્ગે જોડવા માટે, ખોટા માર્ગે જતાં જીવોને ત્યાંથી અટકાવીને સાચા માર્ગે લાવવા માટે આ પરાઘાત નામકર્મ ઉપયોગી છે. તેના દ્વારા આપણે ઘણાના કલ્યાણ મિત્ર બની શકીએ છીએ.

ઘર ઘરમાં તત્ત્વજ્ઞાનનો પ્રકાશ ફેલાવતું

**ઘેર બેઠાં તત્ત્વજ્ઞાન** (માસિક)

**આજીવન લવાજમ : રૂ. ૧૦૦૦** **ત્રિવાર્ષિક : રૂ. ૨૦૦**

આજે જ ગ્રાહક બની જઈને તત્ત્વજ્ઞાની બનો.

લવાજમ : ચં. કે. સંસ્કૃતિભવન, ગોપીપુરા, સુભાષ ચોક, સુરત.

# (૧૦) કરામત શરીરની

**(૩ - ૪) આતપ અને ઉદ્યોત નામકર્મ :** સૂર્ય આકાશમાં ઘણે દૂર છે. દૂર રહીને તે સૂર્ય આપણી ધરતી ઉપર ગરમી ફેલાવે છે.

આટલે બધે દૂર રહેલો સૂર્ય પણ જો ઉનાળામાં આપણને આટલી બધી ગરમી આપતો હોય તો તે પોતે કેટલો ગરમ હશે ?

આવી ભયાનક ગરમી ધરાવનાર સૂર્યના વિમાનમાં રહેનારા દેવો બળી ન જાય ? તેઓ પોતાનું જીવન કેવી રીતે જીવતા હશે ?

વળી આકાશમાં રહેલાં ચન્દ્ર, તારા વગેરે ઘણો પ્રકાશ આપે છે. જે પ્રકાશ આપે તે તો ગરમ જ હોય ને ? તો ગરમ ચંદ્ર - તારા વગેરેનો પ્રકાશ પણ ગરમ હોવો જોઈએ. તેના બદલે ચંદ્ર - તારા વગેરે ઠંડો પ્રકાશ કેમ આપે છે ? તેમની હાજરીમાં આપણને ઠંડકનો અનુભવ કેમ થાય છે ?

હકીકતમાં સૂર્યનું વિમાન દેદીપ્યમાન, સ્ફટીકમય ઠંડા પૃથ્વીકાયનું છે. એ વિમાનને સ્પર્શવામાં આવે તો એ ખૂબ ઠંડું લાગે છે. પરંતુ તેમાંથી નીકળતા કિરણો જેમ જેમ દૂર જાય તેમ તેમ ગરમ થતાં જાય છે. આમ, ઠંડા વિમાનમાંથી ગરમ પ્રકાશ નીકળે છે, તેનું કારણ તેમાં રહેલાં દેવો નથી; પણ તે વિમાન જેમાંથી બન્યું છે, તે પૃથ્વીકાયના જીવોના શરીરો છે !

પૃથ્વીકાયના જીવોને જો આતપ નામકર્મનો ઉદય હોય તો તેના પ્રભાવે તેમને ગરમ પ્રકાશ ફેંકનારું ઠંડું શરીર મળે ! સૂર્યનું વિમાન તેવા આતપ નામકર્મના ઉદયવાળા પૃથ્વીકાયના જીવોના શરીરોથી બનેલું છે. તેથી તે વિમાન પોતે ઠંડું છે, પણ તેમાંથી નીકળતો પ્રકાશ ગરમ છે. પોતે ઠંડુ હોવાના કારણે તે વિમાનમાં વસનારા દેવો બળી જતા નથી. તેઓ મસ્તીથી પોતાનો જીવન વ્યવહાર કરી શકે છે. તેમાંથી નીકળતો ગરમ પ્રકાશ પૃથ્વી ઉપર ગરમી પેદા કરે છે.

વળી, ચંદ્ર ભલે તેજસ્વી છે, પણ તેનો પ્રકાશ જરા ય ગરમ નથી. જે જે તેજસ્વી હોય તેનો પ્રકાશ ગરમ જ હોય તેવું જરૂરી નથી. ચન્દ્ર તથા તારાઓના વિમાનો પણ પૃથ્વીકાયના જીવોના શરીરોમાંથી બનેલા છે, પણ તે જીવોને ઉદ્યોત નામકર્મનો ઉદય ચાલી રહ્યો છે. આ ઉદ્યોત નામકર્મના ઉદયથી પોતે ઠંડા હોઈને ઠંડો પ્રકાશ આપનારા બનાય છે.

આગીયો, રત્ન, હીરા, કેટલીક ઔષધીઓ વગેરે ચમકે છે, તેજ ફેંકે છે, છતાં તેઓની ગરમી અનુભવાતી નથી, કારણ કે તે બધાને ઉદ્યોતનામકર્મનો ઉદય છે.

કેટલાક વૈક્રિયલબ્ધિધારી સાધુ ભગવંતો ક્યારેક તે લબ્ધિનો ઉપયોગ કરીને નવું વૈક્રિય શરીર બનાવે છે. કેટલાક દેવો પણ બીજું ઉત્તર વૈક્રિય શરીર બનાવે છે. તે નવા બનાવાતા શરીરોમાં પણ પ્રકાશ હોય છે. ચળકાટ હોય છે, કારણ કે ઉદ્યોત નામકર્મનો તેમને ઉદય હોય છે.

મહાવિદેહક્ષેત્રમાં રહેલા સીમંધરસ્વામીની લબ્ધિ જોવા માટે કે કોઈ શંકાનો જવાબ મેળવવા આમર્ષ ઔષધીવાળા, ચૌદપૂર્વી મહાત્મા જે આહારક શરીર બનાવે છે, તે પણ તેજસ્વી હોય છે, તેમાં આ ઉદ્યોતનામકર્મનો ઉદય કારણ છે.

ટૂંકમાં ઠંડી વસ્તુનો ગરમપ્રકાશ આતપનામકર્મના ઉદયને આભારી છે તો ઠંડી વસ્તુનો ઠંડો પ્રકાશ ઉદ્યોત નામકર્મના ઉદયના પ્રભાવે છે.

**(૫) ઉપઘાત નામકર્મ :** કેટલાક જીવો પોતાના શરીરના અવયવોથી પીડાતા જણાય છે. કેટલાકને હાથમાં પાંચ આંગળીઓના બદલે છ આંગળીઓ હોય છે. તેના કારણે તેઓ માનસિક રીતે પીડાતા હોય છે. કેટલાકને પડજીભ એટલે કે નાની જીભ હોય છે. વારંવાર દાંતમાં દબાઈ જાય, કચરાઈ જાય, તેના કારણે પીડા પહોંચે છે. કોઈને ગળામાં, ખભે, પગ વગેરે સ્થાને રસોળી એટલે કે ગાંઠો હોય છે. કેટલાકને ચોરદાંતનો ઉપદ્રવ હોય છે. આવા, શરીરને - મનને પીડા આપનારા શરીરના જુદા જુદા અવયવો આ ઉપઘાતનામકર્મના ઉદયે મળે છે.

ચાલતાં ચાલતાં પડી જવાય, પગની આંટી આવતા પડી જવાય, પોતાના શરીરના હલનચલન દ્વારા પોતાને જ પીડા પહોંચે વગેરેમાં પણ આ ઉપઘાત નામકર્મ કારણ બને છે.

**(૬) અગુરુલઘુનામકર્મ :** આપણે જોઈએ છીએ કે દરેક જીવોના શરીરનું વજન સરખું નથી હોતું. કોઈક સ્થૂલશરીરવાળા હોય છે, તો કોઈ સુકલકડી હોય છે. કોઈનો સપ્રમાણ દેહ હોય છે તો કોઈનો દેહ પ્રમાણરહિત હોય છે. છતાં દરેક જીવ પોત - પોતાની રીતે ધરતી ઉપર ચાલી - દોડી શકે છે. સ્થૂલ - શરીરવાળી વ્યક્તિ પડી જતી નથી. પાતળી વ્યક્તિ પવનના ઝપાટામાં ઉડી જતી નથી. પક્ષીઓ પાંખ વડે આકાશમાં ઉડી શકે છે તો ધરતી ઉપર પગ મૂકીને ચાલી પણ શકે છે. માછલીને દરીયામાં તરી શકાય તેવું શરીર મળ્યું છે. તો સાપને ધરતી ઉપર સરકી શકાય તેવું શરીર મળ્યું છે. આ બધામાં તે તે જીવોનું અગુરુલઘુનામકર્મ કારણ છે.

ગુરુ = ભારે. લઘુ = હલકું. ભારે કે હલકું નહિ, પણ પોતાનો ચાલવા વગેરેનો વ્યવહાર કરી શકાય તેવું શરીર આ અગુરુલઘુ નામકર્મના ઉદયે મળે છે.

**(૭) શ્વાસોશ્વાસ નામકર્મ :** શ્વાસોશ્વાસ લેવા મૂકવાનું કાર્ય તો શ્વાસોશ્વાસ પર્યાપ્તિ કરે છે. શ્વાસોશ્વાસ પર્યાપ્તિ એક એવી શક્તિ છે કે જેના પ્રભાવે આત્મા

**શ્વાસોશ્વાસ** વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે છે. શ્વાસોશ્વાસ રૂપે બનાવે છે. એટલે કે **શ્વાસ** લેવા - મૂકવા માટે યોગ્ય બનાવે છે. પછી ઉચ્છવાસ દ્વારા તે પુદ્ગલોને આકાશમાં પાછા ફેંકી દે છે.

આવી આ શ્વાસોશ્વાસ પર્યાપ્તિ રૂપ શક્તિ તો પર્યાપ્તિ નામકર્મના ઉદયે મળે છે, પણ આ શ્વાસોશ્વાસ પર્યાપ્તિ રૂપ શક્તિનો વપરાશ ક્યારે કરવો ? કેટલો કરવો ? તેનું નિયંત્રણ આ શ્વાસોશ્વાસ નામકર્મ કરે છે. કયા જીવને અમુક સમયમાં કેટલા શ્વાસોશ્વાસ ચાલવા જોઈએ ? તે નક્કી કરવાનું કાર્ય તે તે જીવના શ્વાસોશ્વાસ નામકર્મનું છે.

**(૮) નિર્માણ નામકર્મ :** બધા માણસોને આંખો આગળ જ કેમ છે ? એક આંખ આગળ અને એક આંખ પાછળ કેમ નહિ ? પાછળ પણ આંખ હોત તો પાછળનું પણ જોવા મળત ને ? બે કાન બે સાઈડમાં કેમ ? નાક, આંખ અને હોઠોની વચ્ચે જ કેમ ? હાથ ખભા પાસે જ કેમ ? કમર પાસે કેમ નહિ ? પોપચાં આંખ ઉપર જ કેમ ? કાન ઉપર કેમ નહિ ! કાન ઉપર પણ હોત તો કોઈ શબ્દો સાંભળવા ન હોય ત્યારે કાન બંધ થઈ શકત ને ?

જીભ મોઢામાં જ કેમ ? પગ નીચે જ કેમ ? શરીરના જુદા જુદા અવયવો જુદા જુદા પણ નિયત સ્થાને જ કેમ ? કોણ તેમને તેમના નિયત સ્થાને ગોઠવે છે ? મમ્મી તો પોતાના પેટમાં હાથ નાંખીને ગર્ભકાળમાં બાળકનું શરીર બનાવતી નથી ! તે કાંઈ શરીરના જુદા જુદા અવયવો નિયત સ્થાને ગોઠવવાનું કામ કરતી નથી ! તો પછી આ બધું કાર્ય કોનું ?

શરીરના જુદા જુદા અવયવોને જે તે નિયત સ્થાને ગોઠવવાની કરામત 'નિર્માણ નામકર્મ' કરે છે. નિર્માણ નામકર્મ કડીયા જેવું છે. મકાન બનાવતી વખતે ઈંટો, બારી, બારણાં વગેરેને યથાયોગ્ય સ્થાને ગોઠવવાનું કાર્ય જેમ કડીયો કરે છે, તેમ શરીર બનાવતી વખતે જુદા જુદા આંગોપાંગને તેના યોગ્ય સ્થાને ગોઠવવાનું કાર્ય આ નિર્માણ નામકર્મ કરે છે.

આ નિર્માણ નામકર્મના પ્રભાવે તમામ મનુષ્યોનો દેખાવ એકસરખો લાગે છે. તમામ વાઘ એકસરખા, તમામ કૂતરા એક સરખા, તમામ બિલાડીઓ એક સરખી. આમ, જુદા જુદા - પ્રાણીઓનો પોતપોતાના જાતભાઈઓની સમાન એક જ આકાર રહે તેવી શરીરના જુદા જુદા અવયવોની ગોઠવણ આ નિર્માણ નામકર્મ કરે છે.

કોઈ સુંદર મકાન બનાવવું હોય તો આર્કીટેક સૌ પ્રથમ તેની ડીઝાઈન તૈયાર કરે. તે ડીઝાઈન પ્રમાણે જરૂરી બારી - બારણા - દિવાલો વગેરે બનાવવા માટે જરૂરી માલનો ઓર્ડર આપવો પડે.

જરૂરી માલ આવ્યા પછી સુથાર બારી, બારણા વગેરે તૈયાર કરે. કડીયો ઈંટ - સીમેન્ટ, બારી - બારણા વગેરે ગોઠવીને મકાન તૈયાર કરે. જરૂર જણાય ત્યાં ફેવીકોલ, સીમેન્ટ વગેરે વડે સાંધા પણ કરવા પડે. મકાન જેવું મજબૂત બનાવવું હોય તેવો હલકો - ભારે માલ લાવવો પડે. મકાન તૈયાર થાય ત્યારે તેને યોગ્ય કલર પણ કરવો પડે.

તે જ રીતે આત્માએ પોતાને રહેવા માટે શરીર બનાવવું હોય ત્યારે પણ ઉપર પ્રમાણેની અનેક પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડે.

ઔદારિક શરીર વગેરે નામકર્મનો ઉદય થાય એટલે શરીર બનાવવાનો ઓર્ડર અપાય. શરીર બનાવવાનું શરું થાય. સંઘાતન નામકર્મના ઉદય પ્રમાણે તે તે શરીર માટે જરૂરી માલ ભેગો થાય. બંધન નામકર્મના ઉદય પ્રમાણે શરીર માટેના જરૂરી તે તે માલ વચ્ચે જોડાણ થાય.

સંસ્થાન નામકર્મ રૂપી આર્કિટેકે નક્કી કરેલ ડીઝાઈન પ્રમાણે શરીર બનતું જાય. સંઘયણ નામકર્મના ઉદય પ્રમાણે તે શરીર તથા તેના હાડકા વગેરેની ઓછી - વત્તી મજબૂતાઈ નક્કી થાય. આંગોપાંગ નામકર્મના ઉદય પ્રમાણે શરીરના જુદા જુદા અવયવો તૈયાર થાય.

તૈયાર થયેલા તે તે અવયવોને તે તે નિયત સ્થાને ગોઠવવાનું કાર્ય નિર્માણ નામકર્મ કરે. વર્ણ - ગંધ, રસ - સ્પર્શ નામકર્મના ઉદય પ્રમાણે જુદા જુદા અવયવોને જુદા જુદા રંગ મળે. જુદા જુદા ગંધ - રસ - સ્પર્શની પ્રાપ્તિ થાય.

વિહાયોગતિ નામકર્મના ઉદય પ્રમાણે તેમને સારી કે ખરાબ ચાલ મળે. શ્વાસોશ્વાસ નામકર્મનો ઉદય તેના શ્વાસોશ્વાસનું નિયંત્રણ કરે. અગુરુલઘુનામકર્મ જે તે શરીર પોતાની ક્રિયાઓ વ્યવસ્થિત કરી શકે તેની કાળજી લે. પોતાને પીડા આપે તેવા અવયવો જો શરીરમાં તૈયાર થાય તો તેમાં ઉપઘાત નામકર્મ ભાગ ભજવે. કરડાકી કે પર્શનાલીટી પેદા કરવાનું કાર્ય પરાઘાત નામકર્મ કરે.

આમ, માત્ર એક શરીરને બનાવવામાં આવા તો અનેક કર્મો પોતપોતાની રીતે ભાગ ભજવે છે. તૈયાર થયેલા આ શરીરનો ઉપયોગ જો આરાધના - સાધના માટે કરવામાં આવે તો આ માનવજન્મ સફળ થયો ગણાય, પણ જો મોજમજા, એશ આરામ અને જલસા કરીને જીંદગી પૂરી કરવામાં આવે તો જીવન નિષ્ફળ બન્યા વિના ન રહે.

આ શરીર દ્વારા અશરીરી બનવાની સાધના કરવાની છે. કર્મોએ બનાવેલા શરીર વડે કર્મોનો જ નાશ કરવાની આરાધના કરવાની છે, તે વાત કદી પણ ભૂલવી નહિ.

નામકર્મના ૧૪ પિંડપ્રકૃતિના ૭૫ પેટાભેદો અને ૮ પ્રત્યેક પ્રકૃતિઓને સમજ્યા પછી હવે આપણે ત્રસ દસક અને સ્થાવર દસકને વિચારીએ.

# (૧૧) છે કર્મોના ખેલ નિરાળા

બધા જીવોનું શરીર એક સરખું હોતું નથી. કોઈને શરીર મોટું મળે છે તો કોઈને શરીર નાનું મળે છે. કેટલાક જીવોને પોતપોતાનું સેપરેટ શરીર મળે છે તો કેટલાક જીવોને બધા વચ્ચે કોમન એક જ શરીર મળે છે. કેટલાક જીવોને પોતાની ઈચ્છા પ્રમાણે આવ - જા કરી શકાય તેવું શરીર મળે છે તો કેટલાક જીવોને પોતાની ગમે તેટલી ઈચ્છા થાય તો પણ હાલી - ચાલી ન શકે તેવું સ્થિર શરીર મળે છે. આ બધું થવા પાછળ પણ કેટલાક નામકર્મો કારણ છે.

(૧) **ત્રસનામકર્મ :-** આપણે સૌ જાણીએ છીએ કે સર્વ કર્મોથી મુક્ત બનેલો આત્મા સિદ્ધશીલામાં (મોક્ષમાં) પહોંચે છે. કાયમ માટે ત્યાં સ્થિર રહે છે. તે જરા ય ગતિ કરતો નથી. જયારે આ સંસારમાં રહેલા જીવો એક સ્થાનથી બીજા સ્થાને જવા આવવાની ક્રિયા કરતા દેખાય છે, તેથી સવાલ એ પેદા થાય કે જવા - આવવાની ક્રિયા કરવાની શક્તિ આત્મામાં છે કે કોઈ કર્મોમાં છે ?

જો આત્મામાં ગમનાગમન કરવાની શક્તિ હોય તો મોક્ષમાં પહોંચેલો આત્મા ત્યાં ગમનાગમન કેમ કરતો નથી ? જો તે શક્તિ કર્મોમાં હોય તો સર્વ કર્મથી રહિત બનેલો આત્મા મનુષ્યલોકમાંથી ઉપર સિદ્ધશીલા જવાની ગતિ કેવી રીતે કરે છે ?

હકીકતમાં તો આત્મામાં અનંતશક્તિ છે. સદા ઉપરની દિશામાં સીધી ગતિએ ગમન કરવાનો તેનો સ્વભાવ છે. પોતાના તે સ્વભાવને કારણે કર્મ રહિત આત્મા ઉપર સીધી લીટીમાં ગતિ કરીને સિદ્ધશીલામાં પહોંચે છે. ત્યારપછી ગતિ કરવામાં સહાયક ધર્માસ્તિકાય ન હોવાથી આગળ ગતિ કરતો નથી.

પરંતુ ઉપર સીધી ગતિ કરવાનો સ્વભાવવાળા આત્માને ઉપર - નીચે કે ચારે દિશામાં ગતિ કરાવવાનું કાર્ય ત્રસનામ કર્મ કરે છે. વળી ચારે દિશામાં કે ઉપર - નીચે કરાતી ગતિનું નિયંત્રણ કરવાનું કાર્ય પણ આ કર્મનું છે. સંસારી જીવો પોતાને ઈચ્છા મુજબ ચાલવાની ક્ષમતા આ કર્મના પ્રભાવે મેળવે છે.

સંસારમાં રહેલાં તમામ જીવો કાંઈ પોતાની ઈચ્છા મુજબ ગતિ કરી શકતા નથી. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય જીવો જ પોતાની ઈચ્છા પ્રમાણે ગમનાગમન (ગતિ) કરી શકે છે, પણ જે એકેન્દ્રિયો જીવો છે, તેઓ પોતાની ઈચ્છા પ્રમાણે ગમનાગમન કરી શકતા નથી.

બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોને ત્રસનામકર્મનો ઉદય હોય છે તેથી તેમનામાં

ઈચ્છા પ્રમાણે ચારે દિશામાં મર્યાદિત ગતિ કરવાની ક્ષમતા આવે છે. ભુખ, તરસ, ઠંડી, ગરમી વગેરે કારણે એક સ્થાનથી બીજા સ્થાને જવાની ઈચ્છા થતાં તેઓ - ત્રસનામકર્મનો ઉદય હોવાના કારણે - ગમનાગમન કરી શકે છે.

પરન્તુ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ રૂપ એકેન્દ્રિય જીવોને ત્રસનામકર્મનો ઉદય નથી. તેથી ભુખ, તરસ, ઠંડી, ગરમી વગેરે કોઈપણ કારણસર તેમને એક સ્થાનથી બીજા સ્થાને જવાની ઈચ્છા થાય તો પણ તેઓ એક સ્થાનથી બીજા સ્થાને થોડી પણ ગતિ કરી શકતા નથી. તેમને સ્થિર જ રહેવું પડે છે.

જો કે નદી વગેરેમાં પાણી વહેતું દેખાય છે; અગ્નિની જવાળાઓ ઉપર જતી દેખાય છે; પવન તીર્છો જાય છે. વૃક્ષના પાંદડા હલતાં દેખાય છે; પણ પોતાની ઈચ્છા પ્રમાણે નહિ. ઈચ્છા કદાચ ન હોય તો ય ઢાળ કે ઢોળાવના કારણે પાણીએ નીચે ગતિ કરવી જ પડે. અને ક્યારે ક કોઈક નુકશાનીના કારણે ત્યાંથી બીજે જવાની ઈચ્છા થાય તો પણ તે બીજે ન જઈ શકે.

તે જ રીતે અગ્નિ, પવન કે ઝાડના પાંદડા વગેરે પણ ગતિ કરતાં દેખાતા હોવા છતાં ય પોતાની ઈચ્છા પ્રમાણે ગતિ કરી શકતા નથી કારણ કે તેમને ત્રસ નામકર્મનો ઉદય નથી. બેઈન્દ્રિયયાદિ જે જીવોને ત્રસ નામકર્મનો ઉદય હોય છે, તેઓ તો પોતાની ઈચ્છાથી ગતિ કરી શકે છે.

હકીકતમાં તો ચૌદે રાજલોકમાં ગમે ત્યાં ગતિ કરવાની અને ગમે ત્યાં સ્થિરતા કરવાની શક્તિ તો જીવાત્માં છે જ. પણ આ ત્રસનામકર્મ તે શક્તિનું નિયમન કરે છે, એટલે કે તે શક્તિને મર્યાદિત કરે છે. તેથી દરેક જીવો ચૌદ રાજલોકમાં પોતાની ઈચ્છા પ્રમાણે ગમે ત્યાં જઈ શકતા નથી. મર્યાદિત વિસ્તારમાં જ ગતિ કરી શકે છે.

જીવની ગમનાગમન શક્તિમાં મર્યાદા બાંધવાની તાકાત જેમ ત્રસ નામકર્મમાં છે, તેમ તે જીવાત્માની શારીરિક અશક્તિ, રોગ, બંધન, અનિચ્છા વગેરેમાં પણ છે, તેઓ પણ જીવોની ગમનાગમન શક્તિને મર્યાદિત કરવાનું કે અટકાવવાનું કાર્ય કરી શકે છે.

ત્રસનામકર્મનો ઉદય હોવા છતાં અશાતા વેદનીય કર્મનો ઉદય થાય તો રોગ - અશક્તિ - બંધન થાય; પરિણામે તે જીવ ઈચ્છા હોવા છતાં ય ગમનાગમન કરી શકતો નથી. ભલેને ગમે તેવા ઉપદ્રવો હોય, માણસ ત્યાં પરવશ - લાચાર બની જાય છે !

ક્યારે ક અશાતા વેદનીય કર્મનો ઉદય ન હોવાથી શરીર નિરોગી હોય, પૂરી શક્તિ હોય, બંધનાદિ ન હોય, છતાં ય ગમનાગમન કરવાની જો જીવની ઈચ્છા ન હોય તો ત્રસ નામકર્મનો ઉદય હોય તો ય જીવ ગમનાગમન કરતો નથી.

સંસારી જીવો ઉનાળામાં તડકાથી કંટાળીને જ્યારે છાંયડામાં જવા પ્રયત્ન કરે છે, શિયાળામાં ઠંડીથી બચવા સામે ચાલીને તડકામાં જાય છે ત્યારે સાધક આત્માઓ, ગમનાગમન કરવાની શક્તિ હોવા છતાં ય ઉનાળામાં બળબળતા તાપમાં આતાપના લેવા ઊભા રહે છે. સ્વેચ્છાએ તડકો સહન કરે છે. શિયાળામાં ઓછા વસ્ત્રો પહેરીને સામેથી ઠંડી સહે છે. તેમને ત્રસનામકર્મનો ઉદય હોવા છતાં ય, કષ્ટો સહન કરીને કર્મો ખપાવવા ગરમી, ઠંડીથી બચવા અન્યત્ર જવાની ઈચ્છા ન થવાથી તેઓ ગમન કરતા નથી.

કોઈ ચોર, ડાકુ, હત્યારા વગેરેથી ગભરાઈને સામાન્ય માણસ તો બચવા માટે ભાગી જવાનો જ્યારે પ્રયત્ન કરે ત્યારે સાધક પુરુષો - અડગ - નિર્ભય હોવાથી, અરે ! કષ્ટોને પણ મોક્ષમાર્ગમાં સહાયક માનતા હોવાથી - ત્યાં જ ઊભા રહે છે. તેમના પ્રહારોને સમતાથી સહન કરે છે પણ ત્રસનામકર્મનો ઉદય હોવા છતાં ય અન્યત્ર ગતિ કરવાની ઈચ્છા કરતા નથી.

**(૨) સ્થાવર નામકર્મ :-** સિદ્ધશીલામાં પહોંચેલા આત્માઓ જેમ ત્યાં સ્થિર રહે છે, પણ ગતિ કરતા નથી તેમ આ સંસારમાં રહેલા કેટલાક જીવો પણ સ્થિર રહે છે કિન્તુ ગતિ કરતા નથી. ત્રસનામકર્મના ઉદય વેળા જે જીવો આપણને ક્યારેક સ્થિર રહેલાં જણાય છે, તેમાં તો તેમની ગતિ કરવાની અનિચ્છા કે રોગ, બંધન, અશક્તિ વગેરે કારણો છે, પણ પૃથ્વી - પાણી - અગ્નિ - વાયુ - વનસ્પતિ વગેરે એકેન્દ્રિય જીવો પણ પોતાની ઈચ્છા હોવા છતાં ય કદી પણ ગતિ કરી શકતા નથી, તેમાં શું કારણ ?

જીવનો સ્વભાવ તો ગતિ કરવાનો જ છે. ત્રસનામકર્મનો ઉદય તે ગતિનું નિયમન કરે છે. એકેન્દ્રિયાદિ જીવોને ત્રસનામકર્મનો ઉદય નથી માટે તેમની ગતિનું નિયમન ભલે ન થાય, પણ સતત ગતિ તો થયા કરે ને ? અમર્યાદિત પણે તે જીવો ગતિ કરતા રહેવા જોઈએ ને ? તેના બદલે તેઓ સ્થિર શા માટે જણાય છે ? પોતાની ઈચ્છા પ્રમાણે તેઓ ગતિ કેમ કરતા નથી ?

ઉપરના પ્રશ્નોનો જવાબ એ છે કે પૃથ્વી વગેરે તમામ એકેન્દ્રિય જીવોને ભલે ત્રસનામકર્મનો ઉદય નથી પણ તેમને સ્થાવર નામકર્મનો તો ઉદય છે જ.

આ સ્થાવર નામકર્મનો ઉદય જે જીવોને હોય તે જીવોને ભુખ - તરસ - ઠંડી - ગરમી વગેરે કોઈ પણ કારણસર એક સ્થાનથી બીજા સ્થાને જવાની ગમે તેટલી ઈચ્છા થાય તો પણ તેઓ ગમનાગમન કરી શકે જ નહિ. આ સ્થાવર નામકર્મ તેમને તેમની ઈચ્છાથી ગમનાગમન કરવા દેતા નથી પણ તે જીવોને એક સ્થાને સ્થિર રાખવાનું કાર્ય કરે છે.

આ સ્થાવર નામકર્મના ઉદયના કારણે આ એકેન્દ્રિય જીવો તડકામાં દુઃખી થવા છતાં ય છાંયડામાં જઈ શકતા નથી. ઠંડીમાં ધ્રૂજતા હોવા છતાં ય તડકામાં જઈ શકતા નથી.

પૃથ્વી - માટી વગેરેને કોઈ ખોદે - ચીરે તો ય તે જીવો ત્યાંથી ખસી શકતા નથી કે ચીસ પાડી શકતા નથી ! કોઈ પાણીને ગરમ કરે, ઉકાળે કે ફેંકે તો ય તે જીવો ગમે તેટલો ત્રાસ પામવા છતાં ય છટકી શકતા નથી ! કોઈ વ્યક્તિ આગ પ્રગટાવે, વધુ ઈંધણ નાંખીને તેને પ્રજ્વલિત કરે, પાણી નાંખીને ઓલવે તે સમયે ગમે તેવી પીડા થવા છતાં ય તે અગ્નિના જીવો ત્યાંથી અન્યત્ર ગમન કરી શકતા નથી.

જ્યારે પંખો ચલાવીએ, હવામાં હાથ વીંઝીએ, જોરથી શ્વાસોશ્વાસ લઈએ, ફૂંક મારીએ ત્યારે વાયુના જીવોને ખૂબ કીલામણા થાય છે, છતાં ય તેઓ સ્થળાંતર કરી શકતા નથી !

ઝાડને કોઈ કાપે છે, પાંદડા તોડે છે, ફૂલો ચૂંટી લે છે, ફૂલો તોડે છે. કોઈ ડાળીઓ કાપે છે. જાનવરો ઘાસ ખાય છે. છોકરાઓ ઘાસ ઉપર દોડાદોડી કરે છે. આ બધાથી વનસ્પતિના જીવો ભયાનક વેદના અનુભવે છે. તેમને ઘણો ત્રાસ થતો હોય છે. છતાં ય તેઓ એક જગ્યાથી બીજી જગ્યાએ જઈ શકતા નથી.

પૃથ્વી - પાણી - અગ્નિ - વાયુ અને વનસ્પતિના જીવો ત્રાસ - પીડા વેઠવા છતાં ય બીજી જગ્યાએ ખસી શકતા નથી તેમાં સ્થાવર નામકર્મ કારણ છે.

આ સ્થાવરકર્મ કેટલું બધું ભયંકર ગણાય ! માણસ જેલમાંથી નાસી શકે છે. મકાનના દરવાજા તોડીને ભાગી શકે છે, ધારે ત્યારે એક સ્થાનેથી છટકીને બીજા સ્થાને ફરાર થઈ શકે છે, કારણ કે તેને આ સ્થાવર નામકર્મનો ઉદય નથી. પણ આ પૃથ્વી વગેરે એકેન્દ્રિય જીવો તો ક્યારે ય સ્થાવર નામકર્મની જેલમાંથી છટકી શકતા નથી, ગમે તેટલી પીડાઓ ભોગવે, મરી જાય તો ય આ કર્મની પરાધીનતાને કારણે બીજા સ્થાને જઈ શકતા નથી.

કેવી છે આ કર્મોની પરાધીનતા ! કેવી છે આ કર્મોની ક્રુરતા ! વિચાર કરતાં ય ધ્રૂજી જવાય છે ? વળી આ કર્મોની સત્તા વિશ્વના સર્વ સંસારી જીવો ઉપર ચાલે છે. નાનકડા બાળકથી માંડીને વૃદ્ધ સુધીની, ભિખારીથી માંડીને સમ્રાટ સુધીની, અભણથી માંડીને બુદ્ધિશાળી સુધીની, કીડીથી માંડીને કુંજર (હાથી) સુધીની કોઈ પણ જીવસૃષ્ટિ તેમાંથી બાકાત નથી. આ કર્મો પોતાની તાનાશાહી બધા ઉપર ચલાવે છે. દુનિયાની અન્ય કોઈ સત્તા આટલી હદે ક્રૂર નથી જેટલી ક્રૂર આ કર્મસત્તા છે.

કર્મસત્તાની જેમ જેમ વિચારણા કરતા જઈશું તેમ તેમ આપણને આ કર્મોના

સંકંજામાંથી મુક્ત બનવાની ઈચ્છા થશે. નવા નવા કર્મો ન બંધાઈ જાય તેની કાળજી લેવાનું મન થશે. આપણા વિચારો, ઉચ્ચારો અને આચારોમાં સ્વયંભૂ પરિવર્તન આવશે. આપણને કોઈ ગુરુની પણ જરૂર નહિ પડે. આપણે આપણા ગુરુ બની શકીશું. ખોટા રાહે જતાં આપણા જીવનને સાચા રાહે આગળ વધારી શકીશું.

પરમપિતા પરમાત્માએ કર્મોની આ ભયાનકતાને બરોબર પીછાણી હતી. માટે સ્વયં સાધુજીવન સ્વીકારીને કર્મોની પરાધીનતામાંથી મુક્ત બન્યા અને આપણને પણ તેમાંથી મુક્ત બનવાનો સાચો રાહ તેમણે ચીંધ્યો.

વળી, તેમણે આ એકેન્દ્રિયાદિ જીવોની પરવશતાને પણ નિહાળી હતી. તેમની કરુણા તે જીવો પ્રત્યે પણ ઉભરાતી હતી. તેથી તેમણે આપણને સૌને ઉપદેશ આપ્યો કે કોઈપણ જીવને ત્રાસ ન આપો.

પોતાના સ્વાર્થ ખાતર પૃથ્વીના જીવોને દુઃખી ન કરો. પાણીના જીવોને ત્રાસ ન આપો. અગ્નિના જીવોને હેરાન ન કરો. વાયુના જીવોને પીડા ન આપો. વનસ્પતિને કષ્ટ ન આપો. માત્ર પોતાના સુખ, સગવડતા કે શોખને પોષવા પૃથ્વ્યાદિ કોઈ પણ જીવોનો સંહાર ન કરો. પણ અસહાય, અબોલ આ સ્થાવર જીવોની રક્ષા કરવાનો ઉદ્યમ કરો.

ત્રસ અને સ્થાવર નામકર્મના પ્રભાવની વાતો જાણીને ત્રસ કે સ્થાવર કોઈપણ જીવોની હિંસા ન થઈ જાય તેની કાળજી લઈએ. પરાધીનતા ભરેલો સ્થાવરનો ભવ ન મળે તે માટે જીવનને ધર્મધ્યાનથી ભરીએ. ત્રસપણાનો અવતાર પણ હવે ન લેવો પડે તેવા સિદ્ધભગવંત બનવાના નક્કર પ્રયત્નો કરીએ.

**(૩ - ૪) સૂક્ષ્મ - બાદર નામકર્મ**

આ ત્રસ અને સ્થાવર જીવોમાંથી કેટલાક જીવોને આપણે નરી આંખે જોઈ શકીએ છીએ જ્યારે કેટલાક જીવોને આપણે ભલે નરી આંખે ન જોઈ શકીએ, પણ સૂક્ષ્મદર્શકયંત્ર વડે તો જોઈ શકીએ છીએ પરંતુ આ વિશ્વમાં કેટલાક જીવો તો નરી આંખે કે સૂક્ષ્મ દર્શક યંત્ર વડે પણ જોઈ શકાતા નથી.

હકીકતમાં આત્મા તો અરુપી છે. તેને કોઈ રૂપ - રંગ - આકાર ન હોય. તેથી નરી આંખે કે સૂક્ષ્મદર્શકયંત્રથી કોઈ પણ આત્મા કદી પણ દેખાય જ નહિ. પરન્તુ આત્માને વળગેલા કર્મો તે આત્માને સંસારની ચારે ગતિમાં રખડાવે છે ત્યારે તે આત્માને જાત જાતના રૂપ લેવડાવે છે. રૂપી શરીરને ધારણ કરવાથી તેઓ રૂપીજીવો તરીકે ઓળખાય છે. તમામ સંસારી જીવોનો કર્મો સાથેનો સંબંધ અનાદિકાળથી હોવાથી તમામ સંસારી જીવો રૂપી છે.

કર્મોના કારણે પેદા થયેલું રૂપ બે પ્રકારનું છે. તેના કારણે આ રૂપી સંસારી જીવો પણ બે પ્રકારના છે. (૧) સૂક્ષ્મ જીવો અને (૨) બાદર જીવો.

અહીં સૂક્ષ્મ એટલે નાનાજીવો અને બાદર એટલે મોટા જીવો; એવો અર્થ કરવાનો નથી. જો તેવો અર્થ કરીએ તો બોરને સૂક્ષ્મ અને આમળાને બાદર મનાશે. આમળાને સૂક્ષ્મ અને ટામેટાને બાદર મનાશે. ટામેટાને સૂક્ષ્મ અને સફરજનને બાદર મનાશે. સફરજનને સૂક્ષ્મ અને તડબૂચને બાદર મનાશે. ના, તે રીતે પરસ્પરની અપેક્ષાએ નાની - મોટી સાઈઝને નજરમાં રાખીને સૂક્ષ્મ - બાદરની અહીં વાત નથી.

પણ સૂક્ષ્મ નામકર્મનો ઉદય જે જીવોને હોય તે જીવોને સૂક્ષ્મજીવો કહેવાય તથા બાદર નામકર્મનો ઉદય જે જીવોને હોય તેમને બાદર જીવો કહેવાય.

બાદર નામકર્મના ઉદયવાળા બાદર જીવોને એવું રૂપી શરીર પ્રાપ્ત થાય છે કે જેના કારણે તેમાંના કેટલાક બાદર જીવોને આપણે નરી આંખેથી જોઈ શકીએ છીએ. માટી, પાણી, ઝાડ, શંખ, મચ્છર, કૂતરા, બીલાડા, માણસ વગેરે આપણી આંખે દેખાતા તમામ જીવો બાદર છે.

કેટલાક બાદર જીવો એક - બે ની સંખ્યામાં ભેગા થવા છતાં જોઈ ન શકાય તેવું બને, પરંતુ તેઓ ઘણી સંખ્યામાં ભેગા થાય ત્યારે આપણે જોઈ શકીએ. દૂર હાથમાં એક વાળ લઈને કોઈ ઊભું હોય તો તે એક વાળ દૂરથી ન જોઈ શકીએ પણ ઘણા વાળોનો જથ્થો હાથમાં લઈને કોઈ ઊભું રહે તો દેખાય. તેમ ઘણા જીવો ભેગા થાય ત્યારે જોઈ શકાય તેવું બને; તો તેઓ બાદર હોય. ક્યારે ક નરી આંખે ન જોઈ શકાવા છતાં ય જો સૂક્ષ્મ દર્શક યંત્રની મદદથી જોઈ શકતા હોય તો તે પણ બાદર જીવો જ ગણાય.

પવન (વાયુ) ના જીવો નરી આંખથી કે સૂક્ષ્મ દર્શક યંત્રની મદદથી પણ જોઈ શકાતા નથી, છતાં ય તેઓ બાદર જીવો જ છે, કારણ કે તેઓ ભલે જોઈ શકાતા નથી; પણ અનુભવી તો શકાય છે.

તેથી જેમના એક, બે, સંખ્યાતા કે અસંખ્યાતા શરીરો ભેગા થતાં જોઈ કે અનુભવી શકાય તે બાદર જીવો કહેવાય. તેમને બાદર નામકર્મના ઉદયથી તેવું શરીર પ્રાપ્ત થાય.

પરન્તુ જે જીવોના ઘણા બધા શરીરો ભેગા થવા છતાં ય જોઈ કે અનુભવી ન શકાય તે જીવો સૂક્ષ્મ કહેવાય. સૂક્ષ્મ નામકર્મના ઉદયથી તે જીવોને તેવું શરીર પ્રાપ્ત થાય.

બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોનું શરીર આપણે જોઈ શકીએ છીએ, તેથી

તે બધા બાદર નામકર્મના ઉદયવાળા બાદર જીવો છે.

પૃથ્વીકાય વગેરે એકેન્દ્રિય જીવોમાં પણ આપણે જે માટી, પથ્થર, પાણી, અગ્નિ, વનસ્પતિઓને જોઈએ છીએ તે બધા બાદર છે. જે પવનનો અનુભવ થાય છે, તે પણ બાદર છે. પરંતુ આ વિશ્વમાં ઘણા બધા પૃથ્વી - પાણી - અગ્નિ - વાયુ અને સાધારણ વનસ્પતિના જીવો છે, કે જેના એક, બે, સંખ્યાતા કે અસંખ્યાતા શરીરો ભેગા થાય તો પણ આપણે તેમને કોઈપણ રીતે જોઈ કે અનુભવી શકતા નથી કારણકે તેઓ સૂક્ષ્મ નામકર્મના ઉદયવાળા સૂક્ષ્મજીવો છે.

પ્રત્યેક વનસ્પતિકાય માત્ર બાદર જ હોય. તે સિવાયના પૃથ્વીકાય વગેરે તમામ એકેન્દ્રિયો સૂક્ષ્મ અને બાદર; એમ બે પ્રકારના હોય. બેઈન્દ્રિય - તેઈન્દ્રિય - ચઉરિન્દ્રિય - પંચેન્દ્રિય જીવો તો બાદર જ હોય.

સૂક્ષ્મજીવોનો આપણને અનુભવ જ થતો ન હોવાથી તેમની હિંસા આપણે શી રીતે કરી શકીએ ? આપણા હલનચલનથી તેમની હિંસા કદાચ થતી પણ હોય તો ય આપણને તેનો દોષ ન લાગે. પરંતુ તેમની હિંસા કરવાનો વિચાર કરીએ કે તે માટે કોઈ પ્રયત્ન કરીએ તો તે જીવોની હિંસા કદાચ ન પણ થાય તો ય તેમની હિંસાનું પાપ આપણને લાગે; માટે મનથી કોઈ જીવની હિંસા કરવાનો વિચાર પણ કદીય ન કરવો.

બાદર જીવો તો આપણા જીવન વ્યવહારમાં આવે છે. તેમની હિંસાનો ત્યાગ કરવો હોય તો સંયમજીવન જ સ્વીકારી લેવું જોઈએ તે સિવાય તે સર્વ જીવોને સંપૂર્ણ અભયદાન આપવું શક્ય નથી. જો દીક્ષા ન જ લઈ શકાય તો સતત દીક્ષા જીવન સ્વીકારવાની તાલાવેલી સાથે શક્યતઃ વધારે જીવોની રક્ષા થાય તેવો પ્રયત્ન કરવો જોઈએ. જે જે હિંસા થઈ જાય, તેનું પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ.


**જૈન શાસનની સમગ્ર વિશ્વને મહાન ભેટ :**

**કર્મવાદ**

આ કર્મવાદને સાવ સરળ ભાષામાં જાણવા સમજવા અને માણવા માટે

**પૂ. ગણિવર્યશ્રી મેઘદર્શન વિજયજી મ. સાહેબ લિખિત**

**કર્મનું કમ્પ્યુટર ભાગ - ૧, ૨, ૩**

આજે જ વસાવો.

# (૧૨) જીવન જીવવાની જરુરી શક્તિ

**(૫ - ૬) પર્યાપ્ત નામકર્મ તથા અપર્યાપ્ત નામકર્મ :**

સંસારમાં જન્મ - જીવન - મરણની ઘટમાળમાં પસાર થતાં જીવોને દરેક ભવમાં શરીર તો ધારણ કરવું જ પડે છે, પણ ધારણ કરતાં તે શરીરનો વિકાસ દરેક ભવમાં પૂરેપૂરો થાય જ, તેવો નિયમ નથી. કોઈક જીવોને પૂરેપૂરું વિકસિત શરીર મળે છે તો કોઈક જીવને અધૂરું વિકસિત શરીર મળે છે.

તમામ સંસારી જીવોનો શારીરિક વિકાસ સરખો નથી હોતો. કેટલાક જીવોનો શારીરિક વિકાસ ઓછા પ્રમાણમાં થાય તો કેટલાકોનો શારીરિક વિકાસ વધારે પ્રમાણમાં થાય.

શારીરિક વિકાસ થયા પછી કેટલાક જીવોનો વાચિક વિકાસ થાય અને કેટલાક જીવોનો વાચિક વિકાસ ન પણ થાય.

કાયિક અને વાચિક વિકાસ થયા પછી પણ બધા જીવોનો માનસિક વિકાસ થાય જ, તેવો નિયમ નથી. કેટલાક જીવોનો માનસિક વિકાસ થાય અને કેટલાક જીવોનો માનસિક વિકાસ ન પણ થાય.

આ વિશ્વમાં જે એકેન્દ્રિય જીવો છે, તેમનો કાયિક વિકાસ થાય છે, પણ વાચિક કે માનસિક વિકાસ કદી થતો નથી; કારણ કે તેમની પાસે ભાષાલબ્ધિ અને મનોલબ્ધિ જ નથી.

બેઈન્દ્રિય - તેઈન્દ્રિય - ચઉરિન્દ્રિય જીવોનો કાયિક વિકાસ જેમ થાય છે - તેમ વાચિક વિકાસ પણ થઈ શકે છે, પણ તેમની પાસે મનોલબ્ધિ ન હોવાથી તેમનો માનસિક વિકાસ તો થતો જ નથી.

પરંતુ જે પંચેન્દ્રિય જીવો છે, તેમનામાંના કેટલાકનો માનસિક વિકાસ પણ થઈ શકે છે; કારણ કે તેમને મનોલબ્ધિ પણ પ્રાપ્ત થઈ હોય છે.

કાયિક વિકાસ કરવા માટે ચાર પ્રકારની શક્તિની જરૂર પડે છે. વાચિક વિકાસ અને માનસિક વિકાસ માટે બીજી એકેક શક્તિની જરૂર પડે છે. આ છ પ્રકારની શક્તિને પર્યાપ્તિ કહેવામાં આવે છે. પર્યાપ્તિ એટલે જીવન જીવવા માટે જરૂરી શક્તિ.

એકેન્દ્રિય જીવો ચાર પર્યાપ્તિઓ, વિકલેન્દ્રિય (બેઈન્દ્રિય - તેઈન્દ્રિય - ચઉરિન્દ્રિય) જીવો પાંચ પર્યાપ્તિઓ અને પંચેન્દ્રિય જીવો છ પર્યાપ્તિઓ પ્રાપ્ત કરી શકે છે. પોતાનું જીવન વ્યવસ્થિત રીતે પસાર કરવા માટે તે તે જીવોને તેટલી શક્તિઓ (પર્યાપ્તિઓ) પૂરતી છે.

જ્યારે જીવોને ઉપર જણાવ્યા પ્રમાણે પોતાને જરૂરી બધી પર્યાપ્તિઓ પ્રાપ્ત થાય ત્યારે તે જીવોનો પૂરેપૂરો વિકાસ થયો ગણાય. તે જીવો પર્યાપ્તા કહેવાય. એટલે કે પોતાને જરૂરી પર્યાપ્તિઓ પ્રાપ્ત કરી શકનારા જીવો પર્યાપ્તા કહેવાય.

પરન્તુ તમામ જીવો પોતાને જરૂરી તમામ પર્યાપ્તિઓ પ્રાપ્ત કરે જ, તેવો નિયમ નથી. કેટલાક જીવો પોતાનું જીવન જીવવા માટે જરૂરી તમામ પર્યાપ્તિઓ (શક્તિઓ) પ્રાપ્ત કરી શકે છે તો કેટલાક જીવો જરૂરી તમામ પર્યાપ્તિઓ પ્રાપ્ત થાય, તે પૂર્વે જ મરી જાય છે. જેઓ પોતાને જરૂરી પર્યાપ્તિઓ પ્રાપ્ત કરવાના ન હોય તે જીવો અપર્યાપ્તા કહેવાય છે.

આમ, આ વિશ્વમાં રહેલા એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના તમામ જીવો બે - બે પ્રકારના થયા. (૧) પૂરેપૂરો વિકાસ પામેલા એટલે કે પર્યાપ્તા અને (૨) અધૂરો વિકાસ કરનારા (પૂરેપૂરો વિકાસ નહિ પામેલા) અપર્યાપ્તા. આ પર્યાપ્તા અને અપર્યાપ્તા રૂપ જીવોના બે પ્રકારો પાડવાનું કામ પર્યાપ્ત નામકર્મ અને અપર્યાપ્ત નામકર્મનું છે.

જે જીવોને પર્યાપ્ત નામકર્મનો ઉદય હોય તે જીવો પોતાનું જીવન જીવવા માટે જરૂરી તમામે તમામ (૪, ૫ કે ૬) પર્યાપ્તિઓ અવશ્ય પ્રાપ્ત કરે જ. તે શક્તિઓ મેળવ્યા વિના તેમનું મોત ન જ થાય. તે જીવોને શાસ્ત્રીય ભાષામાં લબ્ધિ પર્યાપ્તા કે પર્યાપ્તા જીવો કહેવામાં આવે છે.

પરન્તુ જે જીવોને અપર્યાપ્ત નામકર્મનો ઉદય હોય છે, તે જીવો પોતાનું જીવન જીવવા જરૂરી બધી (૪,૫ કે ૬) શક્તિઓ (પર્યાપ્તિઓ) મેળવી શકતા જ નથી. જરૂરી બધી પર્યાપ્તિઓ મેળવ્યા પહેલાં તેમનું આયુષ્ય અવશ્ય પૂર્ણ થઈ જ જાય છે. આ બધા જીવો લબ્ધિ અપર્યાપ્તા કે અપર્યાપ્તા તરીકે ઓળખાય છે.

જો કે આ અપર્યાપ્તા જીવો પોતાના માટે જરૂરી તમામ પર્યાપ્તિઓ પ્રાપ્ત ન કરતાં હોવા છતાં ય ઓછામાં ઓછી પહેલી ત્રણ પર્યાપ્તિઓ તો પ્રાપ્ત કરે જ છે. પહેલી ત્રણ પર્યાપ્તિઓ મેળવ્યા વિના કોઈપણ સંસારી જીવ મરતો નથી. ત્યારપછીની પર્યાપ્તિઓ તે જીવ પ્રાપ્ત કરે કે ન પણ કરે; કિન્તુ પહેલી ત્રણ પર્યાપ્તિઓ તો તે જીવ મેળવે જ; કારણકે પહેલી ત્રણ પર્યાપ્તિઓ મેળવ્યા વિના કોઈપણ જીવ આવતા ભવનું આયુષ્ય બાંધી શકતો નથી.

જો પહેલી ત્રણ પર્યાપ્તિઓ પ્રાપ્ત કર્યા વિના કોઈ જીવ મરે તો તેનો અર્થ એ થયો કે તે જીવ આવતાભવનું આયુષ્ય બાંધ્યા વિના મર્યો ! અરે ! જેણે આવતા ભવનું આયુષ્ય બાંધ્યું જ નથી તે મરીને આવતો ભવ કયો લે ? મરીને ક્યાં જાય ? શું કરે ?

હકીકતમાં તો તમામે તમામ જીવો આવતા ભવનું આયુષ્ય બાંધ્યા પછી જ મરે

છે. એક ભવમાં માત્ર આવતાભવનું જ આયુષ્ય બંધાય છે. આ ભવમાં બાંધેલા આયુષ્યકર્મને અવશ્ય આવતા ભવમાં જ ઉદયમાં આવવું પડે છે. આ પરભવનું આયુષ્ય ત્રીજી પર્યાપ્તિ પ્રાપ્ત કર્યા પછી બંધાતું હોવાથી દરેક જીવો પહેલી ત્રણ પર્યાપ્તિઓ અવશ્ય પ્રાપ્ત કરે જ છે.

પોતાની યોગ્યતા પ્રમાણે જરૂરી ચોથી, પાંચમી કે છઠ્ઠી પર્યાપ્તિ પ્રાપ્ત કર્યા વિના જે જીવો આ ભવનું આયુષ્ય પૂર્ણ કરી દે તે જીવો અપર્યાપ્તા કહેવાય છે. તેમને અપર્યાપ્ત નામકર્મનો ઉદય હોય છે, અને જે જીવો પોતાની યોગ્યતા પ્રમાણે પોતાનું જીવન જીવવા જરૂરી બાકીની ચોથી, પાંચમી, છઠ્ઠી પર્યાપ્તિ પણ પ્રાપ્ત કરી લે, જરૂરી તમામ પર્યાપ્તિઓ મેળવી લે એટલે તે જીવો પર્યાપ્તા કહેવાય. પર્યાપ્ત નામકર્મના ઉદયથી તેમને બધી પર્યાપ્તિઓ પ્રાપ્ત થાય.

જીવન જીવવા માટે જરૂરી શક્તિઓ રુપ પર્યાપ્તિઓ છ છે. (૧) આહાર પર્યાપ્તિ (૨) શરીર પર્યાપ્તિ (૩) ઈન્દ્રિય પર્યાપ્તિ (૪) શ્વાસોશ્વાસ પર્યાપ્તિ (૫) ભાષા પર્યાપ્તિ અને (૬) મનઃ પર્યાપ્તિ.

**(૧) આહાર પર્યાપ્તિ :** આત્મા જ્યારે એક ભવને પૂરો કરીને બીજા ભવમાં જાય છે, ત્યારે સૌ પ્રથમ કામ તે આહાર લેવાનું તથા લીધેલાં આહારમાંથી રસ અને કચરાને છૂટા પાડવાનું કાર્ય કરે છે. તે કાર્ય કરવા માટેની શક્તિ નવા ભવના પ્રથમ સમયે જ આત્મામાં ઉત્પન્ન થાય છે.

આહાર લેવાની અને લીધેલા આહારને ખલ (કચરો) અને રસમાં પરિણમન (ટ્રાન્સફર) કરવાની - આત્મામાં પેદા થતી - શક્તિને આહાર પર્યાપ્તિ કહેવામાં આવે છે. તમામ સંસારીજીવો નવા ભવના પ્રથમ સમયે જ આહાર પર્યાપ્તિ પૂર્ણ કરે છે. પ્રથમ સમય રૂપ માત્ર એક જ સમયમાં પેદા થતી આ આહાર પર્યાપ્તિ સમગ્ર જીવન દરમિયાન પોતાનું આહાર લેવાનું તથા તેને રસ અને ખલમાં પરિણમન કરવાનું કાર્ય ચાલુ રાખે છે.

**(૨) શરીર પર્યાપ્તિ :** આહાર પર્યાપ્તિથી તો આહાર ગ્રહણ થાય. તેમાંથી રસ અને કચરો છૂટા પડે. પછી પસીના - વિષ્ઠા - મૂત્ર વગેરે દ્વારા કચરો શરીરની બહાર ફેંકાઈ જાય, પણ જે રસ તૈયાર થયો હોય તેમાંથી હવે શરીર બનાવવાનું કાર્ય શરુ થાય.

આત્મામાં પેદા થતી જે શક્તિ વડે રસમાંથી શરીર બનવાનું કાર્ય થાય તે શક્તિને શરીર પર્યાપ્તિ કહેવાય છે. આત્મા નવા ભવમાં આવે તેના એક જ અંતર્મુહૂર્તમાં આ શરીર પર્યાપ્તિ નામની શક્તિ આત્મામાં પેદા થાય છે, જેના પ્રભાવે સમગ્ર જીવન દરમિયાન લીધેલા આહારના રસમાંથી શરીરના જુદા જુદા અવયવો બનવાનું તથા

શરીરનું વધુને વધુ પુષ્ટ થવાનું કાર્ય ચાલે છે.

પ્રથમ સમયે જીવે જો આહાર લીધો ન હોત તો શરીર શી રીતે બનત ? અને જો શરીર જ ન હોય તો જીવ પાપો કોના માટે કરે ?

સર્વ જીવોના સાંસારિક જીવન તરફ નજર કરીશું તો જણાશે કે બધા જીવોના પાપોનું મૂળ તેમનું શરીર છે. શરીરના કારણે જ ખાવા - પીવા - પહેરવા - ઓઢવા વગેરેની ઈચ્છાઓ થાય છે, તેને સંતોષવા ધન જરૂરી બને છે, તે મેળવવા ધંધા નોકરી કરવા પડે છે. તેના પરિણામે નવા પાપો બંધાવાના ચાલુ રહે છે.

આમ શરીર છે તો બધા પાપો છે, શરીર ન હોય તો બધા જ પાપો થઈ શકે નહિ, તેથી બધા પાપોનું મૂળ શરીર છે, તે શરીરને બનાવવાનું કાર્ય લીધેલા આહારમાંથી થાય છે. જો આપણા આત્માએ પ્રથમ સમયથી આહાર લેવાનું કાર્ય કર્યું જ ન હોત તો શરીર શી રીતે બનત ?

આ તો જીવે આહાર કરવાની ભૂલ કરી અને શરીર તેને વળગી પડ્યું. જીવે શરીર બનાવવાની ઈચ્છા કરી જ નહોતી. અરે ! શરીર બનાવવાનો પ્રયત્ન પણ નહોતો કર્યો, પણ આહાર કરવાની ભૂલે તેને શરીર ચોંટી ગયું. ''પઢવા ગયો નમાઝ ને મસ્જીદ કોટે વળગી'' જેવી વાત થઈ.

જીવે પ્રથમ સમયે આહાર કરવાની જે ભૂલ કરી તેમાં પણ કારણ તો તેની અનાદિકાલિન ખાવાની આહારસંજ્ઞા છે. ખાઉં - ખાઉં ના ઊભા કરેલા સંસ્કારો ભવોભવ સુધી આત્માનો કેડો છોડતા નથી.

તે કુસંસ્કારોને ખતમ કરવાનો પ્રયત્ન જો માનવભવમાં નહિ કરીએ તો બીજો તો કોઈ એવો ભવ જણાતો નથી કે જેમાં આ કુસંસ્કારો નાશ થઈ શકે ! તેથી આપણને મહાદુર્લભ જે માનવભવ મળ્યો છે, તેને સફળ બનાવવા આજથી જ આહારસંજ્ઞાના કુસંસ્કારોનો નાશ કરવાનો પ્રયત્ન કરીએ. તે માટે વધુને વધુ તપ કરીએ. સાથે ત્યાગનો યજ્ઞ માંડીએ. ઉપવાસ વગેરે તપોની સાથે ઉણોદરી, વૃત્તિસંક્ષેપ અને રસત્યાગ નામના તપોને પણ મહત્ત્વ આપીએ.

**(૩) ઈન્દ્રિય પર્યાપ્તિ :** આહાર લેવાનું અને લીધેલા આહારને રસ અને કચરા રૂપે જુદા પાડવાનું કાર્ય આહાર પર્યાપ્તિ કરે છે, બનેલા તે રસમાંથી શરીર બનાવવાનું કાર્ય શરીર પર્યાપ્તિ કરે છે, તો બનેલા તે શરીરની તે તે ઈન્દ્રિયોના જુદા જુદા અવયવોમાં સાંભળવાની - જોવાની - સૂંઘવાની - ચાખવાની અને સ્પર્શ કરવાની શક્તિ પેદા કરવાનું કાર્ય ઈન્દ્રિય પર્યાપ્તિ કરે છે.

આમ, આંખ, કાન, નાક, જીભ વગેરે અવયવો બનાવવાનું કાર્ય શરીર પર્યાપ્તિનું છે પણ ઈન્દ્રિય પર્યાપ્તિનું નહિ, પરંતુ બનેલા તે અવયવોમાં તે તે જોવા -

સાંભળવાનું કાર્ય કરવાની શક્તિ પેદા કરવાનું કાર્ય ઈન્દ્રિય પર્યાપ્તિનું છે.

આહાર - શરીર અને ઈન્દ્રિય; આ ત્રણે ય પર્યાપ્તિઓ તમામ સંસારી જીવોને હોય છે. હવે પછીની બાકીની ચોથી - પાંચમી અને છઠ્ઠી પર્યાપ્તિ કોઈ સંસારી જીવને હોય તો કોઈ સંસારી જીવોને ન પણ હોય.

તેમણે મારકેટમાં તપાસ કરીને આ છએ પ્રકારના મશીનનો ઓર્ડર આપ્યો. આ મશીનો મકાનમાં એકવાર ગોઠવાયા પછી, જ્યાં સુધી મીલ ચાલુ રહે ત્યાં સુધી પોતાનું કામ કરવાની ક્ષમતા ધરાવતા હતા.

શેઠની સૂચના મુજબ અખાત્રીજના શુભમુહૂર્તે સવારે છ વાગે એકી સાથે છએ મશીન તેમની મીલમાં ગોઠવવાનું શરુ થયું; પણ આ મશીનોની સાઈઝ વગેરેમાં જુદાઈ હોવાથી છએ મશીનને ફીટ થતાં જુદો જુદો સમય લાગ્યો.

પહેલું મશીન તો મૂકી જ દેવાનું હતું, તેથી ૧ મિનિટમાં ગોઠવાઈ ગયું. બીજા મશીનને ગોઠવાતાં બીજી ૧૫ મિનિટ લાગતાં ૬ - ૧૬ સમયે તેણે પોતાનું કાર્ય તેલ કાઢવાનું શરુ કરી દીધું. ત્રીજું મશીન ગોઠવવાનું ભલે છ વાગે શરુ થયેલ, પણ તેને ગોઠવાતાં ૨૦ મિનિટ લાગવાથી ૬ - ૨૦ સમયે તેણે પોતાનું કાર્ય શરુ કર્યું. ચોથું મશીન ૬ - ૨૫ સમયે ગોઠવાઈ ગયું, પાંચમુ મશીન ૬ - ૩૦ મિનિટે અને છઠ્ઠું મશીન ૬ - ૩૫ સમયે ગોઠવાઈ ગયું.

છ એ મશીન ગોઠવવાનું એકી સાથે શરુ કર્યું હોવા છતાં તેમને ફીટ કરતાં જુદો જુદો સમય લાગ્યો હોવાથી તેમણે પોતપોતાનું કાર્ય કરવાનું જુદા જુદા સમયે શરુ કર્યું. હવે જ્યાં સુધી આ મીલ ચાલશે ત્યાં સુધી તેઓ પોતાનું કાર્ય કર્યાં કરશે. હા ! માલ નવો ન આવે તો તેમનું કામ અટકી જાય તે બને; પણ તેમની પાસેથી શેઠ જો કામ ઈચ્છે તો તેઓ પોતાની સર્વીસ આપવાની ચાલુ રાખશે.

ક્યારે ક કોઈ મશીન બગડી જાય તેવું પણ બને. જ્યાં સુધી રીપેર ન થાય ત્યાં સુધી તે મશીન ઓછું કામ કરતું થઈ જાય કે કામ કરતું સદંતર બંધ થઈ જાય તેવું પણ બને.

છેવટે મીલ જ બંધ પડી જાય તો તે મીલ માટે અને તે શેઠ માટે તો તે મશીનો નકામા બની જાય; પણ જ્યાં સુધી મીલ બંધ ન પડે ત્યાં સુધી આ જીવરામ શેઠ તે છએ મશીનો ફીટ થઈ ગયા પછી, પોતાની ઈચ્છા પ્રમાણે તેમનો ઉપયોગ કરી શકે છે.

આ જીવરામ શેઠ એટલે આપણો જીવ. તે જીવન નામની મીલ નવો ભવ મળવાના પ્રથમ સમયે શરુ કરે છે. તે મીલ ચલાવવા તેને જે છ મશીનોની જરુર પડે છે, તે આ છ પર્યાપ્તિઓ છે.

જેમ છ એ મશીનો મકાનમાં ફીટ કરવાનું એકી સાથે શરુ થયું તેમ આપણા

આત્મામાં છ એ પર્યાપ્તિઓ એકી સાથે શરુ થાય છે; પણ મશીનો ગોઠવાતાં જેમ જુદો જુદો સમય લાગ્યો તેમ પર્યાપ્તિઓ પૂર્ણ થતાં પણ જુદો જુદો સમય લાગે છે. બધા મશીનો ગોઠવાતાં કુલ ૩૫ મિનિટ લાગી તેમ આત્મામાં બધી પર્યાપ્તિઓ પૂર્ણ થતાં ૪૮ મિનિટથી પણ ઓછો સમય લાગે છે, જેને અંતર્મુહૂર્ત કહેવામાં આવે છે.

આંખના એક પલકારામાં અસંખ્યાતા (અબજોના અબજો કરતાં ય વધુ) સમયો પસાર થઈ જાય છે. તેવા ૨ થી ૯ સમયને જઘન્ય અંતર્મુહૂર્ત કહેવામાં આવે છે. એક મુહૂર્ત એટલે ૪૮ મિનિટ પૂરી. અંતર્મુહૂર્ત એટલે મુહૂર્તની અંદર એટલે કે ૪૮ મિનિટની અંદર. તેથી ૪૮ મિનિટમાં ૧ સમય ઓછા કાળને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કહેવાય છે. જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત વચ્ચેના કાળને મધ્યમ અંતર્મુહૂર્ત કહે છે. ૧૦ સમયથી શરુ કરીને ૪૮ મિનિટમાં બે સમય ઓછા સુધીનો જુદો જુદો દરેક કાળ મધ્યમ અંતર્મુહૂર્તનો બનતો હોવાથી મધ્યમ અંતર્મુહૂર્ત અસંખ્યાત પ્રકારનું છે.

દેવો અને નારકોને વૈક્રિય શરીર હોય છે. મનુષ્ય અને તિર્યંચોને ઔદારિક શરીર હોય છે. કેટલાક મનુષ્ય અને તિર્યંચોમાં વૈક્રિય શરીર બનાવવાની શક્તિ પણ હોય છે. કેટલાક ચૌદ પૂર્વધર મહાત્માઓ આહારક શરીર પણ બનાવી શકે છે. આ દરેક શરીરને આશ્રયીને પર્યાપ્તિઓ તૈયાર થાય છે.

છ એ પર્યાપ્તિઓ એકી સાથે શરુ થવા છતાં ઔદારિક શરીરમાં પ્રથમ સમયે આહાર પર્યાપ્તિ પૂર્ણ થાય છે. પછી એક અંતર્મુહૂર્તે શરીર પર્યાપ્તિ પૂર્ણ થાય છે. પછી એક અંતર્મુહૂર્તે ઈન્દ્રિય પર્યાપ્તિ, પછી એક અંતર્મુહૂર્તે શ્વાસોશ્વાસ પર્યાપ્તિ, પછી એક અંતર્મુહૂર્તે ભાષા પર્યાપ્તિ અને પછી એક અંતર્મુહૂર્ત પસાર થયે મનપર્યાપ્તિ પૂર્ણ થાય છે. છતાં છએ પર્યાપ્તિઓને પૂર્ણ થતાં એક અંતર્મુહૂર્તથી વધારે સમય થતો નથી.

વૈક્રિય તથા આહારકશરીરમાં પ્રથમ સમયે આહાર પર્યાપ્તિ પૂર્ણ થાય છે. પછી અંતર્મુહૂર્તે શરીર પર્યાપ્તિ પૂર્ણ થાય છે. પછી ૧ સમયે ઈન્દ્રિય, પછી ૧ સમયે શ્વાસોશ્વાસ, એ રીતે ૧ - ૧ સમય પસાર થયે છતે ૧ - ૧ પર્યાપ્તિ પૂર્ણ થાય છે. આ રીતે બધું મળીને એક અંતર્મુહૂર્તમાં છએ પર્યાપ્તિઓ પૂર્ણ થાય છે.

જીવરાજ શેઠના કારખાનામાં છએ મશીનને ફીટ કરવાનું એકી સાથે શરું કરવા છતાં પૂરેપૂરુ ફીટ થતાં દરેકને જુદો જુદો સમય લાગ્યો તેમ શરીરમાં પર્યાપ્તિઓ એકી સાથે શરુ થવા છતાં તેમની સમાપ્તિ થવામાં જુદો જુદો સમય લાગે છે.

છએ મશીન ગોઠવાઈ ગયા પછી પોતાનું જે કાર્ય શરુ કરે છે, તે કાર્ય કારખાનું જ્યાં સુધી ચાલુ રહે ત્યાં સુધી ચાલુ રહે છે, તેમ પર્યાપ્તિઓ પૂર્ણ થયા પછી, તેમનું કાર્ય પણ જીવનું જીવન જ્યાં સુધી ચાલુ રહે ત્યાં સુધી ચાલુ રહે છે.

મશીન જો બગડી જાય તો તેની કાર્ય કરવાની ક્ષમતા ઓછી - વત્તી થયા કરે છે,

ક્યારે ક રીપેર કરી શકાય છે તો ક્યારેક તે મશીન કાયમ માટે ફેઈલ થઈ જાય છે. તેમ પર્યાપ્તિઓની પોતાની કાર્ય કરવાની શક્તિમાં પણ વધારો - ઘટાડો થઈ શકે છે.

નવું કારખાનું ખોલાય ત્યારે નવા મશીનો ફીટ કરવા પડે તેમ ઔદારિક શરીરધારી મનુષ્ય જ્યારે નવું વૈક્રિય કે આહારક શરીર બનાવે ત્યારે તેમણે નવી છએ પર્યાપ્તિઓ કરવી પડે છે.

શક્તિસંપન્ન શ્રીમંત માનવ છએ મશીનોથી યુક્ત કારખાનું ખોલે. પણ જેની તેવી ક્ષમતા ન હોય તે પાંચ, ચાર કે ત્રણ મશીનોવાળું કારખાનું પણ ખોલે. સંસારના કાર્યો માટે શક્તિના શ્રોત તરીકે પૈસો મુખ્ય ગણાય છે, તેમ કુદરતી કે આધ્યાત્મિક કાર્યો માટેની શક્તિના શ્રોત તરીકે પુણ્ય - પાપ મુખ્ય ગણાય છે. પુણ્યનો ઉદય હોય તો સારી અનુકૂળતા મળે. પાપકર્મોનો ઉદય થાય તો પ્રતિકૂળતાઓ મળે.

જેને જેવા પ્રકારના પર્યાપ્ત નામકર્મનો ઉદય હોય તેને તેટલી પર્યાપ્તિઓ પ્રાપ્ત થાય. કોઈને છ, કોઈને પાંચ તો કોઈને ચાર પર્યાપ્તિઓ પ્રાપ્ત થાય. પર્યાપ્તિઓ પ્રાપ્ત કરાવવાનું કાર્ય આ પર્યાપ્ત નામકર્મનું છે; પણ અપર્યાપ્ત નામકર્મ પર્યાપ્તિઓ પ્રાપ્ત થતી અટકાવવાનું કાર્ય કરે છે, કારણ કે તે પાપકર્મ છે.

આ અપર્યાપ્ત નામકર્મ કોઈ જીવોને પાંચથી, ચારથી કે ત્રણથી વધારે પર્યાપ્તિઓ પ્રાપ્ત થવા દેતું નથી. તે જીવો અપર્યાપ્તા જીવો તરીકે પ્રસિદ્ધ થાય છે; પણ આ અપર્યાપ્ત નામકર્મ પ્રથમ ત્રણ પર્યાપ્તિઓ પ્રાપ્ત થતાં અટકાયત કરી શકતું નથી. તેથી સર્વ જીવોને ઓછામાં ઓછી ત્રણ પર્યાપ્તિઓ તો હોય જ છે.

જીવન જીવવા માટે એકેન્દ્રિય જીવોને પહેલી ચાર, બેઈન્દ્રય - તેઈન્દ્રિય - ચઉરિન્દ્રિય જીવોને પાંચ તથા પંચેન્દ્રિય જીવોને છ પર્યાપ્તિઓ જરુરી છે. તે તે જીવો માટે આ સ્વયોગ્ય પર્યાપ્તિઓ ગણાય.

જે જીવો સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કર્યાં પહેલાં જ મરણ પામવાના હોય તે બધા જીવોને લબ્ધિ અપર્યાપ્તા જીવો કહેવામાં આવે છે. આ લબ્ધિ અપર્યાપ્તા જીવો પણ ઓછામાં ઓછી ત્રણ પર્યાપ્તિઓ તો પૂર્ણ કરે જ છે. પણ ત્યારપછીની કેટલીક પર્યાપ્તિઓ તેઓ પૂર્ણ કરે કે ન પણ કરે; કિન્તુ બધી પર્યાપ્તિઓ તો પૂર્ણ ન જ કરે.

પરન્તુ જે જીવો સ્વયોગ્ય બધી જ પર્યાપ્તિઓ પૂર્ણ કર્યાં પછી જ મરવાના હોય તેઓ લબ્ધિ પર્યાપ્તા જીવો ગણાય. તેમણે કોઈપણ સ્વયોગ્ય પર્યાપ્તિ પ્રાપ્ત કરવાની બાકી રહેતી નથી.

નરકના અને દેવના જીવોનું ઓછામાં ઓછું આયુષ્ય પણ દસ હજાર વર્ષનું છે. બધી પર્યાપ્તિઓ અંતર્મુહૂર્તમાં પૂર્ણ થઈ જ જતી હોવાથી તમામ નારકો અને દેવો સ્વયોગ્ય છએ પર્યાપ્તિઓ પૂર્ણ કર્યાં પછી જ મરે છે, તે વાત નક્કી થઈ. તેથી તમામ નારકો અને

દેવો લબ્ધિ પર્યાપ્તા જ છે. તેમાનો એક પણ જીવ લબ્ધિ અપર્યાપ્તો નથી. બધી પર્યાપ્તિ પૂર્ણ કર્યા વિના મરનારો કોઈ નારક કે દેવ ન હોય.

મનુષ્યો અને તિર્યંચોનું આયુષ્ય ઓછું - વત્તું હોય છે. કેટલાક જીવો તો ગર્ભમાં જ મોત પામી જતાં હોય છે. નવા ભવમાં ઉત્પન્ન થઈને ઘણા ઓછા સમયમાં ફરી બીજા ભવમાં ચાલી જતાં હોય છે. તેથી માનવો અને તિર્યંચોમાં કેટલાક જીવો બધી પર્યાપ્તિઓ પૂર્ણ કરનારા મળે તો કેટલાક જીવો પૂર્ણ કર્યા વિના જ મરી જનારા પણ મળે. તેથી લબ્ધિ - પર્યાપ્તા અને લબ્ધિ અપર્યાપ્તા; બંને પ્રકારના માનવો તથા તિર્યંચો મળી શકે.

આ વાંચીને મનમાં સવાલ પેદા થાય કે જીવવિચાર પ્રકરણમાં દેવો અને નારકોના પર્યાપ્તા અને અપર્યાપ્તા; બંને પ્રકારો જણાવ્યા છે; જ્યારે અહીં તો દેવો અને નારકો લબ્ધિ પર્યાપ્તા જ હોય પણ લબ્ધિ અપર્યાપ્તા તો ન જ હોય તેવું જણાવેલ છે; તેનું શું કારણ ? આ દેખિતા વિરોધને દૂર કરવા શું કરવું ?

પર્યાપ્તા અને અપર્યાપ્તા જીવો પણ દરેક બે બે પ્રકારના છે. લબ્ધિ પર્યાપ્તા અને કરણ પર્યાપ્તા. લબ્ધિ - અપર્યાપ્તા અને કરણ અપર્યાપ્તા. દેવો અને નારકો લબ્ધિ પર્યાપ્તા જ હોય પણ લબ્ધિ અપર્યાપ્તા ન જ હોય. પરંતુ તે દેવો અને નારકો કરણ પર્યાપ્તા અને કરણ અપર્યાપ્તા; એમ બંને પ્રકારના છે જ. જીવવિચારમાં દેવો અને નારકોને પર્યાપ્તા અને અપર્યાપ્તા; એમ બંને પ્રકારના જે જણાવ્યા છે તે આ કરણ પર્યાપ્તા અને કરણ અપર્યાપ્તાની અપેક્ષાએ જણાવ્યા છે.

કરણ એટલે ઈન્દ્રિય. છ પર્યાપ્તિઓમાં ત્રીજા નંબરની જે ઈન્દ્રિય પર્યાપ્તિ છે, તે જ્યાં સુધી પૂરી ન થાય ત્યાં સુધી જીવ કરણ અપર્યાપ્તો ગણાય. જ્યારે આ ત્રીજા નંબરની ઈન્દ્રિયપર્યાપ્તિ પણ પૂર્ણ થાય ત્યારે તે જ જીવ કરણ પર્યાપ્તો કહેવાય.

કરણ પર્યાપ્તા અને કરણ અપર્યાપ્તાની આ વ્યાખ્યાના આધારે, લબ્ધિ પર્યાપ્તો જીવ પોતાની સ્વયોગ્ય તમામ પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા પછી જ મરતો હોવાથી તે જીવ જ્યાં સુધી ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી કરણ અપર્યાપ્તો ગણાય. જ્યારે તે જીવ ઈન્દ્રિય પર્યાપ્તિ પણ પૂર્ણ કરી દે ત્યાર પછી તે કરણ પર્યાપ્તો ગણાય.

લબ્ધિ અપર્યાપ્તો જીવ તો સ્વયોગ્ય તમામ પર્યાપ્તિ પૂરી કરવાનો જ નથી. તે પૂર્વે જ તેનું મોત થવાનું છે. છતાં ય તે ઈન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ કરી દે ત્યાર પછી તે પણ કરણપર્યાપ્તો ગણાય.

આમ, લબ્ધિ પર્યાપ્તો જીવ પણ - ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં - કરણ - અપર્યાપ્તો હોઈ શકે છે અને લબ્ધિ અપર્યાપ્તો જીવ પણ - ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયા પછી - કરણ પર્યાપ્તો હોઈ શકે છે.

તેથી બધા જ નારકો અને દેવો લબ્ધિ પર્યાપ્તા હોવા છતાં ય જ્યાં સુધી તેમણે

ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ ન કરી હોય ત્યાં સુધી કરણ અપર્યાપ્તા અને ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી તેઓ જ કરણ પર્યાપ્તા તરીકે ગણાય છે. અને આ રીતે વિચારીએ તો કરણ પર્યાપ્તા અને કરણ અપર્યાપ્તાની અપેક્ષાએ ૭ નરકના ચૌદ ભેદો તથા દેવોના ૧૯૮ ભેદો સંગત થાય છે.

લબ્ધિ પર્યાપ્તા - અપર્યાપ્તા અને કરણ પર્યાપ્તા - અપર્યાપ્તાની વ્યાખ્યાઓ મનમાં બરોબર ધારી રાખશો તો સમજાશે કે (૧) જે જીવ લબ્ધિ પર્યાપ્તો હોય તે જીવ કરણ પર્યાપ્તો અને કરણ અપર્યાપ્તો, બંને પ્રકારનો જુદા જુદા સમયે હોઈ શકે છે, પણ તે જીવ લબ્ધિ - અપર્યાપ્તો તો હોઈ શકે જ નહિ, કારણ કે તે મરતાં પહેલાં બધી પર્યાપ્તિઓ પૂરી કરવાનો જ છે.

(૨) જે જીવ લબ્ધિ અપર્યાપ્તો હોય એટલે કે બધી પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા પહેલા મરી જ જવાનો હોય તે જીવ પણ કરણ - અપર્યાપ્તો અને કરણ પર્યાપ્તો જુદા જુદા સમયે હોઈ શકે છે. કારણ કે દરેક જીવે ઈન્દ્રિય પર્યાપ્તિ તો પૂરી કરવી જ પડે છે. તે પહેલાં કોઈનું ય મરણ થઈ શકતું નથી. પરંતુ તે જીવ લબ્ધિ પર્યાપ્તો તો ન જ હોય.

(૩) જે જીવ હાલ કરણ અપર્યાપ્તો છે, તે જીવ તે જ સમયે કરણ પર્યાપ્તો ન હોઈ શકે. પછીથી તે જીવ અવશ્ય કરણ પર્યાપ્તો બને જ. જો તે જીવ સ્વયોગ્ય બધી જ પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા પછી જ મરવાનો હોય તો તે લબ્ધિ - પર્યાપ્તો હોઈ શકે. પણ જો તે જીવ સ્વયોગ્ય તમામ પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા પહેલાં જ મરી જવાનો નક્કી હોય તો તે જીવ લબ્ધિ અપર્યાપ્તો હોય. આમ, કરણ અપર્યાપ્તો જીવ તે જ સમયે લબ્ધિ પર્યાપ્તો કે લબ્ધિ અપર્યાપ્તો હોઈ શકે પણ કરણ પર્યાપ્તો તો ન જ હોય.

(૪) જે જીવ હાલ કરણ પર્યાપ્તો હોય તે જીવ તે જ સમયે કરણ અપર્યાપ્તો તો ન જ હોય. હા ! પૂર્વે તે કરણ - અપર્યાપ્તો હતો તે જુદી વાત. આ કરણ પર્યાપ્તો જીવ લબ્ધિ પર્યાપ્તો કે લબ્ધિ અપર્યાપ્તો હોઈ શકે.

કરણ પર્યાપ્તા અને કરણ અપર્યાપ્તાની વ્યાખ્યા માટેના અન્ય મતો પણ છે. જ્યાં સુધી જીવ બધી જ પર્યાપ્તિઓ પૂર્ણ ન કરે ત્યાં સુધી અપર્યાપ્તો. તમામે તમામ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરે પછી જ તે કરણ પર્યાપ્તો ગણાય. આ વ્યાખ્યા પ્રમાણે લબ્ધિ અપર્યાપ્તો જીવ ક્યારે પણ કરણ પર્યાપ્તો બની શકે નહિ કારણ કે તે જીવ બધી પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા પહેલાં જ મરી જવાનો નક્કી છે.

અન્ય મત પ્રમાણે જે જીવે જે પર્યાપ્તિ પૂર્ણ કરી હોય તે પર્યાપ્તિની અપેક્ષાએ તે જીવ કરણ પર્યાપ્તો ગણાય. જે પર્યાપ્તિઓ હજુ પૂર્ણ કરવાની તેણે બાકી છે. તેની અપેક્ષાએ તે કરણ અપર્યાપ્તો ગણાય.

જીવને પર્યાપ્તા અને અપર્યાપ્તા બનાવવાનું કાર્ય આ પર્યાપ્ત નામકર્મ અને અપર્યાપ્ત નામકર્મ કરે છે.

# (૧૩) નથી જાઉં નિગોદમાં

(૭ - ૮) **પ્રત્યેક - સાધારણ નામકર્મ :** જુદી જુદી ધર્મશાળાઓમાં આજકાલ બે પ્રકારની ઉતરવાની વ્યવસ્થાઓ જણાય છે. સ્પેશ્યલ રુમ તથા કોમન રુમ.

એટેચ - સંડાસ - બાથરુમવાળા સ્પેશ્યલ રુમના ચાર્જ પણ વિશેષ હોય છે. તેમાં એક ફેમીલી ઉતરે છે. તેને ત્યાં ઘણી સગવડો મળે છે. સલામતી પણ પૂરી સચવાય છે. વધારે પૈસા આપીને પણ શ્રીમંતો ત્યાં ઉતરવા ઈચ્છતા હોય છે.

પણ બધાની શક્તિ તેવા સ્પેશ્યલ રુમમાં રહેવાની અને તેનું વિશેષ ભાડું ચૂકવવાની હોતી નથી. કેટલાકની તેવી શક્તિ હોવા છતાં બે - ચાર કલાક માટે જ રોકાણ કરવું હોય તો તેઓ ત્યાં ઉતરવા ઈચ્છતા નથી. તે બધા માટે કોમન હોલની વ્યવસ્થા હોય છે. તે હોલમાં જુદા જુદા ગામોના, જુદા જુદા કુટુંબોના જુદા જુદા માણસોને સાથે જ રહેવાનું હોય છે. ત્યાં સતત આવન - જાવન ચાલુ હોય છે. તેનો ચાર્જ હોતો નથી કે ઘણો ઓછો હોય છે. સામાન્ય માણસને પણ પરવડી શકે તેવી આ વ્યવસ્થા છે.

માનવોને ઉતરવા - રહેવા જેમ મકાનની જરુર પડે છે, તેમ સંસારમાં ફરતા આ આત્માને પણ રહેવા માટે શરીરની જરુર પડે છે. આત્મા માટે શરીર એ ઘર છે. તેમાં તે રહે છે. તેના દ્વારા તે સુખ - દુઃખનો અનુભવ કરે છે. અને આયુષ્ય કર્મ પૂર્ણ થતાં તે શરીરને છોડીને તે આત્મા બીજા શરીરમાં જતો રહે છે. ધર્મશાળામાં તો કેટલું રહેવાય ? કાયમ માટે થોડું રહી શકાય ?

જેમ ધર્મશાળામાં બે પ્રકારની ઉતરવાની વ્યવસ્થા છે તેમ આત્માને રહેવા માટે બે પ્રકારના શરીરની વ્યવસ્થા છે. (૧) સ્પેશ્યલ અને (૨) કોમન.

કેટલાક આત્માઓ વિશિષ્ટ પુણ્ય બાંધીને આવ્યા હોય છે, તેમની આ પુણ્યની શ્રીમંતાઈથી તેમને એવું શરીર મળે છે કે જેમાં બીજાની કોઈ ઈન્ટરફીયર રહેતી નથી. પોતાની મનસૂબી પ્રમાણે તે જીવી શકે છે. એક શરીરમાં તેણે એકલાએ જ રહેવાનું હોય છે. તે શરીરમાં બીજો કોઈ આત્મા ભાગ પડાવી શકતો નથી. આવું સ્વતંત્ર એક શરીર અપાવનારું જે પુણ્યકર્મ છે, તેનું નામ પ્રત્યેકનામકર્મ છે.

આ પ્રત્યેક નામકર્મના પ્રભાવે તે આત્માને પોતાનું સ્વતંત્ર માલિકીનું શરીર મળે છે. તે શરીરને તે પોતાની રીતે ભોગવી શકે છે. તેની ઉપર બધી રીતે પોતાનો કંટ્રોલ હોય છે. તેને નવડાવવાની - ખવરાવવાની - સાચવવાની બધી જવાબદારી તેની પોતાની

જ રહે છે. આવી રીતે એક શરીરમાં જે એક આત્મા રહે છે તે પ્રત્યેક જીવ કહેવાય છે.

પણ બધા આત્માઓ પાસે આવી વિશિષ્ટ પુણ્યાઈ હોતી નથી. પરિણામે તેવી વિશિષ્ટ પુણ્યાઈ નહિ ધરાવનારા આત્માઓને પોતાનું સ્વતંત્ર શરીર - રહેવા માટે - મળતું નથી. તેવા ઘણા બધા આત્માઓને સાથે રહેવા માટે કોમન એક જ શરીર મળે છે. મળેલા આ શરીરમાં તેમણે સાથે આહાર લેવો પડે છે. સાથે શ્વાસોશ્વાસ કરવા પડે છે. અનિચ્છાએ પણ સાથે રહીને જ જીવન પૂરું કરવું પડે છે. તેમને બધા વચ્ચે આવું કોમન એક જ શરીર અપાવનારું કર્મ સાધારણ નામકર્મ છે. આ કર્મ બધા આત્માઓ માટે એક કોમન = સાધારણ શરીર અપાવતું હોવાથી સાધારણ નામકર્મ તરીકે ઓળખાય છે. આવું સાધારણ શરીર ધરાવનારા તે તમામ જીવો સાધારણ જીવો તરીકે ઓળખાય છે. તેઓ આ સાધારણ જીવોને નિગોદ પણ કહેવાય છે.

આમ, પ્રત્યેક નામકર્મના ઉદયે દરેક જીવને પોતપોતાનું જુદું જુદું શરીર મળે છે, અને તે જીવો પ્રત્યેક કહેવાય છે. સાધારણ નામકર્મના ઉદયે અનંતાજીવોને કોમન એક જ શરીર મળે છે, તેથી તે જીવોને સાધારણ જીવો કહેવાય છે.

દેવ - નારક - મનુષ્યો - કૂતરા - બીલાડા વગેરે પંચેન્દ્રિય જીવોને તો દરેકને પોતપોતાનું જુદું જુદું શરીર મળે છે, તેથી આ બધા પ્રત્યેક જીવો કહેવાય છે. તેમને પ્રત્યેક નામકર્મનો ઉદય છે.

શંખ - કોડી - છીપલા વગેરે બેઈન્દ્રિય જીવો, કીડી - મંકોડા - માંકડ વગેરે તેઈન્દ્રિયજીવો અને માખી - ભમરા - વગેરે ચઉરિન્દ્રિય જીવો પણ પોતપોતાનું જુદુ જુદું શરીર ધરાવે છે; તેથી તેઓ બધા પણ પ્રત્યેક જીવો છે.

પરંતુ બધા એકેન્દ્રિય જીવો પ્રત્યેક નથી. તેમાંના કેટલાક જીવોને પ્રત્યેક નામકર્મનો ઉદય હોવાથી તેઓ પ્રત્યેક છે, તેમને દરેકને પોતપોતાનું જુદું જુદું શરીર હોય છે. જ્યારે કેટલાક જીવોને સાધારણ નામકર્મનો ઉદય હોવાથી તેઓ સાધારણ છે. તેવા અનંતા જીવો વચ્ચે એક શરીર હોય છે.

તેમાં ય પૃથ્વી - પાણી - અગ્નિ - વાયુ; આ ચારે પ્રકારના બધા એકેન્દ્રિયો જીવો તો પ્રત્યેક જ છે. તેમાં કોઈ જીવો સાધારણ નથી. પણ જે વનસ્પતિકાયના જીવો છે, તેઓ બધા પ્રત્યેક નથી કે તેઓ બધા સાધારણ પણ નથી. તેમાંના કેટલાક જીવો પ્રત્યેક છે તો કેટલાક જીવો સાધારણ છે.

લીંબુ, કેરી, મરચા, તુરીયા, વટાણા વગેરે જે ફળ - ફળાદિ કે શાકભાજી છે, તે મોટાભાગે પ્રત્યેક જીવો છે. જ્યારે કાંદા, બટાટા, લસણ, શક્કરીયા, ગાજર, આદુ - મૂળા, બીટ, સૂરણ વગેરે કંદમૂળો સાધારણ વનસ્પતિકાય છે એટલે કે તેમાં અનંતા -

અનંતા જીવો વચ્ચે સાધારણ એક જ શરીર છે. દેખાવમાં ભલે તે એક જ કંદ કે એક જ ફળ રુપ દેખાતું હોય પણ તેમાં જીવો તો અનંતા - અનંતા હોય છે. તેમને સાધારણ નામકર્મનો ઉદય હોવાથી તે અનંતા જીવોએ એકેજ શરીરમાં સાથે રહેવું પડે છે.

લીમડો, પીપળો, આંબો વગેરે બધા પ્રત્યેક વનસ્પતિકાય છે. તેમને પ્રત્યેકનામકર્મનો ઉદય છે. તે દરેક ઝાડમાં તેનો પોતાનો એક જીવ હોય છે. વળી, તે ઝાડોના મૂળ, કંદ, સ્કંધ (થડ), શાખા (ડાળી), છાલ, ફૂલ, ફળ, બીજ વગેરે દરેક જુદા જુદા શરીર ગણાય છે. તે દરેક શરીરમાં પોતપોતાનો એકેક જીવ જુદો જુદો હોય છે.

લીમડાના મૂળમાં મૂળનો એક જીવ હોય. થડમાં થડનો એક જીવ હોય. દરેક ડાળીઓમાં પોતપોતાનો જુદો જુદો એકેક જીવ હોય. નાની નાની ડાળીઓમાં પોતપોતાનો જુદો જીવ હોય. તેની ઉપરના દરેક પાંદડામાં પોતપોતાના જુદા જુદા જીવો હોય. દરેક ફૂલમાં પોતપોતાનો જીવ. દરેક ફળમાં પણ તેમનો જુદો જીવ. ફળમાં રહેલા દરેક બીજમાં પણ તેમનો જુદો જુદો જીવ. વળી મૂળ, થડ, ડાળી, પાંદડા, ફૂલ, ફળ અને બીજોમાં તે લીમડાના ઝાડનો પોતાનો એક જીવ તો સર્વત્ર વ્યાપીને રહ્યો જ હોય. મૂળ થડ, છાલ, ડાળી, ફળ, ફૂલ બીજ વગેરે દરેક જુદા જુદા શરીર છે, અને તે દરેકમાં પોતપોતાનો જીવ પણ છે.

આત્મા સ્થિતિ સ્થાપક છે. તે સંકોચ અને વિકાસ પામવાના સ્વભાવવાળો છે. જયારે લીમડાની લીંબોળી (ફળ) તોડવામાં આવે ત્યારે લીંબોળીનો પોતાનો જીવ તો તેમાં અકબંધ રહે છે, પણ લીમડાના જીવના જે આત્મપ્રદેશો તે લીંબોળીમાં પણ પહોંચેલા છે, તે ખેંચાઈને તે ડાળીમાં પહોંચી જાય છે. આપણો હાથ કપાય ત્યારે જેમ આપણા હાથમાં રહેલા આત્મપ્રદેશો ખભા વગેરેમાં ખેંચાઈને આવી જાય તેવું લીમડામાં પણ બને છે. તે વખતે લીમડાના જીવને વેદના પણ થાય છે. તેથી રસ્તે ચાલતી વખતે ઝાડના પાંદડા, ફળ, ફૂલ વગેરે તોડવા ન જોઈએ. ઝાડના આ દરેક અવયવો જુદા જુદા આત્માઓના પોતપોતાના જુદા જુદા શરીરો છે. દરેક શરીરમાં તેમનો પોતાનો સ્વતંત્ર આત્મા વસે છે.

એક શરીરમાં એક આત્માવાળા પ્રત્યેક વનસ્પતિકાય જીવો લોકપ્રકાશ ગ્રંથના પાંચમા સર્ગમાં બાર પ્રકારના જણાવાયા છે. (૧) વૃક્ષ (૨) ગુચ્છા (૩) ગુલ્મ (૪) લતા (૫) વેલડી (૬) પર્વ (૭) તૃણ (૮) વલય (૯) હરિતક (૧૦) ઔષધી (૧૧) જલરુહ અને (૧૨) કુહણ.

(૧) **વૃક્ષ :** કેટલાક વૃક્ષો એવા હોય છે કે જેના દરેક ફળમાં એકેક બીજ હોય છે;

એટલે કે દરેક ફળમાં એક એક જીવ હોય. દા. ત. લીમડો, જાંબુ, કેરી વગેરે.

કેટલાક વૃક્ષો એવા છે કે જેના ફળોમાં અનેક બીજો હોય છે. એટલે કે એકેક જીવવાળા અનેક બીજો તેમાં હોય છે. દા. ત. દાડમ, ચીકુ, સીતાફળ વગેરે...

આ વૃક્ષોના મૂળોની અનેક પેટાશાખાઓ નીકળતી હોય છે. ઘણી ડાળીઓ હોય છે. તેથી તેમના મૂળમાં, થડમાં, ડાળીઓમાં, છાલમાં, પ્રવાલમાં વગેરેમાં અસંખ્ય અસંખ્ય પ્રત્યેક જીવો રહ્યા હોય છે.

ફૂલમાં અનેક જીવો હોય છે. દરેક પાંદડામાં એકેક જીવ હોય છે. દરેક બીજમાં અને દરેક ફળમાં પણ પોતાનો અલગ અલગ જીવ હોય છે.

સંપૂર્ણ વૃક્ષમાં તેનો પોતાનો એક સ્વતંત્ર જીવ હોય છે જે વૃક્ષના મૂળ - થડથી માંડીને ફળ - બીજ સુધીના દસેય પ્રકારના અવયવોમાં વ્યાપીને રહે છે.

(૨) **ગુચ્છા :** બોરડી, તુલસી, ગળો વગેરે ગુચ્છા કહેવાય છે.

(૩) **ગુલ્મ :** માલ્લિકા, કુંદ, જૂઈ, મોગરો વગેરે ગુલ્મ છે.

(૪) **લતા :** અશોક - ચંપો - નાગ - વાસંતી વગેરે લતા છે. જે થડમાંથી એક જ મોટી શાખા ઉપર નીકળતી હોય, બીજી એક પણ એવી ડાળી ન હોય તેને લતા કહેવાય છે.

(૫) **વલ્લી :** દ્રાક્ષ, કોરાફળ વગેરે વલ્લીમાં ગણાય.

(૬) **પર્વ :** જેમાં વચ્ચે સાંધા - ગાંઠ આવતી હોય તે પર્વ કહેવાય. શેરડી, નેતર, વાંસ વગેરે.

(૭) **તૃણ :** જુદા જુદા પ્રકારના દુર્વા - દર્ભ. એરંડ વગેરે ઘાસ.

(૮) **વલય :** સોપારી, ખજૂર, નાળીયેર વગેરે ગોળ વસ્તુઓના ઝાડ.

(૯) **હરિતક :** સરસવ, ચોળા વગેરે હરિતક કહેવાય.

(૧૦) **ઔષધ :** ઉગી ગયેલા તમામ ધાન્ય - અનાજ - ઔષધી આ વિભાગમાં આવે. તેના ૨૪ પ્રકાર છે.

(૧૧) **જલરુહ :** પાણીમાં પેદા થાય તે કદંબ - કમળ વગેરે.

(૧૨) **કુહણ :** આ એક અજાણી જાતિની વનસ્પતિ છે.

વૃક્ષ વગેરેમાં બધા મળીને કુલ અસંખ્યાતા જીવો હોય છે; જો કે તેના દરેક જુદા જુદા અવયવો રુપ જુદા જુદા શરીરમાં તો પોતપોતાનો એક જ જીવ છે. તે જ રીતે ગુચ્છ વગેરેમાં પ્રાયઃ સંખ્યાતા જીવો હોય છે, કારણ કે ગુચ્છા વગેરેમાં એકી સાથે સંખ્યાતી ફળીઓ કે ફળો હોય છે તે દરેકમાં એકેક શરીરમાં એકે ક જીવ હોય છે.

પ્રત્યેક વનસ્પતિકાયમાં પણ જીવો હોવાથી જેની શક્તિ હોય તેણે તેનો પણ

ત્યાગ કરી જ દેવો જોઈએ. પણ બધાની કાંઈ તેવી શક્તિ ન હોય. સત્ત્વ કે ઉલ્લાસ ન હોય. તો છેવટે બારતિથિ - દસતિથિ કે છેલ્લે પાંચ તિથિ તો આ લીલોતરીઓનો (વનસ્પતિઓનો) સંપૂર્ણ ત્યાગ કરવો જ જોઈએ. તે ઉપરાંત પર્યુષણ, ચૈત્રી - આસો આયંબીલની ઓળી, છ અઠ્ઠાઈ અને તેવા બીજા પણ જે જે પર્વના દિવસો હોય તેમાં પણ લીલોતરીનો ત્યાગ કરી દેવો જોઈએ. બચાય તેટલું બચવા માટેનો આ પ્રયત્ન છે. આને જયણા કહેવાય છે.

સાધારણ નામકર્મના ઉદયે અનંતા જીવોને બધા વચ્ચે કોમન (સાધારણ) એક જ શરીર મળે છે - આ અનંતા જીવોને શરીર - શ્વાસોશ્વાસ અને આહાર સાધારણ હોય છે. બધાનું આ બધું એકી સાથે થાય છે. માટે આ બધા સાધારણ વનસ્પતિકાય કહેવાય છે. તેમને અનંતા જીવો વચ્ચે એક જ કાય = શરીર મળતું હોવાથી તેઓ અનંતકાય કહેવાય છે.

શાસ્ત્રોમાં બત્રીસ પ્રકારના અનંતકાય જીવો બતાડ્યા છે. તે બધાને બરોબર જાણી લઈને તેનો ત્યાગ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ, કારણ કે તેનો ઉપયોગ કરવામાં એક નહિ પણ એકી સાથે અનંતાનંત જીવોનો કચ્ચરઘાણ બોલાય છે. પોતાની મોજમજા માટે અનંતાજીવોને સજા પહોંચાડવાની આ વાત શી રીતે સ્વીકારી શકાય ?

જે વસ્તુઓ જમીનની અંદર ઉગે છે, જેને સૂર્યનો પ્રકાશ મળતો નથી, જેમાંથી તેલ નીકળતું નથી, તે બધા કંદમૂળો અનંતકાય છે. કાંદા, બટાટા, શક્કરીયા, ગાજર, આદુ, મૂળા, બીટ, સૂરણ, લસણ વગેરેનો સમાવેશ આ અનંતકાયમાં થાય છે, માટે થોડીક પણ કરુણા જેનામાં હોય તેમણે તમામ કંદમૂળનો ત્યાગ કરવો જોઈએ.

મૂળ, કંદ, સ્કન્ધ, ફળ વગેરે વસ્તુઓને તોડવાથી જો સમરુપે તુટે તો તે અનંતકાય કહેવાય. સામાન્ય રીતે આપણે કેળાદિ કોઈના ભાગ કરીએ તો તેની બે બાજુની સરફેશ ખરબચડી રહે તે રીતે ભાગ થાય છે. હા ! ચપ્પુ કે છરીથી ભાગ કરીએ તો લીસા ભાગ થાય તે જુદી વાત.. પણ તેવા કોઈ સાધનનો ઉપયોગ કર્યા વિના ભાગ કરીએ તો ખરબચડા જ થાય ને ?

પણ અનંતકાય = સાધારણ વનસ્પતિકાયનું લક્ષણ એ છે કે તેમના મૂળ - કંદ - સ્કંધ - ફળ વગેરે કોઈના પણ - સાધનનો ઉપયોગ કર્યા વિના પણ - ભાગ કરીએ તો તે સમભાગ થાય છે. તેની બે બાજુની સરફેસ ખરબચડી થતી નથી પણ લીસી રહે છે.

અનંતકાયના સાંધા - પર્વ - નશો વગેરે ગુપ્ત હોય છે. તેના રેસાઓ દેખાતા નથી. કહેવાયું છે કે જે વૃક્ષના પાંદડા દૂધવાળાં હોય કે દૂધ વગરના હોય, જેના રેસાઓ દેખાતા ના હોય, બે પાંદડા વચ્ચેના સાંધા દેખાતાં ન હોય તો તે બધા પાંદડા અનંતકાય

ગણાય છે.

ચાહે આંબો - પીપળો - લીમડો વગેરે પ્રત્યેક વનસ્પતિકાય કેમ ન હોય, તે બધાનો જે પહેલો અંકૂરો નીકળે તે તો અનંતકાય હોય. તેમાં અનંતાજીવો હોય. તેમાંનો એક જીવ ઝાડ રુપે આગળ વધે. બાકીના જીવો અંતર્મુહૂર્તનું આયુષ્ય પૂર્ણ કરીને નવા ભવમાં ચાલ્યા જાય. આમ, પ્રથમ અંતર્મુહૂર્ત કાળમાં તો તે અનંતકાય હોય છે.

અનંતકાયના આ લક્ષણોને જાણીને, તે જીવોને અભયદાન આપવા ભોજનાદિમાંથી તેનો ત્યાગ કરી દેવો જોઈએ. મોટાભાગે આ કંદમૂળ જમીનમાં ઉગતાં હોવાથી તેમને સૂર્યનો પ્રકાશ મળતો નથી. અને વિજ્ઞાન પણ કહે છે કે 'Where there is darkness, there are gurms !' 'જ્યાં અંધકાર હોય છે ત્યાં પુષ્કળ જીવો હોય છે.' જમીનની અંદરના ભાગમાં સૂર્યનો પ્રકાશ પહોંચતો ન હોવાથી ત્યાં સદા અંધારું જ હોય છે. તેથી ત્યાં ઉગનારી વનસ્પતિમાં અનંતજીવો પેદા થાય, તેમાં શું નવાઈ ?

સૂર્યના પ્રકાશની તાકાત જીવોત્પત્તિને અટકાવવાની છે. તેથી રાત્રીના સમયે (સૂર્યપ્રકાશની ગેરહાજરી હોવાથી) જ્યાં પુષ્કળ મચ્છર વગેરે જીવો દેખાય છે, ત્યાં જ દિવસે સૂર્યના પ્રકાશમાં તેમાંના કોઈ જીવો દેખાતા નથી.

કંદમૂળને સૂર્યપ્રકાશ ન મળતો હોવાથી તેમાં અનંતા જીવો પેદા થઈ જાય છે; માટે કંદમૂળભક્ષણનો નિષેધ કરવામાં આવ્યો છે. પોતાનું પેટ તો બીજી ઘણી ચીજોથી - ઓછી હિંસાએ - પણ ભરી શકાય છે, પછી આવા અનંતા જીવોનો નાહકનો સંહાર કરવાની શી જરુર ?

મગફળી પણ જમીનમાં થાય છે, પરંતુ તે પ્રત્યેક વનસ્પતિકાય છે, સાધારણ વનસ્પતિકાય નહિ. તે જમીનમાં ઉગતી હોવા છતાં, તેને સૂર્ય પ્રકાશ ન મળતો હોવા છતાં ય તેમાં રહેલું તેલ તેમાં અનંતા જીવોને પેદા થવા દેતું નથી.

આપણે સૌ જાણીએ છીએ કે ઘરની બહેનો એકી સાથે ભરેલ ઘઉં વગેરે અનાજ કે જુદી જુદી દાળને તેલથી મોએ છે. તેમ કરવાથી તેમાં જીવો ઉત્પન્ન ન થવાના કારણે તેમાં બગાડો થતો નથી. કારણ કે તેલમાં જીવોત્પત્તિ અટકાવવાની તાકાત છે.

મગફળીમાં રહેલું તેલ તેમાં અનંતા જીવોને ઉત્પન્ન થતાં અટકાવે છે; માટે તેમનો કંદમૂળ કે અનંતકાયમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. કંદમૂળના ત્યાગીઓ પણ - જરુર પડે - તેનો ઉપયોગ કરી શકે છે. તેલના કારણે તે મગફળીમાં એક શરીરમાં એક જ જીવ પેદા થતો હોવાથી તે પ્રત્યેક વનસ્પતિકાય કહેવાય છે. તેને પ્રત્યેક નામકર્મનો

ઉદય[illegible] છે.

સાધારણ વનસ્પતિકાયને નિગોદ પણ કહેવામાં આવે છે. નિગોદના પ્રત્યેક શરીરમાં અનંતા - અનંતા જીવો હોય છે. તેમની હિંસા ન થઈ જાય તેની બધાએ સૂક્ષ્મબુદ્ધિથી કાળજી કરવી જોઈએ.

સાધારણ વનસ્પતિકાયની હિંસામાં અનંતાજીવોની હિંસા હોવાથી દરેક જણે કંદમૂળાદિનો અવશ્ય ત્યાગ કરવો જ જોઈએ. વળી પ્રત્યેક વનસ્પતિકાયમાં પણ એકેક શરીરમાં એકેક જીવ તો છે જ. તેથી તે ખાવામાં પણ હિંસાનો દોષ તો લાગે જ છે; પણ સાધારણ વનસ્પતિકાયની અપેક્ષાએ તે દોષ અહીં ઓછો લાગે છે. માટે જો તમામ વનસ્પતિનો (લીલોતરીનો) કાયમ માટે ત્યાગ કરી શકાય તો ઘણું સારું; પણ જો તે ન જ થઈ શકે તો કાયમ માટે કંદમૂળનો ત્યાગ કરીને છેવટે પર્વના દિવસોમાં તો લીલોતરીનો (પ્રત્યેક વનસ્પતિકાયનો) ત્યાગ કરવો જ જોઈએ. ચૈત્રી - આસોમાસની ઓળી, પર્યુષણ મહાપર્વ તથા દર મહીનાની બે - બે બીજ - પાંચમ - આઠમ - અગ્યારસ - ચૌદસ તથા પુનમ / અમાસ મળીને ૧૨ તિથિ, છેવટે દસ કે પાંચ તિથિ પણ લીલોતરીનો ત્યાગ કરવો જોઈએ.

ફળો પણ લીલોતરી જ ગણાય. આજકાલ કેટલાક લોકો પાંચ કે દસ તિથિ લીલા શાકભાજી ખાતા નથી પણ પાકા કેળા, કેરીનો રસ કે ટુકડા, સકરટેટી, તડબૂચ, જામફળ, વગેરે ફળો કે તેના શાકનો ઉપયોગ કરવા લાગ્યા છે, પણ તે ઉચિત નથી. હવે તો કેટલાક પાકા કેળાના કારણે કાચા કેળાનું શાક પણ વાપરતા થયા છે; તે પણ ઉચિત નથી. જેમ લીલા શાકભાજી ન વપરાય તેમ પાકાં ફળ પણ ન જ વપરાય. તેમાં પણ જીવ છે જ.

વળી, શાકભાજી કરતાં ય ફળ વાપરવામાં તો વધારે આસક્તિ થાય છે. અને આસક્તિ તો ભયાનક પાપ છે. તો જો લીલા શાકભાજી ન વપરાય તો ફળ તો શી રીતે વપરાય ?

પ્રત્યેક અને સાધારણ નામકર્મની વિવિધતાઓ જાણીને કંદમૂળનો જીંદગીભર માટે તથા લીલા શાકભાજી - ફળ વગેરે તમામ લીલોતરીનો દસ કે પાંચ તિથિ માટે ત્યાગ કરવાની પ્રતિજ્ઞા સૌએ કરી લેવી જોઈએ.

કંદમૂળ વગેરે સાધારણ વનસ્પતિકાય નિગોદ છે. તેનો વપરાશ કરવાથી આપણે નિગોદમાં જન્મ લેવો પડે. એક શ્વાસોશ્વાસમાં સાડી સત્તર વાર જન્મ - મરણ કરવા પડે. ભયાનક વેદના અનુભવવી પડે. શું આ બધુ મંજૂર છે ? શું આવી નિગોદમાં જવું છે ? જો નિગોદમાં જવું નથી તો આજથી જ કાયમ માટે કંદમૂળનો ત્યાગ કરી દેવો જોઈએ.

# (૧૪) શું ગમે ? શું ન ગમે ?

**(૯ - ૧૦) સ્થિર - અસ્થિર નામકર્મ :** આપણા સમગ્ર શરીરની રચના માતા - પિતાએ કરી નથી પણ કર્મે કરી છે. નવ મહીના ગર્ભકાળમાં કાંઈ માતાએ પેટમાં હાથ નાંખીને હાથ - પગ વગેરે આપણા જુદા જુદા અવયવોને ઘડવાનું કામ નહોતું કર્યું.

જો માતાએ જ તે કાર્ય કરવાનું હોત તો આ દુનિયામાં કોઈ પણ દીકરો બેડોળ કે કદરુપો ન હોત. બધા સર્વાંગસુંદર હોત. બધી છોકરીઓ બ્યુટીફુલ હોત અને બધા છોકરાઓ હેન્ડસમ હોત ! અરે ! બધા જ તેવા હોત તો બ્યુટીફૂલ કે હેન્ડસમ શબ્દોની જરુર જ ન પડત !! કારણ કે કઈ માતા પોતાના પુત્ર - પુત્રીને સુંદર રુપવાન બનાવવા ન ઈચ્છે ? કોણ પોતાના દીકરાને કદરુપો બનાવવા તૈયાર થાય ?

પણ, માતાના હાથમાં કાંઈ નથી; બધું કર્મના હાથમાં છે. કર્મો શરીરના કેટલાક અવયવોને રબ્બરના જેવા ઢીલા - લચીલા - કોમળ કરે છે, જેમ કે જીભ... જ્યારે કેટલાક અવયવોને એકદમ કઠણ, વળે નહિ તેવા, મજબૂત, સ્થિર કરે છે, જેમ કે દાંત.

શરીરના કેટલાક અવયવો દુનિયામાં શુભ ગણાય છે, તો કેટલાક અવયવો દુનિયામાં અશુભ ગણાય છે. એક જ શરીરના અવયવો હોવા છતાં ય તેમાં આવા તફાવત કરવાનું કાર્ય કર્મોનું છે.

અરે ! જ્યારે આખું શરીર પોતે જ કર્મથી જન્ય હોય તો તે શરીરના જુદા જુદા અવયવો કર્મથી જન્ય હોય તેમાં શી નવાઈ છે ? શરીરના જુદા જુદા અવયવોની રચના નામકર્મના જુદા જુદા પેટા ભેદોને આભારી છે. દરેક અવયવનું જુદી જુદી રીતે નિયમન કરનાર કર્મ જુદું જુદું હોય છે. તે તે કર્મ તે તે અવયવ તથા તેવી તેવી તેની રચના ઉપર બરોબર ધ્યાન રાખે છે.

શરીરમાં દાંત, હાડકા વગેરે જે જે અવયવો કડક છે. સ્થિર છે; વળી જતા નથી, નમી જતા નથી, કોમળ બનતા નથી, હલતા નથી તેની પાછળ સ્થિર નામકર્મ કારણ છે. અવયવમાં દઢતા અને સ્થિરતા લાવવાનું કાર્ય આ કર્મનું છે. તેના કારણે આપણું શરીર કે તેના અવયવો નમી જતાં નથી, વળી જતાં નથી, લબડી જતાં નથી.

આ સ્થિરનામકર્મ જેટલું પ્રબળ - જોરદાર, દાંત - હાડકાં વગેરે એટલાં જ સુદૃઢ રહેશે. આ કર્મની અવધિ જેટલી લાંબી હશે તેટલા લાંબા સમય સુધી દાંત વગેરે અવયવો મજબૂત રહેશે. અવધિ પૂર્ણ થતાં હલવા લાગશે, તુટી જશે. વિદાય લેશે.

આ દુનિયામાં આપણને જાતજાતના માનવો જોવા મળે છે. કોઈ કહે છે કે મને ૮૦ વર્ષ થયા છતાં હજુ ય મારા બધા જ દાંત સલામત છે. એક પણ દાંત તુટ્યો તો નથી, પણ હલ્યો ય નથી. કડકમાં કડક વસ્તુ હું ટેસ્ટથી ખાઈ શકું છું. આ પ્રભાવ સ્થિર નામકર્મનો છે.

કોઈ કહે છે કે મારા દાંત એવા મજબૂત છે કે હું આખીને આખી સોપારી ચાવી જાઉં. કોઈ માણસ વળી દાંતમાં દોરડા પકડીને કાર કે ટ્રકને ખેંચી જવાની તાકાત ધરાવતો જણાય છે. આ બધામાં કારણ સ્થિરનામકર્મ છે.

કોઈ કહે છે કે હું સૂઈ જાઉં. મારી છાતી ઉપરથી કાર પસાર થઈ જાય તો ય મારા હાડકાને કાંઈ ન થાય. મારા જડબા ઉપર કોઈ મુક્કાબાજ ભારે પ્રહાર કરે તો ય મારું એકે ય હાડકું હાલે નહિ. આ બધાનો આધાર સ્થિર નામકર્મ છે.

સબળા સ્થિર નામકર્મના પ્રભાવે બધા અવયવો સ્થિર - મજબૂત - દૃઢ મળે છે, તો નબળા સ્થિરનામકર્મના કારણે દાંત, હાડકા વગેરે મજબૂત મળતા નથી. કોઈ સામાન્ય પ્રહાર કરે તો દાંત તુટી જાય છે. કાંઈક વાગતા કે અથડાતા હાડકા બટકાઈ જાય છે. નીચે પડી જતાં ફ્રેક્ચર થઈ જાય છે. કોઈ હાથ ખેંચે એમાં તો હાડકું ઉતરી જાય છે. કોઈને ૧૮ - ૨૦ વર્ષની ઉંમરે જ દાંત પડી જાય છે. ચોકઠું કરાવવું પડે છે. આ બધો નબળા સ્થિરનામકર્મનો પ્રભાવ છે.

પણ આપણા શરીરમાં જીભ વગેરે જે અવયવો કોમળ છે, વળે તેવા છે, લબડી શકે છે, તેવા અવયવોનું નિયમન અસ્થિરનામકર્મ કરે છે. ક્ષણ માટે જરા વિચારો કે, જીભ જો હલવાનું બંધ કરી દે કે એકદમ કડક થઈ જાય તો શું થાય ? કાન પથ્થર જેવા કઠણ થઈ જાય તો ? હોઠ વળી શકતા ન હોય તો ? આંખની પાંપણો હલી શકતી ન હોય તો ?

આવા વિચારો કરતાં ય ધ્રૂજી જવાય છે ને ? પણ ચિંતા ન કરશો. આવું નહિ બને. કારણ કે આપણું અસ્થિરનામકર્મ જોરદાર છે. આ અસ્થિર નામકર્મના પ્રભાવે જીભ પથ્થર જેવી કઠણ થતી નથી કે કાન કડક થતાં નથી. હોઠ વળી શકે છે તો આંખની પાંપણો હલી શકે છે.

આપણા શરીરમાં જે અવયવો સ્થિર રહેવા જરૂરી છે, તે અવયવો જો સ્થિર ન હોત અને જે અવયવો અસ્થિર હોવા જરૂરી છે, તે જો અસ્થિર ન હોત તો આપણું શરીર કાં તો પથ્થર જેવું એકદમ કઠણ હોત અથવા તો ઘીના લચકાં જેવું એકદમ પોચું હોત ! એવું નથી પણ જેવું જરૂરી છે, તેવું જ છે, તેમાં આ સ્થિરનામકર્મ અને અસ્થિર નામકર્મનો પ્રભાવ છે. આ કર્મોના સંતુલનના કારણે શરીરનું સૌષ્ઠવ સચવાય છે. જે અવયવો

સ્થિર રહેવા જોઈએ તે સ્થિર રહે છે. જે અવયવો નરમ રહેવા જોઈએ તે નરમ રહે છે.

શરીરના અવયવોની સ્થિરતા - અસ્થિરતા માટે આ બે કર્મો મૂળભૂત રીતે જવાબદાર છે. બહારના નિમિત્તો પણ તેમાં પોતાની રીતે ભાગ ભજવે છે, પણ મુખ્ય કારણ તો આ કર્મો છે.

કોઈ માણસ ગુસ્સામાં આવીને મુક્કો મારે તો દાંત પડી જાય છે. દાંતમાં રોગ થતાં, તે હલવા લાગે ને છેવટે પડી પણ જાય. ટી. બી. વગેરે થતાં હાડકા ગળી પણ જાય. કોઈ પ્રહાર કરે તો હાડકું તુટી પણ જાય, કોઈ મંત્ર પ્રયોગ કરે તો આખું શરીર અકડાઈ જાય તેવું પણ બને. આવી ઘટનાઓ શરીરમાં થતી જણાય ત્યારે તે તે નિમિત્તોની ઉપર ગુસ્સો ન કરાય. આર્તધ્યાન કે રૌદ્રધ્યાન પણ ન કરવું. પણ તે નિમિત્તો પ્રત્યે ઉદાસીનતા કેળવીને તેના મૂળ કારણ કર્મોને ખતમ કરવા પ્રયત્ન કરવો જોઈએ.

**(૧૧ - ૧૨) શુભ - અશુભ નામકર્મ :** માનવ - દેવ - નારક - તિર્યંચ વગેરેનું જે શરીર તૈયાર થાય છે, તેના જુદા જુદા આંગોપાંગ તૈયાર કરવાનું કાર્ય આંગોપાંગ નામકર્મનું છે. તૈયાર થયેલા તે આંગોપાંગને તેના યથાયોગ્ય સ્થાને ગોઠવવાનું કાર્ય નિર્માણ નામકર્મનું છે; પણ મનમાં સવાલ પેદા થાય કે જુદા જુદા જીવોના કેટલાક આંગોપાંગ સુંદર લાગે છે, ગમે છે, શુભ ગણાય છે જ્યારે કેટલાક આંગોપાંગો સારા લાગતા નથી. લોકોને ગમતા નથી. તે અવયવો જોઈને અરુચિ કે જુગુપ્સા થાય છે. તેની અશુભ તરીકે ગણત્રી થાય છે; તેમાં કારણ શું હશે ?

સામાન્ય રીતે માનવના શરીરમાં નાભી (ડૂંટી) થી ઉપરનો ભાગ અને આગળનો ભાગ દુનિયામાં શુભ મનાય છે. માથું, આંખ, કાન, નાક, જીભ વગેરે અવયવો સુંદર મનાય છે. તે અવયવો આકર્ષક છે, માટે સારાં મનાય છે; એવું નથી. અહીં આકર્ષકતા કે અનાકર્ષકતાની વાત નથી પણ ગમા અને અણગમાની વાત છે. આ ગમો અને અણગમો પેદા કરવાનું કાર્ય શુભનામકર્મ અને અશુભનામકર્મ કરે છે.

એવી જ રીતે કેટલાક પશુઓના મોંઢા, સૂંઢ, શિંગડા વગેરે અવયવો આપણને જોવા જેવા લાગે છે. જ્યારે નાભીથી નીચેના અવયવો દુનિયામાં ખરાબ મનાય છે. મૂત્રાશય, મળાશય, ગર્ભાશય, પગ વગેરે અવયવો અશુભ મનાય છે. આની પાછળ અશુભનામકર્મ કારણ છે.

જો કે આમાં અપવાદ પણ હોઈ શકે છે. સામાન્ય રીતે પગ અશુભ ગણાય છે. પણ પૂજનીય પુરુષોના - મહાપુરુષોના પગને ચરણ કહેવાય છે. તેની પૂજા કરાય છે. આમ તો કોઈના પગને અડવાનું ગમે નહિ, ભૂલમાં કોઈનો પગ અડે તો ગુસ્સો આવે. 'સમજે છે શું ? તારો ટાંટીયો તોડી દઈશ.' શબ્દો દ્વારા આક્રોશ વ્યક્ત કરાય છે. છતાં

ય મહાપુરુષોનો ચરણસ્પર્શ કરવા પડાપડી થાય છે. આવી રીતે કોઈ માણસના પગ ગમે છે, સારા લાગે છે, તેમાં તેમના શુભનામકર્મનો પ્રભાવ છે.

તે જ રીતે નાભીથી ઉપરના અવયવોમાં આંખ, નાક, મોઢું, કાન વગેરે જે સુંદર લાગે છે, ગમે છે, તે જ અવયવો એક્ષીડન્ટ કે રોગ વગેરેના કારણે જ્યારે બેડોળ કે કદરુપા બની જાય ત્યારે અશુભ લાગવા માંડે છે. ગમતા નથી. જોવાનું મન પણ થતું નથી. ક્યારેક તો અરુચિ કે ગુસ્સો પેદા થાય છે. તેના તે અવયવો અશુભ લાગવામાં તે વ્યક્તિને થયેલો અશુભનામકર્મનો ઉદય કારણ બને છે.

આ દુનિયામાં એવા તો અનેકાનેક પ્રસંગો બન્યા કરે છે કે જેમાં શુભ - અશુભ નામકર્મોના વિપાકોની માહિતી ન હોવાથી અનેકોના જીવન નરક કરતાં ય બદતર બને છે. કૌટુમ્બિક જીવન છિન્નભિન્ન થઈ જાય છે. જીવન જીવવાં કરતાં મોત વધારે મીઠું લાગે છે. ક્રોધનો દાવાનળ ભભૂકી ઊઠે છે કે ધિક્કાર - તિરસ્કારની આગ વછૂટે છે. જો આ બધું ન બનવા દેવું હોય તો કર્મ વિજ્ઞાનના ગણિતને બરોબર સમજી લઈને જીવનમાં આત્મસાત્ કરવું જોઈએ.

એક શ્રીમંત પરિવારની કન્યા મધ્યમવર્ગના છોકરા ઉપર પાગલ થઈ. તેના પ્રેમમાં પડવા પાછળનું મહત્ત્વનું કારણ હતું તે છોકરાનું રુપ. તેનો મોહક ચહેરો. તેનું આંખો - નાક તથા કાન દ્વારા સુશોભિત સુંદર મુખ. તેની પાછળ તે મુગ્ધ હતી. તેનો ચહેરો અતિશય ગમવાના કારણે તેણે કુટુંબીજનોની ઉપરવટ થઈને તેની સાથે પ્રેમ - લગ્ન પણ કર્યાં.

પરંતુ તે છોકરાનો આ શુભનામકર્મનો ઉદય લાંબો ન ટક્યો. ફેક્ટરીમાં આગ લાગતાં તે દાઝી ગયો. ઉપચારો કરીને તેને બચાવી લેવામાં તો આવ્યો પણ તેનું મોઢું સાવ કદરુપું થઈ ગયું. તેનો અશુભનામકર્મનો ઉદય થયો. તેની પાછળ પાગલ બનેલી તે પત્નીએ તેને સંભળાવી દીધું, ''તારું મોઢું હવે મને જોવું પણ ગમતું નથી. હું તારી સાથે હવે રહી શકું તેમ નથી.''

જેની સાથે ઘર છોડીને પ્રેમલગ્ન કર્યાં હતા, તે પતિને છોડીને તે કાયમ માટે પોતાના ઘરે ચાલી ગઈ !

લગ્ન જીવન માટે પસંદગીનું માધ્યમ કદી પણ રુપ કે રુપીયાને ન બનાવાય. આજે સામાન્યતઃ છોકરી છોકરાના રુપીયા સામે જુએ છે તો છોકરો છોકરીના રુપની સામે જુએ છે. પસંદગીના આ માધ્યમો સાવ ખોટાં છે, કારણકે આ બંને ચીજો કર્મોને આધીન છે. લાભાન્તરાય કર્મના ક્ષયોપશમે રુપીયા મળે અને શુભનામકર્મના ઉદયે પોતાનું રુપ બીજાને સારું લાગે.

પણ આ કર્મોના ઉદયો વગેરે સદા એકસરખા રહેતા નથી. તેમાં જાતજાતના ફેરફાર થયા કરે છે. તેથી આ રુપ અને રુપીયાની પરિસ્થિતિમાં પણ ફેરફાર થતાં જ રહેવાના. પરિણામે ઈચ્છિત રુપ કે રુપીયા ચાલી જતાં તે વ્યક્તિ પ્રત્યે અણગમો થવાનો. ક્લેશ - કજીયા - કંકાસ શરુ થવાના. મીઠા સંબંધો વચ્ચે તિરાડ પડવાની. લગ્નજીવન છિન્નભિન્ન થઈ જવાનું. તેથી રુપ કે રુપીયાને માધ્યમ બનાવવાના બદલે ખાનદાની તથા સંસ્કારોને માધ્યમ બનાવવું ઉચિત જણાય છે. ઊંચી ખાનદાની અને સારા સંસ્કારોવાળી વ્યક્તિઓનો સંયોગ પ્રસન્નતાભર્યું જીવન બક્ષવામાં સહાયક બની શકે છે.

પશુ અને પક્ષીઓ બાબતમાં પણ તેમનો શુભ - અશુભ નામકર્મનો ઉદય ક્યારેક ઘણી ઉથલપાથલ મચાવતો હોય છે. શુભનામકર્મનો ઉદય ચાલતો હોય ત્યારે હાથી - ઘોડો, પોપટ, ગાય વગેરે આપણને જોવા જેવા લાગે. ગમવા લાગે. સરકસમાં ટોળેટોળા ઉમટે. પણ જ્યારે તેમનો અશુભનામકર્મનો ઉદય થાય ત્યારે તે જ હાથી - ઘોડા - ગાય દીઠાં પણ ન ગમે સુંદર મરોડદાર શિંગડું ગુમાવી બેઠેલી ગાયને પાંજરાપોળમાં મૂકવા જવાનું મન થઈ જાય !

શુભ - અશુભ કર્મના ઉદયે શરીરના અવયવો શુભ કે અશુભ લાગે છે. આમ જોઈએ તો આત્માને આની સાથે કાંઈ લેવા દેવા નથી ! પણ જ્યાં સુધી આત્મા શરીરમાં છે, ત્યાં સુધી અવયવોનું શુભ - અશુભપણું આત્મામાં પણ આરોપાઈ જાય છે. તેના કારણે તે વ્યક્તિ પ્રત્યે ગમો કે અણગમો થયા કરે છે. આમ, કર્મોના કારણે આત્માએ ઘણીવાર સહવું પડે છે. 'જમવામાં જગલો ને કુટાવામાં ભગલો' જેવી હાલત થાય છે. કર્મોના વાંકે સજા આત્માને ભોગવવી પડે છે. આ પરિસ્થિતિમાંથી મુક્ત થવા આત્માએ કર્મોને ખતમ કરવાનો પુરુષાર્થ સક્રિયપણે કરવો જોઈએ.

**(૧૩ - ૧૪) સુભગ - દુર્ભગ નામકર્મ :** આપણે આપણી આસપાસ જોઈએ તો લાગે છે કે કેટલાક માણસો પરોપકારના અનેક કાર્યો કરતા હોય છે. સારા કામો પાછળ પોતાના તન - મન - ધન - જીવનનો પુષ્કળ ભોગ આપતા હોય છે. લોકો માટે મરી ફીટતા હોય છે. છતાં તેઓ લોકપ્રિય બની શકતા નથી. અરે ! ક્યારેક તો અપ્રિય કે અળખામણાં બને છે. એ જ રીતે કેટલાક માણસો કોઈ પણ પ્રકારનો પરોપકાર કરતા ન હોય, જરા ય ઘસાતા ન હોય, કોઈ સારા કાર્યો કરતા ન હોય છતાં ય લોકોને ખૂબ પ્રિય બનતા હોય છે, સારી લોકપ્રિયતા મેળવતા હોય છે. આની પાછળ દુર્ભગ નામકર્મ અને સુભગ નામકર્મ કારણ છે.

આ નામકર્મોના પરિણામોની વાસ્તવિક જાણ ન હોવાથી સમાજમાં - દેશમાં

ધર્મસ્થાનમાં અનેક વિપરીત - પરિસ્થિતિઓ પેદા થાય છે. પરોપકાર કરવા છતાં ય, બીજા ખાતર ઘસાવા છતાં ય, પુષ્કળ ભોગ આપવા છતાં ય જ્યારે દુર્ભગ નામકર્મના ઉદયે લોકપ્રિયતા મળતી નથી, બલ્કે લોકો નિંદા કરે છે, કટાક્ષ કરે છે, ખોટા આક્ષેપો કરે છે, ત્યારે પરોપકાર કરનારી વ્યક્તિ નિરાશામાં ડૂબી જાય છે, પરોપકારની પરબ બંધ કરી દે છે. સારા કાર્યો કરતી અટકી જાય છે. પણ આ ઉચિત નથી. દુર્ભગનામકર્મનો ઉદય દૂર થતાં પરિસ્થિતિ આખી પલટાઈ જશે. પણ તેથી કાંઈ આજે બધું બંધ કરી દેવાની જરુર નથી.

તે જ રીતે પરોપકાર કર્યા વિના, સારા કાર્યો આચર્યા વિના, કોઈ જાતનો ભોગ આપ્યા વિના (સુભગ નામકર્મના પ્રભાવે જ્યારે) લોકપ્રિય બની જવાય છે, ત્યારે તે માણસ ખોટા કામ કરવા પ્રોત્સાહિત થાય છે. તેનું જીવન ખોટા માર્ગે જવા લાગે છે. તે અહંકારમાં ચકચૂર બનતો હોય છે. આ પણ ઉચિત નથી.

દુર્ભગ નામકર્મના ઉદયે માણસ બીજાને પ્રિય નથી લાગતો. એ ઘરે કે દુકાને વગર બોલાયે આવી જાય તો કોઈને ગમતું નથી. એને આદર મળતો નથી. કોઈનો પ્રેમ, હુંફ, કે પોતાનાપણાની લાગણી તેને મળતી નથી. બધે અપ્રિયતા મળવાના કારણે આવા દુર્ભગ નામકર્મના ઉદયવાળા લોકો ભેગા થાય ત્યારે પોતાના મનનું દુઃખ વ્યક્ત કરતા હોય છે.

કોઈ કહે છે કે, ''ઘરમાં અમે ગમે તેટલાં કામો કરીએ છતાં કોઈ કદર જ નથી. ધન્યવાદના બે શબ્દો પણ કોઈ બોલતું નથી.'' કોઈ કહે છે કે, ''સમાજના કોઈ કામ કરવાની જરુર જ નથી. સંઘ કે સમાજના ગમે તેટલા કામો કરો, કોઈને તેની કોઈ કિંમત જ નથી. જ્યાં કદર ન હોય ત્યાં કામ કરવાનું શું પ્રયોજન છે ?''

કોઈ કહે છે કે, 'જાતે ઘસાઈને, આટ - આટલા કામો લોકોના કરું છું, છતાં કોઈ મારી સાથે મલકાઈને વાત કરવા પણ રાજી નથી, અરે ! કોઈ મને આવકારવા પણ તૈયાર નથી તો આપણે શું ભાંગ પીધી છે કે સ્વાર્થ છોડીને બધાના કામ કરવા ? મૂકો પંચાત. હવે તો કોઈનું કાંઈ જ કરવું નથી. ઘર સંભાળીને બેસી રહીએ તો ય ઘણું.'

દુર્ભગ નામકર્મ કહે છે કે, ''તમે સારા કાર્યો કરો કે ખરાબ કાર્યો કરો, દુર્ભાગ્યના વાદળો ઘેરાયેલાં જ રહેશે. તમે બધે અપ્રિય બન્યા જ કરશો પણ તેથી તમારે સારા કાર્યો કરવાના છોડી દેવાની જરુર નથી. બીજા પ્રત્યે અણગમો કે તિરસ્કાર કરવાની પણ જરુર નથી.

તમારા કરાતાં સારા કાર્યો તમને નવું પુણ્ય બંધાવી જ રહ્યા છે. તેના ઉદયે તમને સારો લાભ મળવાનો જ છે. કોઈ ન આવકારે તેથી દુઃખી કે નારાજ થવાની જરુર

નથી. પોતાના દુર્ભગ નામકર્મને નજરમાં લાવીને સમતા કેળવવાની છે. રાગ - દ્વેષ ન થઈ જાય તે માટે સાવધ રહેવાનું છે. નહિ તો રાગ - દ્વેષ કરીને નવા ઢગલાબંધ ચીકણા કર્મો બંધાવા લાગશે.

પોતાના દુર્ભગ નામકર્મના ઉદયને નજરમાં નહિ લાવનાર વ્યક્તિ, જેની પાસેથી આદર - માન - સન્માનની અપેક્ષા રાખતી હશે અને જ્યારે તે નહિ મળે ત્યારે તેનું મન પેલી વ્યક્તિ માટે દ્વેષ - તિરસ્કારથી ઉભરાઈ જશે. 'મેં આટલા સારા કાર્યો કર્યા છતાં ય એણે ખુશ થઈને મને ધન્યવાદના બે મીઠા શબ્દો પણ કહ્યા નહિ અને પેલા ભાઈ આવ્યા... જીવનમાં તેણે સમ ખાવા જેટલું ય સારું કામ કર્યું નથી તો ય એને પ્રેમથી આવકાર આપ્યો, વાતો કરી, મારી તો સામે ય જોયું નહિ ! મેં એના કેટલા કામો કરી આપ્યા છે. પણ હવે બસ ! હું પણ એનું મોઢું નહિ જોઉં' વગેરે...

પણ જો તે વ્યક્તિ કર્મવિજ્ઞાનને સમજી હશે તો આવા ફાલતુ રાગ - દ્વેષથી અટકી જશે. એના વિચારો તો આ બધાની પાછળ કામ કરતાં કર્મને શોધવા માટેના હશે. મેં આવું દુર્ભગ નામકર્મ કેવી રીતે બાંધ્યું હશે ? હવે હું જાણે કે અજાણે તેવી પ્રવૃત્તિ નહિ કરું કે જેથી નવું દુર્ભગ નામકર્મ બંધાય.

માનવજીવનની સફળતા રાગ - દ્વેષથી બચીને જીવવામાં છે. તત્ત્વજ્ઞાન કે કર્મવિજ્ઞાન જાણીને આ જ કાર્ય કરવાનું છે. સમ્યગ્ જ્ઞાનને જીવનમાં ઉતારવાથી જ રાગ - દ્વેષ કાબૂમાં આવી શકે છે.

સુભગ નામકર્મનો ઉદય જેને હશે તે વ્યક્તિ રસ્તા ઉપરથી પસાર થતો હશે તો ય બાજુની દુકાનવાળા તેને માનથી બોલાવશે. પ્રેમથી તેડાવશે. તેની હાજરીમાત્રથી આનંદિત બની જશે; પણ આ સુભગનામકર્મનો ઉદય પામેલો તત્ત્વજ્ઞાની આત્મા વિચારશે કે, 'મેં તેનું કાંઈ નથી કર્યું છતાં ય તે મને આટલું બધું સન્માન આપે છે, તેમાં મારું સુભગનામકર્મ કારણ છે. પણ મારે સાવધ રહેવું જોઈએ. જ્યારે આ કર્મ પૂરું થશે ત્યારે આજે આદર આપનારા મને અપમાનિત કરવા લાગશે. આજે મીઠી વાતો કરનારા મોઢું સંતાડવા લાગશે. છડી પોકારનારા છરી લઈને સામે થશે. ત્યારે મારે આઘાત લાગવા દેવો ન હોય તો આજે મળતાં આ માન - સન્માનમાં છકી જવા જેવું નથી. વધુને વધુ નમ્ર બનવાની જરુર છે.'

જે માણસ કર્મના આવા સિદ્ધાન્તોને સમજ્યો હશે તેના જ ચિંતનની ક્ષિતિજો ઉપર આવો દીવડો પ્રગટી શકે. પણ જેણે કર્મના સિદ્ધાન્તો માત્ર વાંચ્યા કે જાણ્યા જ હશે, શબ્દોનો વેપારી કે પુસ્તકનો પંડિત બન્યો હશે, તે આવા સુંદર ચિંતનોના દીવડાઓ પ્રગટાવી નહિ શકે. તે આ કર્મવિજ્ઞાનના પદાર્થો વડે જીવનમાં સમાધિ અને પ્રસન્નતા

મેળવી નહિ શકે. જેનામાં આત્મજ્ઞાનનો અરુણોદય થયો હશે, આત્મ જાગૃતિના અજવાળા રેલાયા હશે, આત્મતત્ત્વ તરફ જેની દૃષ્ટિ પહોંચી હશે, જડ પદાર્થો પ્રત્યે વૈરાગી બન્યો હશે તે જ આવા સુંદર વિચારોનું વાવેતર પોતાની ચિત્તભૂમિમાં કરી શકશે. તે માટે જ આ ઘેર બેઠાં તત્ત્વજ્ઞાન માસિક લખાઈને બહાર પડે છે.

જો ઘર - ઘરમાં આ તત્ત્વજ્ઞાન પહોંચવા લાગે, આ શાસ્ત્રીય પદાર્થો વ્યક્તિ વ્યક્તિને સમજાવા લાગે, જો તમામ સ્ત્રીઓ પણ આ સમજણ મેળવી લે તો ઘર ઘરમાં સર્જાતા અનેક ક્લેશ - કજીયા - કંકાસ દૂર થઈ જાય. પ્રત્યેક ઘરમાં સ્વર્ગ ઉતરવા લાગે.

સામાન્ય રીતે સ્ત્રીઓના મન ઘણાં લાગણીશીલ હોય છે. ક્યારેક આળાં હોય છે. ભાવુક હોય છે. વધુ પડતાં સ્વકેન્દ્રિત હોય છે.

કોઈના ઉપર ઉપકાર કર્યો હોય, કોઈને નબળા સમયમાં મદદ કરી હોય, પછી એના ઘરે ગયા... અને ત્યાં અપેક્ષા પ્રમાણે આદર - માન - સન્માન તો ન મળ્યા પણ ઉપેક્ષા મળી તો ત્યાંથી પાછા આવ્યા પછી પોતાના સ્વજનોની પાસે તેની નિંદા - બૂરાઈ - બદબોઈ ચાલુ થઈ જશે. ભારોભાર કટુતાની લાગણી વ્યક્ત કરશે. પોતાના પતિ પાસે, છોકરાઓ પાસે, પુત્રવધુઓ પાસે પોતાની અપમાનિત લાગણી રજૂ કરશે. ક્યારેક તો મહીનાઓ સુધી આ પ્રકરણ ચાલુ રાખશે. એમાંથી તીવ્ર દ્વેષની ગાંઠો બંધાય છે. વૈરની પરંપરાઓ ચાલે છે.

આવા અનર્થોથી બચવા કર્મ સિદ્ધાન્તોનું અધ્યયન ઘણું ઉપયોગી નીવડે છે. રોજ બનતી જુદી જુદી ઘટનાઓ પાછળ કોઈને કોઈ કર્મ પ્રેરકબળ તરીકે કામ કરતું જ હોય છે. તેની જાણકારી જો આવા તત્ત્વજ્ઞાન માસિકો વગેરે દ્વારા બરોબર મેળવી લેવાય તો ઘણું કામ થઈ જાય.

ના, માત્ર વાંચી જવાથી નહિ ચાલે. વારંવાર વાંચવું પડશે. તેની ઉપર ચિંતન - મંથન કરવું પડશે. તેમ કરવાથી ઘણો બોધ મળશે. જે સારી - નરસી ઘટનાઓમાં પણ મસ્તીથી જીવતા શીખવશે. હાય - વોય કરતાં અટકાવશે. રાગ - દ્વેષમાંથી મુક્તિ આપશે. પ્રસન્ન જીવનના સ્વામી બનાવશે.

માત્ર તમે જ પ્રસન્ન જીવનના સ્વામી બનો તે ન ચાલે. આજુબાજુના સગા - સંબંધી - સ્નેહીજનોને પણ પ્રસન્ન જીવનના સ્વામી બનાવવા આવા તત્ત્વજ્ઞાનમાસિકો તેમના સુધી પણ પહોંચાડવા જોઈએ. તેમની સાથે પણ કર્મસિદ્ધાન્તોની વિચારણાઓ કરીને તે તે પદાર્થોને જીવનમાં આત્મસાત્ કરવા જોઈએ.

**(૧૫ - ૧૬) સુસ્વર - દુસ્વર નામકર્મ :** આપણે આ વિશ્વમાં જોઈએ છીએ કે સાવ બેડોળ શરીર હોવા છતાં, વિશિષ્ટ પ્રકારનું રુપ ન હોવા છતાં ય તેનો અવાજ

મીઠો, હલકદાર, શ્રુતિમધૂર હોવાથી તે લોકોમાં પ્રિય બની જાય છે. તેને સાંભળવા હજારો લોકો દૂર દૂરથી આવે છે, તેના કંઠે ગવાતા ગીતોના શ્રવણને પોતાના જીવનનું મધૂર સંભારણું ગણે છે. તેવી વ્યક્તિ સફળતાના શિખરો ઉપર વરસો સુધી રહે છે. તેની સામે આ વિશ્વમાં એવા પણ કેટલાક કલાકારો છે કે જેમની પાસે સુંદર કળા, વિશિષ્ટ જ્ઞાન, સુંદર રુપ, આકર્ષક આકૃતિ વગેરે હોવા છતાં ય અવાજમાં મધૂરતા ન હોવાના કારણે તેઓ સફળતાની તળેટીએ પણ માંડ માંડ પહોંચી શકે છે. કેટલાક તો પોતાના કર્કશ અને ઘોઘરાં અવાજના કારણે અપ્રિય બનતાં હોય છે.

આમ, આપણા જીવન વ્યવહારમાં અવાજ ખૂબ મહત્ત્વનું ફેક્ટર છે. મધુર - મનોરમ અવાજનો ખૂબ પ્રભાવ હોય છે. તે લોકપ્રિયતા અપાવે છે. જ્યારે કઠોર - કર્કશ, બરછટ કે ઘોઘરો અવાજ અપ્રિય બનાવે છે. પણ જીવાત્મા પોતે જે કર્મ લઈને આવે છે, તે પ્રમાણે જ તેને અવાજ મળે છે.

દુસ્વર નામકર્મનો ઉદય લઈને આવનાર જીવાત્માનો અવાજ બીજાને અપ્રિય જ લાગશે તો સુસ્વર નામકર્મનો ઉદય ધરાવનારાનો અવાજ બીજાને ખૂબ ગમશે.

આ તો કર્મોનો ખેલ છે. તેથી અપ્રિય અવાજ સાંભળીને આપણે ખિન્ન થવાનું નથી કે તેવા અવાજવાળી વ્યક્તિ ઉપર અણગમો નથી કેળવવાનો તે જ રીતે મધુર સ્વરવાળાને સાંભળતા ઉછળી નથી જવાનું કે નથી બહુ રાજી થવાનું; તેના કારણે રાગ - દ્વેષ નથી કરવાના.

સુસ્વર નામકર્મનો ઉદય હોય તો તેનો સ્વર બધાને મધુર લાગે. સાંભળવો ગમે. વારંવાર સાંભળવાનું મન થાય. તે બોલે તો દોડીને તેની પાસે સાંભળવા જવાનું મન થાય. તે સતત બોલ્યા જ કરે, બોલ્યા જ કરે તો સારું, એવું મનમાં થયા કરે. અરે ! સુસ્વરનામકર્મવાળી વ્યક્તિનો અવાજ હકીકતમાં કદાચ ઘોઘરો કે કર્કશ હોય તો પણ સાંભળવો ગમે, આનંદ આવે.

તેનાથી ઉલ્ટું, જો દુસ્વર નામકર્મનો ઉદય હોય તો તે વ્યક્તિનો અવાજ સાંભળવો ગમે જ નહિ. ખૂબ અપ્રિય લાગે. હવે આ બંધ કરે તો સારું, અહીંથી જાય તો સારું, તેવું આસપાસના લોકોને લાગ્યા કરે. તે વ્યક્તિ પોતાના હિતની વાત કરતી હોય તો ય તેના કર્કશ અવાજના કારણે સાંભળવી ગમે નહિ. અરે ! ક્યારેક તો સ્વાભાવિક અવાજ સારો હોય તો ય જો આ દુસ્વર નામકર્મનો ઉદય થાય તો તેવો સારો અવાજ પણ સામેવાળાને સાંભળવો ગમે નહિ, અપ્રિય લાગે.

એક છોકરાની વારંવારની ફરિયાદ એ હતી કે, ''હું બોલું છું તો ઘરમાં કેમ કોઈને ગમતું નથી ! બધાના મોંઢા કેમ ચડી જાય છે ?'' હકીકતમાં તે છોકરાનો અવાજ

જ દુસ્વર નામકર્મના ઉદયે એવો કર્કશ હતો કે સાંભળનારને અપ્રિય જ લાગે.

મહાવિદ્વાનો અને પ્રવચનકારો પણ આ દુસ્વરનામકર્મના ઉદયે કર્કશ અવાજ પામવાના કારણે પોતાની વિદ્વતાનો લાભ સમાજને પૂરો આપી શકતા નથી; કારણકે તેમના અવાજની કર્કશતા કે બરછટતાના કારણે લોકો તેમના વિદ્વત્તાપૂર્ણ પ્રવચનને સાંભળવા જતા નથી.

પણ, ના, આ ઉચિત નથી. જ્યારે આપણને બીજાનો અવાજ ઘોઘરો, કર્કશ કે અપ્રિય લાગે ત્યારે આપણે તેની પાછળના તેમના દુસ્વરનામકર્મને નજરમાં લાવીને તેમના પ્રત્યે દુર્ભાવ ન કરવો. અણગમો ન કરવો. બીજા દુર્ભાવ કે અણગમો કરતા હોય તો તેમને સમજાવવું. તેવી વ્યક્તિની વિદ્વતાપૂર્ણ કે ઉપયોગી વાત અવશ્ય સાંભળવી. અપ્રિય અવાજના દસ માઈનસ ગણીને બાકીના ૯૦ પ્લસનો લાભ લેવો ચૂકવો નહિ..નહિ તો નુકસાન આપણને જ છે.

તે જ રીતે જો પોતાને જ દુસ્વર નામકર્મનો ઉદય હોવાના કારણે ઘોઘરો - અપ્રિય અવાજ મળ્યો હોય તો દીન નહિ બનવું. દુઃખી ન થવું. કર્મના વિપાકોને નજરમાં રાખીને પ્રસન્ન રહેવું.

પણ પોતાને જો સુસ્વર નામકર્મના ઉદયે પ્રિય - મધુર અવાજ મળ્યો હોય તો અહંકાર ન કરવો. છાકટા થઈને ન ફરવું. બીજાના કર્કશ અવાજને નિંદવો નહિ કે પોતાની છટાનો કેફ ન કરવો. સુસ્વર નામકર્મના કારણે બીજાને મળેલા મધુર - પ્રિય અવાજની ઈર્ષ્યા ન કરવી. ટૂંકમાં તમામ સ્થિતિમાં સ્વ - પરની પ્રસન્નતા વધે, દુર્ભાવ મટે, સંબંધો મીઠા બને, રાગ - દ્વેષ દૂર થાય તેવા પ્રયત્નો કરવા તે આ કર્મવિજ્ઞાન સમજ્યાનું ફળ બનવું જોઈએ.


**તમારા ઘરે તથા તમારા સગા - સંબંધી - સ્નેહીજનોના ઘરે**

# ઘેર બેઠાં તત્ત્વજ્ઞાન

**(માસિક)**

**બધા સભ્યો દ્વારા વંચાવું હોવું જોઈએ.**

**શું તમે હજુ ઘેર બેઠાં તત્ત્વજ્ઞાનના સભ્ય નથી બન્યા ? છેલ્લા દસ વર્ષથી દર મહીનાની ૧૬મી તારીખે ઘેર બેઠાં તત્ત્વજ્ઞાનનો અંક પોસ્ટથી મોકલાય છે, જેમાં જૈન ધર્મના વિવિધ વિષયોનું જ્ઞાન સાવ સરળ ભાષામાં પ્રગટ કરાય છે. આજે જ ત્રિવાર્ષિક રૂા. ૨૦૦ ભરીને તેના ગ્રાહક બનો, બનાવો.**

# (૧૫) બધા મારું માને શી રીતે ?

**(૧૭ - ૧૮) આદેય - અનાદેય નામકર્મ :**

સામાન્ય રીતે દુનિયાની દરેક વ્યક્તિના મનમાં પડેલી આ ઈચ્છા છે કે 'મારી વાત બીજાએ માનવી જ જોઈએ.' માતા - પિતા ઈચ્છે છે કે, ''અમારા સંતાનો નાના છે. અમે ઘણી દિવાળી જોઈ છે. અમારી પાસે અનુભવજ્ઞાનનો જથ્થો છે. દીકરાઓને પોતાનું હિત ન સમજાય. માટે દીકરાઓએ તો અમારી વાત માનવી જ જોઈએ." આવી ઈચ્છા ધરાવનારા માતા - પિતાઓ જ્યારે દીકરાઓ તેમની વાત ન માને ત્યારે દુઃખી થાય છે. આઘાત પામે છે.

દીકરાઓ માને છે કે, ''અમારા માતા - પિતાએ અમારી વાત સાંભળવી તો જોઈએ જ. અમારી વાત સાંભળે જ નહિ, વિચારે જ નહિ તે કેમ ચાલે ? તેઓ તો અમારી વાત ગણકારતા જ નથી. જો સાંભળે તો તેમણે અમારી વાત ચોક્કસ માનવી જ પડે. પણ માતા - પિતા તો અમારી વાત સાંભળતા નથી કે માનતા ય નથી." જ્યારે આવું બને છે ત્યારે પોતાની ઈચ્છા પૂરી ન થવાથી તે દીકરાઓ વ્યથિત થઈ જાય છે.

પત્નીને એમ લાગે છે કે, ''મારા પતિએ મારી કેટલીક વાત તો સ્વીકારવી જ જોઈએ ને ! હું તેમની કેટલી બધી વાતો માનું છું. શું તેઓ મારી બે - ચાર વાત પણ ન માને ?" તેથી જ્યારે કોઈ પતિ પોતાની પત્નીની વાત પ્રત્યે બેદરકારી કે લાપરવાહી બતાડે ત્યારે તે પત્ની રીસાઈ જાય છે. તેને ઓછું આવી જાય છે. ક્યારેક આ કારણે તે પીયર ચાલી જાય છે કે તેમના ઘરે છૂટાછેડાની નોબત વાગે છે !

મોટોભાઈ નાનાભાઈ પાસે એવી અપેક્ષા રાખતો હોય છે કે, ''નાનાભાઈએ પોતાની વાત માનવી જ જોઈએ." પણ નાનોભાઈ જો તેની વાતની ઉપેક્ષા કરે તો મોટાભાઈનું મન ખાટું થઈ જાય છે. મનમાં ને મનમાં તે દૂભાય છે.

તે જ રીતે નાનોભાઈ ઈચ્છે છે કે, ''મોટાભાઈએ મારી ઈચ્છાઓને પણ ધ્યાનમાં લેવી જ જોઈએ. મારી અપેક્ષાઓ સંતોષવી જોઈએ." પણ જ્યારે તેમ થતું નથી ત્યારે તેનું મન બળવો કરવા પ્રેરાય છે.

ગુરુ ઈચ્છે છે કે, ''શિષ્યે સદા તેમને સમર્પિત જ રહેવું જોઈએ. તેમનો પડ્યો બોલ તેણે ઝીલવો જોઈએ. કાંઈપણ વિચાર્યા વિના તેનો અમલ જ કરવો જોઈએ. તેમના વિચારો પ્રમાણે જ શિષ્યે જીવન જીવવું જોઈએ." પણ જ્યારે શિષ્ય તે પ્રમાણે નથી કરતો, તેમના વચનની અવગણના કરે છે ત્યારે ગુરુ નિરાશ થાય છે. ક્યારેક

ક્રોધી બને છે. શિષ્યો ઉપર તુટી પડે છે !

તે જ રીતે શિષ્યો એમ માને છે કે, ''અમારે ગુરુદેવનું બધું જ માનવાનું, તે વાત તો બરોબર, પણ ક્યારેક ગુરુદેવે પણ અમારી વાત સાંભળવી તો જોઈએ ને ? ક્યારેક અમારી કોઈ ઈચ્છા પૂરી ન કરવી જોઈએ ?'' અને જ્યારે શિષ્યની તેવી કોઈ વાત ગુરુદેવ સ્વીકારતા નથી ત્યારે શિષ્યો તેમની ઉપર નારાજ થઈ જાય છે. ઉદ્વિગ્ન બની જાય છે. તેનો રસ ઊડી જાય છે.

''અમારી વાત લોકો તો જ માનશે કે જો અમારું આદેય નામકર્મ ઉદયમાં હશે. જો તેઓ અમારી વાત નથી માનતા તો નક્કી અમારું અનાદેય નામકર્મ ઉદયમાં છે. તેમનો કોઈ જ વાંક નથી.'' આટલી વાત જો ઉપરના લોકો સમજી જશે તો તેમના મનનું સંપૂર્ણ સમાધાન થઈ જશે. તેમની પ્રસન્નતા જળવાઈ જશે. તેમણે દુઃખી, બેચેન, નિરાશ, હતાશ કે ઉદ્વિગ્ન બનવાની જરુર નહિ રહે.

જો આપણો આદેય નામકર્મનો ઉદય હોય તો આપણી નકામી વાત, સામેનાનું અહિત થાય તેવી પણ વાત સામેવાળો પ્રસન્નતાથી સ્વીકારવા તૈયાર થઈ જાય છે. પણ જો આપણું અનાદેય નામકર્મ ઉદયમાં હોય તો આપણે સામેવાળાની હિતની વાત કરીએ, તેને લાભ થાય તેવું કહીએ, મોટા નુકસાનમાંથી બચાવનારી વાત કરીએ તો પણ તે વ્યક્તિ આપણી તે વાત સ્વીકારવા તૈયાર થાય નહિ.

આદેય નામકર્મના ઉદયવાળો જે કાંઈ ખરું - ખોટું, સાચું - જૂઠું કહે છે તે બધા લોકો માની લે છે, તેનું વચન બહુમાનનીય બને છે, સદૈવ માન્ય રહે છે. જ્યારે અનાદેય નામકર્મના ઉદયવાળી વ્યક્તિ સાચી હિતકારી તર્કબદ્ધ વાત સુંદર રીતે રજૂ કરે તો પણ લોકો તેની તે વાત ઉપર ધ્યાન આપતા નથી. માન્ય કરતા નથી. તેને સત્કારતા નથી. આવા વખતે ગુસ્સો કરવાની જરુર નથી. ઉદ્વિગ્ન બનવું નહિ. સ્વયં અશાંત થવું નહિ. પણ પોતાનું અનાદેય નામકર્મ નજરમાં લાવીને મનનું સમાધાન કરી લેવું જરુરી છે.

કેટલાક સવાલ કરે છે કે અમારા આશ્રિતો જો અમારી વાતો ન માને તો અનુશાસન શી રીતે ચાલે ? મર્યાદાઓ તુટે. આમન્યા ન જળવાય. તેથી અમારા આશ્રિતોએ અમારું વચન માનવું જ જોઈએ. તે લોકોને એમ જણાવવાનું મન થાય છે કે જેમનું આદેયનામકર્મ ઉદયમાં હોય તેમણે જ અનુશાસન કરવાની જવાબદારી નિભાવવી જોઈએ. જેમને લાગતું હોય કે મારો અનાદેય નામકર્મનો ઉદય ચાલે છે, તેમણે સમજીને જ તે જવાબદારી બીજા આદેય નામકર્મવાળાને સોંપીને પોતે નિવૃત્ત થઈ જવું જોઈએ.

બાકી અનાદેય નામકર્મનો ઉદય હોવા છતાં પ જે લોકો અનુશાસન કરવાનો

પ્રયત્ન કરે છે, તેમને તેમાં સફળતા તો મળતી નથી પણ સામેવાળી વ્યક્તિઓ તેમનું અનુશાસન ન સ્વીકારવાના કારણે ક્યારેક આઘાત લાગે છે. દુઃખી અને નિરાશ બનાય છે. ક્યારેક તો કોઈ આપઘાત સુધી પહોંચી જાય છે. નહિ તો રિબાતા રિબાતા પોતાનું જીવન પૂરું કરે છે.

જ્યારે માણસ પાસે સાંસારિક બધી સામગ્રીઓ હોય, દુન્યવી સુખોના ઢગલાં હોય, સમાજમાં સારો મોભો હોય, બહાર નામ સારું હોય ત્યારે જો તેનો પરિવાર આજ્ઞાંકિત ન હોય (જો તેનું આદેય નામકર્મ પ્રબળ ન હોય કે અનાદેય નામકર્મ ઉદયમાં હોય તો આવું બને. મોટાભાગે સંસારમાં ઘર - ઘરમાં આવી જ સ્થિતિ હોય છે.) ત્યારે તે વડિલ અશાંત બની જાય છે. બેચેની, અકળામણ અને અજંપો તેમને ઘેરી વળે છે. સતત અતડાપણું લાગે છે. ઘરમાં બધાની વચ્ચે હોવા છતાં ય તેને અતડાપણાની - અટુલાપણાની - એકલાપણાની લાગણી થાય છે. તેમાં ય યુવાન દીકરા - દીકરીઓ જ્યારે આજ્ઞામાં નથી રહેતા, સામે બોલે છે, તેમની વાતોને તોડી દે છે, અધવચ્ચે કાપી દે છે કે સામે ઘૂરકીયા કરે છે ત્યારે તે વડિલો આકરી ચિંતામાં શેકાવા લાગે છે. મનમાં ને મનમાં પીડાય છે.

આવી વ્યક્તિઓ ફરિયાદ કરતી હોય છે કે બજારમાં મારી મોટી શાખ છે. મારી વાત બધા સાંભળે છે, માને છે, સ્વીકારે છે અને મને માન આપે છે. જ્યારે મારા ઘરમાં - પરિવારમાં તો મારું કોઈ માનતું જ નથી. કોઈ મારી વાત સાંભળતું જ નથી. મારી વાતની ઉપેક્ષા કરે છે. જાણે ઘરમાં હું છું જ નહિ તેવું વર્તન કરે છે. મારું ઔચિત્ય પણ સાચવતા નથી મને આનું ઘણું દુઃખ છે.

હકીકત એવી છે કે જો આદેય નામકર્મ ઉદયમાં હોય તો આપણી ખોટી, અહિતકારી, નુકશાનકારક વાત પણ સામેની વ્યક્તિ પ્રેમથી સ્વીકારે. આદરથી માને. પરંતુ જો આપણું અનાદેય નામકર્મ ઉદયમાં હોય તો આપણે સામેનાનું કલ્યાણ થાય તેવી સારી વાત કરીએ તો પણ તે વ્યક્તિ તે વાતને આદરથી સ્વીકારે નહિ. આ વાસ્તવિકતાને કદી ભૂલવી નહિ.

તેથી જો આપણો અનાદેય નામકર્મનો ઉદય હોય તો 'બધા લોકો આપણી વાત માને જ' તેવો આપણે આગ્રહ રાખવો જોઈએ નહિ. મારી પત્ની, મારી માતા, મારા પિતા, મારા દીકરા વગેરેએ હું કહું તેમ કરવું જ જોઈએ તેવી ઈચ્છા કદી ન રાખવી. આવી ઈચ્છા રાખનારાના નશીબમાં પ્રાયઃ દુઃખ સિવાય બીજું કાંઈ જ આવતું નથી.

યાદ રહે કે ઈચ્છા જ સર્વ દુઃખોનું મૂળ છે. જો આપણા મનમાંથી ઉપરની ઈચ્છા, આગ્રહ દૂર થઈ જાય તો ખૂબ જ શાંતિ અને સમાધિ પ્રાપ્ત થયા વિના ન રહે. કોઈ

અપેક્ષા જ ન રાખીએ તો દુ:ખ ક્યાંથી આવે? સામાન્ય રીતે આપણી અપેક્ષાઓ બહારના કરતાં ઘરવાળાઓ પાસે વધારે રહે છે. દૂરના કરતાં નજીકના પાસે વધારે રહે છે. સંબંધીઓ કરતાં સ્વજનો પાસે અને પાડોશીઓ કરતાં આશ્રિતો પાસે વધારે રહે છે. અને અનાદેય નામકર્મનો ઉદય હોવાથી તે અપેક્ષાઓ ન સંતોષવાથી સંબંધોમાં તિરાડો પડે છે. મનદુ:ખો થાય છે. ક્યારેક નિરાશા તથા હતાશા આવે છે આપઘાત કરવા સુધીના વિચારો આવે છે.

તેથી હવે નક્કી કરવું કે બહારના કે દૂરના પાસે તો અપેક્ષા નથી રાખવી પણ ઘરના કે નજીકના પાસે પણ કોઈ અપેક્ષા નથી રાખવી. કોઈની પણ પાસે કોઈ જ અપેક્ષા મારે રાખવી નથી... કદાચ રાખવી પડશે તો પણ ઓછામાં ઓછી અપેક્ષા રાખીશ.

બહારનાવાળાઓ કરતાં ઘરનાવાળાઓ પાસે રાખેલી અપેક્ષાઓ જ્યારે પૂરી ન થાય ત્યારે સામાન્ય રીતે વધારે આઘાત લાગે છે. તે આઘાત અસહ્ય હોય છે. તેથી બહારના પાસે કદાચ અપેક્ષા રાખીએ તો પણ ઘરના કે નજીકના પાસે તો સાવ અપેક્ષા ન રાખવી, જેથી તેવો અસહ્ય આઘાત લાગવાનો પ્રસંગ જ ન આવે. અનાદેય નામકર્મના ઉદયમાં પણ સ્વસ્થ, નિરાકુલ અને પ્રસન્ન રહી શકાય.

વળી, જે થોડી ઘણી અપેક્ષાઓ રાખી છે, તે ન પૂરી થાય ત્યારે ય 'મારું કોઈ માનતું નથી, હું શું કરું? મારું તો લોકોને કાંઈ જ મહત્ત્વ જ નથી,' વગેરે વિચારોથી દીન નહિ બનવાનું. પોતાનું અનાદેય નામકર્મ નજરમાં લાવીને સ્વસ્થતા ધારણ કરવાની.

'મારું કોઈ નહિ માને તો પણ ચાલશે... મારો આત્મા જિનવચનને માન્યા કરે... એનું પાલન કરે... બસ! એનાથી વધારે શું જોઈએ? હું એકલો આવ્યો છું... એકલો જવાનો છું... હું કોઈનો નથી... મારું કોઈ નથી... આ વાસ્તવિકતા મારે સ્વીકારી લેવાની છે. હવે મારું કોઈ સાંભળે કે ન સાંભળે, માને કે ન માને, તેની મારે શા માટે ચિંતા કરવાની?

પાડોશીનો દીકરો મારી વાત ન માને તો મને ગુસ્સો નથી થતો તો મારો દીકરો પણ મારી વાત ન માને તો મારે ગુસ્સો શા માટે કરવો? કારણ કે મારો દીકરો પણ હકીકતમાં ક્યાં મારો છે? મારે તો આદેય કે અનાદેય નામકર્મની પણ ચિંતા નહિ કરવાની. મારે તો મારા મોહનીયકર્મને ખતમ કરવાની સાધના કરવાની. તે માટે જ બધી આરાધના કરવાની. આ જ મારું ધ્યેય છે - લક્ષ્ય છે. તેનાથી જ મને મારા આત્માના ઘરનું સુખ - આનંદ પ્રાપ્ત થશે.'' આવી વિચારધારામાં લીન બનનારા આત્માને અનાદેય નામકર્મનો ઉદય કાંઈ પણ નુકશાન પહોંચાડી શકતો નથી.

જ્યારે જ્યારે અનાદેય વગેરે પાપકર્મોનો ઉદય આવે ત્યારે ત્યારે સમતાભાવનો આશ્રય લઈને તેને મસ્તીથી સહન કરતા રહેવાનું. તે માટે વારંવાર જિનવચનોનું ચિંતન - મનન કરતાં રહેવાનું. તેમ કરવાથી આત્મામાં તે પાપોને સહવાની શક્તિ આવ્યા કરશે.

જો આપણા આત્માનો આદેય નામકર્મનો ઉદય ચાલતો હોય તો તેનો જેટલો આત્મિક લાભ ઊઠાવાય તેટલો ઉઠાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. આદેય નામકર્મના ઉદયના પ્રભાવે જ્યારે આપણી વાત ઘણા લોકો માને છે, આદરપૂર્વક સ્વીકારે છે, ત્યારે આપણે અનેક જીવોને સરળતાથી ધર્મના માર્ગે લાવી શકીએ. મોક્ષ તરફ દોડતા કરી શકીએ. તેમને પાપોથી અટકવા તથા ધર્મ આદરવા પુષ્કળ પ્રેરણા કરી શકીએ.

આપણું આદેય નામકર્મ જોરમાં હોય તો આપણે શ્રીમંતોને દાન દેવાની પ્રેરણા કરવી જોઈએ. યુવાનો પાસે શીલ પાલન કરાવવું જોઈએ. લોકોને અનેક પ્રકારના તપોમાં જોડવા જોઈએ. આત્મકલ્યાણની પ્રવૃત્તિઓ તરફ લોકોને વાળવા જોઈએ. હજારો પરાર્થના કાર્યો કરાવવા જોઈએ.

ના, આપણે આદેયના ઉદયમાં છકી ન જવું જોઈએ. મારું કહ્યું બધા માને છે તેથી મારો વટ પડે છે, તેવા અહંકારનો ભોગ ન બનવું જોઈએ. સ્વાર્થપ્રેરિત જીવન જીવવા માટે આપણું ધાર્યું કરવા - કરાવવાનો પ્રયત્ન ન કરવો જોઈએ. આપણા સ્વાર્થને પોષવા બીજાઓને માયાજાળમાં ફસાવવાની કે હેરાન - પરેશાન કરવાની વૃત્તિ સ્વપ્નમાં પણ રાખવી ન જોઈએ.

ભૂતકાળના ઈતિહાસ તરફ નજર નાંખીશું તો જણાશે કે આદેય નામકર્મના ઉદયવાળા મહાપુરુષોએ લાખો લોકોને અહિંસક બનાવ્યા છે. ઘણાઓને નિર્વ્યસની બનાવ્યા છે. સદાચારના આગ્રહી અને ધર્મના રક્ષકો બનાવ્યા છે. શ્રદ્ધાળુઓ, પવિત્રો અને ધર્માત્માઓનું તેમણે સર્જન કર્યું છે. તેમાંથી શીખીને આપણે પણ આદેયનામકર્મના ઉદયનો દુરુપયોગ ન કરતાં સારા કાર્યો કરવા જોઈએ. તેનાથી નવું આદેય નામકર્મ બંધાય છે. સારા કાર્યો કરવા - કરાવવાના ઉચ્ચતમ ભાવોમાં શ્રેષ્ઠ પુણ્યકર્મ બંધાય છે. તે પુણ્ય જ્યારે ઉદયમાં આવે છે ત્યારે વધારે સત્કાર્યો કરવાની શક્તિ મળે છે. તેવા અનુકૂળ સંયોગો પણ પ્રાપ્ત થાય છે. માટે જો આપણું વચન માન્ય બનતું હોય તો સ્વાર્થ માટે નહિ, પણ પરાર્થ માટે સતત તેનો ઉપયોગ કરવા પ્રયત્નશીલ બનવું જોઈએ.

જૈન ધર્મના સૂત્રો પાછળ ઘૂઘવાટ કરી રહેલાં ઊંડા રહસ્યોને જાણવા - સમજવા - માણવા

**સૂત્રોના રહસ્યો ભાગ - ૧ - ૨** અવશ્ય વસાવો.

# (૧૯) જસ જોઈએ કે જુતા ?

(૧૯ - ૨૦) યશ - અપયશ નામકર્મ :

આ દુનિયામાં એવું જોવા મળે છે કે કોઈ માણસ પોતાના કુટુંબનું, સમાજનું કે ધર્મનું ઘણું કામ કરતો હોય, રુપીયા ખર્ચીને, સમયનો ભોગ આપીને ઘસાઈ જતો હોય છતાં તેને જશ મળતો નથી ! અરે ! જશ મળવાની વાત તો દૂર રહો, ક્યારે ક તો તેને જુતા ખાવા પડે છે. વાહ વાહ તો થતી નથી પણ ખોટા આક્ષેપો સહન કરવા પડે છે. આવા માનવો છેવટે થાકી - હારી - કંટાળીને સમાજના કાર્યો છોડી દેતાં હોય છે. મનમાં પ્રશ્ન થાય કે આટલું બધું કરવા છતાં તેમને યશના બદલે અપયશ કેમ મળતો હશે ? તેમની વાહવાહ કેમ નહિ થતી હોય ?

તે જ રીતે આપણી આસપાસ એવું પણ જોવા મળે છે કે કોઈ વ્યક્તિ જરા ય ઘસાતી ન હોય. પૈસા ય ખર્ચતી ન હોય તો પણ તેને પુષ્કળ યશ મળ્યા કરે ! તેની હાથ નીચેના લોકો ઘણી ગધ્ધા - મજૂરી કરે છતાં તેમને યશ નહિ પણ તેમના નેતાને વગર મહેનતે હારતોરા મળે. ઠેર ઠેર વાહવાહ મળે. પુષ્કળ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય. આવું કેમ ?

જૈન શાસનનો કર્મવાદ કહે છે કે યશ - નામકર્મ અને અપયશ નામકર્મ, નામના બે નામકર્મો છે, જેના પ્રભાવે જીવને યશ કે અપયશ મળે છે.

જીવનું યશનામકર્મ જ્યારે ઉદયમાં આવે છે ત્યારે એને ઠેર ઠેર યશ મળે છે. એની કીર્તિ ફેલાય છે. એ નાનકડું પણ સારું કામ કરે એટલે એની વાહવાહ થઈ જાય.

પણ જો જીવનું અપયશ નામકર્મ ઉદયમાં આવે તો એને અપયશ મળે. એની બધે નિંદા થાય. સારાં સારાં કામ કરવા છતાં ય તેને યશ ન મળે ! એના સારા કામની લોકો નોંધ પણ ન લે ! અરે ! ક્યારે ક તો તેના કાર્યમાં પણ ખોટી ભૂલો જોઈને તેને બદનામ કરે !

સામાન્ય રીતે દરેક જીવને યશ, નામના, કામના, વાહવાહ વગેરે ગમે છે. અપયશ કોઈ ઈચ્છતું નથી. આબરુ તો બધાને વહાલી હોય છે. પ્રતિષ્ઠા મેળવવાની ઝંખના દરેકના મનમાં હોય છે. પણ તકલીફ ત્યારે સર્જાય છે કે જ્યારે માનવ યશઃ કીર્તિ મેળવવા વલખાં મારતો હોય છે ત્યારે તેનું જો યશઃ નામકર્મ ઉદયમાં ન હોય ! તેનું અપયશ નામકર્મ ઉદયમાં હોય ! તેથી તેને યશ મેળવવાની ઈચ્છા હોવા છતાં ય અપયશ મળે છે. પરિણામે, તેની ઈચ્છા પૂરી ન થવાથી તે અશાંત બને છે. બેચેની તેને

ઘેરી વળે છે. ઉદ્વિગ્ન બનીને સંતપ્ત થાય છે. ક્યારે ક ન કરવાના કાર્યો કરી બેસે છે.

એક નિર્દોષ વ્યક્તિ ઉપર ચારિત્ર હિનતાનું કલંક આવ્યું. તેનાથી તે સહન ન થયું. ધસમસતી ટ્રેન નીચે પડતું મૂકીને તેણે જીવન ટૂંકાવી દીધું ! તેને કોણ સમજાવે કે ભાઈ તું નિર્દોષ છે. કબૂલ; પણ તારું અપયશ નામકર્મ ઉદયમાં છે તેનું શું ? તારું યશ નામકર્મ હાલ ઉદયમાં નથી તેથી તને યશ મળતો નથી.

તારી ઈચ્છા ભલે યશ મેળવવાની હોય પણ તેને અપાવનારું યશ નામકર્મ એવું નથી કે તે સદા ઉદયમાં રહે અથવા આપણે જયારે ઈચ્છીએ ત્યારે ઉદયમાં આવે. અરે ! તેને મન ફાવે ત્યારે બાંધીને ઉદયમાં લાવી શકાતું પણ નથી. તત્કાળ તેનું ફળ મળી જાય તેવું પણ નથી. જો પૂર્વે આ યશનામકર્મ બાંધેલું હોય તો ઉદયમાં આવે. બાકી તો માણસ ભલેને લાખો કોશિષ કરે, પાર વિનાનો પુરુષાર્થ કરે, યશ તેને ન મળી શકે. તેને તે સ્થિતિને સમતાથી સહવી જ રહી.

માટે, મહાપુરુષો વારંવાર પ્રેરણા કરે છે કે, ''યશ કે અપયશની ચિંતા કર્યા વિના તમે તમારા કર્તવ્યમાર્ગ ઉપર સતર્કતાથી ચાલ્યા કરો.'' તમારાથી થઈ શકે તેટલા સુકૃતો કરો. તેમાં કદી પાછી પાની ન કરો. ચૂંટી ખણીને જાતને પૂછી જુઓ કે હું જે કરું છું તે બરોબર છે ને ? જો હા, તો મારે તે કાર્ય કર્યા કરવાનું. તે દરમિયાન જે કર્મનો ઉદય આવે તેને હર્ષ કે શોક કર્યા વિના ભોગવી લેવાનો. મસ્તીથી પોતાનું કાર્ય કરવાનું. યશ મળે તો તેમાં લેવાઈ નહિ જવાનું તો અપયશ મળે તેમાં દુઃખી નહિ બનવાનું. સર્વ અવસ્થામાં પોતાની પ્રસન્નતા ટકાવી રાખવાની. આ તો તત્ત્વજ્ઞાન પામ્યાનું ફળ છે !

પણ જેઓ તત્ત્વજ્ઞાનને સ્પર્શ્યા હોતા નથી તેઓ તો ભોજન - પાણીની જેમ નામના - કામનાની પણ અપેક્ષા રાખતા હોય છે. માત્ર સંસારના કાર્યોમાં જ નહિ ધર્મના કાર્યોમાં પણ તેઓ નામના - પ્રતિષ્ઠાનો મોહ છોડી શકતા નથી. નામ ઉપર આવ્યું કે નીચે આવ્યું ? બોર્ડ ઉપર લખાયું કે ન લખાયું ? તકતી મૂકાઈ કે ન મૂકાઈ ? તેના ઝગડા કરતા હોય છે. ગુપ્તદાન કરવાનું તો તેઓ સ્વપ્નમાં પણ વિચારી શકતા નથી. ડગલે ને પગલે તેમની પ્રતિષ્ઠાની ભુખ ઉઘડેલી જણાય છે.

જો યશ મળવાનો ન હોય તો તેઓ આરાધના કરવા પણ તૈયાર હોતા નથી. સિદ્ધચક્રપૂજન પણ લોકોના માન - સન્માન મેળવવા માટે કરાવે. તેમાં જો અરિહંતપદના પૂજનમાં સોનાની વીંટી મૂકતી વખતે ફોટોગ્રાફર કે વીડીયોવાળો આઘોપાછો થઈ ગયો હોય તો જયારે તે પાછો આવે ત્યારે તે વીંટી યંત્ર ઉપરથી ફરી હાથમાં લઈને મૂકતો ફોટો ન પડાવે ત્યાં સુધી તેને ચેન ન પડે ! હાય ! આ કોનું પૂજન ? સિદ્ધચક્ર ભગવાનનું કે પોતાના અહંકારનું !

જન્મ થયો ત્યારે પોતાનું નામ પોતે લખાવી શક્યા નથી, મા - બાપે લખાવ્યું છે. અને મરી જઈશું ત્યારે મરણના દાખલામાં પણ પોતાનું નામ પોતે લખાવી શકવાના નથી પણ વારસદારો લખાવશે, તે નામ પાછળ આટલો બધો અહંકાર શા માટે ? તેના કારણે કજીયા શા માટે ? પણ તત્ત્વજ્ઞાનને નહિ પામેલી વ્યક્તિ નામનાના મોહમાં તણાય છે. યશની અપેક્ષા રાખે છે. પણ અપયશ નામકર્મના કારણે જ્યારે યશ નથી મળતો, અપયશ મળે છે ત્યારે એ લોકો ધર્મના કાર્યો - સમાજના કાર્યો છોડી દે છે. અપયશ આપનારા પ્રત્યે અણગમો પેદા કરે છે. શત્રુતાની ગાંઠ બાંધે છે. વૈરની પરંપરા ચલાવે છે. આ ભવ - ભવોભવ બરબાદ કરે છે. ના આ તો જરા ય ઉચિત ન ગણાય.

હા ! અપયશના ભયથી માણસ જો ચોરી - દુરાચાર વગેરેથી દૂર રહે તો તે સારું છે. અરે ! યશ મેળવવાની દૃષ્ટિએ પણ જો માણસ દાન - પરોપકાર વગેરે સત્કાર્યો કરે છે, પુણ્યકર્મ કરે છે, તો સારી વાત છે. યશ મેળવવા મંદિર બાંધે, ધર્મશાળાઓ બંધાવે, પાઠશાળાઓ ખોલાવે તો સારું છે. તેથી સમાજને, સંઘને, દેશને ફાયદો થાય છે, પણ આ તો પ્રાયમરી કક્ષાના માનવની વાત થઈ.

પણ જ્યારે માનવ યોગ અને અધ્યાત્મના માર્ગે આગળ વધે ત્યારે તેને મન યશ - અપયશનું કોઈ જ મહત્ત્વ હોતું નથી, આધ્યાત્મિક વ્યક્તિએ યશ મેળવવા માટે ધર્મ કરવાનો નથી કે અપયશથી કદી ડરવાનું નથી. તેણે તો મસ્તીથી પોતાની આધ્યાત્મિક સાધનામાં જ લીન બનવાનું છે.

આધ્યાત્મિક - યોગી પુરુષની એક પણ પ્રવૃત્તિ એવી હોતી જ નથી કે જેનાથી તેને અપયશ મળે. છતાં ય પૂર્વભવમાં બંધાયેલા અપયશ નામકર્મના ઉદયે તેની ઉપર આક્ષેપ થાય તેવું બને. ખોટી બદનામીનો કાદવ ઉછળે. ચારે બાજુ તેની નિંદા થાય તેવું પણ બને. તેવા સમયે એ સત્ત્વશાળી પુરુષો અપયશથી જરા ય ડરતા નથી. તેમાં પણ તેઓ નિરાકુલ હોય છે. તેવી આપત્તિઓની વચ્ચે પણ તેઓ અડીખમ ઊભા રહે છે.

સામાન્ય રીતે તો સજ્જનો, સંતો, સાધુપુરુષોને અપયશ નામકર્મનો ઉદય આવતો જ નથી. છતાં ય કોઈ નિકાચિતકર્મના ઉદયે એવી આપત્તિ આવે તો તેમાં તેઓ સમભાવથી રાગ - દ્વેષમાં ફસાયા વિના મસ્ત રહે છે. યશ, અપયશ, માન - સન્માનને તેઓ પોતાના મન ઉપર લેતાં જ નથી. કર્મોદયને તેઓ એક તમાસો માત્ર સમજે છે ! તેઓ સમજે છે કે, ''યશ કે અપયશ; કોઈ કદી કાયમી રહેનાર નથી. બંને પરિવર્તનશીલ છે. કર્મને આધીન છે. મોટા નામ અને મોટી ઈજ્જતવાળો માણસ પણ અપયશની ઊંડી ખીણમાં ગબડી પડે છે તો બદનામીના ખાડામાં દટાયેલો માણસ પણ યશ - કીર્તિના શિખર ઉપર પહોંચી જાય છે. આ વાસ્તવિકતાને સ્વીકારનાર તત્ત્વજ્ઞાની પુણ્યના ઉદયમાં

ઉન્મત્ત ન બને કે પાપના ઉદયમાં નિરાશ ન બને.

મહાસતી સીતાજીને શું અપયશ નહોતો મળ્યો? સુદર્શન શેઠ ઉપર બદનામીનું કલંક શું નહોતું ચઢ્યું ? મહાસતી અંજના ઉપર શું આરોપ નહોતો લાગ્યો ? પણ એ બધા સત્ત્વશીલ હતા. જ્ઞાની હતા. તેમણે તેવા કારણે આપઘાતનો વિચાર પણ ન કર્યો. તેઓ નિરાશ કે હતાશ ન થયા. તેવું કલંક આપનારા ઉપર તેમણે દુર્ભાવ પણ ન કર્યો. તેઓએ તો તેવી પરિસ્થિતિને પણ ધર્મમય જીવન જીવવામાં ઉપકારક માની.

આત્મસાક્ષીએ જે લોકો નિર્દોષ હોય, નિષ્કલંક હોય, પવિત્ર હોય, તેમણે શા માટે આત્મહત્યા કરવી જોઈએ કે નિરાશ બનવું જોઈએ? બહુ બહુ તો તેવા સ્થાનથી બીજા સ્થાને જવું જોઈએ. ધર્મારાધનામાં વધારે લીન બનવું જોઈએ. આર્તધ્યાન કરવાની કે હતાશ થવાની જરા ય જરુર નથી.

કર્મવાદને જાણ્યા પછી હવે તો આપણને એ વાત બરોબર સમજાઈ જવી જોઈએ કે યશ કે અપયશ, બધા કર્મોના ખેલ છે. બાહ્ય ભાવો છે. કર્મપુદ્‌ગલના નાટક છે. તેમાં આપણા આત્માએ આનંદિત બનવાની કે ગભરાવાની જરા ય જરુર નથી, પણ પુદ્‌ગલના ખેલને બરોબર સમજી લઈને આપણે તો આપણી આત્મરમણતામાં જ લીન બનવાનું છે.

**નામકર્મના કુલ ૧૦૩ ભેદ**

(૭૫) પિંડ પ્રકૃતિઓ

| | |
|---|---|
| ગતિ - | ૪ |
| જાતિ - | ૫ |
| શરીર - | ૫ |
| આંગોપાંગ - | ૩ |
| સંઘાતન - | ૫ |
| બંધન - | ૧૫ |
| સંઘયણ - | ૬ |
| સંસ્થાન - | ૬ |
| વર્ણ - | ૫ |
| ગંધ - | ૨ |
| રસ - | ૫ |
| સ્પર્શ - | ૮ |
| વિહાયોગતિ - | ૨ |
| આનુપૂર્વી - | ૪ |
| કુલ | ૭૫ |

૭૫ + ૮ + ૧૦ + ૧૦ = ૧૦૩

(૮) પ્રત્યેક પ્રકૃતિઓ

૧. તીર્થંકર નામકર્મ
૨. પરાઘાત નામકર્મ
૩. આતપ નામકર્મ
૪. ઉદ્યોત નામકર્મ
૫. ઉપઘાત નામકર્મ
૬. અગુરુલઘુ નામકર્મ
૭. શ્વાસોશ્વાસ નામકર્મ
૮. નિર્માણ નામકર્મ

**ત્રસ દસક**

ત્રસ - બાદર - પર્યાપ્ત - પ્રત્યેક સ્થિર - શુભ - સુભગ - સુસ્વર આદેય અને યશ

**સ્થાવર દસક**

સ્થાવર - સૂક્ષ્મ - અપર્યાપ્ત - સાધારણ - અસ્થિર - અશુભ - દુર્ભગ - દુસ્વર - અનાદેય - અપયશ

નામકર્મના આ ૧૦૩ પેટાભેદો બે વિભાગમાં વહેંચાઈ જાય છે (૧) શુભનામકર્મ અને (૨) અશુભ નામકર્મ.

તીર્થંકર નામકર્મ, દેવગતિ મનુષ્યગતિ, ૫ શરીર, ૧લું સંઘયણ, ૧લું સંસ્થાન, ત્રસદશક વગેરે કર્મોના ઉદયે જીવાત્માને અનુકૂળતા પ્રાપ્ત થાય છે. સુખદાયી અવસ્થાઓનો અનુભવ થાય છે. માટે તે શુભનામકર્મો ગણાય. જેનાથી જીવાત્માને પ્રતિકૂળતાઓ પેદા થાય, દુ:ખદાયી અવસ્થા મળે તે બધા નામકર્મો અશુભ ગણાય.

જે જીવ સરળ હોય, માયા - કપટ - દંભ વગેરેથી રહિત હોય તે શુભનામકર્મો બાંધે. તેનાથી વિપરીત જીવો અશુભ નામકર્મો બાંધે છે.

જે જીવો રસગારવ, ઋદ્ધિગારવ, શાતાગારવ વગેરેથી રહિત હોય તે શુભનામકર્મો બાંધે. જેઓ તેનાથી સહિત હોય તે અશુભનામકર્મો બાંધે.

ગારવ એટલે આસક્તિ. સ્વાદિષ્ટ વસ્તુઓ ખાવા માટે સતત ચિંતન કરવું, તે મેળવવા ફાંફા મારવા, મળે ત્યારે એમાં ડૂબી જવું, અત્યંત આસક્તિથી તેનો ભોગવટો કરવો તે રસગારવ છે. જે લોકો ઠાઠમાઠ અને મોજમજાથી જીવનારા હોય, એશ આરામ અને શાન - શૌકતથી જીવતા હોય, પાછા એ બધામાં આસક્ત હોય તે જીવો ઋદ્ધિગારવવાળા ગણાય. શાતા એટલે સુખશીલતા. આરામપ્રિયતા. શરીરને જરા ય તકલીફ કે પીડા આપવાની વાત નહિ. સહન કરવાની તૈયારી નહિ. ડગલે ને પગલે શરીરની જ કાળજી લીધા કરવી તે શાતાગારવના લક્ષણો છે. આવા રસગારવ, ઋદ્ધિગારવ અને શાતા ગારવથી તથા કપટવૃત્તિથી અશુભનામકર્મો બંધાય છે તો આ ગારવરહિત અવસ્થાથી અને સરળતાથી શુભનામકર્મો બંધાય છે.


**દેશ - પરદેશના જૈનો માટે**

**વિના મૂલ્યે જ્ઞાન પ્રાપ્તિની અમૂલ્ય તક**

**www.jaingyanprasar.com**

**પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબ તથા**

**પૂજ્ય ગણિવર્યશ્રી મેઘદર્શન વિજયજી મ. સાહેબની**

**કલમે સરળ ભાષામાં લખાયેલ જૈન ધર્મના વિવિધ વિષયોનું જ્ઞાન આપ www.jaingyanprasar.com ઉપર પણ વાંચી શકશો. તમારા મિત્રો - સ્નેહીઓને પણ અવશ્ય જાણ કરો.**

# (૧૭) ગોત્ર કર્મ

(૭) **ગોત્રકર્મ :** જીવને કઈ જાતિમાં જન્મ મળવાનો છે ? તેનો નિર્ણય જાતિનામકર્મ કરે છે પણ દુનિયાના નજરમાં તે જીવ ઊંચો કે હલકો ગણાશે ? તેનો નિર્ણય આ ગોત્રકર્મ કરે છે. ગોત્રકર્મના બે ભેદ છે. (૧) ઉચ્ચગોત્રકર્મ અને (૨) નીચગોત્ર કર્મ.

ઉચ્ચજાતિમાં જન્મેલો માણસ પણ જો નીચગોત્રકર્મનો ઉદય થશે તો દુનિયાની નજરે નીચ ગણાવા લાગશે જ્યારે હલકી જાતિમાં જન્મેલો માણસ પણ ઉચ્ચગોત્ર કર્મના ઉદયે ઉચ્ચ કહેવાય છે. દુનિયાના તમામ દેશોમાં ઉચ્ચ - નીચ જાતિઓ હોય છે. જીવો પોતાના જાતિ નામકર્મના ઉદય પ્રમાણે તેવી ઊચ્ચ - નીચ જાતિમાં જન્મ લે છે; પણ પોતાના ઉચ્ચગોત્રકર્મ કે નીચગોત્રકર્મ અનુસાર તે ઊચ્ચ કે નીચ તરીકે ઓળખાય છે. જો માનવ કુળવાન, ખાનદાન તરીકે ઓળખાતો હોય તો તેનું ઉચ્ચગોત્રકર્મ ઉદયમાં છે, તેમ સમજવું પણ જો કોઈ માણસ બિનખાનદાન, અકુલીન, હલકો ઓળખાતો હોય તો તેનું નીચગોત્રકર્મ ઉદયમાં છે, તેમ સમજવું.

ક્યારેક એવું પણ બને છે કે આ જ જન્મમાં ઉચ્ચ - ગોત્રકર્મનો ઉદય સમાપ્ત થઈ જાય અને નીચગોત્રકર્મનો અચાનક ઉદય થઈ જાય છે. પરિણામે તે માણસ એકાએક દુનિયાની નજરમાંથી ઉતરી જાય છે. તેનો તિરસ્કાર થવા માંડે છે. લોકો નફરત - ઘૃણાની લાગણી રાખે છે. અવહીલના કે ધિક્કારને પાત્ર બનાય છે.

તેથી, ભૂલેચૂકે ય નીચગોત્રકર્મ બાંધવા જેવું નથી, તે માટે પળે પળે સાવધાની રાખવી જોઈએ. પણ પૂર્વે બાંધેલું નીચ - ગોત્ર કર્મ જો ઉદયમાં આવી જાય તો દીન નથી બનવાનું. સ્વસ્થ મનથી, સમતાભાવથી પૂર્ણ પ્રસન્નતા અને મસ્તીથી જીવન જીવવાનું છે. આપણે આ કર્મવિજ્ઞાન સમજીને એવું મનોબળ કેળવવાનું છે કે જ્યારે દુનિયાના લોકો આપણો તિરસ્કાર કરતા હોય, હુરીયો બોલાવતા હોય તે વખતે પણ હાંફળા - ફાંફળા ન થઈએ. હતાશ કે નિરાશ ન બનીએ. મનમાં પણ દુઃખ કે પીડાનો અનુભવ ન કરીએ. તત્ત્વજ્ઞાન માસિક બહાર પાડવા પાછળ, કર્મવિજ્ઞાન સમજાવવા પાછળ મારો આશય એ જ છે કે આનું વાંચન કરીને તમે બધા સદા સ્વસ્થ રહો, પ્રસન્ન ચિત્ત રહો. ધર્મારાધનામય જીવનના સ્વામી બનો.

જે રીતે નીચગોત્રકર્મના ઉદયમાં દીન + રાંકડા બનવાનું નથી તેમ ઉચ્ચગોત્રકર્મના ઉદયમાં ઉન્મત્ત નથી બનવાનું. આપણા મોઢે આપણે આપણી પ્રશંસા નથી કરવાની. આપણી મહાનતાના ગુણગાન નથી ગાવાના. લોકો આપણી વાહવાહ કરે તેવી અપેક્ષા

તો નથી રાખવાની, પણ જો કોઈ આપણી વાહવાહ કરે તો તેમાં ગાંડા નથી બનવાનું. પૂર્વના વિશિષ્ટ મહાપુરુષોના જીવનને નજરમાં લાવીને નમ્રતા કેળવવાની.

સામાન્ય રીતે દરેક વ્યક્તિ બધે પોતાની પ્રશંસા થાય તેવું ઈચ્છતી હોય છે. કોઈ પોતાને તિરસ્કારે - ધિક્કારે નહિ, તેવી બધાને તમન્ના હોય છે. તે માટે ઉચ્ચગોત્રકર્મનો ઉદય અને નીચગોત્રકર્મના ઉદયનો અભાવ હોવો જરુરી છે. ઉચ્ચગોત્ર બંધાય તેવું જીવન જીવવાની સાથે નીચગોત્રકર્મ ન બંધાઈ જાય, તેની પળે પળે કાળજી લેવી જોઈએ.

જે મનુષ્ય (૧) ગુણગ્રાહી = ગુણાનુરાગી હોય છે, (૨) અભિમાનરહિત એટલે કે ગર્વશૂન્ય હોય છે, (૩) સતત અધ્યયન - અધ્યાપનમાં પ્રવૃત્ત રહે છે. (૪) જિનેશ્વર દેવનો ભક્ત હોય છે, (૫) ગુરુદેવોનો નમ્ર સેવક બને છે (૬) સિદ્ધ ભગવંતોનું ધ્યાન ધરે છે (૭) સાધર્મિકોની સેવામાં ધન્યતા અનુભવે છે, તે મનુષ્ય તે વખતે ઉચ્ચગોત્રકર્મ બાંધે છે.

જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી થનારા આવતા જન્મોમાં ઉચ્ચ, ખાનદાન, કુલીન પરિવારમાં જન્મ લેવાની ઈચ્છા હોય, બધાને માનનીય બનવું હોય, પ્રશંસાપાત્ર અવતાર જોઈતો હોય તો ઉચ્ચગોત્ર કર્મ બાંધવું જરુરી છે. તે માટે ગુણદષ્ટા બનવું પડશે. ગુણોને જોવાની, ગુણો શોધવાની અને ગુણવાન્ માણસોની પ્રશંસા કરવાની ટેવ આ ભવમાં અત્યારથી જ પાડવી પડશે.

બીજા જીવોના દોષ જોવા જ નથી. દરેક જીવમાં અનંતા દોષો હોવાના; પણ આપણે એકપણ દોષ નહિ જોવાનો. દરેક જીવમાં ઓછા - વત્તે અંશે ગુણો પણ છે જ. ગુણ વિનાનો એક પણ જીવ ન જ હોય. આપણે તેના ગુણો જ જોવાના. તે માટે દોષદષ્ટિ દૂર કરીને ગુણદષ્ટિ કેળવવી. પછી તેની અનુમોદના કરવાની.

સૌ પ્રથમ દોષદષ્ટિ - ત્યાગી ગુણદષ્ટિ કેળવવાની. પછી બધેથી ગુણો શોધવાના. તે ગુણોના અનુરાગી બનવાનું. સતત તે ગુણોની પ્રશંસા કરતાં રહેવાનું. ગુણવાનોનો આદર કરવાનો. તે ગુણો પ્રાપ્ત કરવાની ઈચ્છા કરવાની. યાદ રહે કે ગુણવાન બનવું સહેલું છે, પણ ગુણાનુરાગી બનવું મુશ્કેલ છે. આપણે ગુણવાન્ બનીને અટકવાનું નથી, ગુણાનુરાગી પણ બનવાનું છે.

મળેલી ઉચ્ચજાતિનું કે કૂળનું, શ્રેષ્ઠ બળનું ઉમદા લાભ પ્રાપ્તિનું, તીક્ષ્ણ બુદ્ધિનું કે વિવિધ જ્ઞાનનું, અદ્ભૂત લોકપ્રિયતાનું કે શારીરિક સુંદરતાનું ક્યારેય અભિમાન નહિ કરવાનું. ગર્વ નહિ કરવાનો. હંમેશ માટે નમ્ર બનીને જીવવાનું. આઠ પ્રકારના મદમાંથી એક પણ મદ ન થઈ જાય તેની કાળજી રાખવાની. તેથી ઉચ્ચ ગોત્રકર્મ બંધાય.

ધર્મશાસ્ત્રોનું ખૂબ અધ્યયન કરવું. વારંવાર તેનું પુનરાવર્તન કરવું. યોગ્ય વ્યક્તિ મળે તો તેને તે શાસ્ત્રોનું અધ્યાપન કરાવવું. તેમાં જરા ય થાકવું નહિ. ઉલ્લાસથી

ભણાવવું. તેને સમજાય તે રીતે અનેક દલીલો, દાખલાઓ, પ્રસંગો દ્વારા તે તે પદાર્થો ખૂબ સરળ બનાવીને ભણાવવા. ભણવા - ભણાવવાથી ઉચ્ચ ગોત્ર કર્મ બંધાય છે.

અરિહંત પરમાત્માની અનન્ય અને નિષ્કામ ભાવે ભક્તિ કરવાથી, ગુરુભગવંતોની સેવા કરવાથી, સિદ્ધ ભગવંતોનું ઉમદા ધ્યાન ધરવાથી અનંતા કર્મોનો ક્ષય થાય છે. સાથે ઉચ્ચ ગોત્રકર્મ પણ બંધાય છે.

સાધર્મિકોની ખૂબ ભક્તિ કરવાની. હૃદયમાં પણ ભારોભાર બહુમાનભાવ રાખવાનો. મારા ભગવાનનો આ ભક્ત છે, સેવક છે, મારા પુણ્યોદયે મને તેના દર્શન મળ્યા છે, લાવ, તેની ભક્તિ કરીને મારા જીવનને પાવન બનાવી દઉં, તેવા ઉછળતાં ભાવ સાથે ભક્તિ કરવાથી ઉચ્ચ ગોત્ર કર્મ બંધાય છે. સાધર્મિકોને સહાયતા કરવી, એમની દરિદ્રતા ફેડવી અને એમને સાચા રસ્તે લાવવા એ બહુ મોટો ધર્મ છે. તેની ઉપેક્ષા કદી ન કરવી.

ઉપર જણાવેલા છ કારણોથી જો ઉચ્ચ ગોત્રકર્મ બંધાય છે, તો તેનાથી વિપરીત આચરણ કરવાથી નીચગોત્રકર્મ બંધાય છે.

બીજા જીવોના દોષો જોવાથી, દોષાનુવાદ કરવાથી નીચગોત્ર કર્મ બંધાય છે. મોટા ભાગના લોકો બીજાના દોષો જોતાં હોય છે - ગાતાં હોય છે. કેરીનો રસ છોડી શકનારા, અરે ! સમગ્ર સંસારનો ત્યાગ કરી દેનારા પણ નિંદાનો રસ છોડી શકતા નથી... તે લોકોને કોણ સમજાવે કે નિંદા કરવાથી, બીજાના દોષો જોવાથી અને જાહેર કરવાથી નીચગોત્રકર્મ બંધાય છે. પરિણામે દરિદ્ર કુળોમાં - હલકા કુળોમાં જન્મ અને - તિરસ્કાર - ધિક્કાર પામનારું - જીવન મળશે. જો તે પસંદ ન હોય તો નક્કી કરીએ કે મારે ક્યારેય બીજાના દોષો જોવા નથી, જોવાઈ જાય તો બોલવા નથી. મારે તો માત્ર મારા દોષો જ જોવા છે. મારામાં અનંતા દોષો ભરેલા છે. જયાં સુધી હું મારા તમામ દોષો દૂર ન કરું ત્યાં સુધી બીજાના દોષો જોવાનો કે બોલવાનો મને જરા ય અધિકાર નથી.

અભિમાન કરીએ, પોતાની વાહ વાહ કરીએ, જયાં ત્યાં પોતાના ગુણો ગાઈએ, પોતાને પ્રાપ્ત થયેલી લબ્ધિ, શક્તિ, લાભ, ઐશ્વર્ય, બળ, જાતિ, કૂળ, જ્ઞાન, વિદ્વતા, તપ વગેરેનો અહંકાર કરીએ તો તરત આપણને તે વિનાનાઓ પ્રત્યે તિરસ્કાર જાગવાનો. તેનાથી એવું નીચગોત્રકર્મ બંધાય છે કે જેના પ્રભાવે ઘણા ભવો,સુધી અપમાન, તિરસ્કાર, ધૃણા, હલકાઈ સહન કરવી પડે છે. વળી, નીચી જાતિમાં જન્મેલા જીવોનો તિરસ્કાર, અવહેલના કરવાથી, એમની સાથે દુર્વ્યવહાર કરવાથી, નફરત કે ધૃણા કરવાથી નીચગોત્રકર્મ બંધાય છે.

પોતાની કે પોતાના પરિવારની પ્રશંસા પણ તેવી રીતે કદી ન કરવી કે જેથી

બીજાની હલકાઈ રજૂ થાય. જેમ કે 'તમારો છોકરો તો જુગાર રમે છે, મારો છોકરો તો કદી પાનાને પણ અડતો નથી !' ''મારો પતિ દારુને કદી અડે પણ નહિ ને પેલા ભાઈ તો રોજ શરાબની પાર્ટીમાં જાય છે !'' ''મારા બાપુજી ડૉક્ટર છે, ભાઈ એન્જીનીયર છે, હું સી. એ. છું, મારી પત્ની વકીલ છે, મારો દીકરો એમ. બી. એ. કરવા પરદેશ ગયો છે. અમારો પરિવાર તો એકદમ સુશિક્ષિત અને પ્રગતિશીલ !'' વગેરે. આવા વચનો પોતાની બડાશ સાથે બીજા પ્રત્યેના તિરસ્કારને જણાવે છે. આનાથી નીચગોત્રકર્મ બંધાવા લાગે છે.

આજના યુગમાં તો મિત્ર, બહેનપણી કે સ્વજન મળે એટલે સ્વપ્રશંસાની પીપૂડી વગાડવાની જાણે કે ફેશન પડી ગઈ છે. સ્વપ્રશંસાની સાથે બીજાની નિંદા થયા વિના પ્રાયઃ રહેતી નથી. આમાં અજ્ઞાનતા જ મોટો ભાગ ભજવતી હોય તેમ લાગે છે. તે અજ્ઞાનતાને દૂર કરવા તત્ત્વજ્ઞાનને સમજવાનો સમય કાઢવો જોઈએ.

પણ ક્યારેક કર્મના તત્ત્વજ્ઞાનને સમજનારા વિદ્વાન લોકો પણ સ્વપ્રશંસા અને પરનિન્દાની જાળમાં ફસાતા દેખાય ત્યારે નવાઈ નથી લાગતી પણ દુઃખ તો ચોક્કસ થાય છે. જે વિદ્વાનો પાસે જીવનસ્પર્શી જ્ઞાન ન હોય પણ માત્ર કોરું ગોખેલું શાસ્ત્રજ્ઞાન હોય તેઓ આવી જાળમાં જલ્દી ફસાય છે. ક્યારેક સાચો જ્ઞાની કર્મોના ઉદયે ફસાઈ જાય તે જુદી વાત, પણ શાસ્ત્ર જ્ઞાનનો અહંકાર કરીને ફસાય તે ઘણું દુઃખદ કહેવાય. વ્યક્તિગત રીતે આપણા પોતાના વિષયમાં તો આવું ન જ બનવું જોઈએ.

ભણવાના સાધન - સંયોગો હોવા છતાં ય જે ભણે નહિ. ભણાવનાર - સમજાવનાર સદ્ગુરુનો યોગ હોવા છતાં ય જે પ્રમાદ કે આળસને વશ થઈને ભણતો નથી, તે નીચગોત્ર - કર્મ બાંધે છે. તે જ રીતે જેની પાસે ભણાવવાની શક્તિ છે, તે બેજવાબદાર રીતે વર્તીને, છતી શક્તિએ યોગ્ય વ્યક્તિને ભણાવે નહિ તો તેને પણ નીચગોત્રકર્મ બંધાય છે.

જે વ્યક્તિ પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા ધરાવતો નથી, તેમની ભક્તિ કરતો નથી, પરમાત્મતત્ત્વમાં શંકા કરે છે, સિદ્ધભગવંતોનું ધ્યાન ધરતો નથી, મોક્ષને માનતો નથી, તે નીચગોત્રકર્મ બાંધે છે.

જેઓ સાધર્મિક સાથે દુર્વ્યવહાર કરે છે, અપમાનિત કરે છે, એમના પ્રત્યે દુર્ભાવ કરે છે, શક્તિ હોવા છતાં તેમની કાળજી લેતા નથી, તેમની મશ્કરીઓ કરે છે, તેઓ નીચગોત્રકર્મ બાંધે છે.

આ બધી વાતો જાણીને નીચગોત્રકર્મ ન બંધાતા ઉચ્ચ - ગોત્રકર્મ બંધાય તેવા પ્રયત્નો આદરવા જોઈએ.

# (૧૮) અંતરાય કર્મ

**(૮) અંતરાય કર્મ :** આઠ કર્મોમાં સૌથી છેલ્લું આ અંતરાય કર્મ છે. આત્માની દાનાદિ પાંચ લબ્ધિઓનો સર્વથા ઘાત કરવાની શક્તિ તેનામાં હોવાથી તે ઘાતી કર્મ કહેવાય છે. તેના પાંચ પેટા ભેદો છે.

**(૧) દાનાંતરાય કર્મ :** દાન દેવાની વસ્તુ / ધન વગેરે પાસે હોય. તે દાન લેનાર યોગ્ય પાત્ર સામે હોય, દાનના ફળની તેને જાણકારી હોય છતાં ય જો તે માણસને દાન દેવાની ઈચ્છા થતી ન હોય તો તેમાં કારણ આ દાનાન્તરાય કર્મ છે. દાન દેવાની ઈચ્છા આ દાનાન્તરાય કર્મ થવા દેતું નથી.

આ દુનિયામાં કેટલાક કૃપણ (કંજુસ) માણસો હોય છે. તેઓ જરુરીયાતમંદ યોગ્ય વ્યક્તિને પણ દાન આપતા નથી. જાણીતા - પ્રભાવિ ધર્મગુરુ ઉપદેશ આપે, દાનધર્મનો મહિમા સમજાવે, ધનની અસારતાનું વર્ણન કરે છતાં ય દાન દેવા માટે ઉત્સાહિત બનતા નથી. એક દિવસ આ બધું ધન મારે અહીં મૂકીને જતું રહેવાનું છે, તેવી સમજણ હોવા છતાં ય દાન આપતા નથી ! અરે ! ક્યારેક તો કોઈ ગરીબ લેવા આવે તો તેના ઉપર ગુસ્સો કરે છે. કડવા શબ્દો સંભળાવીને, અપમાનિત કરીને કાઢી મૂકે છે, તેનું કારણ આ દાનાંતરાય કર્મનો ઉદય છે. આવા કારણે તે વ્યક્તિઓ પરિવારમાં અપ્રિય બને છે. મિત્રવર્તુળમાં આદર નથી મેળવી શકતી કે સમાજમાં તેમનું વજન પડતું નથી. ક્યારેય તેઓ લોકપ્રિય બની શકે નહિ.

આપણે તેમને તિરસ્કારવા નહિ. તેમના પ્રત્યે પણ ભાવદયા ચિંતવવાની. તેમનું આ કર્મ તુટી જાય તો સારું. તેમના પ્રત્યે પણ સદ્ભાવ ટકાવવો. અપમાન કદી ન કરવું. તેમના દાનાન્તરાય કર્મને નજરમાં લાવીને સૌજન્યપૂર્ણ વ્યવહાર કરવો. અવસરે તેમને કર્મવિજ્ઞાન સમજાવવું.

કોઈ માણસ જયારે સાધુ - મહાત્માઓને ભિક્ષા આપતો હોય, દવા દેતો હોય, રહેવા જગ્યા આપતો હોય, વાંચવા પુસ્તકો દેતો હોય, પહેરવા વસ્ત્રો આપતો હોય ત્યારે તેને અટકાવવાથી, અંતરાય કરવાથી દાનાન્તરાય કર્મ બંધાય છે. તેના ઉદયે દાન કરવાનું મન થતું નથી. મન થાય તો દાન કરી શકતા નથી. તેમની દાનની ભાવના પૂરી થતી નથી.

અહીં એ ન વિચારવું કે માણસ દાન ન આપી શકે તો નુકશાન શું ? અરે ! એમાં તો માણસના પૈસા બચે છે. આ તો લાભ થયો ને ? આમ, દાનાંતરાય કર્મનો ઉદય તો સારો ગણાય ને ?

ના, આ વિચારણા જરા ય બરોબર નથી. ઉપર છલ્લી અજ્ઞાનદષ્ટિથી આમાં

લાભ દેખાય છે પણ તાત્ત્વિક દષ્ટિએ તો નુકશાન છે. દાનાન્તરાય કર્મના ઉદયના કારણે માણસ દાન નથી કરી શકતો. પુણ્યોપાર્જનની તક ગુમાવી બેસે છે. તે પુણ્યથી પ્રાપ્ત થનારી, સદ્ગતિ (નીરોગી) સમૃદ્ધિ - વૈભવ વગેરેને મેળવી શકતો નથી. વળી, દાન ન દેવાના કારણે બચેલા ધન ઉપર ગાઢ આસક્તિ થાય છે. તે તીવ્ર પ્રબળ પાપકર્મ બંધાવે છે. જેના ઉદયે દુર્ગતિ - ભયાનક દુઃખો તથા દરિદ્રતા દોડીને આવે છે. પેલા મમ્મણશેઠ પોતાની સંપત્તિમાં ગાઢ આસક્તિ કરીને મરીને ૭મી નરકે ગયા, તે વાત શું આપણે નથી જાણતા ?

વળી, દાન નહિ દેવાતાં બચેલું ધન સંસારના પાપકાર્યોમાં વપરાશે. હરવા - ફરવા - રખડવામાં, મોજશોખમાં કે કામભોગોમાં અનુકૂળતા કરી આપીને નવા ઢગલાબંધ પાપો બંધાવશે. તેના ઉદયે શું શું ખરાબ નહિ થાય ? તે સવાલ છે. માટે દાન તો દેવું જ જોઈએ. તે માટે દાનાન્તરાય કર્મનો ઉદય ન હોવો જરુરી છે.

મારું દાનાંતરાય કર્મ મને દાન કરતાં રોકે છે, એમ નહિ વિચારવાનું પણ 'મારે કૃપણ નથી બનવું, મારે લોભી નથી બનવું, જો હું સંપત્તિનું દાન નહિ કરું તો આ સંપત્તિ મને વિપત્તિના ખાડામાં ધકેલશે. મારી ધનાસક્તિ મને દુઃખી દુઃખી કરી દેશે.' એવું વિચારીને દાનધર્મમાં તત્પર રહેવાનું છે.

**(૨) લાભાન્તરાય કર્મ :** આ લાભાન્તરાય કર્મને દાનાન્તરાયકર્મ સાથે ઘણો નજદીકનો સંબંધ છે. લાભાન્તરાય કર્મ દાનપ્રાપ્તિમાં વિઘ્ન નાંખે છે. સામે દાનવીર વ્યક્તિ હોય, દેવા લાયક વસ્તુ હોય, માંગવાવાળો પણ ખૂબ જ નમ્રતાથી માંગતો હોય છતાં તેને જો દાન ન મળે તો તેમાં તેનો લાભાન્તરાય કર્મનો ઉદય કારણ છે.

સામેની દાનવીર વ્યક્તિ અનેકોને દાન આપે છે, માટે તેને દાનાન્તરાય કર્મનો ઉદય નથી. બધાને આપવા છતાં તે દાનવીર આપણને જ ન આપતો હોય તો તેમાં આપણું લાભાન્તરાય કર્મ કારણ છે.

કર્મવિજ્ઞાન જાણીને આપણે હવે તે દાનવીર પ્રત્યે પૂર્વગ્રહ નહિ બાંધવાનો. 'તેના પ્રત્યે દ્વેષ નહિ કરવાનો." જોયો... મોટો દાનવીર, પોતાની જાતને જગડુશા જણાવે છે. એક પૈસો ય આપ્યો નહિ ! હું પણ માંગવા જ ગયો હતો ને ? બધા નામના ભૂખ્યા છે. કીર્તિના તરસ્યા છે !" આવો આક્રોશ નહિ ઠાલવવાનો. પણ એમ વિચારવાનું કે, "એ તો દાનવીર છે જ. બધાને દાન આપે છે. મને નથી આપતો તેમાં મારું પ્રબળ લાભાંતરાય કર્મ કારણ છે. અરે ! મારા આ કર્મે મારા વિષયમાં તેના દાનાંતરાય કર્મને પણ ઉદયમાં લાવી દીધું ! મારો દુશ્મન તે નહિ પણ મારું પ્રબળ લાભાંતરાય કર્મ છે, મારે તેનો નાશ કરવાની સાધના કરવી જોઈએ, નવું ન બંધાય તેની કાળજી લેવી જોઈએ."

એક વ્યક્તિના કર્મની અસર બીજી વ્યક્તિના કર્મ ઉપર પણ પડી શકે છે. એક પુણ્યશાળીના પુણ્યના પ્રભાવે નહિ ડૂબતું વહાણ, જ્યારે તે પુણ્યશાળી બીજે ગયો ત્યારે બાકીના ૯૯ જણને લઈને ડૂબી ગયું. તેની હાજરીમાં તેનું પુણ્ય બીજાના પાપ કર્મોના ઉદયને અટકાવતું હતું, એક વ્યક્તિની લાભલબ્ધિ એટલી જોરદાર હતી કે કોઈને પણ દાન નહિ આપનાર વ્યક્તિ પાસેથી તે દાન લઈ આવ્યો. તેની લાભ લબ્ધિએ પેલાના દાનાંતરાય કર્મના ઉદયને દૂર કરી દીધો !

આ લાભલબ્ધિ લાભાંતરાય કર્મના ક્ષયોપશમથી પેદા થાય છે. તેનાથી ઈચ્છિત તમામ ચીજોની પ્રાપ્તિ થાય છે. પણ જો લાભાંતરાયકર્મનો ઉદય હોય તો તનતોડ પુરુષાર્થ કરવા છતાં ય ધન મળતું નથી. નોકરી ચાલી જાય છે. બેકારીનો ભોગ બનાય છે. જ્યાં જ્યાં હાથ નાંખે ત્યાં ત્યાં નિષ્ફળતા મળે છે. પરિણામે જીવ અશાંત - સંતપ્ત અને ઉદ્વિગ્ન બને છે. 'આ દીકરી જન્મી ત્યારથી મારે પનોતી બેઠી છે', 'આ વહુના પગલે ધંધો ખલાસ થઈ ગયો' વગેરે વિચારો કરીને તે તે વ્યક્તિઓ ઉપર નફરત - ધિક્કારભર્યું વર્તન કરે છે. કો'કે પૈસા પાછા ન આપ્યા, પડાવી લીધા, ધારી અનુકૂળતા ન કરી આપી, ઓછો ભાગ આપ્યો તો તેની ઉપર ગુસ્સો કરે છે. ગાળાગાળી અને તિરસ્કારભર્યું વર્તન કરે છે. છેવટે કંટાળીને આપઘાત કરીને જીવન ટૂંકાવે છે.

ના, આમાંની એકે વાત ઉચિત નથી. દીકરી - પુત્રવધુ - ભાગીદાર - ભાઈ કે કોઈ અન્ય વ્યક્તિનો કોઈ વાંક નથી, તેઓ તો બધા નિમિત્ત છે. હકીકતમાં તો પોતાનું લાભાંતરાય કર્મ જ આમાં કારણ છે. તેના લીધે જ ઈચ્છિત વસ્તુઓની પ્રાપ્તિ થઈ શકી નથી. આ વાત વિચારીને તેમના પ્રત્યે દુર્ભાવ - ધિક્કાર નહિ કરવાનો. અશાંત - અસ્વસ્થ નહિ બનવાનું. મરવાનું નહિ પણ લાભાંતરાય કર્મને ખતમ કરવા ધર્મારાધના કરવી અને નવું લાભાંતરાય કર્મ ન બંધાય તેવા પ્રયત્નો કરવા.

બીજાની ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિમાં વિઘ્ન કરવાથી, ધંધામાં ભાગિદારનો નફો આંચકી લેવાથી, ઘરાકને હલકો - ખરાબ કે ઓછો માલ આપવાથી, વિશ્વાસઘાત કરવાથી, બીજાને છેતરવાથી, બીજાને દર્શન - પૂજા કરતો અટકાવવાથી, સાધુભગવંતોને ગોચરી વહોરાવવામાં અંતરાય કરવાથી, બીજાને વ્યાખ્યાન શ્રવણ, પાઠશાળા માટે જતાં અટકાવવાથી, દીક્ષા લેતાં અટકાવવાથી વગેરે કારણે લાભાંતરાય કર્મ બંધાઈ શકે છે.

આ જન્મમાં લાભાંતરાયકર્મનો ઉદય ન હોય તો ગમે તેવા ધંધા કરવાથી કે બેઈમાની - અનીતિ - અપ્રમાણિકતા આચરવા છતાં ય પુષ્કળ ધન મળે તેવું બને પણ સાથે સાથે એવું પ્રબળ લાભાંતરાય કર્મ બંધાય કે ભાવિમાં જ્યારે તે ઉદયમાં આવશે ત્યારે ભયાનક ગરીબી અપાવશે. માથું પછાડવા છતાં ય કાણી કોડી પણ મળવા નહિ

દે. ભિખારી બનીને ઘર - ઘર ભટકવા છતાં ય પેટ ભરવા અન્ન નહિ મળે !

ધંધામાં ન્યાય - જાતિ - પ્રમાણિકતા આચરનારાને લાભાંતરાય કર્મનો ઉદય હશે તો હમણાં ભલે ઓછા પૈસા મળે પણ એ નવું લાભાંતરાય કર્મ નહિ બાંધે. પરિણામે ભવિષ્યમાં તેને સંપત્તિઓના ઢગલા થશે. ઓછી મહેનતે ઘણું સામેથી મળવા લાગશે. એને ધનપ્રાપ્તિમાં કોઈ વિઘ્ન નહિ નડે. તેથી નીતિ - પ્રમાણિકતાને જીવનનો મંત્ર બનાવવો જોઈએ.

ધર્મારાધના દ્વારા લાભાંતરાય કર્મને તોડવા સાથે દાનાંતરાય કર્મને તોડવાનો પ્રયત્ન પણ કરવો જોઈએ. વિપૂલ ધનસંપત્તિ પ્રાપ્ત થઈ ગયા પછી જો દાનધર્મની ભાવના પ્રબળ બની જાય તો દુનિયાને અનેક જગડુશા - ભામાશા વગેરે દાનવીરો મળે; પણ જો લાભાંતરાય તુટવા સાથે દાનાંતરાય ન તોડાય તો મમ્મણ શેઠની જમાત વધી જાય !

**ભોગાંતરાય - ઉપભોગાંતરાય કર્મ :** ભોજન - વિલેપન - માળા વગેરે જે પદાર્થોનો એકવાર ભોગવટો કર્યા પછી ફરીથી કરી શકાતો નથી તે ભોગ કહેવાય. વસ્ત્ર, આભૂષણ, મકાન, ફર્નીચર - વાહનો, સ્ત્રી વગેરે જે પદાર્થોનો વારંવાર ભોગવટો કરી શકાય તેને ઉપભોગ કહેવાય.

જો લાભાંતરાય કર્મનો ઉદય તીવ્ર હોય તો આવી ભોગ અને ઉપભોગની વસ્તુઓ પ્રાપ્ત થતી નથી. જેટલા પ્રમાણમાં આ લાભાંતરાય કર્મ તુટે તેટલા પ્રમાણમાં ભોગ - ઉપભોગના પદાર્થો પ્રાપ્ત થાય છે; પણ પ્રાપ્ત થયેલા તે પદાર્થો ઉપયોગમાં ક્યારેક લઈ શકાય ને ક્યારેક ઉપયોગ કરવો હોય તો ય કરી ન શકાય. ભોગાન્તરાય અને ઉપભોગાન્તરાય ખાવા - પીવા - પહેરવા - ઓઢવા વગેરે બાબતોનું નિયંત્રણ કરે છે. જો આ કર્મોનો ઉદય તીવ્ર હોય તો બધી સામગ્રીઓ હોવા છતાં, તેનો ઉપયોગ કરવાની તીવ્ર ઈચ્છા હોવા છતાં ય એવું કોઈ કારણ અચાનક આવીને ઊભું રહે કે જેના કારણે જીવ તેનો ભોગ કે ઉપભોગ કરી ન શકે.

ડાયાબીટીસનો રોગ થઈ જાય અને તેથી શક્તિ - ઈચ્છા હોવા છતાં ય મીઠાઈ વગેરે ગળપણ ખાઈ ન શકે ! ક્યારેક ખાવાની અરુચિથવાથી ભુખ્યા રહેવું પડે. મનગમતાં પદાર્થો સામે પડ્યા હોવા છતાં આરોગી ન શકાય. જેલમાં જવાના કારણે મનગમતું ભોજન ખાવા ન મળે ! સારા પદાર્થો ભાણામાં પીરસાયેલા છતાં પત્ની સાથે ઝગડો થતાં ખાવાની ઈચ્છા મરી જાય ! પોતાની મનપસંદ વાનગી ઘરે બનાવરાવી હોય પણ ઘરે મહેમાન આવી જતાં તેને જમાડવી પડે. પોતાના નસીબમાં કાંઈ ન આવે ! આ બધો પ્રભાવ ભોગાંતરાય કર્મનો છે.

આવું કાંઈ બને ત્યારે અકળાઈ નહિ જવાનું. ગુસ્સે પણ નહિ થવાનું. ભોગાંતરાય

કર્મને નજરમાં લાવવાનું. ખાવા - પીવાના કારણે કોઈની સાથે કદી ઝગડા નહિ કરવા. કષાયોની હોળી ન સળગાવવી. પણ કર્મવિજ્ઞાનની સમજણ વિકસાવીને સમાધાન કરવું. શાંતિ અને સમતા પમાશે. આનંદમય અને પ્રસન્નતાભર્યું વાતાવરણ ખડું થશે.

મને મારું મનપસંદ ભોજન નથી મળતું, મને જે વખતે જમવાનું જોઈએ તે સમયે નથી મળતું, જેટલું જોઈએ તેટલું નથી મળતું, ઈચ્છા થવા છતાં જમી નથી શકતો તો એ બધા પાછળ મારા ભોગાન્તરાય કર્મનો વાંક છે. બીજા લોકોનો દોષ નથી. એ બધા તો નિમિત્ત છે, એ પ્રમાણે વિચારીશું તો તે કર્મનો નાશ કરવાની સાધના કરવાનું મન થશે. શાંતિ - પ્રસન્નતા - સ્વસ્થતા જળવાઈ રહેશે. પણ કર્મવિજ્ઞાન નહિ સમજનારા તો વિચારશે કે, ''મારી પત્ની કેવી છે ? મારો સમય પણ સાચવતી નથી ! મારા માટે બનાવેલી રસોઈ તેનો ભાઈ આવ્યો તો તેને જમાડી દીધી ! મારું તો કાંઈ ધ્યાન જ રાખતી નથી. ઘરના લોકો ખૂબ બેદરકારી રાખે છે. જો હું તેમને કશું નહિ કહું તો તેમની બેદરકારી વધતી જશે. તેઓ પોતાના કર્તવ્યપાલનમાં સભાન નહિ રહે. પરિણામે ઘરમાં અરાજકતા - અંધાધૂંધી સર્જાશે. આ તો ન ચાલે.'' આવું વિચારીને તે ગુસ્સો કરશે. ઝગડશે. તેના પરિણામે ઘરમાં રહેનારા વચ્ચે પ્રસન્નતા કે પ્રેમળતા નહિ રહે. કર્મવિજ્ઞાન ન સમજ્યાનું આ પરિણામ છે !

ઘરના સભ્યોનું કર્તવ્યપાલન તરફ ધ્યાન દોરવું જોઈએ તે સાચી વાત. પણ તે માટે શાંતિથી કહેવાય. યોગ્ય રીતે સમજાવી શકાય. પણ મગજ ગુમાવવાની કંઈ જરૂર નથી. અપસેટ કે અસ્વસ્થ બનવાથી કે ગુસ્સો કરવાથી તેઓ બધા સમજી જશે; તેવું માનવાની કાંઈ જરુર નથી. તમારું પુણ્ય નહિ હોય તો ગુસ્સો કરવાથી પણ કોઈ સફળતા નહિ મળે.

જો ઉપભોગાન્તરાય કર્મનો ઉદય ચાલતો હશે તો ઉપભોગની સામગ્રીઓ મળવા છતાં, ઉપભોગ કરવાની તીવ્ર ઈચ્છા હોવા છતાં ય ઉપભોગ નહિ કરી શકાય.

લગ્નમાં પહેરવા પોતાના મનપસંદ સુંદર વસ્ત્રો સિવડાવ્યા, પણ પહેરતાં પૂર્વે જ એલર્જીથી ચામડી એવી લાલ થઈ ગઈ કે ડૉક્ટરે તેવા પોલીસ્ટરના કપડાં પહેરવાની ના પાડી !

સુશિક્ષિત, ગુણવાન, શ્રીમંત યુવાન સાથે લગ્ન થયા પછી ચાર જ દિવસમાં તેને ટી. બી. નું નિદાન થતાં ડૉક્ટરોએ કામસેવનનો નિષેધ કરી દીધો ! મનમાં ઈચ્છા હોવા છતાં, સામે ઉત્તમપાત્ર હોવા છતાં એના સુખભોગમાં ઓટ આવી ગઈ !

સુંદર, આકર્ષક નવો બંગલો બનાવ્યો. ત્યાં રહેવા જવાના પૂર્વ દિને ચોકીદારે કહ્યું, ''સાહેબ ! ચોકી કરતાં મેં રાત્રે સફેદ કપડાવાળા ઊંચા માણસને બંગલામાં ફરતો જોયો હતો. મને ડર લાગ્યો. પસીનો થયો. રજાઈ ઓઢીને સૂઈ ગયો. કોઈ ભૂત લાગે

છે !" અને શેઠે બંગલામાં રહેવા જવાનું માંડી વાળ્યું.

એક શેઠાણી ઘરે ત્રણ ત્રણ પેટી ભરીને ઝવેરાતના ઘરેણાં હોવા છતાં અવારનવાર નવા નવા ઘરેણાં ખરીદ્યાં કરે છે, પણ મુંબઈમાં ધોળા દિવસે પણ ગુંડાઓનો ભય છે; તેથી ગમતા હોવા છતાં યે, ઈચ્છા હોવા છતાં ય તે ઘરેણાઓ તે પહેરી શકતી નથી !

અહીં બાહ્ય કારણ તરીકે એલર્જી, ટી. બી. નો રોગ, ભૂત કે ગુંડાનો ભય વગેરે ભલે જણાતા હોય પણ હકીકતમાં તો આ ઉપભોગાન્તરાય કર્મનો ઉદય કારણ છે. આ કર્મ બધા ઉપભોગોમાં એકી સાથે અડચણ ઊભી કરે તેવું ન પણ બને. આ કર્મ ક્યારેક શરીરના સુખમાં, ક્યારેક કપડાના સુખમાં, ક્યારેક વાહનના સુખમાં, ક્યારેક અલંકારના સુખમાં તો ક્યારેક સ્ત્રીના સુખમાં નડતર રુપ બને. ક્યારેક બે, ત્રણ, ચાર કે બધી બાબતમાં પણ આ કર્મ અંતરાય ઊભો કરી શકે.

કોઈક પુણ્યશાળી આત્માને ઘણા વર્ષો સુધી ભોગાન્તરાય કે ઉપભોગાન્તરાય કર્મનો ઉદય ઘણો નબળો હોય તેવું પણ બને. તેઓ તમામ પ્રકારની ભોગ અને ઉપભોગની સામગ્રીઓના સુખને ભોગવ્યા કરે.

સમજુ માણસે નિમિત્ત બનતી વ્યક્તિ તરફ દુર્ભાવ કે દુર્વર્તન કરવાને બદલે બંધાયેલા ભોગાન્તરાય અને ઉપભોગાન્તરાય કર્મોને તોડવાનો તથા નવું ન બંધાય તે માટેનો પ્રયત્ન કરવો જરુરી છે. તે માટે પરમાત્માની ભાવવિભોર બનીને પૂજા કરવી. તેમાં ય અણાહારી અવસ્થાની પ્રાર્થના સાથે ઉત્તમોત્તમ પદાર્થોથી રોજ નૈવેદ્યપૂજા કરવી જોઈએ. ઉત્તમ પદાર્થો વડે ભગવાનની સુંદર આંગી કરવી જોઈએ. વળી, પશુ - પક્ષી કે મનુષ્યને ખાતાં - પીતાં અંતરાય ન કરવો. ઝુંટવી ન લેવું. કોઈને કોઈ આપતું હોય તો રોકવા નહિ. ભોજનનો ક્યારે ય તિરસ્કાર ન કરવો. થાળી - વાટકી ન પછાડવા. બીજાને પ્રેમથી સારું સારું જમાડવું. સાધર્મિકોની ભક્તિ કરવી. કોઈ અતિથિને જમ્યા વિના જવા દેવો નહિ. ગુરુભગવંતોને ઉત્તમ પદાર્થો વહોરાવવા. અશક્ત, અપંગ - માંદા - અનાથ લોકોને જમાડવા. ગરીબો માટે ખીચડીઘર ખોલવા. જીવદયા કરવી. બીજાને મળેલી સારી સામગ્રીની ઈર્ષ્યા ન કરવી. કોઈના સુખોપભોગમાં રુકાવટ કરવી નહિ.

(૫) **વીર્યાન્તરાય કર્મ :** વીર્ય એટલે ઉલ્લાસ, થનગનાટ, શક્તિ, બળ કાંઈ કરી છૂટવાની ધગસ, મુડ વગેરે... આત્મામાં તો અનંતુ વીર્ય છે. પણ તેને દબાવવાનું કાર્ય આ વીર્યાન્તરાયકર્મ કરે છે. તેના ઉદયથી જીવ અશક્ત, માંયકાંગલો, નિરાશ, બેચેન, મુડલેશ કે હતાશ બને છે. તેનામાં કાંઈ કરવાનો ઉલ્લાસ, થનગનાટ કે તરવરાટ ઓછો થઈ જાય છે.

આ કર્મના ઉદયવાળાને નોકરી - ધંધો - ઘરનું કામકાજ વગેરે કાંઈ કરવું ગમતું

નથી. આખો દિવસ આળસુની જેમ પડી રહેવું ગમે છે. પરિણામે ઘરમાં બધાને તે અપ્રિય થઈ પડે છે. ના, એના પ્રત્યે તિરસ્કાર કરવાની કે મેણા - ટોણા મારવાની જરુર નથી. તેના કર્મને નજરમાં લાવીને કરુણા તથા વાત્સલ્ય આપવાની જરુર છે. ધર્મનો પુરુષાર્થ કરાવીને તેના કર્મને તોડવા જેવું છે. કેટલાકો ફરિયાદ કરે છે : 'શરીર નબળું પડી ગયું છે. તપાસ કરાવતાં શરીરમાં તો કોઈ જ રોગ નથી છતાં થોડું કામ કરું ને થાકી જાઉં છું. થોડું ચાલું તો પણ થાકી જાઉં. અરે ! બોલતાં બોલતાં પણ હાંફી જવાય - થાકી જવાય. વારે વારે આરામ કરવાનું મન થાય. જીવવાનો ઉલ્લાસ ઓસરી ગયો છે. મરવાનું મન થાય છે. વગેરે..." કોણ તેને સમજાવે કે આ બધા પાછળ તારું વીર્યાન્તરાય કર્મનો ઉદય કારણ છે.

તે જ રીતે તપ કરવાનું મન ન થાય, કરીએ તો ઉલ્લાસ વિના કરીએ, સંસાર અસાર સમજાય છતાં દીક્ષા લેવાનો ઉલ્લાસ ન જાગે, દીક્ષા લઈ લેવા છતાં ય પછી સ્વાધ્યાય - ત્યાગ - તપ - આરાધના કરવામાં ઉલ્લાસ ન જાગે, સતત વિચારો ચાલ્યા કરે તે બધામાં કારણ આ વીર્યાન્તરાય કર્મનો ઉદય છે. ડીપ્રેશન નામનો રોગ પણ આ વીર્યાન્તરાય કર્મના ઉદયની ઉપજ છે. આ બધાથી બચવા વિધિપૂર્વક, ઊભા ઊભા વધુને વધુ ધર્મની ક્રિયાઓ કરવી જોઈએ. વીર્યાન્તરાય કર્મ બાંધવાના કારણો જાણીને તેનાથી દૂર રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ.

મંત્ર - તંત્ર - યંત્ર દ્વારા બીજા જીવોની શક્તિઓ રુંધવી. કામણ - ટુમણ કરવા, તેવા પ્રયોગો કરવા. ક્રોધથી - વેરભાવનાથી - લોભ - લાલચથી બીજા જીવોની હિંસા કરવી, જીવોના આંગોપાંગ છેદવા, બાંધવા, અપંગ બનાવવા, આંખ - કાન - નાક વગેરેની શક્તિ ઝુંટવી લેવી, કોઈને બેહોશ કરવા, ઢોર માર મારવો, છતી શક્તિએ જ્ઞાન ન મેળવવું, પ્રતિક્રમણાદિ ધર્મક્રિયાઓ ન કરવી, તપ - ત્યાગ ન કરવા, વડિલોનો વિનય - વૈયાવચ્ચ - સેવામાં બેદરકારી દાખવવી વગેરે કારણે નવું વીર્યાન્તરાય કર્મ બંધાય છે, જેના ઉદયે અનંત શક્તિનો સ્વામી આત્મા નિર્બળ, નિરુત્સાહી અને ઉલ્લાસહીન બને છે.

દાનાન્તરાય - લાભાન્તરાય - ભોગાન્તરાય કે ઉપભોગાન્તરાય કર્મનો ક્ષયોપશમ હોય પણ જો આ વીર્યાન્તરાય કર્મનો ક્ષયોપશમ ના હોય તો દાન દેવામાં, પૈસા કમાવામાં, ખાવા - પીવામાં કે અન્ય પદાર્થોનો ઉપભોગ કરવામાં કોઈ પણ જાતનો ઉત્સાહ કે આનંદ ના રહે. અશક્ત, પરવશ અને દીન - હીન બનીને જીવનની યાત્રા જેમ તેમ પૂરી કરવી પડે.

આ બધું જાણીને અંતરાયકર્મ ન બંધાય તેની કાળજી રાખવી. પૂર્વના કર્મોદયે આવતી તકલીફોમાં સમતા રાખવી. બીજા ઉપર તિરસ્કાર કે ગુસ્સો ન કરતાં પોતાના

કર્મોનો નાશ કરવા પ્રયત્ન કરવો. કર્મોદયે તકલીફમાં મૂકાયેલા જીવો પ્રત્યે હમદર્દી - સહાનુભૂતિ દાખવવી.

જ્ઞાનાવરણીય - દર્શનાવરણીય - વેદનીય - મોહનીય અને આયુષ્ય કર્મની વિચારણા કર્મનું કમ્પ્યુટર ભાગ - ૨માં કરી હતી. અહીં ભાગ - ૩ માં નામ - ગોત્ર અને અંતરાય કર્મની વિચારણા કરતાં આઠે કર્મનું વર્ણન પૂર્ણ થયું.


'કર્મનું કમ્પ્યુટર' લેખમાળાથી વાચકોને એ વાત બરોબર સમજાઈ ગઈ હશે કે સંસારમાં તમામ જીવો કર્મબદ્ધ છે. કર્માધીન છે. આત્મા હકીકતમાં સ્વતંત્ર હોવા છતાં ય અનાદિકાળથી કર્મના પાસમાં જકડાયેલો છે. અનંતજ્ઞાન, અનંત દર્શન વગેરે તેના ગુણો કર્મોના કારણે ઢંકાઈ ગયા છે. આ વાત સમજ્યા પછી હવે કોઈ પણ જીવોના દોષો જ્યારે દેખાય, ભૂલો તરફ નજર જાય, પાપના પંથે દોડતા તેઓ જણાય ત્યારે તેમના પ્રત્યે નારાજ નહિ થવાનું. રોષ કે રીશ નહિ કરવાની. તેમના પ્રત્યે ધિક્કાર કે તિરસ્કાર પણ નહિ કરવાનો. પણ વિચારવાનું કે 'એ જીવ તો નિર્દોષ છે. નિષ્પાપ છે. બધા દોષોનું મૂળ કર્મો છે. બીચારો આ જીવ ! કર્મો તેને પછાડે છે. દોષિત બનાવે છે. તેમાં તેનો શો વાંક ? વાંક તો તેના કર્મોનો છે. મારે તેના પ્રત્યે દુર્ભાવ ન કરાય.

આવા વિચારો કરવાથી જીવો પ્રત્યે દ્વેષ કે વૈર નહિ થાય. મૈત્રી ભાવ જળવાઈ રહેશે. કોઈ પ્રત્યે નારાજી નહિ રહે. આ જીવનમાં આટલું સત્ય ઉપલબ્ધ થઈ જાય તો બસ ! ઘણું છે ! આ જ્ઞાનદૃષ્ટિ છે, તત્ત્વદૃષ્ટિ છે. રાગ - દ્વેષ ઉપર વિજય મેળવવા સૌ પ્રથમ આ જ્ઞાનદૃષ્ટિ જોઈએ.

તપ વધારે કરવાનો. પ્રતિક્રમણ - સામાયિક પૂજાદિ ધર્મક્રિયાઓ અવશ્ય કરવાની; પણ એ બધાની સાથે સાથે આ જ્ઞાનદૃષ્ટિ - તત્ત્વદૃષ્ટિ પણ કેળવવી જ રહી. જ્ઞાનદૃષ્ટિ કેળવ્યા વિના રાગ - દ્વેષ ઉપર વિજય મેળવવો મુશ્કેલ છે. જીવમૈત્રી ટકવી અશક્યપ્રાય: છે.

કર્મવિજ્ઞાનથી દરેક સમસ્યાનું સમાધાન મેળવીને પ્રસન્ન રહી શકાશે. તે કર્મો બાંધતાં અટકાવી શકાશે. કર્મયુક્ત જીવોની ભૂલો પ્રત્યે થતો તિરસ્કાર અટકાવી શકાશે. કર્મોદયમાં સમાધિ ભરપૂર જીવન જીવી શકાશે. કર્મોનો નાશ કરવા છ પ્રકારના બાહ્યતપોનો આશરો લઈને છ પ્રકારના અભ્યંતર તપોનું સેવન કરવા તરફ લક્ષ જશે. તે રીતે તમામ કર્મોનો નાશ કરીને, આત્માનું કર્મરહિત શુદ્ધ સ્વરુપ પ્રાપ્ત કરી શકાશે. આપણે સહુ જલ્દીથી જલ્દી આત્માના શુદ્ધ સ્વરુપમાં કાયમ માટે રમણ કરનારા બનીએ તેવી શુભભાવના.

**વીતરાગ પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો અંત:કરણથી મિચ્છા મિ દુક્કડમ્.**


મધલિપ્ત તલવાર જેવું
વેદનીય કર્મ
બેડી જેવું
આયુષ્ય કર્મ
ચિતારા જેવું
નામકર્મ
કુંભારના ઘડા જેવું
ગોત્ર કર્મ